જંબાઝ જવાંમર્દોની
જિગરમાં જેમ જગવતી
મહાકથા

જવાંમર્દી





-આચાર્ય યશોવિજયસૂરિ

ભાગ
૨



ગૌતમસ્વામીના અવતાર કહેવાયેલા

આચાર્ય ભગવંત

શ્રીહેમવિમલ સૂરીશ્વરજી મહારાજ

સૂરિપ્રેમસ્વર્ગારોહણઅર્ધશતાબ્દીવર્ષ

આજ્ઞા–આશિષ

પરમ પૂજ્ય સિદ્ધાંત દિવાકર,

સુવિશાલ ગચ્છાધિપતિ

આચાર્ય ભગવંત શ્રીજયઘોષ સૂરીશ્વરજી મહારાજા



કપડવંજના શ્રેષ્ઠી

શ્રી દોશી આણંદજી

જંબ્રાઝ જવાંમર્દોની
જિગરમાં જોમ જગવતી
મહાકથા

જવાંમર્દી

ભાગ–૨

આલેખક

પરમ પૂજ્ય સકલસંઘહિતચિંતક આચાર્ય ભગવંત
શ્રીભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન
પરમ પૂજ્ય પૂના જિલ્લા ઉદ્ધારક આચાર્ય ભગવંત
શ્રીવિશ્વકલ્યાણસૂરીશ્વરજી મહારાજાનો શિષ્ય
આચાર્ય યશોવિજયસૂરિ

પ્રકાશક

શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ

૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા પાસે, ધોળકા.
જિ. અમદાવાદ–૩૮૭૮૧૦. ફોન : (૦૨૭૧૪) ૨૨૫૪૮૧, ૨૨૫૭૩૮, ૨૨૫૯૮૧

પ્રાપ્તિસ્થાન : ૐ પ્રકાશક

ૐ શ્રી મહેન્દ્રભાઈ ઝવેરી - રાજકોટ	M. 82644 44447
ૐ શ્રી શિરીષભાઈ સંઘવી - મુંબઈ	M. 98928 70790
ૐ શ્રી મનોજભાઈ શાહ - મુંબઈ	M. 96195 30849
ૐ શ્રી સતીશભાઈ શાહ - અમદાવાદ	M. 98254 12402
ૐ શ્રી જયેશભાઈ શાહ - અમદાવાદ	M. 98253 18381
ૐ શ્રી વિજયભાઈ શાહ - બરોડા	M. 81287 42073
ૐ શ્રી રાજુભાઈ ચાંગાણી - જૂનાગઢ	M. 94274 96793
ૐ શ્રી રશ્મિનભાઈ પુરોહિત - પોરબંદર	M. 94282 87275
ૐ શ્રી સુનીલભાઈ શાહ - સુરત	M. 94268 65010

❖ ચિત્રકાર : શ્રી નલીનભાઈ સૂચક ❖

❖ પ્રથમ આવૃત્તિ ❖ ઈ.સ.૨૦૧૭ ❖ વિ.સં. ૨૦૭૩ ❖ ૧૦૦૦ પ્રતિ ❖

❖ મૂલ્ય : સંપૂર્ણ સેટના ₹ ૨૦૦ ❖ © શ્રમણપ્રધાન જૈન સંઘ ❖

આર્થિક સહયોગ

પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજાના
યાદગાર ચાતુર્માસ સ્મૃતિઅર્થે વિ.સં. ૨૦૭૨
શ્રી પ્લોટ શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ - રાજકોટના
જ્ઞાન નિધિમાંથી પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા જ્ઞાન ભંડારોને
સપ્રેમ ભેટ...

આભાર સહ અનુમોદના

Compose By - શ્રીપાર્શ્વ પ્રિન્ટર્સ, અમદાવાદ. મો. ૯૯૦૯૪૨૪૮૬૦

* મુદ્રક *

પાર્શ્વ ઓફસેટ, શાહ વિક્રમ મનોજ બધર્સ, એમ.જી. રોડ, વેજલપુર - ૩૬૨૨૬૫.ફોન : ૦૨૮૭૬-૨૨૨૬૯૭
'વિનય', ૨/૫, જગનાથ કોર્નર, નંદવાણા બ્રાહ્મણ બોર્ડીંગની પાસે, પ્રે. ચાફિક રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧. મો. ૯૪૨૬૯ ૭૨૬૦૯
E:mail- creativeprakashan@gmail.com

અર્પણ

જવાંમર્દોના

આત્મીય જનોને

જુવાનજોધ આધારસ્તંભને

ગુમાવ્યા પછી'ય

જે બીજા યુવાસ્તંભને


એટલા જ જોશથી

વળાવે છે...

રાષ્ટ્રહિતાય, ધર્મહિતાય

અનુક્રમણિકા

૩૪. વિનાયક બંધનમાં ૧
૩૫. ભીલોની પલ્લીમાં ૮
૩૬. સેનાપતિનો ઘેરો ૧૫
૩૭. ભીલરાજની યોજના ૨૨
૩૮. આચાર્ય ભગવંતનો વિહાર ૨૯
૩૯. વિનાયક કપડવંજમાં ૩૬
૪૦. શેરખાન જાય છે ૪૪
૪૧. બાદશાહને કેફ ચડે છે ૫૨
૪૨. સેનાપતિજી ગાયબ ૬૦
૪૩. દેવાંશી અશ્વ ૬૮
૪૪. બાદશાહે આપ્યો છૂટો દોર ૭૮
૪૫. મહાજને બજાવી રણભેરી ૮૭
૪૬. મલિક રવાના થાય છે ૯૭
૪૭. શેરખાન મલિકને મળે છે ૧૦૬
૪૮. ભયાનક જંગલયાત્રા ૧૧૬
૪૯. રાની પશુનો હુમલો ૧૨૬
૫૦. ભયાનક યાતના ૧૩૬
૫૧. રૌરવ નરક ૧૪૭
૫૨. ચમત્કારિક બચાવ ૧૫૮
૫૩. શુભેચ્છકનો'ય શુભેચ્છક ૧૬૮
૫૪. શેરખાનની ચાલાકી ૧૭૮
૫૫. વિનાયકનો વનમાં પ્રવેશ ૧૮૮
૫૬. આદિત્યની મૂંઝવણ ૧૯૯
૫૭. ભયાવહ દૃશ્ય ૨૧૦
૫૮. ભયાનક ષડયંત્ર ૨૨૦
૫૯. મલિકની સાજિશ ૨૩૦
૬૦. અટપટા આટાપાટા ૨૪૧
૬૧. અશ્વનું રહસ્ય ૨૫૨
૬૨. લોકજુવાળ ૨૬૫
૬૩. આનંદમંગલ ૨૭૭



જુવાળ

૩૪

વિનાયક બંધનમાં

અનાદિ અનંત અવિરત વહેતા કાળના પ્રવાહમાં લેશ પણ તફાવત ન હોવા છતાં તે તે કાળમાં ઘટતી અસામાન્ય ઘટનાઓ કાળને મહત્ત્વનો બનાવી દે છે. આ વખતની રાતને રૌદ્ર કહી શકાય તેમ હતી, એ રાતે ઘટેલી ઘોર ઘટનાઓના પ્રતાપે જ સ્તો !

શેરખાને મચાવેલો આતંક કપડવંજને ધ્રૂજાવી ગયો તો અહીં પણ વિનાયકે આખા અમદાવાદને માથે લીધું હતું. ઘણો જ મહત્ત્વનો સંદેશો વિનાયક હસ્તગત કરી શક્યો હતો.

એટલે જ દોશી આણંદજી શેઠને મળવા તે અત્યંત ઉત્સુક હતો. તેના પ્રતાપે જ કપડવંજ તરફની તેની આંધળી દોટ ચાલુ જ હતી.

રાજમહેલમાંથી સહીસલામત રીતે બહાર નીકળવા મળ્યું તે જ વિનાયક માટે એક આશ્ચર્ય હતું. પણ, દુઃખની વાત એટલી જ કે સાક્ષાત્ યમ જેવો સેનાપતિ પાછળ-પાછળ જ દોડ્યો આવતો હતો.

અંધારી રાત, કાજળને પણ શરમાવે તેવી કાળાશ, જંગલનો વિસ્તાર, શિયાળની લાળી.. ચિબરીનો ગંભીર ઘોંઘાટ... ઘોડાના ડાબલાઓના વિષમ

પડઘાઓ... ભેંકાર શાંતિને વધુ ભેંકાર બનાવતો આ કોલાહલ વાતાવરણને ડહોળી રહ્યો હતો.

વિનાયક માટે જોકે આ બધાં પરિબળો લેશ પણ બાધક નહોતા બની રહ્યા. તે તો એક ધારી ગતિએ કપડવંજની દિશામાં ગતિ કરી રહ્યો હતો. સાથે રહેલો માણસ તો જંગલની વાટે સંચરી ગયો હતો. હવે વિનાયક એકલો રહ્યો હતો. પાછળ સેનાપતિ જૂજ અંતરે દેમાર આવી રહ્યો હતો.

મૂક પ્રાણીઓ પણ માલિકના મનની ઉત્કટ સંવેદનાને પારખી પોતાના જાનને જોખમે, તમામ શક્તિ હોડમાં મૂકી દોડી રહ્યા હતા. આ જાત્યઅશ્વની તુલના કોઈની સાથે થઈ શકે તેમ ન હતી. બંને સબળ અને જોજનગામી હતા. કોઈ કોઈને હંફાવી શકે તેમ ન હતું.

સરખે સરખું અંતર જાળવી વિનાયક આગળ ધપી રહ્યો હતો. હવે સેનાપતિ વિનાયકની સહેજ નજીક પણ વધી શકતો ન હતો કે પાછળ પણ ન હતો પડતો.

ખબર નહોતી પડતી કે આ સ્પર્ધાનો અંત ક્યારે આવશે... જાણે અનંતની યાત્રાએ નીકળેલા પથિકો... બન્ને અશ્વો સ્વામિભક્ત છે. પોતાના માલિક માટે મરી ફીટવા તૈયાર છે. અશ્વ અને અશ્વસવાર બન્ને સ્વામિભક્ત છે...

સમય રાત્રિનો હતો, પણ રાત હવે ખૂટવા આવી હતી.... પાછળનું સૈન્ય પણ વધુ ને વધુ પાછળ પડી રહ્યું હતું. અશ્વો પણ જીવ હતા. તેમની એક મર્યાદા હતી. હવે તો કોનો અશ્વ પહેલા થાકે ? તે જોવાનું હતું.

વિનાયક ચિંતામાં હતો. રાત્રિના અંધકારમાં હજુ જંગલમાં અલોપ થઈ જવાની તક હતી. પ્રભાત થતા તો તે તક પણ હાથમાંથી સરી જવાની હતી. આગળ ગામ આવતા હતા. તેથી મુશ્કેલી વધી જતી હતી.

આ સ્પર્ધાનો અંત લાવવા વિનાયક આતુર હતો. વિનાયક આવા પ્રસંગોનો નીવડેલો ખેલાડી હતો. અનુભવી હતો. કોઈ સરસ તરકીબ લડાવવાની ઈચ્છામાં તે રમતો હતો. આખરે તરકીબ સૂઝી આવી.

પોતાની ઘોડીને તે રીતે વિનાયકે કેળવેલી હતી, જેથી ગમે ત્યારે વિનાયકનો સહેજ સ્પર્શ સુદ્ધાં ઘોડીમાં જબ્બર બદલાવ લાવી દેતો.

વિનાયકના ઈશારે ઘોડીની ગતિમાં નાનો-મોટો, સ્થૂલ-સૂક્ષ્મ... તમામ બદલાવ આવી શકતા... ભારે અભ્યાસથી પ્રાપ્ત થયેલી આ સિદ્ધિ હતી.

એ સિદ્ધિની કસોટી આજે થવાની હતી. વિનાયકે સ્પર્શથી જ ઘોડીની ગતિમાં સહેજ મન્દતા લાવી. અશ્વની ગતિ સહેજ ધીમી કરી, પરિણામે સેનાપતિ નજીક આવતો ગયો. અંતરમાં થતો ઘટાડો સેનાપતિના પણ ધ્યાનમાં આવ્યો, આથી તેણે મરણિયા થઈને પોતાના ઘોડાની ગતિને ચરમ સીમાએ પહોંચાડી. અંતર ઘટતું જ રહ્યું, ઘટતું જ રહ્યું. સેનાપતિ અને વિનાયક વચ્ચે હવે થોડું જ અંતર હતું. છેલ્લે તે એકદમ લગોલગ થઈ ગયા.

સેનાપતિ હુમલો કરવાના વિચારમાં જ હતો. ત્યાં તો અચાનક જ વિનાયકની ઘોડી સાવ જ સ્થિર થઈ ગઈ. સેનાપતિના ઘોડાની ઝડપ બેકાબૂ હતી. સેનાપતિ વિનાયકને ઓળંગી આગળ નીકળી ગયો. હજુ એ કંઈ સમજે તે પહેલાં જ તેની પીઠ ઉપર કંઈક જોરદાર અથડાયું અને ખડીંગ... અવાજ સાથે પડી ગયું.

પળ-બે પળમાં તો ઘોડો હણહણ્યો અને લથડી પડ્યો. અચાનક અણકલ્પી રીતે ઘટતી ઘટનાએ સેનાપતિ પણ સમતુલા ગુમાવી બેઠો. ઘોડાની સાથે તે પણ લથડ્યો અને નીચે પડી ગયો...

આ બાજુ વિનાયકની ઘોડી પળવારમાં જ ચીલઝડપે સેનાપતિને ઓળંગી ગઈ અને કપડવંજની દિશામાં પૂરઝડપે વિનાયકને હંકારી ગઈ.

વિનાયકે સાવ સાદી જ તરકીબ લડાવી હતી. બન્ને અશ્વો પૂરઝડપે જઈ રહ્યા હતા. કોઈની ગતિ એમ સહજમાં કાબૂમાં આવી શકે તેમ ન હતી. પણ, વિનાયકની ઘોડી આ બાબતે ખૂબ જ સારી રીતે કેળવાયેલી હતી. તેથી ઘોડીને સહેજ ધીમી પાડી વિનાયકે સેનાપતિને નજીક આવવા દીધો.

અંતરમાં ઘટાડો જણાતા જ સેનાપતિએ મરણિયા થઈ ઝડપ અત્યંત વધારી દીધી. જે બેકાબૂ હતી. ઝડપ જ્યારે ચરમ સીમાએ પહોંચી ત્યારે જ વિનાયકે અણધારી રીતે સહેજ બાજુમાં ખસી ઘોડી અટકાવી દીધી.

આમ તો આ રીતે અચાનક ઘોડીની ગતિ કાબૂમાં ન આવે. પણ જબ્બર અભ્યાસના પ્રતાપે સ્પર્શમાત્રથી અણધારી રીતે ઘોડી અટકી જતી હતી.

આથી જ સેનાપતિ માટે સદંતર અણકલ્પી રીતે પોતાના ઘોડાને અટકાવવું શક્ય ન બન્યું. એવો વિચાર પણ તેના માટે અશક્ય બન્યો. કારણ કે જે બન્યું હતું તે તેના માટે કલ્પનાતીત હતું.

વિનાયક પણ જાણતો જ હતો. આથી જેવો સેનાપતિનો ઘોડો આગળ વધી ગયો કે તરત જ વિનાયકે પોતાના કોટમાં છુપાવેલી કટારથી સેનાપતિ પર હુમલો કર્યો. પણ, સેનાપતિ બખ્તરબંધ હતો. આથી પીઠ ઉપર થયેલો ઘા નિષ્ફળ ગયો.

ખડીંગ અવાજ સંભળાતા જ વિનાયકે વખત ગુમાવ્યા વિના બીજી કટાર ઘોડાના પગ ઉપર ફેંકી. ઘોડાનો પગ સખત રીતે ઘવાયો. અત્યંત ઝડપમાં ઘોડો દોડી રહ્યો હતો. ત્યારે થયેલા આ ઘાથી ઘોડો લથડ્યો. પરિણામે સેનાપતિ ગબડ્યો અને વિનાયકે ફરીથી પોતાની ઘોડી ભગાવી મૂકી કપડવંજ તરફ...

હવે સેનાપતિ ફરીથી પીછો કરી શકે તેમ ન હતો. કારણ કે ઘોડો ઘાયલ થઈ ચૂક્યો હતો. આ ઘોડા વિના વિનાયકની ઘોડીનો પીછો કરવો અશક્યપ્રાયઃ હતો. આથી, પોતે સહીસલામત હોવા છતાં જ્યારે ઊભો થયો ત્યારે તે હારી ચૂક્યો હતો.

એને કાળઝાળ ગુસ્સો ચડ્યો હતો. પોતે બેવકૂફ બન્યો હતો. હમણાં જ એ માણસ પકડાઈ જવાનો હતો... પણ, અચાનક શું થયું કે બાજી આખી ચોપટ વળી ગઈ.

પોતાને મળેલી શિકસ્ત તેના અંતરને કોરી રહી હતી. હવે તો સૈન્ય ન આવે ત્યાં સુધી પોતાને જંગલમાં બેઠા રહેવાનું હતું. સેનાપતિએ થોડી વારમાં જ સ્વસ્થ થઈ આગળની યોજના વિચારવાનું શરૂ કરી દીધું. પોતાનો વ્હાલસોયો ઘોડો કણસી રહ્યો હતો... તે જોઈ તેનું હૃદય ચીરાઈ ગયું.

આજુબાજુના વૃક્ષો પાસે તે ફર્યો. અમુક પ્રકારના પાંદડા લાવી, પોતાના પહેરવેશમાંથી એક પટ્ટો ફાડી ઘોડાના પગ ઉપર તેણે બાંધી દીધો. ઘા સખત રીતે થયો હતો. પણ સમયાંતરે ઘોડો સ્વસ્થ થઈ શકે તેમ હતો.

થોડી વારમાં જ સૈન્યની આગળની ટુકડી આવી પહોંચી. સેનાપતિને આ રીતે રસ્તામાં ઉભેલા જોઈ તેઓને આશ્ચર્ય થયું. બધાંએ પોતાના ઘોડા ઉપરથી નીચે ઉતરી સેનાપતિનું અભિવાદન કર્યું. સેનાપતિએ તરત જ કહ્યું –

'તમારામાંથી એક સારી ઓલાદનો ઘોડો મને આપી દો. મારી સાથે ત્રણ-ચાર જણ આવો. બાકીના બધાં અહીં જ ઊભા રહો. બાકીનું સૈન્ય ભેગું થાય એટલે ધીરે ધીરે મસલત કરી આ આખા રસ્તે ચોકીઓ ગોઠવી દેજો. મારા આ ઘોડાને સહીસલામત રીતે અમદાવાદ પહોંચાડી દેજો. તેને ઘા લાગ્યો છે... તેથી વ્યવસ્થિત જાળવણી કરજો.

અહીંથી અમદાવાદની દિશામાં જંગલની અંદર એક દુશ્મનનો માણસ ભાગી છૂટ્યો છે. આથી અમદાવાદ તરફના પણ રસ્તે ચોકીપહેરો, જામો ગોઠવી દેજો. કોઈ પણ નજરે ચઢે તો તેને અટકાયતમાં લઈ જ લેજો.

થોડા માણસોને આ તરફના જંગલમાં પણ તપાસ માટે મોકલી દેજો. એ માણસ ભાગી-ભાગીને ક્યાં જશે ? જો તે પણ હાથમાં આવી જશે તો ઘણું કામ થઈ જશે. હું, જે ભાગી ગયો છે, તેની પાછળ જાઉં છું. કંઈક સમાચાર લઈ પાછો આવીશ, ત્યાં સુધીમાં છેકથી છેક... કપડવંજ સુધી ચોકીઓ ગોઠવવાનું કામ આટોપી લેજો...'

આટલી વાત કહી એક સારી ઓલાદના ઘોડાને સેનાપતિએ પસંદ કરી લીધો. આમ તો સમય ઘણો પસાર થઈ ગયો હતો. આથી વિનાયકની તેજીલા તોખાર જેવી ઘોડીને આંબી જવું હવે અશક્યપ્રાયઃ જ હતું.

છતાં સેનાપતિ પીછો છોડવા માંગતા ન હતા. કારણ કે તે સમજતા હતા – કપડવંજ અહીંથી નજીક ન હતું. ત્યાં સુધી એકધારી ગતિએ દોડ્યા જવું તે ગમે તેવા ઘોડા માટે પણ અશક્ય વાત હતી. આથી દિવસના ભાગમાં તે માણસે ક્યાંક ને ક્યાંક વિસામો લેવો જ પડવાનો અને ત્યારે જ તેને પકડી પાડવો એ કાર્ય શક્ય હતું.

આથી વિનાયકની પાછળ પડવાનું સેનાપતિએ નક્કી કરી લીધું. સાથે ચુનંદા પાંચ સૈનિકો લીધા. પાંચે નખશિખ શસ્ત્રસજ્જ હતા. પાંચેયના ઘોડા

સારા ઊંચી ઓલાદના હતા. સંકલ્પબદ્ધ થઈ સેનાપતિએ ચીલઝડપે ઘોડો વહેતો મૂક્યો..

પાછળ પાંચ સૈનિકો પણ સેનાપતિના પગલે પગલે પોતાના ઘોડાને દોડાવવા લાગ્યા. ફરીથી ઘોડાના ડાબલાઓએ વાતાવરણને અવાજથી ભરી દીધું. કોઈ પણ વ્યક્તિ દૂર જતી દેખાય તો તરત જ તીરથી હુમલો કરવાનું પણ સેનાપતિએ જણાવી દીધું હતું.

આપત્તિ હજુ વિનાયકનો કેડો છોડવા તૈયાર ન હતી. કારણ કે સેનાપતિ પોતાનું ધાર્યું કર્યા વિના જંપે તેમ ન હતો. વિનાયક હાથમાં ન આવે ત્યાં સુધી તેને ચેન પડે તેમ ન હતું. આમ, ચોક્કસ ગતિએ સેનાપતિ અને પાંચ સૈનિકો વિનાયકની નેમ સાથે આગળ વધી રહ્યા હતા.

આ બાજુ ચીલઝડપે ઘોડીએ મૂકેલી દોડના પ્રતાપે વિનાયક થોડા સમયમાં જ ઘણો દૂર નીકળી ગયો. પાછળ કોઈ ડાબલાના અવાજ ન આવતા હોવાથી વિનાયક થોડો નિશ્ચિંત થયો.

થોડી વાર સુધી ઘોડીને અવિરત દોડાવ્યા પછી વિનાયકે તેને થોડી ધીમી પાડી. એમ પણ એ પ્રાણીની હવે મર્યાદા આવી હતી. આવી ચીલઝડપે વધુ વાર સુધી દોડવું તેના માટે શક્ય ન હતું. વિનાયક પણ આ વાતથી વાકેફ હતો જ. એટલે જ એણે ઝડપ મંદ કરી.

હવે થોડા સમયમાં જ ગામડું આવવાનું હતું. રાત્રિ પૂર્ણ થવાના આરે હતી. વિનાયકને ગામમાં ક્યાંક આશરો મેળવવો જરૂરી લાગતો હતો. આથી, તે ગામમાં જલ્દીથી પહોંચી જવા ઉતાવળો થયો. ગામમાં કોઈકના ત્યાં, છેલ્લે ધર્મશાળામાં આશરો મળી શકે તેમ હતો.

આ રાત્રિમાં વિનાયકને અનહદ શ્રમ પડ્યો હતો. ભયાનક ઘા લાગ્યા હતા. અશ્વની સવારીમાં સાથળ ખરાબ રીતે છોલાતા હોય છે. વિનાયકનો ઘા સાથળમાં જ હતો. ઘા બરાબર રૂઝાયો ન હોવા છતાં ભારે દોડધામ કરવી પડી હતી. આવેશમાં, ઝનૂનમાં મક્કમ મનોબળના પ્રતાપે દોડધામ થઈ ગઈ હતી, જાન પણ બચી ગયો હતો. પણ હવે વિસામાની જરૂરત હતી.

અનહદ દોડધામના પ્રતાપે ઘામાંથી લોહી ઝરવાનું પણ શરૂ થઈ ગયું

હતું. તેની વેદના અસહ્ય હતી. ઘોડી પણ બેહદ થાકી હતી. અશ્વના આખા શરીરે સફેદ ફીણ જેવો પસીનો ઉભરાતો હતો. તેના શ્રમિત શરીરને પણ આરામની અનિવાર્યતા વરતાતી હતી. ગામમાં આરામ લેવામાં જોખમ સો ટકાનું હતું. સેનાપતિ ગમે તે પળે, ગમે ત્યાંથી આવી શકે તેમ હતો.

વિનાયક જાણતો હતો કે ફક્ત સેનાપતિ જ નહીં, કિંતુ પાછળ ઘણા માણસો...એટલે કે સૈન્ય જ આવી રહ્યું હતું. જો પગેરું પકડતા પકડતા તે લોકો ગામ સુધી પહોંચી આવ્યા તો તો વિનાયક માટે છૂટવું મુશ્કેલ થઈ જાય.

આખા ગામને ઘેરો નંખાવી દે તો તો ભાગવું અશક્ય જ થઈ પડે. વિનાયકના મગજમાં આ જ ગડમથલ ચાલી રહી હતી. તેને ગામમાં જવામાં સો ટકાનું જોખમ લાગ્યું.

તેણે આગળ વધી જવાનું જ નક્કી કર્યું. પણ, હવે વિનાયકની મગજશક્તિ કુંઠિત થઈ રહી હતી. થઈ રહેલા રક્તસ્રાવે વિનાયકને આંખે અંધારા આવતા હતા. હાથ-પગ શિથિલ થઈ રહ્યા હતા. ગામ સુધી પહોંચવું પણ વિનાયક માટે અશક્ય થઈ પડ્યું.

રસ્તામાં જ ક્યાંક ઢળી પડાય તે બીકે વિનાયકે એક કઠોર નિર્ણય લઈ મૂળ માર્ગ છોડી જંગલવાટ પકડી.

ધીરે ધીરે રક્તસ્રાવ વધતા બધા કપડા લોહીથી ખરડાઈ ગયા. આટલો બધો રક્તસ્રાવ જોઈ વિનાયકને ચિંતા થઈ. તેને થયું કે પોતે ગમે ત્યારે બેહોશ થઈ જશે.

આથી એણે ઘોડીને ગહન જંગલના રસ્તે વાળી... ઘોડી આગળ વધતી ગઈ. ધીરે ધીરે વિનાયક હોશ-હવાસ ગુમાવી બેઠો... તે બેભાન થવા આવ્યો. ઘોડી ધીમી પણ એકધારી ગતિએ ગહન જંગલ તરફ દોડ્યે જતી હતી.

અંતે વિનાયકના શરીરે સાથ છોડી દીધો... બેહોશી તો કોણ જાણે કેટલી ચાલી !? પણ, જ્યારે વિનાયક કંઈક હોંશમાં આવ્યો ત્યારે તે બંધનાવસ્થામાં હતો, ઘોડી ઉપર નહીં..

✺



જુવાળ

૩૫

ભીલોની પલ્લીમાં

અત્યંત રક્તસ્રાવના પ્રતાપે વિનાયક જંગલમાં જ બેહોશ થઈ ગયો હતો. ભાર દોડધામના પ્રતાપે થયેલા અનહદ શારીરિક અને માનસિક શ્રમનો આખરે શરીરે જવાબ વાળી દીધો. માનવશરીરની મર્યાદા હતી.... બેહોશી ઘણી લાંબી ચાલી... જ્યારે ઊઠી ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હતું.

બેહોશી ઊડતા જ અજાણી જગ્યાનો વિનાયકને ભાસ થયો. થોડી વાર થતાં જ, બુદ્ધિ સતેજ થતાં જ, ખ્યાલ આવી ગયો કે પોતે બંધનાવસ્થામાં હતો. હાથ-પગ કશું પણ હલાવવાની સ્થિતિમાં ન હતી. કોઈક અજાણી જગ્યાએ ઘાસની ચટાઈ ઉપર વિનાયકને સૂવાડવામાં આવ્યો હતો. ભાન આવતા જ પહેલી ચિંતા પોતે હાથે લખેલા પાંદડા + પત્રો... વગેરેની થઈ. તેણે પહેરેલો કોટ ગાયબ હતો. તેના શસ્ત્રો પણ આંચકી લેવાયા હતા. પત્રો + પાંદડાઓ વગેરે પણ અદૃશ્ય હતા. ઘોડી પણ દેખાતી ન હતી.

વિનાયક હતાશ થઈ બેઠો. કેવી જાનની બાજી લગાવી પોતે બેશકિંમતી સંદેશો મેળવ્યો હતો. મહામહેનતે અશક્ય લાગતો રાજમહેલમાંથી છૂટકારો મેળવ્યો હતો. ભાવતી ચીજનો કોળિયો મોઢે આવી ગયા પછી ઝૂંટવાઈ જતા જે લાચારી ભૂખ્યા બાળકના મુખ ઉપર તરવરે તેનાથી વધુ લાચારી વિનાયકના મુખ ઉપર તરવરી ઊઠી. પોતે મુક્ત હોત તો હજુ કંઈક કરી શકત. પણ,

પોતે સદંતર લાચાર થઈ ચૂક્યો હતો. પોતાને પકડનાર અમદાવાદના બાદશાહના માણસો જ લાગતા હતા. આથી હવે તો મોત જ હતું.

વિનાયકને મરવું પણ મંજૂર હતું. પણ, આ રીતે નહીં. પોતાના આરાધ્ય શેઠના કાર્ય પાછળ કુરબાની આપવા માટે મરવું હતું. દુશ્મનોના દાંત ખાટા કરી મરવું હતું. શેઠને સત્ય હકીકતથી માહિતગાર કરી મરવું હતું, જો મરવાનું નિશ્ચિત હોય તો !!

વિશેષ દુઃખ તો એ બાબતનું હતું કે જે પત્રો અને પાંદડાઓ પોતાની પાસેથી આંચકી લેવામાં આવ્યા હતા તેનાથી પોતે તો મહાગુનેગાર સાબિત થતો જ હતો, ઉપરાંતમાં નગરશેઠ, દોશી આણંદજી શેઠ અને ખુદ આચાર્ય ભગવંત પણ દોષિત ઠરી શકતા હતા. મલિકને મનગમતું કરવા મોકળું મેદાન મળતું હતું. મતલબ કે વિનાયકનું આવા સમયે પકડાઈ જવું સહુ માટે અત્યંત આપત્તિકારક હતું... ભાનમાં આવતા જ, પરિસ્થિતિ સમજાતા જ વિનાયક આ વિચારોમાં ચડી ગયો હતો.

જેમ જેમ વિચારે છે તેમ તેમ વધુને વધુ ભયાનક નુકસાનો તેની આંખ સામે તરવરી ઊઠે છે. એ હલબલી ગયો. મનોમન અકળાઈ ગયો.

ઘામાંથી થતો રક્તસ્રાવ અત્યારે અટકી ગયો હતો. થોડી સ્વસ્થતા પણ વિનાયકને મળી હતી. પોતે જે જગ્યાએ બંધનાવસ્થામાં પડ્યો હતો તે એક બંધ ઝૂંપડી હોવાનું વિનાયકને લાગ્યું. ચારે બાજુ ગાઢ અંધકાર ફેલાયેલો હોવાથી વિનાયક સ્પષ્ટ રીતે જોઈ શકતો ન હતો. વિનાયકના હાથ-પગ દોરડાથી ખીલ્લા સાથે બાંધવામાં આવ્યા હતા.

દોરડાંને બાંધનારો ભારે કુશળ અને બાહોશ લાગતો હતો. એ દોરડાની પકડમાંથી નીકળવું વિનાયકને સહેલું ન લાગ્યું. છતાં બહાર નીકળવા કંઈક પ્રયત્ન ચાલુ જ રાખવાનું વિનાયકે નક્કી કરી લીધું.... એટલે ધીમે ધીમે વિનાયકે હાથ છોડાવવાનો પ્રયત્ન કર્યો. ઝાઝી સફળતા ન મળી, દોરડું ખેંચવાનો પ્રયત્ન કર્યો. ખીલ્લા જેવી કોઈક વસ્તુ હલતી હોય, હલી હોય - તેવો ભાસ વિનાયકને થયો. આથી ઉત્સાહિત થઈ વિનાયકે ધીરે ધીરે પ્રયત્ન વધારવા માંડ્યો. ખટક્-ખટક્... અવાજ થઈ રહ્યો હતો. એટલે વિનાયકને થોડો ભય પણ હતો, અવાજ સાંભળી કોઈ આવી પડે તેનો !

અચાનક ગાઢ અંધકારને ચીરતો ઉજાસ આખા ઓરડામાં પથરાઈ ગયો. થોડી વાર તો બન્ને આંખ અંજાઈ જવાને કારણે વિનાયક કશું જ પરખી ન શક્યો. જ્યારે તે ઉજાસમાં વિનાયકે જોયું ત્યારે તેના આશ્ચર્યની અવધિ ન રહી. સામે જ નાનકડો પર્વત લાગે તેવો ભીમકાય, કાળામેંશ શરીરવાળો કોઈ ભીલ ખડો હતો. વિનાયકને જે ઓરડામાં રાખવામાં આવ્યો હતો તેની રચના નાનકડા કારાગૃહ જેવી જ હતી. વિનાયક જ્યાં સૂતો હતો તેની બરાબર સામે જ એ ઓરડાનો દરવાજો હતો. આજુબાજુની દિવાલો ચૂના-માટીની બનાવેલી નક્કર જણાતી હતી. વિનાયક બેહોશ થયા બાદ પોતે કઈ જગ્યાએ આવી ચડ્યો છે ? - તેની જ મૂંઝવણમાં પડી ગયો હતો.

ભાનમાં આવતા પોતે બાદશાહની કેદમાં હશે તેવી જ ધારણા તેણે બાંધી હતી. પણ, સામે ઊભા રહેલા ભીલને જોઈ તે અવઢવમાં મૂકાયો.

સવારનો તડકો સીધો વિનાયક ઉપર પડતો હતો. બેહોશીમાં જ રાત વીતી ચૂકી હતી. દરવાજો બંધ થતા જ, એક પણ બારી વગેરે ન હોવાને કારણે, ભર દિવસે પણ ઘેરું અંધારું છવાતું હતું. દરવાજો ખૂલતા પ્રભાતના પ્રકાશે ઓરડાને ભરી દીધો. તે પ્રકાશમાં વિનાયકે ચોતરફ નજર ફેરવી જોવાલાયક બધું જોઈ લીધું. વિનાયકે તે પણ જોયું કે પોતે જે ખીલો ઉખેડવાનો પ્રયત્ન કરી રહ્યો હતો તે ત્યાંનો ત્યાં જ સ્થિર હતો. ફક્ત તેને ખેંચવાથી અવાજ થવા સિવાય કશું જ પરિણામ આવતું ન હતું. અને એ અવાજના પ્રતાપે જ કદાચ સામે ઊભા રહેલા મહાશય પધાર્યા હતા !!!

હજુ સુધી એ ભીલ એક અક્ષર પણ બોલ્યો ન હતો. વિનાયકને ચકળ -વકળ નજરે ચારે તરફ જોતો નિહાળી 'કેદી ભાનમાં આવી ગયો છે' - તેની તેને ખબર પડી ગઈ. થોડી વાર એમને એમ ત્યાં ઊભો રહી અચાનક જ તે પાછો બહાર ભાગી ગયો. આ વખતે તેણે દરવાજો ખુલ્લો જ રાખ્યો. વિનાયકને લાગ્યું કે પોતે ભાનમાં આવી ગયો છે તેની જાણ કરવા તે ગયો હતો. વિનાયકની ધારણા સાચી પડી. થોડી વારમાં જ તે ભીલ કોઈકને લઈને પાછો આવ્યો. સાથે આવેલો માણસ તેના ઉપરી જેવો લાગતો હતો. થોડી

વાર સુધી મૂંગા મૂંગા તેણે પણ વિનાયકનું નિરીક્ષણ કર્યું. પછી વિનાયકને ઉદ્દેશીને કોઈક અજાણી ભાષામાં તે કંઈક બોલ્યો. સદ્‌ભાગ્યે વિનાયકે ઘણી ભાષાઓનો અભ્યાસ કર્યો હતો. આથી, તે તેની વાત સમજી શક્યો. ભાષા સમજાતા જ તેના મનમાં કંઈક આશાનો તથા કંઈક ભયનો સંચાર થઈ ગયો.

આવનાર ભીલે એટલું જ પૂછેલું - 'તું કોણ છે ?' વિનાયકે તેની જ ભાષામાં જવાબ વાળ્યો - 'મારે તમારા મુખીને મળવું છે.' પોતાની ભાષામાં અસ્ખલિત રીતે બોલતા માણસને જોઈ ભીલને ઘણું આશ્ચર્ય થયું. વિનાયકના પ્રશ્નનો જવાબ ભીલે ન વાળ્યો. ફક્ત ઝીણી નજરે તે વિનાયકને તાકી રહ્યો. વિનાયક તેને કોઈ અજબ પ્રાણી જેવો લાગતો હતો. વિનાયકના હાથ-પગ બંધાયેલા હતા. જીભ એક જ છૂટી હતી. આથી જીભના શસ્ત્રથી જ તે જીતી શકે તેમ હતો. જીભ બંધ રાખવી તેને પાલવે તેમ ન હતું.

તેણે ફરીથી પ્રશ્ન કર્યો - 'મને કેમ બાંધ્યો છે ? આ કઈ જગ્યા છે ? તમે કોણ છો ? કપડવંજ અહીંથી કેટલું દૂર છે ? મારો કોટ ક્યાં છે ? મારી ઘોડી ક્યા છે ?' વારાફરતી અનેક પ્રશ્નો પૂછવા છતાં કોઈ જ જવાબ ભીલે ન વાળ્યો. વિનાયકને આશ્ચર્ય થયું.

તેની ભાષામાં સવાલ પૂછવા છતાં જવાબ ન મળતા વિનાયક મૂંઝાયો.

જો કે ભીલની ભાષા ઉપરથી વિનાયક સમજી ગયો હતો કે અમદાવાદ કપડવંજની વચ્ચે વસનારી અનેક ભીલ ટોળકીઓમાંની એ એક ટોળકી હતી. આ ભીલો રસ્તે જતા મુસાફરોને લૂંટી પોતાનું ગુજરાન ચલાવતા. લડવાની કળામાં, ગેરીલા પદ્ધતિએ યુદ્ધ કરવાની કળામાં તેઓ મુલ્ક મશહૂર હતા.

ઘણી ક્રૂર પ્રથાઓ એ લોકોમાં ચાલતી, માનવબલિ અપાયાની વાતો પણ વિનાયકના કાને આવી હતી. પોતે બાદશાહના હાથમાં નથી પકડાયો તે સમજાતા જ, તથા કપડવંજની નજીકમાં જ વસનારી ભીલ ટોળકીઓમાં પોતે છે તે જણાતા જ તેના મનમાં આશાનો સંચાર થયો. પણ, માણસને લૂંટીને છોડી દેનારા ભીલો છેક પોતાની પલ્લી સુધી પોતાને પકડી લાવ્યા હતા. તેથી કંઈક અમંગળના એંધાણ વિનાયકને આવતા હતા. સામેવાળો ભીલ કંઈક બોલે તો કશીક જાણકારી મળે. પણ તે તો જાણે મૂંગો થઈ ગયો હતો. બસ, વિનાયકને તાકીને જોવા સિવાય બીજું કશું જ તે કરતો ન હતો.

વિનાયકે કંટાળીને થોડું જોરથી પૂછ્યું - હું શું બોલું છું ? તે સમજાય છે ? પેલો ભીલ 'આઈન્ઝા... આઈન્ઝા... (હા..)' એમ બોલતો બોલતો બહાર ભાગી ગયો. તેની પાછળ પાછળ પેલો ભીમકાય ભીલ પણ ગયો.

જતા જતા કહેતો ગયો - 'જો જે હોં ! ભાગવાની કોશિશ ન કરતો. બાકી ખાઈ જઈશ...' તેણે આ વખતે દરવાજો પણ બંધ કરી દીધો.

ઓરડામાં ફરીથી અંધારાનું સામ્રાજ્ય વ્યાપી ગયું. વિનાયક નિરાશ થઈ ગયો. પોતે કશી જ જાણકારી મેળવી શક્યો ન હતો. પોતાનો કોટ પણ, જેમાં પત્ર અને પાંદડાઓ રાખેલા હતા, ગાયબ હતો. સમય વહી રહ્યો હતો. કપડવંજ તે પાંદડાઓ સાથે પહોંચવું જ્યારે અત્યંત જરૂરી હતું. ત્યારે જ આવી પડતી નવી-નવી આપત્તિઓથી વિનાયક થાકી ગયો.

ભીલને બોલાવવા ઘણી મહેનત કરી છતાં કશો જ પ્રતિભાવ તેને ન મળ્યો. છેલ્લે-છેલ્લે બીજા ભીલે બોલેલા શબ્દોથી તો વિનાયક ઘ્રૂજી પણ ગયો. એ લોકોની દાનત સારી ન હતી લાગતી. હવે શું કરવું ? તે જ સમજાતું ન હતું. બંધન એટલું મજબૂત હતું કે તેનાથી છૂટવા અનહદ મહેનત કરવી પડે તેમ હતી, જે ત્યારના સંયોગમાં શક્ય ન હતી.

વિનાયકને સખત તરસ પણ લાગી હતી. ઘામાંથી લોહી નીકળતું બંધ થયેલું લાગતું હતું. પણ વેદના હજુ પણ હતી. થોડી વાર શૂન્યમનસ્કપણે વિનાયક એમનો એમ પડ્યો રહ્યો. કોઈ ઉપાય સૂઝતો ન હતો, રસ્તો દેખાતો ન હતો... સમય તો તેની ગતિ પ્રમાણે જ વહી રહ્યો હતો.... થોડી વાર બાદ ફરીથી દરવાજો ઉઘડ્યો. તે જ ભીલ ડોકાયો અને એ બોલ્યો- 'ચલો, ચલો મુખી તમને બોલાવે છે.' સ્થૂળકાય ભીલ પણ એટલી વારમાં અંદર આવી ગયો. આવનાર ભીલે વિનાયકના બંધનો ખોલી નાંખવાનું જણાવ્યું.

પેલો આશ્ચર્યથી વિનાયકના બંધન ખોલવા લાગ્યો. આવનારા ભીલે ચેતવણી ઉચ્ચારી - 'જો જે, ભાગવાનો પ્રયાસ ન કરતો, ચારે બાજુ અમારા સાથીઓ છે, પળવારમાં વીંધાઈ જઈશ.' વિનાયકે શાંત સ્વરે જણાવ્યું કે 'તેનો એવો કોઈ આશય નથી.' અને મુખી સાથે મેળાપ કરાવવા બદલ તે ભીલનો આભાર પણ માન્યો. ભીલના મુખ ઉપર આવેલી ખુશી વિનાયકથી છાની ન રહી. બંધન ખૂલતા જ ધીમે રહીને વિનાયક ઊભો થવા ગયો.

બધું અકડાઈ ગયું હોવાથી ઊભા થતા વિનાયકને મુસીબત પડી. નવા આવનારા ભીલે ટેકો આપી વિનાયકને ઊભો કર્યો. ધીરે ધીરે સ્ફૂર્તિ આવવા લાગી. ફક્ત વેદનાને કારણે ઘાવાળો પગ લથડતો હતો. એ લથડતા પગે જ વિનાયક તે ભીલની પાછળ પાછળ ઢસડાયો. વિનાયકને ચાલવામાં પડતી તકલીફ જોઈ પેલા ભીલે પૂછ્યું - 'શું થયું છે ?' વિનાયકે કહ્યું - 'તલવારનો ઘા છે.' ભીલના દિલમાં આવેલી સહાનુભૂતિ વિનાયક પારખી ગયો - વિનાયકને તે કામનો માણસ લગ્યો. તેણે સહજતાથી વાત ચાલુ રાખી -

'તમે મુખીના નજીકના માણસ લાગો છો, ખૂબ-ખૂબ આભાર કે તમે મને મુખી સાથે ખૂબ ઝડપથી મેળાપ કરાવી આપ્યો.' પેલા ભીલે ફક્ત આનંદ વ્યક્ત કર્યો. તે સિવાય કશું જ ન બોલ્યો. થોડી વારમાં એક સારું કહી શકાય તેવું ઝૂંપડું આવી પહોંચ્યું. તેને જોતા જ વિનાયક સમજી ગયો કે મુખી આની અંદર જ હોવો જોઈએ. એ ઝૂંપડા પાસે વિનાયક પહોંચી ગયો કે તરત જ પેલો સ્થૂળકાય ભીલ પાછો વળી ગયો.

વિનાયકને લઈ બીજો ભીલ ઝૂંપડાની અંદર પ્રવેશ્યો. ઝૂંપડાની ચારેબાજુ ભીલો તીર-કામઠાં સાથે ગોઠવાયા હતા. રસ્તામાં વિનાયક જોઈ શક્યો કે આ ભીલની ટોળી બહુ મોટી ન હતી. ૩૦૦-૪૦૦ ભીલો હોવાનું તે અનુમાન કરી શક્યો. પલ્લીનો વિસ્તાર પણ ઘણો સીમિત હતો. આજુબાજુના સહુ ભીલની નજર વિનાયક ઉપર જ હતી. સહુ વિનાયકને વિચિત્ર નજરે જોઈ રહ્યા હતા. આ વાતની પણ વિનાયકે નોંધ લીધી હતી. વિનાયક ઝૂંપડીમાં પ્રવેશ કરી ચૂક્યો હતો. તે ઝૂંપડી દરબાર જેવી હતી. ઘણા ભીલો ત્યાં બેઠા હતા. વચ્ચે ઊંચા આસને કદાવર બાંધાનો માણસ બેઠો હતો. લીંબુ લટકાવી શકાય તેવી તો વળ ચડાવેલી અને તેલ પાયેલી તેની મૂછ હતી. માથા ઉપર પંખીના પીંછા ખોસેલા હતા. વ્યાઘ્રચર્મ પહેર્યું હતું. આખી સભા તેની શેહમાં હતી - તે જણાઈ આવતું હતું. ચારે બાજુ જાતજાતના જંગલી પ્રાણીઓના મહોરા લટકતા હતા. ઝૂંપડું બહુ મોટું પણ ન હતું કે નાનું પણ ન હતું.

વિનાયકને લઈને જ તેઓ ચર્ચા કરતા હોય તેવું વિનાયકને લાગ્યું. જઈને વિનાયકે નમન કર્યા. સાથે આવનારો ભીલ પણ નમસ્કાર કરી સાઈડમાં બેસી

ગયો. વિનાયક એકલો વચ્ચોવચ્ચ ઊભો રહ્યો. થોડી વાર વિનાયકનું નિરીક્ષણ કરી તે ભીલરાજે વિનાયકને પૂછ્યું - 'કોણ છે તું ?' 'સંદેશાવાહક છું' - વિનાયકે બેધડક તે જ ભાષામાં જવાબ વાળ્યો. ઓરડામાં ઉજાસ સારો એવો હતો. અને સૂર્ય પણ સારો એવો ઊંચે ચડ્યો હતો. આથી ભીલરાજના મોઢા ઉપર બદલાતા ભાવોને વિનાયક સારી રીતે જોઈ શકતો હતો.

ભીલરાજે ફરીથી પૂછ્યું - 'કોનો ?' પળભર અચકાઈ વિનાયકે જવાબ આપ્યો - 'કપડવંજના દોશી આણંદજી શેઠનો.' દોશી આણંદજીનું નામ પડતા જ આખી સભા ઉપરતળે થઈ ગઈ. ભીલરાજ પણ ચોંકી ઉઠ્યો.. તેણે ફરીથી ભાર દઈને પૂછ્યું - 'શું તું દોશી આણંદજી શેઠનો સંદેશાવાહક છે ?'

વિનાયકે ભાર દઈને જવાબ વાળ્યો - 'હા જી, આપ જો મારો કોટ પાછો આપો તો તેમાં રહેલો અમદાવાદના નગરશેઠનો કાગળ બતાવું જે મારે અત્યંત ઝડપથી દોશી આણંદજી શેઠને પહોંચાડવો જરૂરી છે, બાકી શેઠને અત્યંત નુકસાન થવા સંભવ છે.'

વિનાયકનો આત્મવિશ્વાસથી ભરપૂર જવાબ સાંભળી ભીલરાજ ઊભો થઈ દોડતો આવીને વિનાયકને ભેટી જ પડ્યો. અત્યંત ખુશ થતા બોલ્યો -

'અહો હો.. અમારા પરમ ઉપકારી, અમારા પરમ મિત્ર શેઠના તમે માણસ છો. માફ કરજો, મને ખ્યાલ જ નહીં. આખી સભાના ભાવો પલટાઈ ગયા હતા. આજુ-બાજુના ભીલો પણ આનંદિત થઈ ચૂક્યા હતા. શેઠના નામથી આવેલું આ પરિવર્તન વિનાયક માટે તદ્દન અણકલ્પ્યું અને અણધાર્યું હતું. વિનાયક પણ આશ્ચર્યના સાગરમાં ગરકાવ થઈ ગયો... ત્યારે જ આ આનંદને વેડફી નાંખતો એક ભેદી બનાવ બન્યો. બે ભીલોએ અચાનક જ ઝૂંપડીમાં પ્રવેશ કર્યો. એક ભીલ ઘાયલ હતો. બીજો સ્વસ્થ હતો. ઝૂંપડીમાં આવતાવેંત જ તેણે રાવ નાંખી -

'મહારાજ ! ગજબ થયો, ગજબ થયો ! આપણી પલ્લી ઉપર હુમલો થઈ રહ્યો છે. જુઓ... આ.. ઘાયલ થઈ ગયો...'





સેનાપતિનો ઘેરો...

મહાજન એટલે કોણ ? શું એની તાકાત ? તેનો અણધાર્યો પરચો વિનાયકને મળી ગયો. ભીલ જેવી ક્રૂર કોમ સાથે પણ શેઠનો નાતો હતો. ભીલ લોકોએ પણ શેઠને પરમ ઉપકારી માન્યા હતા. કેવી કુનેહ હશે શેઠમાં ? ક્યાં સુધી તેમની પહોંચ પહોંચતી હતી ? રાજદરબાર પણ તેમના નામે માથું ઝૂકાવે, પ્રજા પણ તેમને શિરોમાન્ય કરે, તો ભીલ જેવા ભીલો પણ તેમના ચરણો ચૂમે.. **શસ્ત્ર-અસ્ત્ર વિના માત્ર લાગણી, પ્રેમ, હૂંફ, યોગ્ય સમયે લીધેલી કાળજી, કુનેહ, કાબેલિયત... આ બધાં પરિબળોના સહારે અંધાધૂંધીના એ કાળમાં પણ કેવું વર્ચસ્વ પ્રાપ્ત કર્યું હતું આ મહાજને !**

જેમ જેમ વિનાયકને આના વિચારો આવતા ગયા તેમ તેમ શેઠ પ્રત્યેનો તેનો અહોભાવ ગુણાંકમાં વધતો ગયો. આવી વસ્તી સાથે પણ જાળવેલા સંબંધો આ વખતે શેઠને અણધારી રીતે અત્યંત કામમાં આવી જવાના હતા. વિનાયક મનોમન શેઠને વાંદી રહ્યો હતો. ત્યાં જ બે ભીલનું આગમન થયું હતું.

ભીલરાજ પણ આવનાર ભીલની વાત સાંભળી તરત જ પોતાના આસને જઈને બેસી ગયો. હજુ સુધી ભીલ પ્રજાને હેરાન કરવાની ગુસ્તાખી કોઈએ

કરી ન હતી. કોઈએ કરી હતી તો તેને પરચો પણ તેવો જ મળ્યો હતો. કોઈ એકલ-દોકલ માણસ ક્યારેક હાથોહાથની લડાઈમાં ભીલને ઘાયલ કરી પણ દેતો. એ લોકો માટે કોઈ ભીલનું ઘાયલ થવું નવી વાત ન હતી.

પણ, હુમલો શબ્દ સાંભળી સહુ ચોંક્યા હતા. આથી, ભીલરાજે પૂછ્યું - 'કોનો હુમલો...?', ભીલે જવાબ વાળ્યો - 'બાદશાહની સેના લાગે છે. અમદાવાદના બાદશાહની જ હોવી જોઈએ. તેઓ આ તરફ જ આવી રહ્યા છે. વચ્ચે આ સાથીએ અટકાવવાનો પ્રયાસ કર્યો તો તેના આવા હાલ થયા. આથી આપને જાણ કરવા અમે દોડતા આવ્યા છીએ. હવે શું હુકમ છે ?'

અમદાવાદના બાદશાહનું નામ સાંભળીને જ વિનાયક ચોંક્યો, તે પરિસ્થિતિ પારખી ગયો. તેણે ભીલરાજને કહ્યું - 'ભીલરાજ ! આ હુમલાનું મૂળ હું જ છું.' ભીલરાજનું આશ્ચર્ય બેવડાયું. તેણે પૂછ્યું - 'કેવી રીતે ?'

વિનાયકે કહ્યું - 'બાદશાહના મળતિયા મલિકે શેઠ વિરુદ્ધ બાદશાહને ઉશ્કેર્યા છે. આથી બાદશાહ કોઈ વાંક ગુના વગર શેઠને ભારે નુકસાન પહોંચાડવા તૈયાર થયા છે. રાજમહેલમાં ઘૂસી આ સમાચાર મેં મેળવ્યા છે. શેઠને કપડવંજ તે સમાચાર પહોંચાડવા જ હું ભાગ્યો. પણ, બાદશાહને જાણ થઈ જતા ખુદ સેનાપતિને તેમણે મારી પાછળ દોડાવ્યો. આ દોડધામમાં મારા પગમાં સાથળ ઉપર તલવારનો કાતિલ ઘા થયો. અનહદ લોહી વહી ગયું. છતાં હું હેમખેમ નાઠો. અને આ જંગલમાં ઘૂસી ગયો. કિંતુ ખૂબ જ લોહી વહી જવાને કારણે હું બેહોશ થઈ ગયો. આપ મને અહીં લઈ આવ્યા. મારી પાછળ પાછળ મારું પગેરું પકડી પકડી અમદાવાદની સેના પણ પહોંચી આવી લાગે છે. મારા કારણે આપ સહુ મુશ્કેલીમાં મૂકાઈ રહ્યા છો... આથી આપ એક કાર્ય કરો - સૌ પ્રથમ મારો કોટ મને પરત કરો, એમાં ખૂબ જ મહત્ત્વના કાગળો છે અને મારી ઘોડી પણ મને આપી દો. હું અહીંથી ભાગી છૂટીશ...'

આખી ઘટના સાંભળી ભીલરાજ બોલી ઉઠ્યો - 'અરે ! શું તું અમને ઓળખતો નથી ? અમદાવાદની સેના આવે કે દિલ્હીની, અમે તો જંગલના રાજા ! એ અમને પડકારી ન શકે. તને સહીસલામત કપડવંજ પહોંચાડવાની જવાબદારી અમારી છે, બિલકુલ ચિંતા મૂકી દે ! **શરણે આવેલાને રક્ષવા**

તો મારો આજનો જન્મેલો બચ્ચો પણ તૈયાર હોય, મારી છાવણીમાંથી એકને પણ ઉપાડી જવાની તેની હિંમત શી છે ? એમાં તું પાછો શેઠનો માણસ !

જો તને એમને એમ જવા દઉં તો આ ધરતી રસાતળ થાય, ભલા આદમી ! એ શેઠના ઉપકારો અમારી ઉપર કેટલા છે ? તે તને ખબર છે ? આ પલ્લીનું નાનું છોકરું પણ શેઠને ઓળખે છે. જો મારા સાથીઓને ખબર પડે કે શેઠના માણસને મેં આ રીતે ધકેલી મેલ્યો તો તે લોકો મને અહીંથી બહાર ધકેલી દે. માટે તમે અહીં બેઠા-બેઠા જલસો કરો. એ સેના સાથે હિસાબ પતાવવાના કામ અમારા છે, અમે બતાવી દઈશું કે આ એના બાપનો મુલક નથી. પણ, ભીલોની અમાનત છે, કેમ સાથીઓ...?' સભામાં ઉપસ્થિત ભીલોને ઉદ્દેશીને કરાયેલું છેલ્લું આહ્વાન સહુ ભીલોએ એકી અવાજે વધાવી લીધું.

આ જોઈ વિનાયકની આંખમાં ઝળઝળિયા આવી ગયા. શેઠ પ્રત્યેની અને શરણાગત પ્રત્યેની જે લાગણી એ ભીલરાજમાં જોવા મળી તેનાથી વિનાયક ગળગળો થઈ ગયો. કારણ કે તે આવી જ વીરતાનો પૂજક હતો. તેને પરાક્રમ પસંદ હતું, ખુન્નસ નહીં. કુરબાનીમાં તે માનતો, ક્રૂરતામાં નહીં.

આખરે જૈનત્વના સંસ્કારથી તે વાસિત હતો. હા ! વિનાયક જૈન હતો, એટલું જ નહીં જૈન ધર્મ પ્રત્યે તેને અગાધ શ્રદ્ધા હતી. શેઠના સંસર્ગે તો એ શ્રદ્ધામાં પારાવાર વધારો થયો હતો. વસ્તુપાળ અને તેજપાળ તેના આદર્શ હતા. દિલ્લીના બાદશાહને અરવલ્લીની પહાડીઓમાં વસ્તુપાળે આપેલી જબરજસ્ત શિકસ્તની વાતો સાંભળી સંશુદ્ધ વીરત્વનો તેં સ્વામી થયો હતો. તેના પ્રતાપે જ આટલી સાત્ત્વિકતા વિનાયક દાખવી શક્યો હતો.

શેઠ પ્રત્યે તેને અનહદ લગાવ હતો. તેમાં પણ આજના પ્રસંગે તો વિનાયકને અભિભૂત કરી દીધો. ક્યાં ક્રૂર અને લૂંટારી કહેવાતી ભીલ પ્રજા, ક્યાં એની દરિયાવદિલતા ! લાંબો સમય ઊભા રહેવાને કારણે વિનાયકના પગ થોડા લથડ્યા અને તે વિચારતંદ્રામાંથી જાગી ગયો.

તેને ડામાડોળ થતો જોઈ ભીલરાજે પૂછ્યું - 'આ શું થાય છે તને ?'

વિનાયકે કહ્યું - 'સાથળમાં ઘા લાગ્યો છે. લોહી ઘણું વહી ગયું છે. તેથી થોડી નબળાઈ લાગે છે.' ભીલરાજે કહ્યું - 'ભલા આદમી ! તો પહેલા

કહેને !' પોતાની બાજુના ભીલ તરફ આંખથી ઈશારો કર્યો. ચાર ભીલ વિનાયક તરફ આગળ વધ્યા.

ભીલરાજે કહ્યું - 'તમે આની સાથે જાઓ, તમારી સારવાર થઈ જશે.'

વિનાયકે કહ્યું - 'સારવાર પછી, પહેલા તમે શું નક્કી કર્યું ? તે કહો'

ભીલરાજે કહ્યું - 'તમે જે સાંભળ્યું તે જ અમે નક્કી કર્યું છે. તેમાં કોઈ ફેરફાર નથી. અહીંનો બચ્ચે બચ્ચો કુરબાન થઈ જશે. પણ તને સોંપવામાં નહીં આવે કે અહીંથી ભાગવા દેવામાં નહીં આવે. તું પહેલાં સારવાર કરાવી દે, અચાનક ભાગવું પડે તો તું જરા ઠીક હોય તો મજા આવે. જા, આ લોકો સાથે ચાલ્યો જા.'

વિનાયકે કહ્યું - 'પણ, મારા કાગળ-કોટ-ઘોડી વગેરે...'

'એ હા ! એ તને હમણાં જ મળી જશે. તું અત્યારે પહેલા સારવાર કરાવી લે. અમારી સારવારને તો તું યાદ કરીશ. હમણા તાજોમાજો થઈને દોડતો થઈ જઈશ...' ભીલરાજે લાગણીભર્યા સ્વરે કહ્યું.

વિનાયકને પણ સારવાર લઈ લેવાનું ઉચિત લાગ્યું. કારણ કે આ હાલતમાં લાંબો સમય ભાન ટકી શકે તેમ ન હતું. વિશેષમાં આના માઠા પરિણામ શું આવે ? તે પણ કહી ન શકાય. કપડવંજ પહોંચવું જ અશક્ય થઈ પડે. આથી ધીમે ધીમે વિનાયક ભીલરાજનું અભિવાદન કરી પાછો વળ્યો.

ચાર ભીલ તેની સાથે ગયા. એક ભીલ વિનાયકને દોરી બાજુની જ ઝૂંપડીમાં લઈ ગયો. ઝૂંપડી સારી કહી શકાય તેવી હતી. હવા ઉજાસ પણ હતા. એક ભીલ બીજા કોઈ ભીલને તેડી લાવ્યો.

વિનાયકે અનુમાન કર્યું કે - બધાં ભીલની સારવાર કરનાર આ હોવો જોઈએ. અને એમ જ હતું. વિનાયકને ઘાસની થોડી જાડી સાદડી ઉપર સૂવાડી તે ભીલે ઘા સાફ કરવાનું ચાલું કર્યું. જાતજાતના પાંદડાઓ અને ઔષધિઓ તે સાથે લાવ્યો હતો. ધીરે-ધીરે પાટાપિંડી, પાંદડાઓથી જસ્તો, તેણે પૂરી કરી. એટલી વારમાં એક ભીલ મોટા પાંદડાના પડિયામાં ગરમાગરમ દૂધ લઈ આવ્યો.

દૂધમાં કંઈક મિશ્રિત કરી તેણે વિનાયકને પાઈ દીધું. આવું દૂધ વિનાયકે

કોઈ દિવસ ચાખ્યું પણ ન હતું. શુદ્ધ જાત્ય ઓલાદની ગાયનું દૂધ લાગતું હતું. દૂધ પેટમાં જતા જ વિનાયકમાં સ્ફૂર્તિનો સંચાર થઈ ગયો. વૈદ્ય જેવા ભીલે કહ્યું - 'બસ ! હવે થોડી વાર આરામ કરો, લગભગ સારું થઈ જશે. લોહી ઘણું નીકળી ગયું છે. છતાં સ્ફૂર્તિ આવી જશે...' વિનાયકે કહ્યું - 'મારો કોટ... વગેરે મને મળી જાય તેવું કરાવો ને, મારો જીવ હેઠો બેસી જાય.' બીજા ભીલે તરત જ કહ્યું - 'હા ! હું હમણાં જ લાવ્યો.' થોડી વાર થઈ, ન થઈ ત્યાં તો પોતાની ઘોડીનો હેષારવ સાંભળી વિનાયક આનંદિત થઈ ગયો.

એટલામાં જ ભીલ અંદર પ્રવેશ્યો. વિનાયકે જોયું કે કોટ વગેરે બધું સલામત હતું. પત્ર-કાગળો વગેરે પણ જેમનું તેમ હતું. સોનામહોરો પણ હતી. એમાં કંઈક વધારો દેખાતા વિનાયકે ભીલને પૂછ્યું - 'આ કેમ વધારે છે ?'

ભીલે કહ્યું - 'એ સોનામહોરો પહેલા અમે લઈ લીધી હતી. તેના દંડ રૂપે સરદારે કહ્યું છે કે વધારે મૂકવી. એટલે એ મૂકી છે. હવે અહીંનો નાનો છોકરો પણ એ પાછું નહીં લે !' વિનાયક આ લાગણી જોઈ ગળગળો થઈ ગયો. વૈદ્યે કહ્યું - 'હવે તમે થોડો આરામ કરો તો સારું !' વિનાયકનું મગજ પણ ભારે થઈ રહ્યું હતું. તેને પણ ઊંઘ આવી રહી હતી.

થોડી વાર બાદ અચાનક જોર-જોરથી ડિંડિમઘોષ થવા લાગ્યો, નગારું વાગવા લાગ્યું...., રણભેરી વાગી... વિનાયક સમજી ગયો કે સેનાપતિ સાથે યુદ્ધ થવાનો વખત આવી ગયો છે. તેને ઉઠીને લડવા જવાનું મન થયું. પણ, મગજ એટલું ભારે લાગતું હતું કે વિનાયક ઝાઝી સ્વસ્થતા જાળવી શકતો ન હતો. વિનાયક સમજી ગયો કે તેને ઊંઘની દવા આપવામાં આવી હતી. વિનાયક કપડવંજ વહેલી તકે પહોંચવા અધીરો થયો હતો. એના દિલના-અંતરના કણ કણમાં આ વાત વ્યાપી ચૂકી હતી. એ સમજતો હતો કે જે પળ જાય છે તે લાખેણી છે, પછી પસ્તાવો જ છે. માટે જ ઊંઘ ઉડાડવાનો પ્રબળ પ્રયત્ન તેણે કર્યો. પણ, ઔષધિના બળ આગળ તે લાચાર ઠર્યો.

જ્યારે તેણે પ્રયત્ન કર્યો ત્યારે પણ એ અર્ધનિદ્રિત જેવી અવસ્થામાં જ હતો. એટલે આખરે એ સૂઈ જ ગયો. એ સૂઈ ગયો છે - તેની ખાતરી થતા ત્યાંના ભીલો તેનો ઓરડો છોડી ચાલ્યા ગયા. વૈદ્યને ખાતરી હતી કે હવે હમણાં આ નહીં ઊઠે, હકીકતે ભીલના સરદારે જ તે ભીલ દ્વારા વૈદ્યને

કહેવડાવ્યું હતું કે શક્તિની દવા તો આપજો જ, સાથે લાંબો સમય ઊંઘી જાય તેવી પણ દવા આપી દેજો. બાકી એ નાહક લડાઈમાં કૂદી પડશે.

આખરે એમની ઈચ્છા પૂર્ણ થઈ. વિનાયક ઊંઘી ગયો. **અજાણતા જ કાળની ક્રૂર રમતના પોતે કેવા પ્યાદા બની રહ્યા છે - તેની ગતાગમ આ માનવીને ક્યાંથી આવે ? પળ-પળ જે વિલંબ થઈ રહ્યો છે તે કેવો કારમો પુરવાર થવાનો છે ? તે તો વિધિના બંધ પટારામાં જ લખાયેલું પડ્યું હતું. કોઈ કુંચી તે તાળું ખોલી શકવા સમર્થ ન હતી. સિવાય કે કાળ કે કેવળી !**

કાળ જ્યારે એ ખોલશે ત્યારે તેને અન્યથા કરવાનો કોઈ રસ્તો બચ્યો નહીં હોય ! રે કાળ ! કેવી તારી લીલા !

જે નગારા વાગ્યા હતા તે ચોક્કસ આપત્તિના / યુદ્ધના સૂચક જ હતા.

પરંતુ, યુદ્ધ હજુ શરૂ થયું ન હતું. ફક્ત સહુ ભીલોને શસ્ત્રસજ્જ થવાનું આહ્વાન જ કરવામાં આવ્યું હતું. નગારાના અવાજને સહુ ભીલો માન આપતા. જેવો તે અવાજ સંભળાય કે સઘળા કાર્યો પડતા મૂકી સહુ હાજર થઈ જતા. આ વખતે પણ બધાં ભીલો હાજર થઈ ગયા.

સરદારે પરિસ્થિતિ સમજાવી દીધી. ભીલોનો જ્યાં વસવાટ હતો તેની ચોતરફ ગોળાકારમાં સહુ ભીલો તીર કામઠા લઈ ગોઠવાઈ ગયા. પણ તેઓ મોડા પડ્યા હતા. તે લોકોની પહેલા જ ઘોડેસવારોએ આખી પલ્લીને ઘેરી લીધી હતી. ભીલ લોકોને હુમલો કરવાની રજા ન હતી મળી. એટલે કેટલાક ભીલો સરદારને આ વાતની જાણ કરવા ગયા.

સરદાર આશ્ચર્યચકિત થઈ ગયો - શું એ લોકોએ ઘેરો ઘાલી દીધો ? આપણા બધાં સાથીઓ અંદર જ રહી ગયા ? થયું એમ કે - સરદારની યોજના ગેરીલા પદ્ધતિથી યુદ્ધ કરવાની હતી. એટલે કે ઝાડીઓમાં છુપાઈને, વૃક્ષો ઉપરથી તેઓ હુમલો કરવાને ટેવાયેલા હતા. સંખ્યાબળ ઓછું હોવાને કારણે સામસામા લડાઈ તેઓ કદી ન કરતા. આ વખતે પણ ચારે દિશામાં વૃક્ષો ઉપર છૂપાઈને સેનાપતિની સેનાને હંફાવવાનો ઈરાદો હતો. આ વાત સમજાવવા માટે નગારુ વગડાવી સરદારે બધાને પલ્લીમાં બોલાવ્યા.

આખી યોજના સમજાવી કે જેવો તે શંખ ફૂંકે કે ચારે બાજુથી સતત

તીરોનો મારો ચલાવવો. જેથી એમને લાગે કે ભીલોની સંખ્યા ઘણી છે અને ઉપરથી થતા હુમલાનો જવાબ કેમ વાળવો ? તેની ગતાતમ ન પડતા તેઓ ભાગી જાય. પરંતુ દુર્ભાગ્યે થયું એવું કે જંગલમાં છૂટા-છવાયેલા ભીલો પણ નગારાનો અવાજ સાંભળી પલ્લીમાં આવી ગયેલા.


તે અરસામાં જ સેનાપતિની સેનાએ પલ્લીને ઘેરી લીધી. મતલબ કે સહુ ભીલો અંદર જ રહી ગયા. એટલે જ સરદાર આશ્ચર્યચકિત થઈ ગયો. પણ અબ પછતાયે હોત ક્યા ? જબ ચિડીયા ચુગ ગઈ ખેત !

આખરે ભીલરાજે સમય પસાર કરવાનો નિર્ણય લીધો. હવે પળો કટોકટીની આવી ગઈ હતી. ભીલરાજના કુશળ દિમાગે એક જોખમી યોજના બનાવી લીધી. 'કરેંગે યા મરેંગે'નો નિર્ણય કરી લીધો. તેણે ત્યાં જ હાજર રહેલા ભીલમાંથી જેણે વિનાયકની સારવાર કરી હતી. તેને પૂછ્યું - 'એ ઊંઘી ગયો છે ?' 'જી હા !' - અભિવાદન કરી તેણે પ્રત્યુત્તર વાળ્યો.

'ક્યાં સુધી નિદ્રા ચાલશે ?' 'ચાર-પાંચ ઘટિકા તો ઓછામાં ઓછી, થાકેલા હોવાથી વધુ પણ ચાલે... રાત સુધી ન ઊઠે તેમ પણ બને ?'

'ઊઠશે ત્યારે સ્ફૂર્તિમાં હશે ને ? બીજો વાંધો નહીં આવે ને ?' સહેજ વાર વિચારમાં પડી ભીલરાજે પ્રશ્ન કર્યો. વૈદ્ય ભીલે જવાબ વાળ્યો - 'ના, વાંધો નહીં આવે. આપણી દવાથી અવશ્ય તેને સારું થઈ જશે...'

હજી આગળ વાત થાય ત્યાં તો એક ભીલ અંદર આવ્યો. અને કહ્યું - 'સરદાર ! અમદાવાદના સેનાપતિનો સંદેશો લઈ એક ઘોડેસવાર આપને તુરંત મળવા માંગે છે. મોકલાવું ?' 'મોકલ !' થોડી જ વારમાં એક પડછંદ માણસ હાજર થયો. અભિવાદન કર્યું. અને કહ્યું - 'અમદાવાદના સેનાપતિનો સંદેશો લઈને હું આવ્યો છું.' ભીલરાજે કહ્યું - 'લાવો !' માણસે કહ્યું - 'મૌખિક છે, લેખિત નહીં'. ભીલરાજે કહ્યું - 'નિશાની ?' માણસે સેનાપતિની મુદ્રા હાજર કરી, મુદ્રા જોઈ લીધા બાદ ભીલરાજે કહ્યું - 'કહો ! શો સંદેશો છે ? અમારા લાયક સેવા ફરમાવો...' માણસે કહ્યું - 'બીજું ખાસ કંઈ કામ નથી, સેનાપતિ આપનું કુશળ ઈચ્છી રહ્યા છે. અને કહ્યું છે કે અમારો એક માણસ ભાગીને અહીં લપાયો છે તે આપી દો.'



ભીલરાજની યોજના

સેનાપતિના માણસે જે સ્પષ્ટતાથી વાત કરી તેનાથી ભીલરાજ ધૂંધવાઈ ગયો. પણ, અત્યારની પરિસ્થિતિમાં શાંત ચિત્તે કામ લીધા વિના ચાલે તેમ ન હતું. આથી ભીલરાજે કહ્યું - 'ના ભાઈ ! તમારો ગુનેગાર કોઈ અહીં આવ્યો નથી. ભલા ! તમારા ગુનેગારનું અમારે તો શું કામ હોય ? કહો તો અમે જ તમારા સૌથી મોટા ગુનેગાર છીએ. આવી જઈએ તમારી સાથે !!!' આટલું બોલી ભીલરાજ ખડખડાટ હસી પડ્યો. બાજુના કેટલાંક ભીલોએ પણ તેમાં સાથ પુરાવ્યો.

માણસે શાંતિ જાળવી કહ્યું - 'એટલે શું તમારી પલ્લીમાં કોઈ માણસ આવ્યો જ નથી ?' સહેજ કરડાકી ભળી હતી તેના અવાજમાં.

ભીલરાજે કહ્યું - 'અરે ભાઈ ! એમ મેં ક્યાં કહ્યું કે કોઈ માણસ અમારે ત્યાં નથી આવ્યું. અમે બધા માણસો જ છીએ ને ! એટલે અમારી અવરજવર તો ચાલુ જ હોય ને !' થોડી વધુ કરડાકીથી સંદેશવાહકે કહ્યું - 'બહારના માણસની વાત ચાલે છે.' 'અરે ભાઈ ! અમારો તો ધંધો જ આવો છે, એટલે બહારથી માણસો તો આવવાના જ ને !' - ભીલરાજે હળવાશના કહો કે મજાકના, મૂડમાં જ વાત આગળ ચલાવી. ''તેમાં જે ઘોડી

ઉપર કાળા કોટવાળો માણસ આવેલો છે તે અમને સોંપી દો, જુઓ ભીલરાજ ! જ્યાં સુધી હું સીધી રીતે કહું છું ત્યાં સુધી માની જાઓ. બાકી અમે સેના સાથે આવ્યા છીએ. તમારી આખી પલ્લી ઘેરાઈ ચૂકી છે. એટલે સીધી રીતે તે માણસને સોંપી દેવામાં જ તમારું કલ્યાણ છે. તમારે એ માણસનું કામ પણ શું છે ? જો અમારી સાથે નિષ્ઠાથી વર્તશો તો બાદશાહ તમારી નિષ્ઠાની કદર પણ....' વાતને વચ્ચેથી જ અટકાવતા ભીલરાજ બોલ્યો - 'મારા વાલા ભાઈ ! આટલું બધું બોલી બેઠા. અમે તમને માણસ આપવાની ના ક્યાં પાડી છે ? સહેજ ફોડ પાડો તો ખબર પડે ને કે તમારે કેવા માણસનું કામ છે ? બાકી એમને એમ 'માણસ જોઈએ છે... માણસ જોઈએ છે...' આટલું જ ઘૂંટે રાખવાથી માણસ થોડો મળી જાય.. જાઓ. તમારા સેનાપતિને કહો કે ભીલરાજ હમણાં જ આવે છે, સ્વાગતની તૈયારી કરો...''

સેનાપતિના માણસે કહ્યું - 'જુઓ ભીલરાજ ! દગાનો ઈરાદો ન રાખતા...' વચ્ચે જ ભીલરાજે કહ્યું - 'કેવો માણસ છે તું ! આટલા માણસો લઈને આવ્યો છે તો દગાનો ડર શું રાખે છે ?

હું દગો ખેલું તો તું પણ ખેલી લેજે, પણ અત્યારે તો અહીંથી ટળ... સેનાપતિને કહે.. બાકી મારા સ્વાગતમાં કચાશ મને નહીં પાલવે...'

સેનાપતિનો માણસ કશું પણ બોલ્યા વિના તરતમાં જ સભા છોડી ચાલ્યો ગયો. ભીલરાજે તરત પોતાના માણસોને ભેગા કર્યા. થોડી વાર મસલત કરી. આખરે સહુએ ભીલરાજની યોજના વધાવી લીધી. જબરો ભોગ લેવાય તેમ હતો. છતાં બીજો કોઈ રસ્તો ન હતો. થોડી વારમાં ભીલરાજે વિનાયકની સાથે ૪૦-૫૦ ભીલોને લઈ સેનાપતિ તરફ પ્રયાણ કર્યું. સવારની અદામાં જ, ઘોડી ઉપર કાળો કોટ પહેરાવીને જ વિનાયકને લઈ જવામાં આવી રહ્યો હતો. જેથી સેનાપતિને તરત જ ઓળખાણ પડી જાય. વિનાયકને આજુબાજુથી ભીલો ઘેરી વળ્યા હતા. થોડી વારમાં સહુ સેનાપતિ પાસે પહોંચવા આવ્યા. સેનાપતિએ દૂરથી જોયું તો વિનાયકની ઘોડી અને કાળો કોટ જોતા જ તેને હાશકારો થયો કે જોઈતો માણસ આવી રહ્યો હતો. પણ, સાથે આટલા બધા ભીલો જોતા તેને આશંકા પણ જાગી રહી હતી.

ભીલોનો સમુદાય થોડો દૂર ઊભો રહ્યો અને ભીલરાજ તેમાંથી આગળ આવ્યો. સેનાપતિની પાસે આવીને અટક્યો. ભીલરાજની નજર ચકોર રીતે ફરી રહી હતી. તેણે જોઈ લીધું કે આજુબાજુમાં ૨૫ થી ૩૦ ઘોડેસવાર હતા. બાકી બધા ગોળાકારમાં ગોઠવાયેલા હતા. દૂર હતા. આખી પલ્ટી તેમણે ઘેરી હતી. ભીલરાજે સેનાપતિ પાસે પહોંચી એકદમ હળવાશથી વાત મૂકી –

'અરે સાહેબ ! આ શું માંડ્યું છે તમે. મને ખાલી વાત કરી હોત તો હું દોડતો તમારા ચરણે પહોંચી જાત. આટલા માટે આવડી મોટી ઉપાધિ થોડી ઊભી કરાય ! જુઓ, તમારે જે જોઈતો હતો તે જ ધોળી ઘોડી અને કાળા કોટવાળો માણસ હું લઈ આવ્યો છું ને !' ભીલરાજના આ શબ્દોએ સેનાપતિના મનની શંકા ઓગાળી નાંખી. સેનાપતિએ સરળ ભાવે કહ્યું – 'હા ! હા ! એ જ માણસ છે. લાવો મને સોંપી દો !' 'સાહેબ ! સોંપી તો દઉં, પણ મને તમારા ઘોડેસવારોનો બહુ ડર લાગે છે. એક કામ કરો, આપ ઘેરો જેમ છે તેમ રાખો. પણ આપના ઘોડેસવારોને થોડા પાછળ ખસેડો, જેથી બન્ને પક્ષે ન્યાય જળવાય.' ભીલરાજે સાવ સીધા અવાજે વાત મૂકી.

સેનાપતિને તેની વાતનો અમલ કરવામાં વાંધો ન લાગ્યો. એણે આજુબાજુના ૧૦-૧૫ સૈનિકોને પાછા વળવાનું કહ્યું. ત્યાં તો ભીલરાજે 'જય બજરંગ બલી કી' – ત્રાડ પાડી. સહુ ભીલોએ પણ સામો પ્રચંડ પ્રતિસાદ આપ્યો અને તૂટી પડ્યા. શંખ વાગ્યા. રણભેરી ગાજી ઊઠી. જે પ્રચંડ નિનાદ થયો તેનાથી પળભર તો સેનાપતિના ઘોડેસવારો દિગ્મૂઢ થઈ ગયા.

સેનાપતિ જોરથી ચિલ્લાયો – 'દગો ! હુમલો કરો.' ત્યાં જ સડસડાટ એક ઘોડી સેનાપતિની નજર આગળથી જ ભાગી છૂટી.. સેનાપતિ તેને જોતાં જ ચમક્યો. એણે ફરી બૂમ પાડી, 'પકડો..પકડો..' પણ એક સાથે અણધાર્યા થયેલા હુમલાને ખાળવામાં હજુ સૈનિકો પડ્યા હતા. એટલે સેનાપતિએ પોતે તેની પાછળ ઘોડો દોડાવ્યો. આ બાજુ સેનાપતિને ભાગતો જોઈ સૈન્યમાં ગેરસમજ ફેલાઈ. શું થયું છે ? તેના ગતાગમ પડતી ન હતી.

ભીલોના હુમલા ચાલુ હતા. ઘેરો તૂટી ગયો.. ભીલો બહાર ભાગી આવ્યા. આ બાજુ કેટલાંક સૈનિકો ગુસ્સે ભરાઈ ભીલોની પલ્ટીને તોડવા લાગ્યા. ચારે બાજુ રમખાણ મચી ગયું. કેટલાક સૈનિકો સેનાપતિની પાછળ

ભાગ્યા. કેટલાક સૈનિકો અમદાવાદની દિશામાં ભાગ્યા. ભીલો ફટાફટ ઝાડ ઉપર ચડી હુમલો કરવા લાગ્યા. તે લોકો પાસે એક અમોઘ શસ્ત્ર હતું.

થોડી વારમાં જ સેનાપતિના સૈન્ય ઉપર પથ્થરમારો થવા લાગ્યો. જે તીવ્ર ગતિથી પથ્થર માથે પટકાતા તેનાથી એક ચીસ પાડી ટપોટપ સૈનિકો જમીન ઉપર રગદોળાવા લાગતા. આ કળામાં ભીલો ભારે કુશળ હતા. ધીરે ધીરે સૈન્યની હાલત કથળવા લાગી. સૈનિકો ભાગવા લાગ્યા. જતા જતા ખુન્નસે ભરાયેલા સૈનિકો ભીલોની પલ્લીને આગ લગાવતા ગયા.

ઘાસમાંથી બનેલા ઝૂંપડાઓ આગ પકડવા લાગ્યા. ભીલોમાં પણ હાહાકાર મચ્યો. ભીલડીઓ-બાળકો બધાં આગ બૂઝવવામાં પડ્યા. આ બાજુ ગુસ્સે ભરાયેલા ભીલોએ વધુ જોશથી હુમલો કર્યો, હલ્લો બોલાવ્યો.

સૈન્ય ભાગવા લાગ્યું. જંગલમાં આમથી તેમ વીખરાવા લાગ્યું. ભીલો જંગલમાં પણ તેમની પાછળ પડ્યા. ભાગતા સૈનિકના માથામાં કે બીજે ક્યાંક અચાનક જ ભારે જોશથી પથ્થર પટકાતો અને કારમી વેદનાથી ચીસ પાડી તે સૈનિક જમીન ઉપર પટકાઈ જતો. એક પણ સૈનિકને જાણે છોડવા ન માંગતા હોય તેમ ભીલ લોકો પાછળ પડ્યા હતા. આખા જંગલમાં ઘમસાણ મચી ગયું. આ બાજુ સેનાપતિ પણ ચીલવેગે તે ઘોડીની પાછળ પડ્યા હતા. ઘોડી ઉપર બેઠેલો પણ ઝડપથી આડા-તેડા માર્ગે ભાગી રહ્યો હતો.

તે જંગલનો ભારે જાણકાર હોય તેમ અચાનક જ માર્ગ બદલી બદલી ગાઢ જંગલ તરફ ભાગી રહ્યો હતો. સેનાપતિને તેનો પીછો કરવામાં ખૂબ તકલીફ પડી રહી હતી. પણ, તેનો ઘોડો કેળવાયેલો હતો. તે માલિકના આશયને સમજી આગળ ભાગી રહેલ ઘોડીનો બરાબર પીછો પકડી રહ્યો હતો.

આમને આમ ભાગ દોડમાં બે ઘડી જેટલો સમય વીતી ગયો. ગાઢ જંગલમાં બન્ને જણા ભાગી રહ્યા હતા. બે અશ્વો વચ્ચે અંતર ઝાઝું ન હતું. એક વળાંક ઉપર લાગ મળતા સેનાપતિએ છૂટ્ટો કટારનો ઘા કર્યો.

આ રીતે ઘા થશે તેવી કોઈ ધારણા ન હોવાથી આગળ ભાગી રહેલ માણસ તે અંગે ગાફેલ હતો. માટે, ઘા સચોટ નીવડ્યો. એક ચીસ પાડી તે ઘોડા ઉપરથી ઉથલી પડ્યો... ઘા પીઠના ભાગમાં થયો હતો. લોહી વહી રહ્યું હતું. હજુ તે ઉભો થવાનો પ્રયત્ન કરે ત્યાં તો સેનાપતિ આવી પહોંચ્યો.

સેનાપતિ સીધો જ તેને બંધનમાં લેવા ગયો. પણ, ચહેરા ઉપર નજર પડતા જ તેં ચોંકી ઉઠ્યો. ચહેરો તો કોઈ ભીલ જેવો લાગતો હતો ! કપડવંજના કે બીજા નગરના માણસનો ચહેરો બિલકુલ લાગતો ન હતો. સેનાપતિ ભારે ગડમથલમાં પડી ગયો. ઘોડી તો એ જ લાગતી હતી. ઊંચી ઓલાદની એ ઘોડીનો જોટો મળવો મુશ્કેલ હતો. પેલો ભીલ પણ બોલી ઉઠ્યો - 'સેનાપતિજી ! ખૂબ દુઃખ સાથે કહું છું કે આપ ઉલ્લુ બની ગયા છો. આપને જે માણસ જોઈએ છે તે તો ક્યાંય અદૃશ્ય થઈ ગયો છે...'

સેનાપતિ વિચારમાં પડી ગયા. ધીરે ધીરે તેમને લાગ્યું કે ખરેખર ! ભીલની વાત સાચી છે. પોતે મૂર્ખ બન્યો છે. સેનાપતિને વિચારવશ હાલતમાં/ગાફેલ જોઈ ભીલ અચાનક કૂદીને ઘોડી ઉપર ચડી ફરીથી નાઠો... સેનાપતિને હવે તેનો પીછો કરવામાં રસ ન હતો રહ્યો... પોતાને મળેલી ભારે શિકસ્તનો ઘા હજુ તેમના હૃદયને કોરી રહ્યો હતો. તે હતાશ થઈ ગયા હતા.

થોડી વાર સુધી એમ ને એમ સૂનમૂન હાલતમાં તે પડ્યા રહ્યા. જ્યારે સુધ-બુધ આવી ત્યારે સાવ ગાઢ જંગલમાં તે એકલા હતા. પેલો ભીલ કોણ જાણે કઈ તરફના ગાઢ, ભયંકર જંગલમાં સેનાપતિને ખેંચી લાવ્યો હતો ! અહીંથી જવાના રસ્તા અંગે સેનાપતિ તો સદંતર બેખબર જ હતો, અજાણ્યો જ હતો. અહીંથી તે સહીસલામત અમદાવાદ પહોંચી શકે તો પણ ઘણું હતું.

વિનાયકનો પીછો કરવાની વાત તો લાખો જોજન દૂરની થઈ ગઈ હતી. આશ્ચર્ય તો એ હતું કે જો આ વિનાયકના બદલે ભીલ હતો તો વિનાયક ક્યાં હતો ? ઘોડી વિનાયકની કેવી રીતે આવી ગઈ ? આ દરેક પ્રશ્નના ઉત્તર ભીલરાજની યોજનામાં જ રહેલા હતા.

સેનાપતિનો સંદેશો આવ્યો તે પહેલા જ ભીલરાજે યોજના બનાવી રાખી હતી. વાત એમ બનેલી કે ભીલરાજે સીલપેક નગરશેઠના પત્રને તથા પાંદડા વગેરેને હસ્તગત કર્યા ત્યારે તેણે પાંદડાઓ ઉપર નજર કરી હતી. ભીલરાજને બાદશાહ વગેરે સાથે લેવડ-દેવડનું કામ પડતું હોવાથી તે, નગરના લોકોની બોલીનો પણ જાણકાર હતો. જ્યારે વિનાયકે કહ્યું કે 'તે દોશી આણંદજી શેઠનો માણસ છે' ત્યારે ભીલરાજના મગજમાં થોડો ઝબકારો થયો.

વાતની થોડી ગડ તેને બેસી હતી. ટૂંકમાં એટલું તો એ સમજી જ ગયો હતો કે વિનાયક પાસે ઘણો મહત્ત્વનો સંદેશો હતો. અને જો એ સંદેશો દોશી આણંદજી માટે હોય તો દોશી આણંદજી શેઠ મુશ્કેલીમાં હતા. આથી ભીલરાજે ચાર-પાંચ ભીલોની સાથે જ વિનાયકને મોકલવાનું નક્કી કર્યું હતું.

જેથી ચાર-પાંચ ભીલો પણ શેઠની સહાયમાં આવી શકે અને રસ્તામાં વિનાયકની રક્ષા પણ થઈ જાય. વિનાયકને પડેલો શ્રમ, ઘાની વેદના વગેરે તેના શરીરના પ્રત્યેક અવયવમાં જણાઈ રહી હતી. આથી, ભીલરાજે તેને ઊંઘની દવા આપી ઊંઘમાં જ કપડવંજ પહોંચાડી દેવાનું નક્કી કર્યું.

સેનાપતિના ઘેરામાંથી હેમખેમ કપડવંજ સુધી વિનાયકને પહોંચાડવા માટે, સેનાપતિ અને તેની સેના તદ્દન વેરવિખેર થઈ જાય, લાંબા સમય સુધી એકબીજાનો સંપર્ક ન કરી શકે તથા વિનાયકનો, કપડવંજના રસ્તે, પીછો પણ ન કરી શકે તેવું કરવું જરૂરી હતું.

એટલે ભીલરાજે ૪૦-૫૦ ભીલોને લઈ સેનાપતિ તરફ જવાનું નક્કી કર્યું. જંગલના ભોમિયા જેવા ભીલને વિનાયકનો વેશ પહેરાવ્યો. ઘોડી પણ વિનાયકની જ લીધી. જેથી સેનાપતિને લગીરે શંકા કરવા જેવું રહે નહીં.

યોજના મુજબ સેનાપતિ પાસે નજીક પહોંચ્યા પછી તેમના ઘોડેસવારોને થોડા ગાફેલ કરી અચાનક જ હલ્લો બોલાવી દેવો. ગોળફરતે જે ઘોડેસવારો છે તે બધાનું પણ આગળના ભાગમાં ધ્યાન ખેંચવું. અંતે તે લોકો ઉપર પણ હુમલો કરી દેવો. તે અંધાધૂંધીમાં સેનાપતિનું ધ્યાન ખેંચાય તે રીતે વિનાયકની ઘોડી ઉપર સવાર ભીલે ભાગી જવું. સેનાપતિ તેનો પીછો પકડે જ. એટલે સેનાપતિને એવા ગાઢ જંગલમાં દોરી જવો કે જેમાંથી બહાર નીકળવું જ અઘરું થઈ જાય. કમ સે કમ એટલો સમય તો લાગી જ જાય કે જેટલા સમયમાં વિનાયક કપડવંજ પહોંચી જાય. આ ઘમસાણ જેવું ચાલુ થાય અને જેવો ઘેરો તૂટે કે વિનાયકને બેહોશ હાલતમાં જ તેના સંદેશા વગેરે સાથે પવનવેગી સાંઢણી ઉપર બાંધી કપડવંજના રસ્તે ચાર-પાંચ ભીલોની સાથે મોકલી દેવો. વિનાયકની ઘોડી પણ સેનાપતિને ભૂલથાપ ખવડાવી કપડવંજ પાછી પહોંચાડવાની જવાબદારી તે ભોમિયા ભીલને સોંપાઈ હતી. વિનાયકની ઘોડી જેવી તેજીલી ઘોડી કે ઘોડો ભીલ લોકો પાસે હતા નહીં.

પરંતુ, દેમાર વેગે ભાગતી સાંઢણીઓ હતી. એ જાતિવંત સાંઢણીઓની ઝડપ પણ એટલી ગજબ કે ક્યારેક તો ભલભલા ઘોડાઓને પણ ભૂ પાઈ દે. સૌરાષ્ટ્ર-ગુજરાત પંથકમાં થતી સાંઢણીઓ ખૂબ વખણાતી. તેને ઉછેરનારાઓનો, કેળવણી આપનારાઓનો પણ એક સમાજ હતો. સાંઢણીની માંગ પણ એટલી જ રહેતી. ત્યારે આજના જેવા યાંત્રિક વાહનોનો યુગ ન હતો.

યોજના મુજબ જ બધું પાર પડ્યું હતું. સાંઢણી ઉપર બાંધેલા વિનાયકની સાથે પાંચ ભીલો પણ રવાના થઈ ચૂક્યા હતા. કપડવંજના પંથે તે લોકો પડી ચૂક્યા હતા. ભીલો જંગલ રસ્તાઓના જાણકાર હતા. આથી મુખ્ય માર્ગને ટાળી અંદરના ટૂંકા રસ્તે તેઓ ગતિ કરી રહ્યા હતા.


વિનાયકની નિદ્રા ઊડી ન હતી. વિનાયકની ઘોડી ઉપર સવાર ભીલ પણ કપડવંજ પહોંચવાનો હતો. આમ, ભીલરાજે કળ અને બળનો સામટો ઉપયોગ કરી ખરા ટાણે વિનાયકને ગજબનાક મદદ કરી હતી. તે યોજના સાકાર પણ થઈ ગઈ હતી. જો કે ભીલપલ્લીને વેઠવું પડેલું નુકસાન ઓછું ન હતું. છતાં કૃતજ્ઞતા અદા કર્યાનો સહુ ભીલોને સંતોષ હતો.

આ બધી ધમાલમાં ઘણો સમય વીતી ગયો હતો. સૂરજ માથે ચડી આવ્યો હતો. જંગલમાં પાંચ ભીલો અને વિનાયક ભાગી રહ્યા હતા. આગળ-પાછળ બે-બે ભીલ હતા. વચ્ચે વિનાયક અને પડખે એક ભીલ હતો. આ રીતે વિનાયકને સાચવતા-સાચવતા તેઓ પ્રયાણ કરી રહ્યા હતા.

ભીલરાજે દરેક ભીલને ખાસ તાકીદ કરી હતી - 'માથા સાટે આનું જતન કરજો. હેમખેમ કપડવંજ પહોંચાડજો. ત્યાં પહોંચ્યા પછી શેઠ જેમ કહે તેમ કરજો. શેઠ મારું માથું લઈ આવવાનું કહે તો બેધડક લઈ જજો...'

સહુ ભીલો વિનાયકનું જતન કરવા સંકલ્પબદ્ધ હતા. આમને આમ દોડતા દોડતા ઘણો સમય વીતી ગયો. સાથે ભાથું પણ બાંધી આપ્યું હતું. પણ, વિનાયક જાગી જાય પછી જ જમવાનું સહુએ નક્કી કર્યું હતું. આમને આમ ઘણો સમય વીતી ગયો. કોઈ રુકાવટ વિના એકધારું પ્રયાણ ચાલુ જ હતું. અચાનક પાછળથી ઘોડાના ડાબલા સંભળાયા. સહુ ચોંકી ઉઠ્યા.

✺



૩૮

આચાર્ય ભગવંતનો વિહાર...

અવિરત ચાલતું પ્રયાણ અચાનક અટકી ગયું. વિનાયકની સાથે જઈ રહેલા ભીલોના સરવા કાને પાછળ આવી રહેલ ઘોડાના પગલાઓનો અવાજ પકડી લીધો. જંગલ હોવાથી દૂર સુધી નજર પહોંચતી ન હતી. જ્યાં સુધી નજર પહોંચતી હતી તેમાં ઘોડો દેખાતો ન હતો. આથી, ભીલ લોકો મૂંઝવણમાં આવી પડ્યા. પાછળ આવનાર દોસ્ત છે કે દુશ્મન તેનો નિર્ણય કરવો અઘરો હતો. આવા વાતાવરણમાં જંગલમાં આવનાર, ભૂલો પડેલો સૈનિક હોય તેવી શક્યતા વધુ હતી. આથી સહુએ છૂપાઈ જવાનું નક્કી કર્યું. ઝાડીની આડશ લઈ માર્ગની બન્ને બાજુએ ભીલો છૂપાઈ ગયા. દુશ્મનનો નિર્ણય થતા જ તેને પકડી પાડવાની યોજના પણ તેઓએ બનાવી દીધી હતી. ધબકતા હૈયે સહુ ભીલો પાછળ આવી રહેલા ઘોડાની પ્રતીક્ષા કરવા લાગ્યા.

ધીમે-ધીમે અવાજ સ્પષ્ટ થતો જતો હતો. ધીરે ધીરે ઘોડા ઉપર બેસેલ માનવની આકૃતિ સ્પષ્ટ થઈ. ભીલ લોકો માર્ગ ઉપરથી પસાર થતા સહુને બરાબર નિહાળી શકતા હતા. જ્યારે માર્ગ ઉપરથી ભીલ લોકોને જોવાનું/પરખવાનું અઘરું હતું. જેવો એ માણસ ઝાડી પાસેથી પસાર થયો, તેનું મોઢું સ્પષ્ટ દેખાયું કે એક સાથે સહુ ભીલ હર્ષથી 'એ...એ..' બોલી ઉઠ્યા.

પરિચિત શબ્દ લાગતા જ ઘોડેસવાર પણ ઊભો રહી ગયો. પાછા વળીને જોયું તો પોતાની જ પલ્લીના પોતાના સાથીઓ તેને બોલાવી રહ્યા હતા.

આ ભીલ એટલે બીજો કોઈ નહીં, પરંતુ જેણે વિનાયકનો રોલ અદા કરવાનો આવ્યો હતો તે જ. વિનાયકની ઘોડી કપડવંજ પહોંચાડવાની હોવાથી તે મારતે ઘોડે કપડવંજ તરફ રવાના થયો હતો. જંગલના રસ્તાનો ભોમિયો હોવાથી તેણે પણ એ જ ટૂંકો રસ્તો લીધો હતો કે જે રસ્તે વિનાયક અને ભીલો પસાર થઈ રહ્યા હતા. લાંબા સમય પછી તેણે વિનાયક અને ભીલોને આંબી લીધા. કારણ કે ઘોડીની ઝડપ ઘણી જ તેજ હતી. તે અપેક્ષાએ વિનાયક અને ભીલના ઘોડા/સાંઢણી મધ્યમ રફતારે ગતિ કરી રહ્યા હતા. જેવો પેલો ભીલ ઊભો રહ્યો કે સહુ ભીલો તેને ઘેરી વળ્યા. વિનાયકની સાથેના ભીલોએ જોયું કે આવનાર ભીલ ઘાયલ હતો. તેને સારવારની જરૂરિયાત હતી. છતાં કપડવંજની દિશામાં તેને ભાગતો જોઈ સહુએ પૂછ્યું -

'આમ કેમ ?', 'ઘોડી પાછી આપવા', 'કોને ?' 'આપણા શેઠને.' 'અલ્યા ! અમે ત્યાં જઈએ છીએ. લાવ, અમને આપી દે ! એ આ માણસની જ ઘોડી છે. અમે પૂગાડી દઈશું. તું આ સાંઢણી ઉપર તાત્કાલિક પલ્લીએ પાછો જા. તને સારવારની જરૂરત છે.' પેલો માણસ સમ્મત થયો. વિનાયકને ઘોડી ઉપર મૂકવામાં આવ્યો. સાંઢણીને પેલો માણસ લઈ ગયો. વિનાયકને તેની ઘોડી ઓળખી ગઈ. પોતાના માલિકને પોતાની પીઠે આવેલો જોઈ તેણે હર્ષ વ્યક્ત કર્યો. વિનાયકને હજુ બેભાન જોઈ બાકીના ભીલોએ પોતાના ભાથાને ન્યાય આપ્યો. વિનાયક ભાનમાં આવે તો તેના પૂરતું બચ્યું હતું.

આખરે સહુએ મુસાફરી ફરીથી શરૂ કરી. સમય ઘણો જ પસાર થઈ ગયો હતો. સંધ્યા થવાને હવે ઝાઝી વાર ન હતી. હજુ કપડવંજ પહોંચતા રાત તો અવશ્ય થઈ જાય તેવું લાગતું હતું. સહુએ ઝડપથી પ્રયાણ આદર્યું. ઘણો સમય પસાર થયા બાદ સહુ મૂળ રસ્તે પાછા આવી ગયા.

જંગલનો રસ્તો છોડી દીધો. હવે કપડવંજ નજીકમાં જ હતું. સાથે ભય પણ વધી ગયો હતો. કારણ કે બાદશાહે અહીં પણ ચોકી રખાવી હોય તેવી શક્યતા હતી. દોશી આણંદજી શેઠ પાસે પહોંચી ગયા પછી ચિંતા ન હતી.

કારણ કે કારણ વગર દોશી આણંદજી શેઠના ઘર ઉપર હાથ નાંખતા બાદશાહને પણ વિચાર કરવો પડે તેમ હતો. તો પછી સૈનિકો તો શી રીતે તપાસ કરી શકે ? આથી સહીસલામત રીતે આ રસ્તો પસાર થઈ જાય તે જોવાનું હતું. વિનાયકને હજુ બેભાન જોઈ ભીલ લોકો ચિંતામાં હતા. કદાચ અતિશ્રમ અને અતિરક્તસ્રાવના કારણે બેહોશી લાંબી ચાલી રહી હતી.

મૂળ માર્ગ ઉપર સાવધાનીથી તેઓ પ્રવાસ કરી રહ્યા હતા. વિનાયકની ઘોડીની રફતાર તેજ હોવાથી અને આ પરિચિત માર્ગ ઉપર આવતા સ્વયંભૂ થનગનાટથી તે સહુથી આગળ ભાગી રહી હતી. ભીલ લોકો પણ તેની વાજોવાજ આવી રહ્યા હતા. અચાનક કોઈકે હાકોટો કર્યો હોય તેવું લાગ્યું.

બે ચાર જણની બૂમો સંભળાઈ. સામે બે જણ માર્ગ અટકાવતા હોય તેવું લાગ્યું. વિનાયકની ઘોડી આવા પ્રસંગોમાં કેળવાયેલી હતી. તેણે અચાનક જ ગતિ અત્યંત ઝડપથી વધારી આજુબાજુવાળા કંઈ સમજે તે પહેલા જ, પણછમાંથી છૂટેલા તીરની જેમ, આંખના પલકારામાં સહુને વટાવી આગળ ભાગી ગઈ. બે-ત્રણ ઘોડેસવારોએ તરત જ તેનો પીછો પકડ્યો. ચારે બાજુ હાકોટા-પડકારા થવા લાગ્યા. વાતાવરણ ગાજવા લાગ્યું. સાથે રહેલા ભીલો એટલી ચપળતા દાખવી ન શક્યા. તેઓ સમજી ગયા કે આગળ રસ્તો બંધ છે. એટલે તેમણે જંગલના રસ્તે છૂપાઈ જવાનું જ મુનાસિબ માન્યું.

આમ પણ આગળ જવાથી વિનાયકને આંબી શકાય તેવું તો હતું જ નહીં. પકડાઈ જવાનું નિશ્ચિત હતું. જંગલ રસ્તે જવામાં આડા-તેડા રસ્તે ફંટાઈને કપડવંજ પહોંચી શકાય તેમ હતું. આથી નિરુપાયે વિનાયકની પાછળ પડવાનું છોડી સહુ ભીલો જંગલમાં ભાગી છૂટ્યા. જંગલના તેઓ રાજા હતા. આથી, તેમાં તેમને પકડવા દિવસના તારા તોડી લેવા જેવું અઘરું કાર્ય હતું.

આ બાજુ વિનાયકની ઘોડી પૂરપાટ વેગે ભાગી રહી હતી. તેને આંબી લેવાનું કોઈનું ગજું ન હતું. આથી પાછળ પડેલા ઘોડેસવારોને ક્યાંય પાછળ રાખી તે કપડવંજ તરફ આગળ વધી ગઈ. હવે કોઈ ચોકી ન હતી. છેલ્લી ચોકીમાં જ તે ફસાયા હતા.

રાતનું અંધારું જામી રહ્યું હતું. ઘોડી એકધારી ગતિએ કપડવંજ તરફ

પ્રયાણ કરી રહી હતી. મંઝિલ નજીક હતી. આખરે કપડવંજનો કિલ્લો દેખાયો... ઘોડી ભૂલથાપ ખાધા વિના કિલ્લાની અંદર ઘૂસી ગઈ.

ઘોડીએ વિનાયકના ઘરનો રસ્તો જાણેલો હતો, તેનાથી તે પરિચિત હતી. આથી સીધી તે દિશામાં જ તે ગઈ. આજે આ પ્રાણીએ કમાલ કરી હતી. જીવસટોસટનો દાવ ખેલ્યો હતો. તે ઘોડી સખત હાંફી રહી હતી. વિનાયકના ઘરે જેવી તે પહોંચી કે એક માણસ તેની પાસે આવી પહોંચ્યો. દોશી આણંદજી શેઠે સતત વિનાયકના ઘર ઉપર તપાસ રખાવી હતી. વિનાયક ઘણા સમય પહેલા આવી જવો જોઈતો હતો. છતાં, સમય ઘણો વીતી ગયેલ હોવાથી દોશી આણંદજી શેઠે અનુમાન કરેલું કે મલિકની ગતિવિધિ જાણવામાં જ આટલો સમય થયો હોવો જોઈએ. આથી, જે સમાચાર હશે તે જરૂર કિંમતી અને અગત્યના હશે. શેઠ વિનાયકની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા.

વિનાયકના ઘરે પણ તેમણે માણસો મોકલ્યા હતા. ઘોડી ઉપર બેહોશ વિનાયકને જોઈ તે માણસ ઘોડીને લઈ સીધો દોશી આણંદજી શેઠના મહેલે જ ગયો. એક માણસને ખબર આપ્યા – 'શેઠ સાહેબ ! વિનાયક આવી ગયો છે. પણ તે બેહોશ છે.' આ સમાચારે શેઠ ચમક્યા..

જો કે જે એક દિવસ વીત્યો હતો તેમાં પણ ઘણી નવાજૂની થવા પામી હતી. શેરખાન સાથે શેઠે જબ્બર લડાઈ ખેલી હતી. શેરખાનનો હૃદયપલટો પણ થઈ ગયો હતો. હવે તે શેઠનો અંગત માણસ હતો, શેઠની પાછળ પ્રાણ પણ કુરબાન કરવા તૈયાર ! શેરખાન સાથેની લડાઈ પતી ગયા બાદ, આદિત્ય સાથે વાતચીત પણ થઈ ગઈ. બધું વ્યવસ્થિત કરી શેઠ પોતાની હવેલીમાં શયનખંડમાં પહોંચ્યા ત્યારે ઉષાને બહુ ઝાઝી વાર ન હતી.

પરિવાર આખો આ બધી ધમાલથી બેખબર હતો. આથી, લગભગ રોજ સમયસર સૂઈ જતા શેઠ જ્યારે અડધી રાત સુધી સૂવા ન આવ્યા ત્યારે શેઠાણી, પુત્ર સહુ ચિંતામાં પડ્યા. પુત્ર વગેરે તો થાકીને સૂઈ ગયા.

પરંતુ શેઠાણીને ઉંઘ ન આવી. શેઠ મોડા આવવાનું કહીને ગયા હતા. છતાં 'શું કામ હશે તેવું ? કે જેના લીધે આટલી રાત સુધી એમને પોતાને બહાર રહેવું પડે ?'– આ પ્રશ્ન શેઠાણીના મગજમાં ઘૂમરાયા કરતો હતો.

આખરે શેઠ આવ્યા ત્યારે એટલા થાકેલા લાગતા હતા કે, શેઠાણીને કશું પૂછવાનું મન ન થયું.

શેઠ સીધા શયનખંડમાં ગયા. રાત ઘણી વીતી ગઈ હતી. શેઠને આટલા થાકેલા શેઠાણીએ ક્યારે ય જોયા ન હતા. આથી, શેઠને સવારે કોઈએ ઉઠાડવા નહીં – તેવી તાકીદ કરી શેઠાણી પણ પોતાના શયનખંડમાં ગયા. ગાઢ નિદ્રામા પોઢી ગયા. શેઠની ઊંઘ જલદી ઊડે તેમ ન હતી.

શયનખંડની રચના પણ તે રીતે હતી કે બારી ખોલવામાં ન આવે તો સૂર્યનો પ્રકાશ અંદર આવી ન શકે. તે કક્ષ અલાયદો હોવાથી બીજો ઘોંઘાટ પણ ત્યાં ખલેલ પહોંચાડી શકે તેમ ન હતો. આ બધાં પરિબળો ભેગા થતા શેઠની ઊંઘ સૂર્યોદય પછી પણ પૂરી થવાની ન હતી.

સૂર્યોદય થઈ ગયો. સહુ પોતપોતાના કામે લાગવા માંડ્યા. શેઠાણીએ તાકીદ કરી હોવાથી કોઈએ શેઠને ખલેલ ન પહોંચાડી. આથી શેઠનો દૈનિક કાર્યક્રમ ખોરવાઈ ગયો. રોજ બ્રાહ્મમૂહુર્તની આજુબાજુ ઊઠી જનારા શેઠ આ રાત્રે તો બ્રાહ્મમૂહુર્તે સૂવા પામ્યા હતા. સૂર્ય માથે ચડી ગયો તો પણ શેઠ ન ઊઠ્યા. અત્યંત શ્રમ અને નિદ્રાને અનુકૂળ વાતાવરણ.... આથી શેઠની ઊંઘ ઉડી ત્યારે દિવસનો પહેલો પહોર વીતી ચૂક્યો હતો. બીજો પહોર પણ વીતવા આવ્યો હતો. આચાર્ય ભગવંતનું વ્યાખ્યાન પણ પતી ગયું હતું.

શેરખાને દિવસે આવી આદિત્યની સંભાળ લીધી હતી. આદિત્યની જરૂરિયાતની વસ્તુ પૂરી પાડી હતી. આજુબાજુની પરિસ્થિતિ તપાસી લીધી હતી. શું કાળનું સામર્થ્ય ? ગઈકાલે મારવા માટે તલસતો વ્યક્તિ આજે તેને જ જીવાડવા માટે તૈયાર થઈ ગયેલ હતો. આચાર્ય ભગવંત અંગેની ઝાઝી વિગતો શેરખાન પાસે ન હતી. આથી તે ઉપર શેરખાને પણ લક્ષ્ય ન આપ્યું.

આ બાજુ આજે આચાર્ય ભગવંતે સંક્ષેપમાં વ્યાખ્યાન લીધું. સવારે પચ્ચક્ખાણ માટે અને વ્યાખ્યાનમાં પણ શેઠને ન આવેલા જોઈ આચાર્ય ભગવંતને આશ્ચર્ય થયું. શ્રીસંઘના સભ્યોને પણ આશ્ચર્ય થયું. બે ચાર સભ્યો શેઠની હવેલીએ આંટો પણ લગાવી ગયા. કિંતુ કોઈનો શેઠ સાથે ભેટો પણ ન થયો કે તેમના કોઈ સમાચાર પણ ન મળ્યા. આચાર્ય ભગવંતે વ્યાખ્યાનમાં જ સંઘને મનાવી લીધો. અને તુરંતમાં જ વિહારની વાત મૂકી. શ્રીસંઘની

રક્ષાર્થે જાપ માટે તુરંતમાં પહોંચવું જરૂરી છે - તેવું જણાવી આચાર્ય ભગવંતે શ્રીસંઘને સમ્મત કર્યો. આચાર્ય ભગવંતે શ્રીસંઘની પણ યોગ્ય કદર કરી હતી.

અનુકૂળતાએ પુનઃ અહીં આવવાની ભાવના પણ દર્શાવી હતી. વ્યાખ્યાન પછી થોડી જ વારમાં આચાર્ય ભગવંતે વિહારની તૈયારી કરી.

વ્યાખ્યાનમાં ચતુર્વિધ સંઘ હાજર જ હતો. ગામના તમામ જૈનો વ્યાખ્યાનમાં હાજર હતા, તે સિવાયના ધર્મપ્રેમી લોકો પણ આવ્યા હતા. સામૈયાના પ્રભાવે ઘણા આચાર્ય ભગવંતને અભિમુખ થયા હતા. તે સહુ આચાર્ય ભગવંતને વળાવવા ભેગા થયા હતા. સહુએ આર્દ્ર હૃદયે, ભીની આંખે આચાર્ય ભગવંતના વિહારને વધાવ્યો હતો. ત્યારે ૧૫મી સદીનો પૂર્વાર્ધ ચાલી રહ્યો હતો. આણંદવિમલસૂરિ આદિ અનેક સમર્થ શિષ્યોના ગુરુ આચાર્ય હેમવિમલસૂરિ મહારાજે ખંભાતનો મનોમન સંકલ્પ કરી તે દિશામાં વિહાર આદર્યો હતો.

અનેક પ્રતિષ્ઠાઓ કરનારા, અનેકાનેક સાધુ-સાધ્વીજી ભગવંતોનું યોગ-ક્ષેમ કરનારા આ આચાર્ય ભગવંત જબ્બર પ્રભાવશાળી તો હતા જ, જબ્બર પુણ્ય પણ તેમની પાસે હતું. અનેક શિથિલાચારી સાધુ ભગવંતોએ સામે ચાલીને તેમના સંયમપ્રભાવથી પ્રભાવિત થઈ સંવિગ્ન દીક્ષા અંગીકાર કરી હતી.

ટૂંકમાં પ્રભુ વીરના પટ્ટધર આ આચાર્ય ભગવંત ઉપર સમગ્ર જિનશાસન ઘણી ઉમ્મીદ રાખી બેઠો હતો. ઈતિહાસ સાક્ષી પૂરે છે કે આ આચાર્ય ભગવંત જબ્બર શાસનપ્રભાવના કરી ગયા. આચાર્ય ભગવંત કપડવંજની શેરીમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે કપડવંજના લોકો એકીટશે તેમના તેજોમય દેહને નિરખી રહ્યા હતા. સહુનું ધ્યાન માત્ર આચાર્ય ભગવંત તરફ જ કેન્દ્રિત થતું હતું. કપડવંજની બજાર વટાવી આચાર્ય ભગવંત આગળ વધી રહ્યા હતા.

શેઠની હવેલી પણ પાછળ રહી ગઈ હતી. અચાનક પાછળ આવતા જનસમુદાયમાં ચહલ-પહલ મચી. થોડો ગણગણાટ થયો. આચાર્ય મહારાજના કાને અવાજ અથડાયો - શેઠ આવ્યા... શેઠ આવ્યા..!

જ્યારે આચાર્ય ભગવંતના વિહારની વાત વ્યાખ્યાનમાં નક્કી થઈ ત્યારે શેઠાણી ગભરાયા. જો શેઠને હવે ન ઉઠાડવામાં આવે તો તે અત્યંત નારાજ થાય. પછી તો આચાર્ય ભગવંતના દર્શન ક્યાંથી થાય ? આથી વ્યાખ્યાન

બાદ તરત શેઠાણી હવેલીએ આવ્યા. શયનખંડમાં પહોંચી ઉતાવળમાં જ શેઠને ઢંઢોળી બોલી ઊઠ્યા - 'ઊઠો...ઊઠો... આચાર્ય ભગવંત વિહાર કરી રહ્યા છે...' શબ્દો અવચેતન મનમાં ઝીલાઈ ગયા. અવચેતન મનમાં એ શબ્દો પડતાવેંત જ ત્યાં પડેલા પ્રબળ સંસ્કારને કારણે શેઠ સફાળા જાગી ગયા. અને ઉઠતાવેંત બોલ્યા - 'શું ? આચાર્ય ભગવંત વિહાર કરે છે ?'

'હાજી ! જલદી તૈયાર થાઓ. સકલ શ્રીસંઘ વળાવા ભેગો થઈ ગયો છે. હમણાં જ વિહાર કરી જશે.' શેઠ આંચકો ખાઈ ગયા. શું આટલો બધો દિવસ ચડી ગયો હતો ? શેઠ ઝડપટ તૈયાર થયા. ખ્યાલ આવી ગયો કે ઘણો સમય વીતી ગયો હતો. જો આચાર્ય ભગવંત વિહાર માટે નીકળી ગયા હશે તો ?... આ પ્રશ્ન શેઠને મગજમાં ઠોકાતો હતો. શેઠ સમજી ગયા કે વ્યાખ્યાન પતી ગયું હશે અને ત્યારે જ વિહારનું નક્કી થઈ ગયું હશે. આમ તુરંતમાં વિહાર સાંભળી શેઠના આશ્ચર્યનો પાર ન રહ્યો. શ્રીસંઘે અનુમતિ આપી દીધી હતી. એટલે હવે શેઠ માટે કશું જ બોલવાનું પણ બચ્યું ન હતું.


હજુ અમદાવાદથી કશા સમાચાર આવ્યા ન હતા. મલિકે ત્યાં જઈ શું ધાંધલ-ધમાલ મચાવી ? તે હજુ અટકળનો વિષય જ હતો.

સમય ઘણો વીતી ગયો હતો, છતાં અમદાવાદથી કોઈ સંદેશો ન આવતા ત્યાંની પરિસ્થિતિ ગંભીર હોવાનું જણાતું હતું. આવી પરિસ્થિતિમાં આચાર્ય ભગવંતનો વિહાર મલિકને ધાર્યું કરવા માટે મોકળું મેદાન આપતો હતો.

આચાર્ય ભગવંત કંઈ દિશામાં વિહાર કરશે ? ક્યારે ક્યાં હશે ? તે બધાંની તલસ્પર્શી વિગતો કેમ મેળવ્યે રાખવી ? મલિક શું હિલચાલ કરે છે ? તે ક્યાં છે ? ઈત્યાદિ માહિતી પણ મળવી જ જોઈએ ને ? પછી કંઈક જોખમ જેવું લાગે તો પણ વ્યવસ્થા શું કરવી ? કેમ કરવી ? તે કેટલો મોટો પ્રશ્ન !

આ બધું વિચારતા શેઠને વિહારની વાત કેમે કરીને રુચતી ન હતી. આચાર્ય મહારાજને અટકાવવા તેમણે રીતસરની દોટ જ મૂકી. પણ, શેઠને સમાચાર મળ્યા કે આચાર્ય ભગવંત ઉપાશ્રયમાં ન હતા, વિહાર કરી ગયા હતા ત્યારે તો શેઠ હતાશ જ થઈ ગયા. આચાર્ય ભગવંત જે રસ્તે ગયા તે રસ્તે તે દોડી ગયા.. આખા ટોળાને ભેદી સીધા આચાર્ય ભગવંતના ચરણોમાં નમી પડ્યા..

✺



જુવાળ

૩૯

વિનાયક કપડવંજમાં

અચાનક શેઠને આવેલા જોઈ સહુને આશ્ચર્ય થયું. શેઠ તો આવીને આચાર્ય ભગવંતના ચરણોમાં ઝૂકી જ પડ્યા.

આચાર્ય ભગવંતે કહ્યું - 'ભાગ્યશાળી ! આપત્તિ પાડવા માટે નહીં, તારવા માટે જ આવે છે - આ વાત ઉપર વિશ્વાસ નથી ? આવી પડનારી આપત્તિના ભયથી સ્વીકારેલ કાર્યને છોડી દેવું તે કાયરતા નથી ? આપત્તિ આવવાની હશે તો આવશે જ. તેનો ઉચિત સામનો એટલે તેનો સ્વસ્થ ભાવે સ્વીકાર. બાકી તેનાથી ભાગતા રહેવામાં તો સાત્ત્વિકતાનું જ બલિદાન લેવાઈ જવાય...'

આચાર્ય ભગવંતની વેધક વાણી શેઠ સાંભળી જ રહ્યા. તેમના મોઢામાંથી એટલું જ નીકળ્યું - 'ગુરુદેવ ! ...' આચાર્ય ભગવંતે વિહાર આદરી દીધો હતો, ત્યારે તેમાં અટકાયત કરતા અપશુકન થતું હતું. કઈ તરફ, કયા ગામે વિહાર કરે છે ? તે પૂછવામાં અનૌચિત્ય હતું. અને આચાર્ય ભગવંતની વાણી ઓજસ્વી હતી. અંતરમાં પડેલું હીર અને ખમીર આ વાણી બોલાવી રહ્યું હતું. તેમાં એક સંમોહિની હતી, જે તેને સાંભળનારને તે સ્વીકારવા લાચાર બનાવતી હતી.

ઘણું કહેવાનું, જાણવાનું જરૂરી લાગવા છતાં શેઠ કશું જ બોલી ન શક્યા... આચાર્ય ભગવંતે હાથ ઊંચો કરી શેઠને આશીર્વાદ આપ્યા. અને આગળ વધવા ડગલું ઉપાડ્યું. શેઠે બાજુમાં ખસી માર્ગ આપ્યો... સહુ આગળ વધી ગયા. શેઠ પણ આચાર્ય ભગવંતને વળાવવા આગળ વધ્યા.

ગામના પાદરે આચાર્ય ભગવંતે સહુને માંગલિક સંભળાવી શ્રીસંઘને નાનકડો ઉપદેશ આપ્યો. આચાર્ય ભગવંતના મનોગત ભાવને જાણી, ઘણાં યુવાનોને આગળ સાથે આવવાની ભાવના હોવા છતાં, સહુ ત્યાંથી પાછા વળ્યા.

શેઠ પણ ત્યાંથી પાછા વળ્યા. પાછા વળતા પુનઃ આચાર્ય ભગવંતના આશિષ લેવા ગયા. આચાર્ય ભગવંતે આશિષ આપીને કહ્યું – 'તમારી લાગણી અને ભાવના હું સમજું છું. પણ, લાગણી કરતા શું કર્તવ્ય પ્રધાન નથી ? તમે તમારા કર્તવ્યથી પીછેહઠ નથી કરતા તો હું કેવી રીતે પીછેહઠ કરી શકું ?

હું પણ સમજું છું કે મારા ઉપર આવતી આપત્તિ ફક્ત મને વ્યક્તિગત જ નુકસાન નહીં પહોંચાડે, પણ તેની અસરો સમષ્ટિગત હશે. છતાં જે થશે તે સારા માટે જ થશે. એવી કોઈ ગાઢ જરૂરિયાત ઊભી થશે તો હું તમને ભૂલી થોડો જઈશ ? બસ ! પરમાત્માના ચરણે ચિત્ત લગાવી દો... સહુ સારા વાના થશે... હવે અમે આગળ વધીએ ?...'

શેઠ માટે કશું બોલવાપણું રહેતું ન હતું. આચાર્ય ભગવંતનો ઈશારો સમજી શેઠ ત્યાંથી જ પાછા વળ્યા. આચાર્ય ભગવંતે ખંભાતની દિશા પકડી હતી. આચાર્ય ભગવંત ખંભાત જવા ઈચ્છતા હતા તે વાત તો શેઠ જાણતા જ હતા. અત્યારે આચાર્ય ભગવંતે પણ ખંભાતનો જ રસ્તો લીધો હતો.

તે વાતની શેઠે નોંધ લીધી હતી. પણ કપડવંજથી ખંભાત વાયા અનેક ગામ થઈ પહોંચી શકાતું હતું. ઘણા રસ્તા હતા. તેમાંથી આચાર્ય ભગવંત કયા રસ્તે જશે ? તે હજુ રહસ્ય જ હતું.

શેઠ ઊંઘમાંથી ઊઠી સીધા જ આવ્યા હતા. તેથી આચાર્ય ભગવંતની સાથે, કોઈને મોકલવાની વ્યવસ્થા પણ કરી શક્યા ન હતા. આચાર્ય ભગવંતની પાછળ જે માણસને મોકલવાનો હતો તે અત્યંત કાબેલ અને ઉસ્તાદ હોવો જરૂરી હતો. કારણ કે વચ્ચે ગમે ત્યારે મલિક આવી શકે તેમ

હતો. ત્યારે આચાર્ય ભગવંતની રક્ષા કરી શકે તેવો સમર્થ માણસ હોવો જોઈએ. આદિત્ય કે વિનાયક... આ માટે યોગ્ય હતા.

પરંતુ, આદિત્ય હજુ પથારીવશ હતો. અને વિનાયકનો તો કોઈ અત્તો-પત્તો જ ન હતો. આથી આચાર્ય ભગવંતનો પીછો કરતો કોઈ માણસ શેઠ રવાના કરી શક્યા ન હતા. શેઠને પણ તે વાત ખૂંચતી હતી. પણ શેઠ તુરંતમાં તો નિરુપાય જ હતા.

આચાર્ય ભગવંતને વળાવી શેઠ હવેલીએ પાછા આવ્યા. થોડી તાજગી શેઠ અનુભવી શકતા હતા. હવેલીએ આવ્યા પછી શેઠ નિત્યક્રમમાં લાગ્યા. પૂજા વગેરેના સમયમાં પણ મોડું થઈ ગયું હતું. બપોરના ભોજન બાદ વિશ્રામ લેવાની ઈચ્છા ન હોવા છતાં સહુના આગ્રહથી શેઠ આડા પડ્યા.

શેરખાન કે બીજા કોઈ તેવા માણસોને શેઠાણીએ શેઠ પાસે જવા જ દીધા ન હતા. જેથી શેઠને માનસિક પણ આરામ મળી રહે. બપોર પછી જ મળવાની સહુને તાકીદ કરી હતી. શેઠ પણ દૈનિક કાર્યક્રમમાં એટલા વ્યસ્ત રહ્યા કે કોઈને મળવાનું યાદ પણ ન આવ્યું.

જો કે માનસિક આરામ તો શેઠને લગાર પણ અનુભવવા મળ્યો ન હતો. શેઠ સતત આચાર્ય ભગવંતની રક્ષાના વિચારોમાં જ ગૂંથાયા હતા. શું કરવું આચાર્ય ભગવંતની રક્ષા માટે ?

આચાર્ય ભગવંતની પાછળ આદિત્ય કે વિનાયકને મોકલવા જ પડે તેમ હતા, સાથે અમદાવાદ-મલિકના પળ પળ ખબર આપતા માણસની પણ જરૂરત હતી. આ બન્નેના સંદેશાઓ રોજેરોજ મળતા રહે તેવી આખી વ્યવસ્થા ખડી કરવાની હતી. સંદેશાવ્યવહારનું તંત્ર જેટલું સજાગ, ચીવટવાળું અને ત્વરાવાળું તેટલું લોહી ઓછું રેડવું પડે તેમ હતું.

આમ તો શેઠે આવી જાળ ઘણી વાર પાથરી હતી. છતાં આ વખતે વધુ ચીવટ અને વધુ ઝડપ જરૂરી બનતી હતી... આ બધી બાબતોનો આધાર વિનાયકે લાવેલા નગરશેઠના સંદેશા ઉપર હતો. કારણ કે શેઠે નગરશેઠને પત્રમાં જણાવેલ હતું - ત્યાંની પરિસ્થિતિથી મને વાકેફ કરવો. આથી નગરશેઠ જે લખે તે અધિકૃત હતું અને તેના આધારે જ બાકીનો નિર્ણય થાય.... માણસો રવાના થઈ શકે... પરિસ્થિતિની ગંભીરતા પરખાય..

આથી શેઠ વિનાયકની જ કાગડોળે રાહ જોઈ રહ્યા હતા... ભોજન બાદનો વિશ્રામ પતી ગયો પછી શેઠે શેરખાનને મળવા આવવા જણાવ્યું. શેરખાન હાજર થયો. શેઠે ખુલ્લા દિલે શેરખાનને વાત કરી –

'બોલ ! શેરખાન ! તારો શો વિચાર છે ?'

'શેના માટે ?'

'તારા ભવિષ્ય માટે.'

'કેમ ?'

'જો તારે નાસીર સાથે/મલિક સાથે જવું હોય તો તું જવા સ્વતંત્ર છે...'

'અરે ! કેમ આવી વાત કરો છો ? શું હું વિધર્મી હોવાથી મારી ઉપર ભરોસો નથી બેસતો કે આવી વિપરીત વાત રજૂ કરો છો ? હું ગઈ કાલે જ આપને જણાવી ગયો છું કે હવે મારું જીવન કે મોત આપના ચરણે જ છે...'

'પણ, તારો સમાજ-ધર્મ ?...',

'અરે ! એ બધું જ હું છોડી ચૂક્યો છું. હજુ આજે જ સવારે શેઠાણીએ મને પ્રેમથી ટકોર કરી ત્યારે જ મેં જીવનભર માટે માંસાહાર વગેરેનો ત્યાગ કરી દીધો છે. હવે આપ મને આપનો જ સમજો. આપ કહેશો ત્યાં રહીશ, આપ આપશો તે જમી લઈશ, આપ કહેશો તો મારી વ્યવસ્થા મારી રીતે પણ કરી લઈશ...

છતાં મારું જીવન તો આપને સોંપ્યું જ સમજો. મારે મારા શૌર્યને સમર્પણથી પવિત્ર બનાવવું છે, વિશુદ્ધ વીરત્વના મારે માલિક થવું છે. આજથી મારી શક્તિ અને મારું પરાક્રમ સત્યના અને ધર્મના ચરણે છે. અસત્ય કે અધર્મ માટે મારું એક અંગ પણ પ્રવૃત્તિ નહીં કરે – આ મારો નિર્ધાર છે.' શેરખાન એક સાથે, પણ મક્કમતા અને લાગણીના અજબ રણકા સાથે બોલી ગયો.

શેઠ પણ સમજી ગયા.. આ માણસ બદલાઈ ગયો છે. કર્તવ્યની વેદી ઉપર પ્રાણનું બલિદાન આપતા પણ ન અચકાતા નરવીરોની હરોળમાં આ બેસી શકે તેટલો ઉત્તમ તેનો આંતરિક શૌર્ય સાથેના સમર્પણનો ભાવ છે. હવે આની સાથે કાર્ય કરવામાં, કરાવવામાં કોઈ વાંધો નથી.

માણસપારખું શેઠ ભાષાથી નહીં, ભાષા પાછળના રણકાથી વ્યક્તિની ભાવના પરખી જતા, હાવભાવ ઉપરથી નહીં, હાવભાવ પાછળની આંતર એકરૂપતાથી માણસ કેટલામાં છે ? તે જાણવા શેઠ સમર્થ હતા.

લાંબા સમયના અનુભવ અને આંતરસૂઝથી શેઠ પાસે આ સામર્થ્ય હતું. શેરખાનને શેઠ પારખી ગયા. શેઠે સહજ રીતે જ વાત બદલતા કહ્યું -

'આજથી મારી ચિંતામાં પારાવાર વધારો થઈ ગયો છે. અત્યાર સુધી તો, જેમની સુરક્ષા માટે હું આટલા ઉધામા નાખું છું, તે આચાર્ય ભગવંત મારી નજર સમક્ષ હતા, મારી નજીકમાં હતા. પણ, હવે નથી.

હવે તે ક્યાં હશે ? મલિક ત્યાં સુધી પહોંચશે કે નહીં ? તેમને શું નુકસાન પહોંચાડશે ?... આ બધું મારે 'આંધળી ખિસકોલી'ની જેમ હવામાં હવાતિયા મારી જાણવાનું છે.

આચાર્ય ભગવંતના પળપળના સમાચાર મેળવવાના છે. તો મલિકની પણ રજે રજની હકીકત મેળવવાની છે. મલિકે અમદાવાદમાં શું તોફાન મચાવ્યું છે ? તેનાથી જ બેખબર હું આ બધું શી રીતે જાણી શકીશ ? શેના આધારે મારી પ્રવૃત્તિ હું ચાલું કરું ?'

શેરખાન વાતનો ધ્વનિ પકડી શક્યો. કહેવાના તાત્પર્યને જાણી શક્યો.

તેણે કહ્યું - 'મને લાગે છે કે આ પરિસ્થિતિમાં મલિક બાદશાહને ભરમાવવામાં સફળ રહ્યો છે તેમ સમજીને જ આપણે ચાલવું જોઈએ. મતલબ કે આચાર્ય ભગવંતને તકલીફ પહોંચાડવામાં મલિકને બાદશાહ તરફથી કોઈ રુકાવટ નથી. ઊલટું સહાય છે - આવું માનીને જ, અત્યારથી જ તેના પ્રતિકારના ઉપાયો યોજવા જોઈએ...'

પોતાના જ વિચારોનું પ્રતિબિંબ પડતું જોઈ શેઠે શેરખાનને બોલવા દીધો.

'જ્યારે આપણે આ રીતે નક્કી કરી તેના પ્રતિકારના ઉપાયો વિચારી રહ્યા છીએ ત્યારે સહુ પ્રથમ અગત્યતા શેની છે ? તે પણ નક્કી કરી લેવું જોઈએ.

સહુ પ્રથમ તો મલિકના માર્ગમાં અનેકાનેક, નાની-મોટી રુકાવટો ઊભી

કરવી અત્યંત જરૂરી છે. કારણ કે આચાર્ય ભગવંત સુધી તે પહોંચી ગયો તો તો પ્રત્યક્ષ રીતે લડાઈમાં જોડાવું પડે. અથવા અત્યંત કટોકટી સર્જાઈ જાય. આથી, આચાર્ય ભગવંત તરફ માણસ રવાના કરવા કરતા મલિકની પાસે માણસ મોકલવો વધુ જરૂરી છે.

ત્યાં રહી એ માણસ ફક્ત મલિકની ગતિવિધિની તપાસ રાખે તેટલું જ પૂરતું નથી, પરંતુ તે મલિકને અટકાવવા બનતું કરી છૂટે તે પણ અત્યંત જરૂરી છે..... વિનાયક તો અમદાવાદથી કપડવંજ આવવા માટે નીકળી ગયો હશે. આથી, હાલ તો મલિકની ગતિવિધિથી આપણે તદ્દન બેખબર જ રહેવાના...'

શેઠે વચ્ચે કહ્યું - 'ના, ત્યાં અમારા નગરશેઠ છે. તે મલિકની તમામ ગતિવિધિ ઉપર ધ્યાન રાખશે...' 'પણ મલિકના માર્ગમાં અટકાયત ખડી કરી શકે ખરા ?' શેરખાને પ્રશ્ન પૂછ્યો.

'લગભગ તો કરી શકે. છતાં આપણો એક માણસ ત્યાં હોય તે જરૂરી જ નહીં, અનિવાર્ય છે. તે પણ એવો સમર્થ કે જે અટકાવી શકે... વિનાયક અને આદિત્ય પણ તે માટે કાચા પડે. કારણ કે મલિક તેને ઓળખી પાડે...

મલિકનો વિશ્વાસ સંપાદન કરતા તો ઘણો સમય વીતી જાય.. આપણે લાંબાગાળે ફળ આપનારી યોજના વિચારી નથી શકતા. આપણે તાત્કાલિક ફળ મળે તેવી યોજના વિચારવાની છે. માટે, વિનાયક અને આદિત્ય આ માટે અયોગ્ય ઠરે છે.. હા ! સહાયક બની શકે, પણ મુખ્ય 'રોલ' તે અદા ન કરી શકે...'

શેરખાનને મન થઈ આવ્યું કે પોતે જ ત્યાં જવા રજા માંગી લે. 'પણ, શેઠને વિશ્વાસ બેસશે ? આ તો પાછું એ વ્યક્તિ પાસેથી મારે કામ લેવાનું કે જેને પહેલા હું વફાદાર હતો. આથી મારી વફાદારીમાં જ શેઠને શક ઊઠે, ત્યાં જઈને હું પલટાઈ જાઉં તો ? તેવો સંશય ઊઠે તે સ્વાભાવિક હતું' - આવા વિચારે તે અટકી ગયો.

તેણે એટલું જ કહ્યું - 'તો કોણ યોગ્ય છે ? આપ કોને મોકલવા ઈચ્છો છો ?'

શેઠે ભાર દઈને કહ્યું - 'તને !'

શેરખાનના મુખ ઉપર આનંદ તરવરી ઊઠ્યો. શેઠે પોતાના ઉપર મૂકેલા ભરોસાથી તે ખુશ થઈ ગયો. શેરખાન બોલ્યો - 'શું મને ?'

'હા...', 'વિશ્વાસ છે ?'

'પ્રશ્ન જ નથી.'

'હું દગો આપીશ તો ?'

'કેવલીની ઈચ્છા ! પણ, હજુ સુધી તો અમે જેને ગોદ આપી છે, તેણે અમને કદી દગો આપ્યો તો નથી જ, તેનો વિચાર પણ નથી કર્યો. આથી, તારા માટે તો તેવી શંકા કરવાનો પણ અમારે માટે અવકાશ નથી.'

વાક્યે વાક્યે ઝળકી જતી શેઠની ખુમારી શેરખાનના દિલને હલબલાવી દેતી. તે વધુને વધુ શેઠ તરફ ઝૂકી રહ્યો હતો. શેરખાને કહ્યું -

'શેઠ ! આપ નચિંત જ રહેજો. આખરે હું પણ હવે હિંદુસ્તાની જ છું. આચાર્ય ભગવંતની રક્ષા એ હવે મારું પણ અંગત કર્તવ્ય બની ગયું છે. દગો તો મારા તરફથી નહીં જ મળે, મળશે તો કદાચ પ્રાણ ! તે પણ દગાથી દુર્ગંધી નહીં થયા હોય, પણ વફાદારીની સુવાસથી મહેંકતા હશે... સારું તો હવે મને એ સમજાવો - કયા ધ્યેયથી કયા રસ્તે કયા સમયે કઈ રીતે મારે આગળ વધવાનું છે ?' શેરખાનના આ વાક્યે શેઠ પણ ભાવાવેશમાંથી વાસ્તવિકતાની ધરતી ઉપર આવી ગયા.

વર્તમાન પરિસ્થિતિની અસ્પષ્ટતાથી, ભાવિની અનિશ્ચિતતાથી શેઠ અકળાઈ ગયા. તે ઊભા થઈ ઓરડામાં આંટા ફેરા લગાવવા લાગ્યા... જ્યારે પરિસ્થિતિની કશી જ માહિતી ન હોય ત્યારે કોઈ નિર્ણય લેવો કેમ ? વિનાયક આવે તે પહેલાં જ શેરખાનને રવાના કરી દેવો ? તેમ કરવામાં ભૂલથાપ ખવાઈ જાય તો ? કદાચ અહીંથી બહાર જવામાં જ જોખમ હોય તો ?

સાથે એ પણ સંભવિત હતું કે વિનાયકની રાહ જોવામાં કદાચ એ લાખેણી પળ ગુમાવી દેવી પડે કે જેને સાચવી લેવાથી આ આપત્તિનો મૂળથી જ નાશ શક્ય હોય.

દ્વિધામાં શેઠ અટવાઈ રહ્યા હતા. આખરે શેઠે નિર્ણય કર્યો કે હજુ આજની રાત સુધી વિનાયકની રાહ જોઈએ. એ આવે પછી શેરખાને રવાના થવું. વિનાયક સાથે મસલત કરી, જરૂરત પડે વિનાયકને પુનઃ અમદાવાદ શેરખાન સાથે જવાનું કહેવું. આજે સાંજે એક માણસને મોકલી ફક્ત આચાર્ય ભગવંત ક્યાં પહોંચ્યા છે ? તે જાણી લેવું. પછી જરૂરત લાગે અને આદિત્ય સ્વસ્થ હોય તો આદિત્યને જ આચાર્ય ભગવંતનું ધ્યાન રાખવા મોકલવો.

સાથે થોડા માણસો પણ મોકલવા. અમદાવાદ ખાતે પરિસ્થિતિ ગંભીર લાગે તો નગરશેઠને પણ સામેલ કરવા... આવો કંઈક નિર્ણય કરી શેઠ થોડા સ્વસ્થ થયા. શેરખાનને પણ શેઠે વાત કરી દીધી.


મુખ્ય વાત તો - વિનાયકની રાહ જોવી પડે તેમ હતી - આ હતી. આખરે સહુ વિનાયકની કાગડોળે રાહ જોવા લાગ્યા. ગમે ત્યારે ગમે ત્યાં જવું પડે તો બધી તૈયારી શેઠે કરાવી દીધી. તેજસ્વી ઘોડા અલગ કરાવડાવી દીધા. જાત-જાતના કરામતી શસ્ત્રો-ગુટિકા-ઔષધિઓ વગેરે પણ તૈયાર કરાવી દીધા.

અંતે જેની કાગડોળે રાહ જોવાતી હતી, તે વિનાયકના સમાચાર આવ્યા. વિનાયકના સમાચાર સાંભળી શેઠ ખુદ દોડી ગયા. વિનાયકને બેહોશ જોઈ તથા પગમાં પાટાપિંડી વગેરે જોઈ શેઠને ધ્રાસકો જ પડ્યો.

પુનઃ આદિત્યની જેમ જ વિનાયકના ઉપચાર માટે શેઠે દોડધામ શરૂ કરાવી. રાત્રિ ઘેરાઈ ચૂકી હતી. ખૂબ કટોકટીનો સમય હતો..

એક દિવસ એમને એમ પસાર થઈ ગયો હતો. ઉતાવળમાં અને ચિંતામાં શેઠે વિનાયકનો કોટ તપાસ્યો. નગરશેઠનો પત્ર તરત મળી ગયો. સાથે કેટલાંક પાંદડા વગેરે પણ મળ્યા. શેઠ બધું લઈ પોતાના શયનખંડમાં આવ્યા.

પાંદડા વગેરે બીજું બધું સાચવીને શેઠે બાજુમાં મૂકી દીધું. ફક્ત નગરશેઠનો પત્ર લઈ લીધો. દુર્ભાગ્યની વાત હતી કે પત્ર લખ્યા પછી ઘટેલી ઘટનાઓથી બેખબર નગરશેઠે તો પત્રમાં બધું કુશળ હોવાનું જણાવ્યું હતું. નગરશેઠના પત્ર ઉપર જ મદાર બાંધનાર શેઠ શું લાખેણી તક ચૂકી જશે ?



શેરખાન જાય છે...

અત્યંત કાગડોળે જેની રાહ જોવાતી હતી તે નગરશેઠના પત્રને શેઠે ભારે કાળજી પૂર્વક ખોલ્યો. પત્રમાં લખેલી વિગતોનો ભાવાર્થ આટલો - ''અત્ર બાદશાહ પાસે મલિકની હાજરી નથી. અને બાદશાહ મહાજન ઉપર નારાજ થાય તેવું એક પણ કારણ જણાતું નથી - મહાજન નારાજ થાય તેવું એક પણ પગલું તે ભરશે નહીં - તેવી ખાત્રી તેમની રૂબરૂ મુલાકાતથી મને થઈ છે. મારી મુલાકાત થઈ ગયા બાદ મલિકનું આગમન થઈ ગયું છે. પણ, તેના અંગેની વિશેષ ખબર મેળવવા જબ્બર સાહસ ખેડી વિનાયક રાજમહેલ સુધી પહોંચી જશે. માટે આગળની વિશેષ વિગતો તેની પાસેથી રૂબરૂ જ મળશે. મારો અનુભવ મલિકની ચઢવણીથી અન્યથા પણ ઠરે.

માટે, વિનાયકની મોઢામોઢની વાતચીત ઉપર જ મદાર બાંધવો.... આજે રાતે શું બનશે ? તે ખબર નથી. પણ મલિક ઉપર જાપો રાખવા બે માણસોને રોક્યા છે. આચાર્ય ભગવંત આદિને વંદના.. અન્ય કામકાજ જરૂર જણાવશો.'' નગરશેઠનો પત્ર વાંચી શેઠ આશા-હતાશામાં રમવા લાગ્યા...

આખરે હવે સમાચાર વિનાયક પાસેથી જ મળી શકે તેમ હતા. પણ, વિનાયક તો બેહોશ હતો. હવે શેઠનું ચિત્ત વિનાયક ફરતે વીંટળાયું.

વિનાયકની સારવાર માટે વૈદ્યને તેડાવવાનું શેઠે કહી દીધું હતું. રાત્રિ જામી ગઈ હતી. એટલે સહેજે દરેક કામ તે જમાનામાં ધીમી ગતિએ જ થઈ શકે.

શેઠને નગરશેઠનો પત્ર વાંચવાની પ્રબળ તાલવેલી હતી એટલે વૈદ્યની રાહ જોયા વિના વિનાયકની સારવાર પોતાના વિશ્વાસુ પુરુષોને સોંપી.

પોતે સીધા પોતાના શયનખંડમાં આવી ગયા હતા... પણ, અપેક્ષિત માહિતી મળી ન હતી. ફકત તેનું સરનામું મળ્યું હતું - વિનાયક ! શું વિનાયકની સારવાર ચાલુ થઈ ગઈ હશે ? શેઠના મનમાં પ્રશ્ન ઊઠયો...

ત્યાં જ શેરખાનનો અવાજ સંભળાયો - 'શેઠજી ! અંદર આવું ?'

શેઠે હકાર ભણ્યો. શેરખાન અંદર આવ્યો. શેઠને અભિવાદન કર્યું અને વાત કરી- 'સાહેબ ! મારે હવે ક્યારે નીકળવાનું છે ? વિનાયક તો આવી ગયો છે. નગરશેઠનો સંદેશો શું છે ?' શેઠે વચ્ચે જ કહ્યું - 'શેરખાન તાલીમ પૂરી નથી લીધી લાગતી', 'કેમ ?' 'મેં કહેલ હતું કે - હવેથી તમારો કોડ - સાવજ છે. જ્યારથી તમારી જાસૂસ તરીકે નિમણૂંક થઈ ત્યારથી તમારે દરેક વાતચીત, મારી સાથેની કે આપણા કોઈ માણસ સાથેની, સાવજ બોલીને જ કરવી.' 'જી, મારી ભૂલ થઈ ગઈ. હવેથી આવું નહીં થાય.'

'સારું, હવે મૂળ મુદ્દા ઉપર આવીએ. તારું જવાનું તો નક્કી જ છે. નગરશેઠનો પત્ર પણ મને મળી ગયો. બધું આખરે વિનાયક ઉપર અટક્યું છે. વિનાયક જોડે મહત્વનો સંદેશ છે એટલે વિનાયક ભાનમાં આવી જાય તે પછી જ તારું જવું મુનાસિબ રહેશે. કમ સે કમ પ્રભાત સુધી તો રાહ જોવી જ રહી. બાકી ઊલમાંથી ચૂલમાં પડવા જેવું પણ થાય...'

શેઠની વાત અટકી પડી. બહારથી એક માણસનો અવાજ આવ્યો - 'શેઠનું મારે તાત્કાલિક કામ છે. તમે શેઠને ખબર કરો.' આગંતુક માણસ બહાર ઉભેલા પ્રતીહાર સાથે વાત કરી રહ્યો હતો. શેરખાનને પ્રતીહાર ન અટકાવી શકે. શેઠની આ સ્થાપિત વ્યવસ્થા હતી.. જાસૂસો બેરોકટોક અવર-જવર કરી શકે તે માટેની. આગંતુક માણસના અવાજને શેઠ તરત ઓળખી ગયા. એમણે શેરખાનને જ કહ્યું - 'જા, બહાર આવેલા માણસને તુરંત અંદર લઈ આવ !' શેરખાન તુરંત તે માણસ સાથે હાજર થયો.

શેઠે પૂછ્યું : 'બોલ ! વિનાયકના શું સમાચાર છે ?' આગંતુક બોલ્યો - 'માલિક ! વૈદ્યરાજ આવી ગયા છે. પ્રાથમિક સારવાર શરૂ કરી દીધી છે. પણ તેઓ આપને મળવા માંગે છે. તેમનો આગ્રહ છે કે આપ જ ત્યાં પધારો, જ્યાં વિનાયક છે ત્યાં, તો જ ખરી વસ્તુસ્થિતિ સમજી શકાશે.'

શેઠે કહ્યું : 'જરૂર ! મારી ધારણા હતી જ ત્યાં આવવા માટેની.'

પછી શેરખાન તરફ ફરી બોલ્યા - 'ચાલ ! તું પણ મારી સાથે આવ. ત્યાં જ તારું નક્કી કરી દઈશું. વિનાયકની પડખે તું હોઈશ તો ઝડપથી નિર્ણય લેવાશે.' શેઠ પૂરેપૂરો વિશ્વાસ રાખી આગળ વધી રહ્યા છે તે જાણી શેરખાન ખૂબ જ સંતુષ્ટ થતો અને કંઈક પરાક્રમ કરવા થનગનતો.

સહુ કોઈ આગંતુક માણસ સાથે જ્યાં વિનાયક હતો ત્યાં જવા નીકળ્યા. શેઠે હવેલીમાં જ વિનાયકની સારવાર કરાવવા માટે જગ્યા ફાળવી હતી. શેઠ વિનાયકના ઓરડા પાસે પહોંચ્યા. ત્યાં બહાર જ વૈદ્યરાજ આકુળતાથી, કંઈક મૂંઝવણથી આંટા મારતા દેખાયા. શેઠે વૈદ્યરાજનું અભિવાદન કર્યું. સહુ કોઈ વિનાયકની પથારી પાસે આવ્યા. શેઠે શાંત ચિત્તે વિનાયકનું અવલોકન કર્યું.

ઊંડી બેહોશીમાં ઊતરી ગયેલા વિનાયકને નખશિખ જોઈ શેઠે વૈદ્યરાજ તરફ પ્રશ્નાર્થ નજરે જોયું. વૈદ્યરાજ બોલ્યા - 'શેઠ ! દર્દીની હાલત તો સલામત છે. ફક્ત જાંઘમાં ગંભીર ઘા થયો છે. અને રક્તસ્રાવ ઘણો થઈ ગયો છે. પણ, આ યુવકના સદ્નસીબે દુર્લભ અને ચમત્કારિક અસર દાખવનારી એક એવી ઔષધિથી આ ઘાની પાટાપિંડી કરવામાં આવી છે કે ખૂબ જલદીથી ઘા રુઝાઈ જશે. જેણે પાટાપિંડી કરી છે તે જાણકાર લાગે છે. પણ થોડો અણઘડ જણાય છે.

મને મૂંઝવતી વાત તો એ છે કે આ યુવકને કોઈએ ભારે બેહોશીની દવા પાઈ દીધી છે. એ દવાએ વિષજ્વર પેદા કર્યો છે. બેહોશીની એવી દવા વપરાઈ છે કે અમે એનો ઉપયોગ ટાળીએ જ છીએ.

આની અસર નિવારવાનો કોઈ ઉપાય લગભગ નથી. જે વિષજ્વર લાગુ પડ્યો છે તે લાંબાગાળે ભારે હાનિકારક નીવડે. માટે, તેની સારવાર મેં શરૂ કરી દીધી છે. જો બેહોશી જલદી ઊડી જાય તો બીજો કોઈ વાંધો નહીં

આવે. પણ, બેહોશી લાંબી ચાલશે તો.. કદાચ કંઈક... ક્યારનો હું એ જ જાણવા પ્રયત્ન કરું છું કે બેહોશીની કેટલી દવા પાવામાં આવી છે ? અને ક્યારે તેની અસર નાબૂદ થશે ? પણ, કોઈ જવાબ હું તારવી શકતો નથી. તેને ભાનમાં આવતા પ્રભાત તો થઈ જ જશે - તેવો અંદાજ છે.'

'તે પહેલા ન જ ઊઠે ?' 'એની મારક ઔષધિ મળે તો થાય. પણ, તે અશક્ય જ લાગે છે. મારી પાસે જે ઔષધિ છે તેનાથી ક્ષણિક જાગૃતિ - હોશ આવી જશે. પણ, આ હાલતમાં અતિશય કટોકટી ન હોય તો તે દવાનો ઉપયોગ કરવાનું મુનાસિબ નથી. કદાચ દર્દીનું જીવન કટોકટીમાં પણ મૂકાઈ જશે.' શેઠ નિરાશ થયા... શેરખાન તરફ જોયું.

શેરખાને કહ્યું - **'રાહ જોવી જ્યારે અનિવાર્ય હોય ત્યારે હાર માની લેવા જેવી નથી.. કદાચ જોયેલી એ રાહ હારતોરા પણ સાબિત થાય...'**

શેઠને ધરપત મળી. પણ, લાચાર માનવી - પામર માનવી ક્યાંથી સમજી શકે કે છૂટી ગયેલી આ પળ કેવું ભારે નુકસાન નોંતરી શકે છે...

શેઠે પ્રભાત સુધી રાહ જોવાનું નક્કી કર્યું. સહુ કોઈ પાછા વળ્યા. રાત્રિ ઘણી પસાર થઈ ગઈ હતી. વૈદ્યરાજ પણ વિદાય થયા. બે માણસો વિનાયકની સેવામાં ખડેપગે હતા. વિનાયક ભાનમાં આવે તો ગમે તે પળે શેઠને જાણ કરવાની હતી.. વૈદ્યરાજે પણ કહેલું - ભાનમાં આવે તો તરત જાણ કરવા માટે. શેઠ પોતાના શયનખંડમાં પહોંચ્યા. શેરખાને બધી તૈયારી કરી રાખી હતી. એ વિનાયકના ઓરડાની બહાર જ ઓસરીમાં સૂઈ ગયો.

વિનાયકની સુરક્ષા પણ જળવાઈ જાય અને કોઈ પણ કટોકટીને પહોંચી વળાય. છે ને કાળની બલિહારી ! એક રાત્રિ પહેલા જે આદિત્યના પ્રાણને લેવા લાલાયિત હતો તે આજે વિનાયકને બચાવવા કૃતનિશ્ચયી છે - **દુશ્મનીથી દોસ્તીની યાત્રા ફક્ત એક પળની જ હોય છે, ક્યારેક ક્યારેક !**

રાત્રિ કોઈ નવાજૂની વિના પસાર થઈ ગઈ. પરંતુ લાખેણી પળ ચૂકાઈ ગઈ હતી એટલું તો નક્કી જ ! શેઠ સવારે વહેલા જ ઊઠી ગયા. નિત્યક્રમ મુજબ પ્રાતઃકર્મ આટોપ્યું. વિનાયકની બેહોશી ઉડ્યાના સમાચાર આવ્યા ન હતા. એટલે શેઠ ચિંતિત હતા. શેઠ વિનાયકની ઓરડી તરફ જવા અગ્રેસર

થયા. ત્યાં જ હવેલીના મુખ્ય દરવાજા તરફથી કોઈક પ્રકારનો કોલાહલ સંભળાયો. શેઠ તે તરફ વળ્યા.

જોયું તો થોડા આદિવાસી જેવા લોકો અંદર આવવા મથતા હતા. પણ, હમણાં હમણાં થોડા દિવસોમાં ઘટી ગયેલી અનેક અજૂગતી ઘટનાઓને લક્ષ્યમાં લઈ દરવાજા ઉપરનો દરવાન તે ભીલ જેવા લોકોને પ્રવેશ આપવા માંગતો ન હતો. આમ પણ એમાંના કેટલાંક ભીલો ઘાયલ અવસ્થામાં હતા.

એટલે રખે કોઈ ઉપાધિ આવી પડે, તે ભયથી ભીલોને પાછા વળવા દરવાન કહી રહ્યો હતો. જ્યારે ભીલ લોકો મહેલમાં અંદર ઘૂસવા - શેઠને મળવા આતુર અને ઉતાવળા હતા. પરિણામે કોલાહલ મચ્યો હતો.

શેઠને દરવાજા પાસે જવું જરૂરી લાગ્યું. શેઠ તે આવનારા ભીલોને ઓળખી ન શક્યા, તે ભીલો બીજા કોઈ નહીં, વિનાયકને લઈ આવનારા ભીલો જ હતા. અમદાવાદથી કપડવંજ સુધીના રસ્તે સેનાપતિની સૂચનાથી ચોકીઓ ગોઠવાઈ ગઈ હતી. સેનાપતિના હુકમ મુજબ કપડવંજમાં કોઈને પ્રવેશવા દેવાના ન હતા. એટલે ભીલોએ વિનાયકની સાથે જેવો નગરમાં પ્રવેશ કરવા પ્રયત્ન કર્યો કે ત્યાં ખડી રહેલી સૈનિકોની ટુકડીએ હલ્લો બોલાવ્યો. આમાં વિનાયક, તેના કેળવેલા અશ્વના પ્રતાપે સહીસલામત કપડવંજ પહોંચી ગયો. બીજા ભીલો જંગલમાં પહોંચી ગયા.

જંગલમાં આડાતેડા રસ્તે અથડાઈ-કૂટાઈ આખી રાત ભાગદોડમાં વીતાવી, સૈનિકની ટુકડીને થાપ આપી સવારના સમયે ભીલો શેઠની હવેલીએ પહોંચી ગયા. વચ્ચે સૈનિકોની ટુકડી સાથે ઘમસાણ પણ મચ્યું હતું. છતાં સહુ શેઠની હવેલીએ આવી પહોંચ્યા.

સહુ ભીલો શેઠને મળવા, વિનાયકને મળવા આતુર હતા. ભીલરાજે પ્રાણાંતે પણ વિનાયકની કાળજી કરવાનું કહ્યું હતું. એટલે ભીલો ઉચાટમાં હતા. વિનાયક સહીસલામત પહોંચી તો ગયો હશે ને ? - આ ચિંતા ભીલ લોકોને કોરી ખાતી હતી. શેઠને દરવાજા તરફ આવતા જોઈ ભીલ લોકોએ બૂમાબૂમ વધારી દીધી. દરવાન પણ શેઠનું અભિવાદન કરવા સહેજ આઘો ખસ્યો. એટલામાં તો ભીલ લોકો દરવાજો ખોલી અંદર ધસી આવ્યા.

શેઠ અકળાયા. શેઠે કહ્યું - 'કેમ ? શું કામ છે ? શા માટે આટલો કોલાહલ કરો છો ? શેઠના અવાજની પાછળ રહેલી નારાજગી પારખી ભીલ લોકો શાંત થઈ ગયા. ભીલ લોકોમાંથી એક ભીલ આગળ વધ્યો.

શેઠના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પછી પોતાની ઓળખાણ આપી. શેઠ તરત જ એ ભીલોની પલ્લીને - ભીલરાજને - ઓળખી ગયા.

શેઠે લાગણીભર્યા સ્વરે કહ્યું - 'કહો ! ભીલરાજે શા માટે અહીં મોકલ્યા છે ? મારું શું કામ છે ? ભીલરાજ મજામાં તો છે ને ?'

ભીલો પણ શેઠના સ્વરમાં ભળેલી લાગણીને પારખી આનંદિત થયા. ભીલોએ વિગતવાર બધી વાત કરી. વિનાયકનો શી રીતે ભીલરાજે બચાવ કર્યો ? તે જાણીને તો શેઠની આંખમાં પણ અશ્રુબિંદુ ચમકી ઊઠ્યા.

શેઠે છેલ્લે ભીલોને પૂછ્યું - શું તમે લોકોએ વિનાયકને બેહોશ કરવાની દવા આપી હતી ? શા માટે ? ભીલે કહ્યું - 'અમદાવાદના સેનાપતિ સાથે યુદ્ધની નોબતો વાગી રહી હતી. બેહોશ કરવામાં ન આવે તો તે જરૂર યુદ્ધમાં ભાગ લે અને એમની ઘાયલ હાલત જોતાં અહીં સલામત પહોંચી ન પણ શકે. આથી બેહોશીની દવા આપી અહીં પહોંચાડી દીધા.' 'પરંતુ એની બેહોશી હજુ સુધી ઊડી નથી. મારે અગત્યની વાતો જાણવી છે. જો બેહોશી વહેલાસર નહીં ઊડે તો મોટું નુકસાન સંભવિત છે' - શેઠે કહ્યું.

ભીલોએ કહ્યું - 'હમણાં જ વિનાયકજીને ભાનમાં લાવવા હોય તો લાવી શકાશે. અમારી પાસે બેહોશી નિવારવાની ગુટિકા છે જ.'

અત્યંત પ્રસન્નતાથી શેઠ બોલ્યા - 'ચલો ! હમણાં જ આવો. વિનાયકને ભાનમાં લાવવો અત્યંત જરૂરી છે. એક માણસને વૈદ્યરાજને બોલાવવા મોકલ્યો. શેઠ - ભીલો બધાં ઝડપથી વિનાયકની ઓરડી તરફ વળ્યા.

શેરખાન વિનાયકની ઓરડીની બહાર જ આંટા મારી રહ્યો હતો. શેઠને આવતા જોઈ તે વ્યવસ્થિત તૈયાર થયો. શેઠે આવતાવેંત પૂછ્યું - 'કેમ ! શા સમાચાર છે ?' શેરખાને શેઠને પ્રણામ કરી જણાવ્યું - 'હજુ સુધી તો ભાનમાં આવ્યો નથી.' શેઠ અંદર ગયા. વિનાયક એ જ હાલતમાં પડ્યો હતો.

ભીલોની નજર વિનાયક ઉપર પડતા જ તેઓ હર્ષ વ્યક્ત કર્યા વિના રહી ન શક્યા. વિનાયકને સહીસલામત જોઈ તેઓને હર્ષ થવો સ્વાભાવિક હતો. ભીલે પોતાની ગાંઠે બાંધેલી એક ગુટિકા બહાર કાઢી. અને વિનાયકને સૂંઘાડી. પણ, અસર ન થઈ. આ ભીલને આ ઔષધિ વિનાયકની સારવાર કરનાર વૈદ્ય ભીલે જ આપી હતી. ફરી-ફરી સૂંઘાડવાનો પ્રયોગ કરવા છતાં વિનાયકની બેહોશી ન ઉડી ત્યારે બધાં ભીલોના અને શેઠના મુખ ઉપર ચિંતા ફરી વળી. ત્યાં જ વૈદ્યરાજે ઓરડામાં પ્રવેશ કર્યો.

વૈદ્યરાજે ગુટિકા જોઈ પ્રસન્નતા વ્યક્ત કરી શેઠને કહ્યું - 'હું આ જ ગુટીકાની તલાશમાં હતો. આ જ ગુટિકા હવે વિનાયકને ભાનમાં લાવી શકશે.' શેઠે કહ્યું - 'આપની વાત અવશ્ય સત્ય છે. આ ભીલ લોકોએ જ જરૂરી કારણસર વિનાયકને બેહોશ કરેલ. તેનું મારણ પણ સાથે લઈ આવ્યા છે. પરંતુ આ ગુટિકાને સૂંઘાડવા છતાં વિનાયકમાં ચૈતન્ય જણાતું નથી.'

વૈદ્યરાજ મરક-મરક હસ્યા. પોતાની ઔષધિની થેલીમાંથી અમુક ઔષધિ તથા ખરલ વગેરે કાઢ્યું. એમાં થોડું ઘસી - ગુટિકાને પણ ખાંડી લુગદી જેવું બનાવ્યું. એ મલમને વિનાયકના કપાળ ઉપર, હથેળી ઉપર, પગના તળિયે લગાવી દીધો. વિનાયકના નાકમાં પણ થોડો મલમ લગાવ્યો. તરત જ છીંક આવી. થોડું ચૈતન્ય અનુભવાયું. શેઠ ખુશ થયા.

તરત જ વિનાયક પાસે જઈ બોલ્યા- 'વિનાયક !' ચિર-પરિચિત સ્વર ! મધમીઠો - લાગણીભીનો - વાત્સલ્યથી ભરેલો એ સ્વર ! વિનાયકે આંખ ઊઘાડી દીધી. સામે જ શેઠને ઊભેલા જોઈ વિનાયક બોલ્યો - 'માલિક !.. પાંદડામાં....' બસ ! એ વધું ન બોલી શક્યો. વૈદ્યરાજે પણ શેઠને કહ્યું -

'હમણાં તેને ન બોલાવો. હવે એકાદ પ્રહરમાં મૂર્છા વળી જશે. હવે મારે વિષજ્વર વગેરેની ચિકિત્સા માટે થોડું અવલેપન વગેરે કરવું પડશે. એમના પ્રાણની જાળવણી માટે એકાદ પ્રહર સુધી કોઈને પણ એમની સાથે બોલવાની મનાઈ ફરમાવું છું.' શેઠ ઈશારો સમજી ગયા. તરત પાછા વળ્યા.

પરંતુ, 'પાંદડામાં... !' આ શબ્દ સાંભળી શેઠને અચાનક જ યાદ આવ્યું. નગરશેઠના પત્રની સાથે કેટલાંક પાંદડા પણ નીકળ્યા હતા. પોતે

શયનખંડમાં તેને સાચવીને રાખ્યા હતા. એમાં લાલ અક્ષરે કંઈક લખાયેલું હતું. પરંતુ પછીની ધમાલમાં એ વાત વિસારે પડી ગઈ હતી. જરૂર પાંદડામાં જ મહત્ત્વનો સંદેશો હશે. શેઠે રીતસરની દોટ જ મૂકી.

શયનખંડમાં પહોંચીને જોયું તો પાંદડા યથાવત્ સ્થિતિમાં પડ્યા હતા. તરત જ પાંદડા ઉપર શેઠની ઝડપભેર નજર ફરવા લાગી... ધીરે ધીરે આખી વાત શેઠની સમજમાં આવી ગઈ. શેઠના મુખ ઉપર દૃઢ નિશ્ચયના ભાવ અંકાયા. અધૂરી માહિતીના કારણે જે અનિશ્ચિતતા અને અકળામણ શેઠ અનુભવતા હતા તે એક ઝાટકે દૂર ખસી ગઈ. આચાર્ય ભગવંત ઉપરના આક્રમણની સ્પષ્ટ માહિતી મળતા જ મોઢા ઉપર સખ્તાઈ તરવરી ઊઠી...

હવે આખી બાજી શેઠ ગોઠવવાના હતા. આખી યોજના શેઠના મનમાં સાકાર થઈ ગઈ. એક સેનાપતિ કુશળ નેતૃત્વથી સેનાને વિજયપંથે દોરી જતા હોય તે રીતે શેઠમાં અજબ ઉત્સાહ ઉમટ્યો. આ વખતે મલિકને એ રીતે સબક શીખવવાનું નક્કી કર્યું કે જેથી ફરી કદાપિ આવી ભૂલ કરી ન શકે.

શેઠે તરત જ શેરખાનને બોલાવ્યો અને કહ્યું - 'ઝડપથી અમદાવાદના રસ્તે આગળ વધ. મલિકને હવે અટકાવતો નહીં. એને એના રસ્તે આગળ વધવા દેજે. ફક્ત એની માહિતી મને મળતી રહે તેનું ધ્યાન રાખજે. છેલ્લે આપણે વિજય ફટકો લગાવી એના રસ્તાને આત્મઘાતના અંતિમ પડાવે પહોંચાડી દેવાનો છે.' શેરખાન ધીરે ધીરે આખી વાત સમજી ગયો.

શેઠે કહ્યું - 'તારા જે માણસો છે તેમાંથી નાણી-નાણી ખરા રૂપૈયા જેવા જે હોય તેવા ચાર-પાંચ વ્યક્તિને તારી સાથે લઈ જજે. પણ, યાદ રાખજે, તારે સિંહની ગુફામાં જવાનું છે. સહેજ પણ દગો થયો તો તારે તો પ્રાણ ગુમાવવા જ પડશે, ઉપરાંતમાં જે નુકસાન થશે તેને કલ્પી પણ નહીં શકીએ. માટે માણસની પસંદગીમાં ખાસ ધ્યાન રાખજે.

અને હા ! નગરશેઠ સાથે બિલકુલ સંપર્ક ન રાખતો. કારણ કે મલિકના માણસોની નજર સતત એ હવેલી ઉપર છે... તારી પાસે સંદેશો લેવા આ વિનાયક જ લગભગ આવશે... જા, 'शिवास्ते सन्तु पन्थानः...'



બાદશાહને કેફ ચઢે છે...

અમદાવાદ તરફ શેરખાને યાત્રા શરૂ કરી દીધી હતી. નીકળતી વખતે ભીલોએ ચોકીની વાત કરી હતી. જંગલના રસ્તે જવામાં ઘણો લાંબો ફેરો થવાથી મૂળ માર્ગે જ જવાનું નક્કી કર્યું. વચ્ચે જરૂર પડે તો લડી લેવાનું નક્કી કર્યું. પરંતુ કપડવંજની બહાર નીકળવામાં કોઈ તકલીફ ન પડી. કોઈ ચોકી ન નડી.

ક્યાંક છૂટપૂટ સૈનિકો દેખાયા, પરંતુ કોઈએ તેમને અટકાવ્યા નહીં. કારણ કે શેરખાનની દિશા તો ઊંધી હતી, કપડવંજથી અમદાવાદની. જ્યારે સૈનિકોને મળેલી માહિતી મુજબ કપડવંજ તરફ જઈ રહેલ લોકોને અટકાયતમાં લેવાના હતા. સેનાપતિની ગેરહાજરીથી પણ ઘણો ફરક પડી ગયો હતો. શેરખાનની યાત્રા નિર્વિઘ્ને અમદાવાદ તરફ આગળ વધી રહી હતી.

હાલ શેઠની યોજના આવી હતી - શેરખાન પોતે નાસીરનો ભાઈ અને મલિકનો માણસ હતો. આદિત્યની હત્યા માટે તે કપડવંજ આવ્યો હતો. આદિત્યની હત્યા કરી શેરખાન પાછો મલિકને મળી તેની ટોળકીમાં ભળી જાય. સાથેના માણસો પણ શેરખાનની વાતમાં ટાપસી પૂરાવે. મલિકને

શેરખાનમાં વિશ્વાસ બેસે. શેરખાન પણ મલિકને મનપસંદ દોરવણી આપે. સાથે સાથે મલિકની યોજનાની રૂપરેખા શેઠ સુધી પહોંચાડતો રહે.

શરૂઆતમાં શેરખાન મલિકને અદ્‌ભુત યોજના બતાવે. શેરખાને દર્શાવેલી યોજના મુજબ ચાલતા મલિકને શરૂઆતમાં સફળતા મળે. આથી મલિક ઉત્સાહિત થઈ શેરખાન ઉપર વિશ્વાસ મૂકે. છેક સુધી સફળ થયેલી યોજના અંતે અણધાર્યો વળાંક લે. મલિક સર્વથા નિષ્ફળ નીવડે અને આચાર્ય મહારાજ બચી જાય.

યોજનાની રૂપરેખા જોતાં એટલું તો સ્પષ્ટ દેખાઈ આવે છે કે શેરખાન મલિકનો વિશ્વાસ સંપાદિત કરવામાં જેટલો સફળ થાય તેટલી યોજના સફળ થાય. એટલે જ નગરશેઠને કે તેવા બીજા કોઈને મળવાનું ટાળવાનું હતું. શેઠની તાકીદ મુજબ બનતી ત્વરાએ મલિકને મળી લેવાનું હતું...

અમદાવાદમાં જ્યારે બાદશાહ, સેનાપતિ અને બીજા બધાં મલિકના ઓરડાની બહાર જઈ રહ્યા હતા ત્યારે તેઓ વિનાયક અને તેના સાથીની પાછળ પડ્યા. તેમાંથી સેનાપતિએ પીછો ચાલુ રાખ્યો. બાદશાહ અટકી ગયો..

પરંતુ જે રીતે પળ-પળમાં કોઈક વ્યક્તિ પોતાની હાજરીનો આભાસમાત્ર આપી ગાયબ થઈ રહી હતી અને ભારે તારાજી ફેલાવી રહી હતી, તેનાથી બાદશાહ અત્યંત સંક્ષુબ્ધ થઈ ગયો હતો. પાછલી રાતના દુઃસ્વપ્નમાં પણ કલ્પી ન શકાય તેવી દુર્ઘટનાઓના સાક્ષી બનવાનું આવ્યું હતું.

કોઈ એક જ વ્યક્તિ આટલી હદે હાથતાળી આપી ભયાનક તબાહી મચાવે તે જોઈ બાદશાહ તેની રાક્ષસી શક્તિની કલ્પના કરીને જ ગભરાઈ ચૂક્યો હતો. આ શક્તિ પાછળ પણ તેને તો પેલા વાણિયાના આચાર્યનો જ હાથ હોવાની ગંધ આવી રહી હતી. બાકી આવું થઈ જ કેમ શકે ?

બાદશાહના મગજમાં હથોડા વાગતા હોય તેવી વેદના જાગી ઊઠી. એ તરત જ પોતાના ઓરડા તરફ પાછો વળ્યો. સાથેના સેવકો પણ પાછા વળ્યા.

મલિકનો માણસ પણ મલિકની પાસે ગયો. મલિકને હજુ કળ વળી

ન હતી. મલિકના માણસે તેને સમાચાર આપ્યા - 'સાહેબ ! ગજબ થઈ ગયો... આપની સલાહ એકદમ સો ટચના સોના જેવી નીવડી...'

ભાગદોડના અવાજથી મલિક ચોંક્યો તો હતો જ. એણે લાગલું જ પૂછ્યું - 'કેમ ? શું થયું ?' આટલું બોલતા પણ મલિકને ભારે શ્રમ પડ્યો, ઉત્તેજનાનું માર્યું એનું માથું ફાટફાટ થઈ રહ્યું હતું.

મલિકના સેવકે વાત આગળ ચલાવી. - 'સાહેબ ! થયું એવું કે આપને મળ્યા પછી સેનાપતિ, બાદશાહ અને અમે બધાં બહાર નીકળ્યા. ત્યાં જ આપણી ઓસરી પતે ત્યાં છે છેડે એક માણસને અલોપ થતા સેનાપતિજીએ જોઈ લીધો. અમને તો ખબર જ ન પડી. પણ, સેનાપતિજીની બાજ નજરે એ પકડાઈ ગયો. સેનાપતિએ તો સીધી દોટ જ મૂકી...'

'શું ? એ માણસ પકડાઈ ગયો ?'

'પકડાઈ જ ગયો સમજો ને ! રાજમહેલની બહાર તો એ છટકીને ભાગી ગયો... પણ, અમે બધાંએ અમારી નજરોનજર એને ભાગતો જોઈ લીધો છે. સેનાપતિ પણ એનો પીછો પકડવા ગયા છે. એ ભાગી ભાગીને ક્યાં જવાનો, હમણાં પકડાયો જ સમજો ને !'

'બાદશાહ શું બોલ્યા ?'

'એ તો અકળાઈને પોતાના ઓરડામાં ચાલ્યા ગયા છે. પણ, કાલે નગરશેઠના માથે તવાઈ જરૂર ઉતરશે...'

મલિક મૌન થઈ ઊંડા વિચારમાં ખોવાઈ ગયો... એ વિચારમાંથી ક્યારે નિદ્રા આવી ગઈ તેની પણ ખબર ન રહી..

બાકીની રાત્રિ તો શાંતિથી પતી ગઈ. બાદશાહ પણ થાક્યો હતો એટલે એને પણ તરત જ નિદ્રાદેવીએ પોતાના ખોળે લઈ લીધેલો...

સવારના પહોરથી ધીરે-ધીરે રાજમહેલ પૂર્વવત્ ક્રિયાન્વિત થઈ રહ્યો હતો. જે દાસ-દાસીઓ બેહોશ થઈ ગયા હતા તે પણ હવે સ્વસ્થ થઈ ચૂક્યા હતા. બધાંને સમજાતું ન હતું કે પાછલી રાતે આખરે થયું શું ?

છતાં બધાંને એટલી તો ખબર પડી જ ગઈ હતી કે જે થયું તે ઘણું

જ ગંભીર પ્રકારનું હતું. બગીચાની હાલત જોઈને બધાંને અરેરાટી થતી હતી.

મલિક પણ સ્વસ્થ થઈ ચૂક્યો હતો. રાજવૈદે બીજી પણ શક્તિઆદિ માટેની દવા આપી હતી. તેને કારણે ઝડપભેર સ્ફૂર્તિ આવી રહી હતી. ટૂંકમાં, સવાર સુધીમાં તો બધાં રાબેતા મુજબ કાર્ય ઉપર લાગી ગયા હતા. પણ, ભયનો ઓથાર, કંઈક અજંપો-ઉદ્વેગ હજુ પણ બધે ફેલાયેલા હતા.

સવારના બીજા પહોરની મધ્યમાં નગરશેઠ રાજમહેલમાં આવ્યા. બાદશાહ પણ પ્રાતઃકર્મથી નિવૃત્ત થઈ ચૂક્યો હતો. નગરશેઠને પાછલી રાતે શું બન્યું ? તેની રજેરજની માહિતી મળી શકી ન હતી. વિનાયકનું શું થયું ? તે પણ જાણવા મળ્યું ન હતું. બગીચામાં આગ લાગી હતી, નુકસાન થયું હતું, સૈન્ય કપડવંજના રસ્તે પ્રસ્થાન કરી ગયું..

આ બધી ખબરો ઉપરથી, આછીપાતળી માહિતી ઉપરથી એક વાર્તા નગરશેઠે ઘડી કાઢી હતી. અને એ સત્યની ઘણી નજીક હતી. નગરશેઠના માણસો પણ બેહોશીમાં સરી ગયા હતા. એટલે આંખે દેખ્યો અહેવાલ તો નગરશેઠને મળી શક્યો ન હતો.

કિંતુ, બાદશાહ ખુશ છે કે ખફા ? તે જાણવા માટે, પરિસ્થિતિનો જાયજો લેવા માટે નગરશેઠે ખુદ બાદશાહને મળવાનું નક્કી કર્યું.

નગરશેઠ આવ્યા છે તેની જાણ બાદશાહને કરવામાં આવી. ત્યાં સુધીમાં બાદશાહના મગજમાં રોષ પ્રગટી ચૂક્યો હતો.

નજરોનજર એક માણસને - પોતાની હાજરીમાં પોતાના મહેલને ખેદાનમેદાન કરી નાંખનારને ભાગી જતો જોયા પછી વાણિયાઓના ગુરુના જાદુ-ટોનાને જ તે કારણ માનતો હતો અને એટલે જ ઈર્ષ્યા-અણગમો--ગુસ્સો ક્રોધ જેવી લાગણીઓનું કોકટેઈલ તેના મગજમાં ઉકળી રહ્યું હતું.

નગરશેઠ હાજર થયા. બાદશાહનું અભિવાદન કર્યું. બાદશાહે પણ તે ઝીલ્યું. કિન્તુ કંઈક રુક્ષતા ભળી ગઈ હતી. નગરશેઠની ચકોર આંખોએ એ વાત તરત પારખી. બીજી વાતચીત શરૂ કરતા પહેલા પોતાના ગજવામાંથી ચાર-પાંચ અમૂલ્ય રત્નો હથેળીમાં કાઢી રજૂ કર્યા... બાદશાહ પળભર અંજાઈ જ ગયો..

શેઠની માખણ શી મુલાયમ-લાલ ગુલાબી હથેળીમાં ઝગમગારા મારતા રત્નો કંઈક અનેરી આભા ખડી કરતા હતા... બાદશાહ માની ન શક્યા - આવા અમૂલ્ય રત્નો. મારા ખજાનામાં પણ માંડ શોધ્યા જડે એવા રત્નો. આ વાણિયાનો બેટો ગજવામાં રાખીને ફરે છે ! કોણ જાણે ક્યાંથી આટલી સંપત્તિ લઈ આવતા હશે ? નક્કી વાણિયાઓના ગુરુના જાદુ-ટોના !

નાના છોકરા જેવી બાલિશ મનોવૃત્તિ બાદશાહના મનમાં આકાર લઈ રહી હતી... અભણતા, અંધશ્રદ્ધા અને સત્તા - આ ત્રણ પરિબળો ગંધક-સુરોખાર અને કોલસાના મિશ્રણ જેવા પુરવાર થઈ રહ્યા હતા.

ધન એ બાદશાહની નબળી કડી હતી.... એટલે જ આવા બેશકિંમતી રત્નો જોઈ બાદશાહ થોડો પીગળી ચૂક્યો હતો....

નરમાશથી બાદશાહના મુખમાંથી વાણી નીકળી - આ શું છે ? કેમ સવારના પહોરમાં આમ અચાનક આ રીતે ?

'બાદશાહ સલામત ! એક નમ્ર અરજ કરવા આવ્યો છું.'

'બોલો !'

'આપના બગીચાને જે નુકસાન થયું છે તેને સરભર કરવામાં આ રત્નો ઉપયોગી બને તેવી ઈચ્છા છે.'

'મૂરખ ! આ રત્નની એક કણમાંથી ય આખો બગીચો ઠીક થઈ જાય. પાંચ રત્નો આમ મફતમાં આપવા નીકળ્યો છે ? એક તો પોતે જ સળગાવે છે અને પછી જાણે પોતાના હાથનો મેલ હોય તેમ રત્નો ફેંકવા નીકળી પડ્યો છે... ગજબ છે ને વાણિયો' - બાદશાહ વિચારયાત્રામાં કંઈક જુદી જ દિશામાં વળી રહ્યા હતા. બાદશાહને વિચારવશ જોઈ શેઠ બોલ્યા -

'મારો કંઈ અવિનય થયો હોય તો માફ કરજો... આપને તો કંઈ ખોટ નથી. પણ, આ તો સેવકને લાભ મળે એટલે કહેતો હતો. છતાં આપને જરૂરત ન હોય તો વાંધો નહીં' - આટલું કહી નગરશેઠે મુઠ્ઠી બંધ કરી ગજવામાં મૂકવાની તૈયારી કરી કે તરત જ બાદશાહની સાન ઠેકાણે આવી...

રોટલીના ટુકડાને મેળવવા હવાતિયાં નાખતા કૂતરા જેવી જ બચ્ચારા બાદશાહની હાલત હતી. બાદશાહ ઉવાચ -

'ના, ના, એમાં નારાજ શું થવાનું ? આ તો એમ વિચારતો હતો કે તમને કેવી રીતે ખબર પડી કે મારે ત્યાં બગીચાને નુકસાન પહોંચ્યું છે ? વળી આ કારસ્તાન છે કોના ?' બાદશાહે ઝીણી નજરે નગરશેઠ તરફ જોયું. પણ નગરશેઠની આંખોની એક કીકી પણ ન થડકી...

બહુ ઠંડક અને ઠાવકાઈથી જવાબ વાળ્યો, 'હશે બાદશાહ ! જેણે કર્યું હશે એનું એ ભોગવશે... પણ, આપણી છાપ બગડે તે પહેલા આ બગીચો તો સુધરાવી દો. બાકી કોઈ આંગળી ચીંધી જશે કે બાદશાહનો મહેલ તો સાર્વજનિક ઉદ્યાન છે. કોઈ પણ મન ફાવે ત્યારે ત્યાં આગ લગાવવાની પ્રેક્ટિસ કરી શકે છે.'

જાણે કોઈએ ચમચમતો કોરડો લગાવી દીધો હોય તેવી કાળી વેદના બાદશાહને થઈ આવી. 'હવે ગઈ ગુજરી ભૂલી જાવ અને ઝડપથી આ સુધરાવી દો. તે માટે આ રત્નો સ્વીકારો...'

બાદશાહે વધુ ખેંચવામાં માલ ન જોયો અને રત્નો સ્વીકારી લીધા. ઔપચારિકતા પણ કરી - 'તમારી આ રાજ્ય પ્રત્યેની નિષ્ઠાની મારે કદર કરવી જોઈએ.'

અચાનક જ વાતને વળાંક આપતા બાદશાહે કહ્યું - 'તમારા કોઈ ગુરુ હાલ કપડવંજમાં છે ?'

આમ અચાનક જ આટલી સંવેદનશીલ વાત ઉઘાડી પડતા કોઈ પણ ડઘાઈ જાય. છતાં સ્વસ્થતા જાળવી નગરશેઠે કહ્યું -

'હમણાં તો કપડવંજમાં અમારા એક મહાન ગુરુ આવ્યાના સમાચાર હતા. પણ એ તો સતત વહેતા.. અત્યારે ક્યાં હશે તે કેમ કહેવાય ? આપને કંઈ કામ હોય તો જણાવો ? હું તપાસ કરાવી આપું...'

'ના, આ તો મલિક કપડવંજથી આવ્યો છે, એ એના બહુ વખાણ કરતો હતો. કે'તો તો કે એક વાર દર્શન કરવા જ જોઈએ. મેં કહ્યું - છેક ત્યાં સુધી તો લાંબા થવું ન ફાવે. અહીં આવે તો દર્શન થાય. ઈ કહે કે એમને બોલાવવા હોય તો બહુ ખર્ચો કરવો પડે... કપડવંજમાં તો એમના સ્વાગત પાછળ કોઈક શેઠે રત્નને કાંકરા માની ઉડાડ્યા હતા. મેં કહ્યું -

એવડું તો આપણે ન કરી શકીએ. પણ, આપણે આપણી રીતે બોલાવશું. અમારી પણ આગવી રીત હોય છે. તો તમે સમાચાર પહોંચાડજો. બાદશાહ સાથે વહેલા મોડા તમારી મુલાકાત જરૂર થશે.'.. કાળોતરો ડંખ મારતા પહેલા ફેણ ચડાવે એવી કંઈક અદા લાગી રહી હતી.

નગરશેઠે બહુ સંયમમાં પણ તીક્ષ્ણતા સાથે કહ્યું - 'જરૂર ! જરૂર સમાચાર પહોંચાડીશ. પણ, બાદશાહ સલામત ! એ તો અલગારી સંત છે. આપણા જેવાની પહોંચ ત્યાં સુધી ન પહોંચે. એ તો બહુ મોટા સૌભાગ્યની વાત છે. બાકી આ બધું તો આપણા જેવા બચ્ચાના ખેલ છે.' બાદશાહના ચહેરાએ થોડી લાલાશ પકડી.

બાદશાહ બોલ્યા - 'એ તો ઠીક હવે ભાવિમાં જોયું જાશે. પણ, એક વાત તમને પૂછવાની હતી. મને સમાચાર મળ્યા કે જે માણસે આ તોફાન પાછલી રાતે મચાવ્યું તે તમારી હવેલીએ ઉતર્યો હતો...'

નગરશેઠ વચ્ચે જ બોલ્યા - 'ક્યાં છે એ માણસ ? બોલાવો, હાજર કરો એને, થઈ જાય બધાં ખુલાસા !'

નગરશેઠના ત્વરિત ઘાએ બાદશાહને અકળાવી મૂક્યો.. 'એ માણસ પકડાઈ ગયો હોત તો ક્યાં તમને પૂછવાની જરૂરત જ હતી ? એ તો... હાલ હાથતાળી આપી છટકી ગયો છે. પણ હમણાં જ પકડાયો સમજજો. સેનાપતિ ચુનંદા સૈન્યને સાથે લઈ તેની પાછળ ધસી ગયા છે. માટે, હવે તો એ પાતાળમાં ભરાય તો પણ પકડાયો જ સમજો. પણ આ તો તમે કહેવાઓ ઘરના માણસ, એટલે જો કંઈ ભૂલ થઈ ગઈ હોય તો આપણે અંદરોઅંદર જ પતાવટ કરી લઈએ, ખોટું તમારું નાક કપાય...'

'બાદશાહ ! મહાજનનું નાક એટલું સસ્તું તો નથી જ. પણ, આપે આપણા સૈન્યનું નાક કાપી દીધું... એક માણસને, સામાન્ય ગુનેગાર જેવા માણસને પકડવા માટે આખા સૈન્યે સેનાપતિ સાથે હવાતિયાં મારવા પડે તે શું ઓછી નાલેશી છે ? આ તો નગરના કોટવાળનું કામ છે. એના માટે સેનાપતિને લાંબા કરાય ? આવું કામ સેનાપતિને સોંપવાનું આપને કહ્યું જ કોણે ? આપને આવું સૂઝે જ નહીં. નક્કી કોઈ કમ અક્કલે જ આવી સલાહ

આપને આપી હશે. પણ, તેનાથી પર રાજ્યોમાં આપની કેવી નાલેશી થશે એની કલ્પના કરી છે ખરી ? આપણે બહુ મોટી ભૂલ કરી રહ્યા છીએ. આ તો આપણું જ નાક કપાયું બાદશાહ ! એક માણસ અને એની પાછળ આખું અમદાવાદનું પ્રતિષ્ઠિત સૈન્ય ! આ તો વાંદો પકડવાનું લશ્કરને સોંપ્યા જેવો ઘાટ છે !...' બાદશાહ મૌન થઈ ગયો.

અંતે નગરશેઠે ઉભા થતા કહ્યું - 'બાદશાહ સલામત ! જે થઈ ગયું તે થઈ ગયું. આપણે હવે એ ભૂલ સુધારી દઈશું... પણ, થોડી સાવધાની આપ રાખશો. કોઈની સલાહ ઉપર એકદમ મદાર બાંધી દેવો ખોટો ! હવે હું રજા લઈશ. મારી જરૂરિયાત પડે તો યાદ કરજો. અડધી રાતે પણ હાજર થઈ જઈશ...'


નગરશેઠ વિદાય થઈ ગયા. પણ, ખુમારી અને ખુન્નસ વચ્ચેનો તફાવત સમજાવતા ગયા... બુદ્ધિ, કહો કે વિવેક સહિતનું સ્વાભિમાન, નમ્રતા સાથેનું સ્વાભિમાન એટલે ખુમારી, અક્કડતા-મૂર્ખતા-કમઅક્કલતા-મંદતા સાથેનું અભિમાન એટલે જ ખુન્નસ !

નગરશેઠે બહુ કુનેહથી બાદશાહ સાથે કામ લીધું. પણ, બાદશાહ અકળાઈ ગયો હતો.. વાણિયાઓનું આટલું વર્ચસ્વ એને ખટકી ગયું. અને એમાં પણ વાણિયાઓના ગુરુની સામે પોતાને જે ઊણો પાડ્યો તેનો તો કારી ઘા પણ લાગી આવ્યો..

એટલે જ બાદશાહે નક્કી કર્યું - બીજું કશું કરવું કે ન કરવું. પણ, વાણિયાના એ ગુરુને તો એક વાર અહીં પકડી જ મંગાવવા છે... આ વાણિયાના બચ્ચાને બતાવી દેવું પડશે. તો જ એની બુદ્ધિ ઠેકાણે રહેશે... પછી તો - હાથમાં રહેલા નગરશેઠે આપેલા રત્નને રમાડતા વિચાર્યું - આવા રત્નોના થાળના થાળ લઈ હાજર થશે. બસ ! પછી છોડી મૂકશું એ ગુરુને ! પણ, એક વાર તો ભલે આખી દુનિયા જોઈ રહે - આ બંદાનો ખેલ ! મારા મહેલમાં તારાજી મચાવ્યાનું ફળ !

કેફ ચડી ગયો, હવે કોઈની કેફિયત કામ લાગી શકે તેમ નથી. અહીં તો દારુ પાનારો મલિક હાજર જ છે, હમણાં મલિક આવ્યો સમજો !

✺



જુવાળ

૪૨

સેનાપતિજી ગાયબ

અમદાવાદમાં જાણે યુદ્ધનો પાયો નંખાઈ ગયો હતો. બાદશાહને મળી આવ્યા પછી નગરશેઠ એકદમ વ્યગ્ર થઈ ગયા. બાદશાહ પાસેથી તો ગૌરવભેર પોતે પાછા આવ્યા હતા. બાદશાહને ઠાવકા શબ્દોમાં ચેતવણી પણ આપી આવ્યા હતા. પણ, બાદશાહના શબ્દો પાછળ જે સત્તાની ગંધ-દુર્ગંધ આવતી હતી તેનાથી નગરશેઠ સમજી ગયા હતા કે આ હવે વાર્યો નહીં વળે, હાર્યો જ વળશે. મતલબ ? આચાર્ય ભગવંત ઉપર એ આક્રમણ કરીને જ રહેશે...

હવે મુખ્ય વાત એ છે કે સીધી રીતે ક્યાંય ચિત્રમાં આવ્યા વિના આમાં બાદશાહને એવી શિકસ્ત આપવી ઘટે કે ફરી વાર આંગળી ઊંચી કરવાની પણ હિંમત ન કરે. દોશી આણંદજી શેઠ તો તૈયારી કરી જ ચૂક્યા હતા. નગરશેઠ તેને પૂરક બને તેવી કોઈ યોજના વિચારવા લાગ્યા.

નગરશેઠના મનમાં હજુ એ પ્રશ્નો પણ ઘૂમરાતા હતા કે - વિનાયક ક્યાં ગયો ? શું કપડવંજ પહોંચી ગયો હશે ? મારી ટપાલમાં તો મેં આશ્વાસનની વાત જણાવી છે, જ્યારે અહીં તો એક જ રાતમાં પરિસ્થિતિ સ્ફોટક-વિસ્ફોટક બની ગઈ હતી. શું વિનાયકને પરિસ્થિતિની આટલી ગંભીરતા જાણમાં આવી ગઈ હશે ?

જો કે હવે કપડવંજ સમાચાર મોકલી શકાય એટલો સમય પણ નથી. બાદશાહ હવે ત્વરિત પગલાં જ લેશે. મારે એવું તો શું કરવું કે - જીંદગીભર બાદશાહને યાદ આવે અને આચાર્ય ભગવંતને બચાવવા માટે એ શસ્ત્ર અમોઘ નીવડે... સ્પષ્ટ રીતે તો કશું જ કરી ન શકાય. ગુપ્ત રીતે, છદ્મ વેશે જ જે કરવું હોય તે કરવાનું છે. બાકી તો પળવારમાં બાદશાહ જેલમાં નાંખી દે... આ વિચારમાં નગરશેઠે આંટા મારવાના ચાલુ કર્યા... શોધ હતી કોઈ અમોઘ ઉપાયની, પ્રબળ શસ્ત્રની. અચાનક જ એ શસ્ત્ર સ્ફુરી ગયું...

શેઠના મુખમાંથી નીકળી ગયું - વાહ ! એ બરાબર છે, નિર્દોષ અને અમોઘ ! નગરશેઠે તરત જ એક સેવક દ્વારા માણેકને બોલાવ્યો. માણેક એ શેઠનો વિશ્વાસુ હતો. અને શેઠ જે શસ્ત્રનો ઉપયોગ કરવા માંગતા હતા તેનો રખેવાળ હતો.. શેઠે માણેકને વાત કરી - લાંબા સમયથી આપણે જેને સાચવીએ છીએ એનો ઉપયોગ કરવાનો વખત આવ્યો છે.

કટોકટીની પળે તારે ઘા કરી લેવાનો છે. ત્યાં સુધી માત્ર પીછો, જો જે અહીં પળનું ખૂબ મહત્ત્વ છે. નક્કામી પળે રહસ્ય ઉઘાડી દઈશ તો ય બધું નકામું.. અને કટોકટીની પળ ગુમાવી દઈશ તો ય બધું જ નિષ્ફળ.

એક વાત ધ્યાનમાં રાખજે. આ મારા જીવન-મરણની લડાઈ છે. સાવધાનીથી લડજે. આપણે નિષ્ફળ ગયા તો મારું મોઢું તું જોઈ નહીં શકે. તારું કામ આટલું.. મલિક પોતાની યોજનામાં સફળ ન થવો જોઈએ.

બીજી બધી વિગતો, ખપ પૂરતી, નગરશેઠે માણેકને કહી દીધી. માણેક સમ્મત થયો અને નગરશેઠને નચિંત રહેવા જણાવ્યું.

આ બાજુ, નગરશેઠે પોતાના બીજા એક માણસને બોલાવ્યો અને કહ્યું - 'તારે સાર્થવાહનો વેશ લઈને રાજમહેલમાં જવાનું છે. આપણો પેલો પાંખાળો ઘોડો છે ને 'રાજેશ્વર' તે બાદશાહને વેચવાનો છે. દસ લાખ સોનામહોરથી ઓછું મૂલ્ય લેવાનું નથી...'

તે માણસ બોલી ઊઠ્યો - 'શું આવો ઘોડો વેચવા કાઢવો છે ? સાહેબ ! આ તો રત્ન છે, એમ જલ્દી બીજું હાથમાં નહીં આવે, આવો એક અશ્વ એક યુદ્ધની બાજી પલટી શકે છે. એને શા માટે વેચો છો ?'

'ક્યારેક એવી પળ આવતી હોય છે, જ્યારે અણગમતા નિર્ણયો લેવા પડતા હોય છે, અત્યારે તો મારા જીવન-મરણનો પ્રશ્ન છે, માટે આ અશ્વને વેંચ્યે જ છૂટકો છે. પણ એટલું ધ્યાનમાં રાખજે કે દસ લાખ સોનામહોરથી ઓછામાં ન વેચતો... બાદશાહ લઈ જ લે - તેવું કરવાનું છે. સમજી ગયો ?'

'આપની ઈચ્છા પૂર્ણ થશે. નચિંત રહેજો આપ ! પણ, મને ભારે દુઃખ છે... પહેલીવાર આપનું કાર્ય કરતા મને ભારે દુઃખ થઈ રહ્યું છે... '

'ક્યારેક અણગમતા કાર્યો પણ કરવા પડતા હોય છે...' વધુ દલીલ કર્યા વિના તે માણસ નીકળી ગયો.

નગરશેઠ વિચારવશ હાલતમાં જ હતા. કપડવંજ સમાચાર મોકલવા કે નહીં ? તે વિચારમાં હતા... પણ, જોખમની ગણતરી કરતા તે ઉચિત ન લાગ્યું. અહીં જ શક્ય એટલો પ્રયત્ન કરવાનો હતો.. આખરે નગરશેઠની વિચારયાત્રા પૂર્ણ થઈ. દૈનિક કાર્યો ઘણાં બાકી હતા. હાલ તો એક સોગઠી શેઠે લગાવી હતી. તેનું શું પરિણામ આવે છે ? તે જોવાનું હતું...

હવે તો રાજમહેલના માણસો - નગરશેઠના માણસો સક્રિય થઈ ગયા હતા. એટલે રાજમહેલની તલસ્પર્શી વિગતો નગરશેઠને મળતી રહેવાની હતી.

આ બાજુ નગરશેઠના ગયા પછી બાદશાહ પણ ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયો હતો. મનમાં ભય અને ખુન્નસ - બે એક સાથે ભરાયા હતા... મહાજનનો ભય હતો તો વાણિયાઓના ગુરુને મહાત કરવાનું ખુન્નસ !

મહાજનને ખબર પણ ન પડે તે રીતે એ આચાર્ય મહારાજને પકડી લાવવાના હતા, કઈ યોજનાથી ? એના વિચારમાં સારો એ સમય બાદશાહે સિંહાસન ઉપર બેઠા બેઠા જ વીતાવી દીધો. કોઈ ફૂલપ્રુફ - સર્વથા સલામત યોજના ન મળી. ત્યારે બાદશાહ ઊભો થઈ મલિકના ઓરડા તરફ જવાની તૈયારીમાં હતો. મધ્યાહ્નનો સમય નજીક હતો. ત્યારે જ દરવાન આવ્યો અને કહ્યું - 'સેનાપતિનો માણસ આપને મળવા માંગે છે.' બાદશાહને પણ વચ્ચે વિચાર આવ્યો હતો કે - સેનાપતિનું થયું શું ? હજુ સુધી કંઈ સમાચાર નથી આવ્યા. શું તે માણસ ભાગી ગયો હશે ?.. પરંતુ બીજા વિચારોમાં તે વિચાર દબાઈ ગયો. આ માણસ આવતા બાદશાહની જિજ્ઞાસા પુનઃ જાગૃત થઈ.

તેણે કહ્યું - 'ભલે આવતો !' આ એ જ માણસ હતો જેને બાદશાહે સેનાપતિની પાછળ મોકલ્યો હતો અને જે કંઈ પણ સમાચાર હોય તે જણાવવા કહ્યું હતું. આવા ચાર-પાંચ માણસોને બાદશાહે મોકલ્યા હતા.

પેલો માણસ જેવો અંદર આવ્યો કે ત્યાં જ મલિક પણ રજા લઈ બાદશાહ પાસે આવ્યો. મલિક સ્વસ્થ દેખાતો હતો. તેને જોઈ બાદશાહને નવાઈ લાગી. બાદશાહે કહ્યું - 'અરે ! તું અહીં ? સારું છે ?'

મલિકે બાદશાહનું અભિવાદન કર્યું અને કહ્યું - 'નામવર ! શરીરમાં તો સ્વસ્થતા અને સ્ફૂર્તિ બન્ને આવી ગયા છે. પણ, મારું અંતર સળગી રહ્યું છે. પેલો માણસ પકડાયો ? એનું શું થયું ?

કંઈ સમાચાર ન મળતા મારી ધીરજ ન રહી... એટલે હું જ આવ્યો. હવે મને સારું છે. વિચાર થાય છે કે હું જ નીકળી પડું...'

બાદશાહે કહ્યું - 'જો આ માણસ આવ્યો છે તે તેના સમાચાર લઈને જ આવ્યો છે.' બાદશાહે કહ્યું ત્યારે તો મલિકનું ધ્યાન ગયું કે - અહીં કોઈ ત્રીજી વ્યક્તિ પણ હાજર છે. મલિક અને બાદશાહ - બન્નેએ પેલા માણસ સામે જોયું એટલે એ આવનાર વ્યક્તિએ પોતાની વાત શરૂ કરી -

'બાદશાહ સલામત ! આપની આજ્ઞા મુજબ હું સેનાપતિજીની પાછળ-પાછળ ગયો. પણ, સેનાપતિનો અશ્વ અતિશય તેજસ્વી ! અમારા લોકોના અશ્વ એની બરોબરી કેમ કરી શકે ? સેનાપતિ તો ઝનૂનથી એ માણસની પાછળ પડ્યા હતા. એટલે અમે બધાં પાછળ પડી ગયા. ઘણાં સમય પછી અચાનક રસ્તાની વચ્ચે સેનાપતિનો ઘોડો અને સેનાપતિ અમને દેખાયા.

સેનાપતિ હતાશ હતા. ઘોડો ઘાયલ થયેલો લાગતો હતો. સેનાપતિએ અમારી પાસેથી એક સારો અશ્વ લીધો. એમનો ઘાયલ થયેલો અશ્વ અમને સોંપી દીધો. કપડવંજ સુધી બધે ચોકી ગોઠવવાની આજ્ઞા કરી, જંગલમાં કોઈ માણસ ભાગી ગયો હતો તેને શોધવાની તાકીદ કરી, પોતે મુખ્ય માણસનો પીછો કરવા નીકળી પડ્યા. લશ્કર તો એમની આજ્ઞા મુજબ કામ કરવા લાગ્યું... હું એમની પાછળ-પાછળ ગયો... સેનાપતિજી અને સાથે ચાર-પાંચ માણસો આગળ ભાગી જ રહ્યા હતા. મારી નજર બહાર જતા રહ્યા...

હું પછી ત્યાંથી પાછો વળ્યો. મારે આપને સમાચાર આપવા આવવું હતું. વચ્ચે આપણી ચોકીઓ પણ ગોઠવાઈ ગઈ હતી.. છેલ્લા સમાચાર એટલા હતા કે સેનાપતિજી જંગલમાં ગયા છે, એ માણસને શોધવા. આપણા સેનાપતિજી એટલા કૃતનિશ્ચયી છે કે આ માણસને પકડ્યા વિના એ જંપશે નહીં. માટે, આપ નચિંત રહો, માણસ પકડાવાનો જ છે. પ્રશ્ન ફક્ત સમયનો છે...' બાદશાહ અને મલિક બન્ને નિરાશ થયા.. એ માણસ હાથતાળી આપી ગયો છે - એટલું એ સમજી જ ગયા. હવે ફક્ત આશા જ છે.

મલિકે પૂછ્યું - 'પણ, સેનાપતિજીનો અશ્વ આટલો તેજીલો હોય તો પછી એ માણસને આંબી ન લે ? એ છટકી કેવી રીતે શકે ?'

આગંતુક બોલ્યો - 'ખરું કહું ? ત્યાં આપસમાં થતી વાતચીત ઉપરથી મને એવું લાગ્યું કે એ માણસનો અશ્વ જબ્બરજસ્ત હતો, એટલે જ એ ભાગી શક્યો... બહુ કેળવાયેલો અશ્વ હતો.. પછી તો સાચી વાત અલ્લાહ માલૂમ...'

'સારું' કહી બાદશાહે તેને વિદાય કર્યો.

બાદશાહ અને મલિક - બન્ને વિચારવશ હાલતમાં સરી ગયા. બન્નેના હૃદયને ઘા પહોંચ્યો હતો. ત્યાં ફરીથી દરવાન આવ્યો અને કહ્યું - 'એક પરદેશી અશ્વસોદાગર આવ્યો છે... આપને મળવા માંગે છે... કહે છે કે તેની પાસે આખી પૃથ્વી ઉપર ન મળે તેવી અનેરી આઈટમ છે, મોકલું ?'

'મોકલ' - બાદશાહે કહ્યું. મલિકને પણ કુતૂહલ થયું...

ત્યાં જ એક પરદેશી જેવો દેખાતો માણસ આવ્યો. અરબ બાજુથી આવતો હોય તેવો તેનો વેશ હતો, આંખોમાં ગંભીરતા અને ઠાવકાઈ હતી. મોઢા ઉપરથી જ જમાનાનો ખાધેલ દેખાતો હતો... આવીને કુરનીશ કરી... ઝૂકી-ઝૂકીને બાદશાહને સલામ ભરી...

બાદશાહે આદર આપતા કહ્યું - 'બોલો, પ્રવાસ કેવો રહ્યો ? શા માટે અહીં આવવાનું થયું ? ઉતારા વગેરેની વ્યવસ્થા થઈ ગઈ છે ને ?'

સોદાગર બોલ્યો - 'જી નામવર ! આપની નગરીમાં બધી જ વ્યવસ્થા સુચારુ રૂપે થઈ ગઈ છે. ક્ષિતિજને પેલે પારથી અહીં આવવાનો મારો શ્રમ સફળ થયો હોય તેવું લાગ્યું. આપની પ્રશંસા ઘણી સાંભળી હતી.. એમાં

આ નગરી જોઈને તો લાગ્યું કે હું ખૂબ જ યોગ્ય ઠેકાણે આવ્યો છું... હું છું અશ્વનો સોદાગર... દરેક રાજ્યમાં ફરું છું... મારા અશ્વો વખણાય છે.

મારી છાપ છે એટલે ધંધો તો સરસ ચાલે છે. પણ, નામવર ! હમણાં એક એવું રત્ન મારા હાથે ચડી ગયું કે એ મળ્યું ત્યારથી હું ચિંતામાં આવી ગયો છું. કોને સોંપવું આ રત્ન ? પૈસા આપનારા તો ઘણા મળી રહે છે.

પરંતુ, મારે કોઈ મર્દને, પરાક્રમીને એ રત્ન સોંપવું છે, જેથી અશ્વ અને માલિક બન્ને અમર થઈ જાય. આપ તો અશ્વરત્નપરીક્ષક છો, આપ જોતા જ તેને પારખી જશો... મહા મહેનતે છૂપાવી-છૂપાવીને હું અહીં સુધી તેને લઈ આવ્યો છું. હવે જલદી મને બોજામુક્ત કરો તેવી વિનંતિ !'

'અશ્વ ક્યાં છે ?' 'મારી છાવણીએ, નગરના કિલ્લા પાસે !'

'ચલો ! અત્યારે જ જઈએ ત્યાં !'

બાદશાહને તે અશ્વ પ્રત્યે ભારે કુતૂહલ પેદા થયું હતું. મલિકની પણ એ જ હાલત હતી. બન્ને જણા અને સોદાગર તરત બહાર નીકળ્યા. રથમાં બેસી નગરના કોટ તરફ ગયા.. જેવી સોદાગરની છાવણી નજીક આવી કે તરત જ ઘોડાઓ દેખાવા લાગ્યા. સોદાગર એક પછી એક તંબૂમાંથી પસાર કરી બાદશાહને એક તંબૂ પાસે દોરી ગયો... વચ્ચે જે જે અશ્વો બાદશાહે જોયા તે બધાં પણ ઊંચી ઓલાદના અને તેજસ્વી હતા.. બાદશાહ અશ્વનો શોખીન તો હતો જ. તેથી તેનો જીવ સળવળી ઊઠ્યો.

આ સોદાગર પ્રત્યે લગાવ થયો. આટલી ઊંચી ઓલાદના અશ્વો મેળવવા સહેલા ન હતા. કુશળ પરીક્ષકનું જ એ કામ હતું. સોદાગર ને બાદશાહ જે તંબુ પાસે ખડા હતા તે સામાન્ય બાંધણીનો જ હતો. પણ, તેની ચારે બાજુ સૈનિકો સાદા વેશમાં પહેરો ભરતા હતા. તંબૂ ખોલતા પહેલાં સોદાગરે બાદશાહને કહ્યું - 'નામવર ! આ પૃથ્વી ઉપર જેને જોનારા બહુ જૂજ લોકો છે. એ દુર્લભ અને દિવ્ય જીવના આપને દર્શન કરાવું છું...' આટલું કહી સોદાગરે તંબૂનો દરવાજો ખોલી નાંખ્યો, બધાં અંદર પ્રવેશ્યા અને બાદશાહ - મલિકની નજર જમણી તરફ ઉભેલા અશ્વ તરફ જ જડાઈ ગઈ.

શું એ અશ્વ ! દૂધ જેવો ધવલ, ક્યાંય એક ડાઘો શોધ્યો ન જડે, અંગે-

અંગમાં વીજળી જેવી સ્ફૂર્તિ અને દીપ્તિ હતી.. પગ થનગનતા હતા. અભણ માણસ પણ, અશ્વશાસ્ત્રનો કક્કો પણ ન જાણનાર વ્યક્તિ ય, પળભર તો આશ્ચર્યમુગ્ધ થઈ જાય તેવી દીપ્તિ અને કાંતિ હતી. બાદશાહ તો માની જ ન હતો શકતો કે આવો અશ્વ આ પૃથ્વી ઉપર સંભવી શકે !!!!

બાદશાહે નિરીક્ષણ કરી કહ્યું - 'સોદાગરજી ! રત્ન તો ખરેખર અમૂલું છે, મારે જોઈએ છીએ. બોલો કેટલા લેશો ?' 'નામવર ! રત્નની કિંમત રત્નથી જ થાય અને રત્ન જેવા માનવ જ તે કરી શકે.. આપને લાગે છે કે આની કિંમત કોઈ આંકી શકે ? કોઈ અશ્વપરીક્ષકને બોલાવશો તો તો એ આ અશ્વને જોઈને જ ગાંડો થઈ જાય. અત્યારે જ આ અશ્વને સોંપી દઉં, પણ આ રત્નની કિંમત ઓછી ન અંકાય..' અચાનક બાદશાહને યાદ આવ્યું. નગરશેઠે આપેલા રત્નો પોતાની પાસે ગજવામાં જ પડ્યા હતા. એણે ગજવામાં હાથ નાંખ્યો અને રત્નો કાઢ્યા... જોગાનુજોગ પાંચે રત્નો હાથમાં આવી ગયા. બાદશાહે મુઠ્ઠી ખોલી. સોદાગરની નજરે રત્નો માપી લીધા.

તરત જ હાથ ધરીને બોલી ઉઠ્યો. - 'જય હો નામવરનો ! આપે ખરી કિંમત આંકી ! રત્નની કિંમત રત્નથી જ અંકાય.. નામવર ! આપનું તો નામ થઈ જશે.. બધાં રાજ્યો છક્ક થઈ જશે. ખરેખર, રત્નો જો દુનિયામાં પાકે છે તો તેની કિંમત આંકનારા પણ હોય જ છે..' સોદાગરે જે ત્વરાએ સોગઠી લગાવી હતી તેનાથી બાદશાહ પળવાર મૂંઝાઈ ગયો. હકીકતે તો એક રત્નની કિંમત પણ અશ્વની કિંમત કરતા વધારે જ થાય. પણ, અત્યારે પાંચે રત્નો બાદશાહની હથેળીમાં હતા અને આડકતરી રીતે પાંચે રત્નો સોદાગરે માંગી લીધા હતા. હવે જો એમાંથી ચાર રત્નો પાછા ગજવામાં મૂકે તો અનૌચિત્ય-અનુદારતા જણાતી હતી.. તો બીજી બાજુ આટલા બેશકિંમતી રત્નો ગુમાવવા પાલવે તેમ ન હતું. આ જ કારણે પળભર બાદશાહ ખચકાયો-ખમચાયો. પણ, અલગ જ વાતાવરણ ખડું થઈ ગયું હતું અને અશ્વ પણ દેવદુર્લભ લાગતો હતો. વળી રત્નો મફતમાં જ મળ્યા હતા.

એટલે પાંચે રત્નો બાદશાહે સોદાગરના હાથમાં સરકાવી દીધા. સોદાગરે જય-જયકાર કર્યો. પળભર તો મલિકને પણ આશ્ચર્ય થયું, આવા બેશકિંમતી રત્નો ! પણ, ઘોડા ઉપર નજર કરતા જ તે બધું ભૂલી ગયો.

એના મનના ઘોડા તો આ દેવદુર્લભ અશ્વ ઉપર બેસીને દોશી આણંદજી શેઠ, નગરશેઠ અને આચાર્યભગવંત સુધી પહોંચી ગયા હતા. એને તો હવે આજને આજ આ ઘોડાને લઈ આચાર્ય મહારાજનો પીછો પકડવો હતો...

આ ઘોડો હાથમાં આવતા જ જાણે ત્રણ જગતનું રાજ મળી ગયા જેવો આનંદ એને થતો હતો.. સોદો પતી ગયો.

બાદશાહ અશ્વ લઈ પાછો વળ્યો. અશ્વ ઉપર સવારી કરવાની લાલચ તેણે માંડ રોકી... હમણાં જ અશ્વનું પ્રદર્શન કરવું ઉચિત ન હતું. એટલે સંધ્યા ટાણે અશ્વ ઉપર સવારી કરવાનું બાદશાહે નક્કી કર્યું. સોદાગરે ત્યારે ને ત્યારે જ ઉપડી જવા માટે બાદશાહની અનુમતિ માંગી લીધી હતી. બાદશાહે આગ્રહ કર્યો. પણ સોદાગર નીકળી જવા મક્કમ રહ્યો.

બાદશાહ રાજમહેલ સુધી પહોંચ્યો ને આ બાજુ સોદાગરની માયા સંકેલાઈ ગઈ. નગરશેઠના હાથમાં રત્નો પહોંચ્યા ત્યારે તે પણ આશ્ચર્ય પામી ગયા... તેણે પોતાના માણસને ઉર્ફે સોદાગરને કહ્યું -

'અલ્યા ! આ તેં કેવી રીતે કર્યું ? શું આ પાંચે પાંચ રત્નો એક ઘોડાના બદલામાં તને બાદશાહે આપી દીધા ?'


માણસે કહ્યું - 'આપ્યા નથી, આપવા પડ્યા છે. પણ, મને હજુ એ અશ્વ ગુમાવ્યાનું દુઃખ છે. આ રત્નો કરતા પણ મારે મન એ અશ્વ વધુ કિંમતી છે.'

નગરશેઠે કહ્યું - 'તું જીવ ન બાળ, તેં સરસ કામગીરી બજાવી છે. એ અશ્વનું નિર્માણ જ આ કામ માટે થયું હોય તો આપણે શું કરી શકીએ ? અફસોસ ન કર !'

'પણ, આપ એ અશ્વની ગતિથી, ઝડપથી, સૂઝથી માહિતગાર છો ખરા ? આપને ખબર છે કે - એ અશ્વની બરોબરી કરી શકે તેવો કોઈ અશ્વ નથી ?' - માણસ આક્રોશથી બોલી બેઠો...

નગરશેઠે કહ્યું - 'હું તને એ અશ્વ પાછો લાવી આપીશ, બસ ! પણ હવે બહુ જીવ નહીં બાળ...'

✺



જુવાળ

૪૩

દેવાંશી અશ્વ

મધ્યાહ્ન વીતે ઘણો સમય થઈ ગયો હતો, જ્યારે બાદશાહ રાજમહેલમાં પાછા આવ્યા. મધ્યાહ્નભોજનાદિ ઘણા કાર્યો બાકી હતા. આથી વિશેષ ચર્ચા કર્યા વિના બાદશાહ અને મલિક છૂટા પડ્યા. છતાં બન્નેના મગજમાં ઘમસાણ તો મચેલું જ હતું. અશ્વને જોવા જવામાં સમય ઘણો વીતી ગયો હતો.

ભોજન-આરામ બધું પતતા તો સંધ્યા થવા આવી ગઈ. મલિક થોડો સ્વસ્થ થઈ ગયો હતો. એટલે બજારમાં એક આંટો મારી આવ્યો. પોતાના માણસો તપાસી લીધા. કદાચ જો આચાર્ય ભગવંતની પાછળ જવાનું થાય તો કોને-કોને સાથે લઈ જવા, કોને કઈ કામગીરી સોંપવી, કપડવંજ કોને મોકલવા..' વગેરે નક્કી કરી દીધું... થોડી સામગ્રી પણ ખરીદ કરી..

આ બધું પતાવી જ્યારે રાજમહેલે આવ્યો ત્યારે સંધ્યા થઈ જવા આવી હતી.. ત્યાં સુધીમાં નાસીર મલિકને મળી ગયો હતો. (પૂર્વે જણાવી ગયા મુજબ શેરખાને નાસીરને મલિક-બરહાન પાસે અમદાવાદ જવા જણાવ્યું હતું...)

સંધ્યા સમયે બાદશાહ અને મલિક ભેગા થયા. નૂતન અશ્વની પરીક્ષા કરવાનું નક્કી થયું. બન્ને જણા અશ્વને લઈને કિલ્લાની બહાર નીકળ્યા. સૌ



[દેવદુર્લભ અશ્વને જોઈ બાદશાહ પ્રસન્ન]

પ્રથમ બાદશાહે સવારી કરી અને ઘોડો દોડાવ્યો.. મલિક જોતો જ રહી ગયો.. શું અદા, શું ઝડપ, શું રૂપ ! બાદશાહ એકાદ ઘડીની અંદર પાછો આવી ગયો. પણ, અશ્વ ઉપરથી ઉતર્યા બાદ અત્યંત પ્રસન્ન થઈ ગયો.

તેણે મલિકને કહ્યું - 'મલિક ! ખરેખર આપણી પાસે દેવને ય દુર્લભ એવું રત્ન આવી ગયું છે. શું આ ઘોડાની ચપળતા છે ! જાણે મારા મનની વાત સમજી જતો હોય તેવો ભ્રમ થાય. સહેજ હલનચલન કરો કે તરત જ તે મુજબ ઝડપમાં વધ-ઘટ કે આજુબાજુમાં વળવાનું થઈ જતું હતું. આની ઝડપ જોતા તો લાગે કે આવો તેજીલો તોખાર તો બીજો કોઈ હોઈ જ ન શકે. વિશેષ તો શું કહું ? તું જ અનુભવી લે..'

મલિક તરત જ ઘોડા ઉપર સવાર થઈ ગયો. ઘડી - બેઘડી ઘોડેસવારી કરી તે પરત આવ્યો ત્યારે તેના મુખ ઉપર પણ એ જ આનંદ છવાયેલો હતો. ઘોડાની ઝડપ વગેરે બધું જ લાજવાબ હતું...

બાદશાહ અને મલિક - બન્ને જણા ઘોડાની પાસે ઊભા ઊભા ચર્ચા

કરતા હતા. ત્યાં જ દૂરથી કોઈ ઘોડેસવાર એમના જ તરફ આવી રહેલો દેખાયો. સંધ્યા પૂર્ણ થવાને આરે હતી. રાત્રિનો અંધકાર વ્યાપ્ત થઈ રહ્યો હતો....

દૂરથી ધૂળની ડમરીઓ ઉડાડતો એ અસવાર આખરે બાદશાહની એકદમ લગોલગ આવી અટક્યો અને ઘોડા ઉપરથી ઉતરી સીધો બાદશાહના ચરણે પડ્યો.. બાદશાહ એને ઓળખી ગયા.

સેનાપતિની પાછળ રવાના થયેલા માણસોમાંથી જ આ આવ્યો હતો. એટલે બાદશાહે સામે ચાલીને પૂછ્યું - 'જલ્દી બોલ ! શા સમાચાર છે ?'

'બાદશાહ સલામત ! આપની આજ્ઞા પામીને અમે સેનાપતિની પાછળ-પાછળ જઈ રહ્યા હતા...', 'એ બધું મને ખબર છે, સેનાપતિએ અશ્વ બદલ્યો પછી શું થયું ?'

'જી ! એ જ જણાવું છું કે સેનાપતિએ અશ્વ બદલી લીધા પછી અમે આગળ વધ્યા. પહેલી ટુકડીમાં પાંચેક જણા હતા. પાછળ ૧૦-૧૫ જણા અમે હતા. આગળ ભાગી ગયેલા માણસના ઘોડાના પગલા દેખાઈ રહ્યા હતા. તેના આધારે અમે આગળ વધ્યા..

કુહા સુધી તો તે ઘોડો સડસડાટ ભાગ્યો જ હતો. (કુહા અમદાવાદ-કપડવંજની વચ્ચે આવેલું ગામ છે.) પછી અચાનક જ પગલા દેખાતા બંધ થઈ ગયા..

એટલે સેનાપતિ મૂંઝાયા. એમણે ચારે બાજુ તપાસ કરાવડાવી તો એક જગ્યાએ જંગલમાં ઘોડો ગયો હોય તેવા ચિહ્નો દેખાયા. અમે બધાં સાવચેતીથી એના પગલે પગલે આગળ વધ્યા.

ઘોડાના ડગલાં ખૂબ અનિયમિતતાથી પડેલા દેખાતા હતા. કોઈ નિશ્ચિત દિશા વિના આગળ વધી રહેલા જણાતા હતા. એટલે સેનાપતિ મૂંઝવણમાં પડ્યા.

આના દ્વારા બે વસ્તુની સંભાવના કલ્પી શકાતી હતી - (૧) ઘોડા ઉપરનો અસવાર ઘોડાને છોડી ભાગી છૂટ્યો હોય. અથવા (૨) તે ઘોડા

ઉપર બેહોશ થઈ ગયો હોય. ગમે તે હો, અમે અમારી શોધખોળ આગળ ચલાવી. આગળ જતા એ ઘોડાના પગલાની આજુબાજુ બીજા ઘણા ઘોડાઓના પગલા દેખાયા.... અને એ બધાં પગલા અમને એક ભીલપલ્લી તરફ દોરી ગયા. ભીલપલ્લીની બહાર જ અમે ઊભા રહી ગયા અને મસલત કરી.

આખરે સહુએ એમ નક્કી કર્યું કે આ ભીલો જ એ ઘોડાને લઈ ગયા છે. જો તેના ઉપર માણસ બેઠો હશે તો તે પણ અહીં જ હશે. આપણને ખબર નથી. છતાં સંદેશો મોકલીએ. આ લોકો એમ સીધી રીતે નહીં સમજે. દંડપ્રયોગની પણ આપણે તૈયારી રાખવી પડશે. અત્યારે જ વધુ સૈનિકોને બોલાવી આખી પલ્લી ઘેરી લઈએ. પછી માણસને મોકલીએ. એટલે ધાર્યું પરિણામ આવી જશે.

થોડા સૈનિકો અમે ભેગા થયા અને આખી પલ્લી ઘેરી લીધી. પછી માણસ મોકલ્યો. માણસ જોડે ભીલના મુખીએ વાત તો અક્કડતાથી કરી. પણ આખરે માણસને સોંપવા તૈયાર થયો. તે ખુદ પણ સેનાપતિને મળવા આવવા તૈયાર થયો.

થોડી જ વારમાં તે હાજર થયો. તેની સાથે પેલો માણસ પણ હતો. એ જ ઘોડો. એ જ વેશ ! ઘોડો જોઈને જ અમને બધાંને વિશ્વાસ બેસી ગયેલો કે આ એ જ છે. કારણ કે એના ઘોડાનો જોટો જડવો મુશ્કેલ છે.'

વચ્ચે જ બાદશાહે પૂછ્યું - 'શું આના જેવો છે ?'

નવા ઘોડા તરફ ઈશારો કરીને બાદશાહે પૂછ્યું અને જવાબ મળ્યો - 'ના, ના... આના જેવો તો ન હોય. આ તો કોઈ દેવાંશી અશ્વ લાગે છે.'

'સારું, હવે આગળ બોલ. શું થયું ?'

'ભીલનો મુખી એ માણસને સોંપવા આગળ થયો. એની માંગણીથી અમે બધાં થોડા દૂર ખસવા ગયા. ત્યાં જ એણે તો દગો ખેલ્યો. એના ભીલો અમારા ઉપર અચાનક જ તૂટી પડ્યા.

અમને તો દગાની સ્વપ્નમાં પણ કલ્પના નહીં. કારણ કે એક અજાણ્યા માણસ માટે એ ભીલો શા માટે દગો ખેલે ? પરંતુ એ લોકોએ તો ખૂંખાર લડાઈ જ ખેલી... સાથે પેલો માણસ ઘોડા ઉપર તૈયાર જ બેઠો હતો તે છટકીને ભાગ્યો...

સેનાપતિની નજરમાં તે પકડાઈ ગયું. અને સેનાપતિજી તેની પાછળ ભાગ્યા. પણ અહીં બીજા બધામાં પરાજયની ગેરસમજ ફેલાઈ. સૈન્ય વેરવિખેર થવા લાગ્યું. ઘેરો તૂટી ગયો હતો. છતાં અમે ભારે જુસ્સાથી લડ્યા.

છેલ્લે તો અમે ભીલોને સબક શીખવવા તેની પલ્લીને આગ લગાવી. ભીલો પણ ગોફણ દ્વારા જાનલેવા ઘા કરતા હતા. એટલે આપણા સૈન્યની પણ ભારે ખુવારી થઈ.

હું ત્યાં વધુ વાર ન રોકાતા આપને સમાચાર આપવા પાછો આવ્યો. વચ્ચે બે વાર ઘોડા બદલાવી મારતે ઘોડે આવ્યો છું. પેલા માણસ પાછળ સેનાપતિ પડ્યા છે. એટલે એ હવે પકડાયે જ છૂટકો છે !'

ફરી-ફરીને નિરાશાજનક સમાચાર મેળવી બાદશાહ અકળાઈ ગયો હતો. તે ગુસ્સાથી ચિલ્લાયો - 'તમે આટલા લોકો એક માણસને નથી પકડી શકતા ? અમદાવાદના - બાદશાહ મુજ્ઝફરના પ્રતિષ્ઠિત સૈન્યની આનાથી વધુ નાલેશી શું હોય ? ખાલી એક માણસ તમને બધાંને નચાવી જાય છે. ગજબ છે ?' પેલો સેવક નીચા મોંઢે સાંભળી રહ્યો.

બચ્ચારાને પાડાના વાંકે પખાલીને ડામ જેવું થયું હતું. સત્તાના ઘમંડી લોકોની નીચે કામ કરનારા માણસોએ ગમે ત્યારે, ગમે તેવા શબ્દોમાં વગર વાંકે પણ શબ્દના બાણ સહેવાની તૈયારી રાખવી જ પડે છે.

બાદશાહને શાંત કરવા અને પોતાની યોજનાની મંજૂરી મેળવવા મલિકે અલગ રીતે વાત મૂકી - 'નામવર ! આમાં આપણી સેનાનો વાંક નથી. આપણે જ ભૂલ કરી છે. અત્યારે પરિસ્થિતિ એવી સર્જાઈ છે કે એ લોકો મન ફાવે ત્યાં નાસભાગ કરી શકે છે. આપણે તેને પકડવા તેની પાછળ દોડવું પડે છે.

વાત સ્પષ્ટ છે કે ધરતી વિશાળ છે. તેની પાસે તેજીલો તોખાર છે. એટલે એ મનફાવે ત્યાં ભાગી શકે છે. આપણે કેટલે સુધી એની પાછળ ખેંચાવાનું.... આપણી આ મજબૂરીનો લાભ ઉઠાવીને જ તે આપણી સેનાને અત્યારે નચાવી રહ્યો છે. હવે આપણે આખો તખ્તો આપણી તરફેણમાં પલટી નાંખીએ.'

'એટલે ?'

'એટલે કે આપણે એ લોકોના આચાર્ય મહારાજની પાછળ પડીએ અને એમને પકડી પાડીએ. પછી એ લોકો આપણી પાછળ દોડશે અને આપણે એ લોકોને ભમાવશું, હંફાવશું, લલચાવશું.. એ લોકો લબડશે. આપણા પગે પડશે... કેમ લાગે છે મારી યોજના ?'

'અલ્યા ! તું તો પેલી બિલાડીના ઘંટ જેવી વાત કરે છે. બિલાડીના ગળે ઘંટ બાંધો તો બધું સારું થઈ જાય. પણ, બિલાડીના ગળે ઘંટ કયો ઉંદર બાંધવા જવાનો હતો ? આચાર્ય મહારાજને પકડી લાવો તો બધું બરાબર થાય. પણ, આચાર્ય મહારાજને પકડવા કોણ જવાનો હતો ? અને પકડતી વખતે તથા પકડ્યા પછી જે મુશ્કેલી મહાજન દ્વારા સર્જાય તેનું નિવારણ શું ?'

'બાદશાહ સલામત ! બિલાડીના ગળે ઘંટ બાંધવા હું તૈયાર છું. આચાર્ય મહારાજને પકડી લાવવાની જવાબદારી મારી. આવો (નવા અશ્વ ઉપર હાથ પસરાવતા) અશ્વ હોય પછી દુનિયાની કઈ તાકાત મને અટકાવી શકવાની હતી ?'

'પણ, આ મહાજનનું શું ?'

'અરે ! એ શું કરી શકવાના હતા ? અહીંના નગરશેઠને અને એ લોકોને ખબર પણ નહીં પડે. હું અહીંથી ક્યાં અને શેના માટે જાઉં છું ? તેની દુનિયાને શું ખબર પડવાની ? તમે જાણો ને હું... મારા સાથીદારોને પણ નહીં કહું. અમે કપડવંજ પાછા જઈ રહ્યા હશું. છેલ્લે અચાનક છાપો મારી એમને પકડી લઈશું...'

'પકડીને ફાયદો શું ? ક્યાં રાખશું એમને ? અહીં અમદાવાદમાં તો રાખી જ નહીં શકાય ને ! તો પછી એમનો ફાયદો શી રીતે મળવાનો ?'

'આપણે બધું કરી દઈશું, આચાર્ય મહારાજને પકડી આપણે કોઈ અજ્ઞાત જગ્યાએ કે પછી કોઈ અજ્ઞાત શહેરમાં રાખી દઈશું. તમને પણ એ અંગે શું જાણકારી હોય ? આપને કોઈ પૂછે તો હાથ ઊંચા કરી દેવાના ! અમે લોકો અજ્ઞાત રીતે જ વાણિયાઓ પાસેથી પૈસા ઉઘરાવીશું. થોડા રમાડશું. એ બચારા ગેં ગેં ફેં ફેં થઈ દોડા-દોડ કરી મૂકશે.

એના માણસો આકાશ-પાતાળ એક કરી દેશે. પણ, આવડા મોટા વિશાળ પ્રદેશમાં કેવી રીતે જાણશે કે આચાર્ય મહારાજ ક્યાં છે ? આપણે એવી રીતે અને એવી જગ્યાએ છૂપાવશું કે કોઈને ગંધ સુદ્ધાં નહીં આવે. આમાં રાજ્યનો કોઈ જ સૈનિક કે બીજું કોઈ નહીં હોય, માટે આપની સંડોવણીનો કોઈ પ્રશ્ન જ આવતો નથી.'

બાદશાહ પળવાર વિચારમાં પડી ગયા.. 'યોજના તો બરોબર લાગતી હતી. પણ, જો કોઈક રીતે ભાંડો ફૂટી ગયો તો... તો જોઈ લેશું. ક્યાં સુધી આ વાણિયાઓથી ડરતા રહેવાનું. એક વાર એ લોકોને પણ બતાવી દઈશ...

તો જ થોડા શેહમાં રહેશે.. એમ પણ આવા આચાર્યોની પાછળ, તેમના સ્વાગત પાછળ લાખો-કરોડો રૂપિયા ખર્ચ્યા તેના કરતા રાજ્યને દાન નથી અપાતું ? કેટલો મોટો આ અપરાધ છે !' - બાદશાહના મનમાં શૂરાતન ચડ્યું.

આજે જ નગરશેઠ જે વાત કરી ગયા હતા તેનાથી થોડું મન ભયમાં પડ્યું હતું. એમ પણ મહાજનની શક્તિને ઓછી અંદાજીને આંકીને નુકસાન જ ભોગવવું પડવાનું હતું. એટલે પોતે પ્રત્યક્ષ ચિત્રમાં નથી તે રીતે જ આ યોજના પાર પાડવાનું તેણે નક્કી કર્યું...

તેણે મલિકને કહ્યું - 'આ આખી યોજનાની સંપૂર્ણ વિગતો નક્કી કરી મને કાલ સવાર સુધીમાં જણાવી જા. પછી આપણે નક્કી કરી દઈશું. કાલ સાંજ સુધીમાં તુ નીકળી જજે. પણ, આ યોજનામાં ખૂબ સંભાળવું પડશે...'

આ વાત ચાલતી હતી ત્યાં જ દૂરથી ચાર-પાંચ ઘોડેસવારો આવતા દેખાયા.. રાત પડી ગઈ હતી. મશાલોના અજવાળામાં જ્યારે તેઓ નજીક આવ્યા ત્યારે બાદશાહે જોયું તો તેઓ એક માણસને બાંધીને લઈ આવતા હતા. મલિક અને બાદશાહ બન્નેને કુતૂહલમિશ્રિત આશ્ચર્ય થયું.

શું એ માણસ પકડાઈ ગયો ? જો એ માણસ પકડાઈ જાય તો તો સેનાપતિ ખુદ પાછા આવી જાય. જ્યારે અહીં તો સેનાપતિ દેખાતા ન હતા. ફક્ત ચાર-પાંચ સૈનિકો જ હતા. તો શું પેલો બીજો માણસ, જે જંગલમાં ભાગી ગયો હતો, તે પકડાયો હતો ? એ હાથમાં આવે તો પણ નગરશેઠ

માટેની માહિતીઓ ઓકાવી નગરશેઠને જેલભેગા કરતા કાચી પળની ય વાર ન લાગે. પછી મહાજન પણ શું બોલે ?

એક વાર નગરશેઠના ગુનાને પુરવાર કરતો સજ્જડ પુરાવો હાથ લાગી જાય તો પછી આગળનું બધું સરળ થઈ જાય...

બાદશાહના મનના ઘોડા કોણ જાણે ક્યારે અટકત ? પણ, પેલા ઘોડેસવારો નજીક આવ્યા એટલે બાદશાહના મનના ઘોડા અટકી ગયા. પેલા લોકોએ બાદશાહની કુરનિશ બજાવી એટલે બાદશાહે પૂછ્યું - 'આ કોને બાંધી લાવ્યા છો ?'

તે લોકોમાં જે મુખ્ય જેવો હતો તે બોલ્યો - ''કપડવંજથી અમદાવાદ તરફ આ ભાઈ આવી રહ્યા હતા. ખૂબ જ ઝડપથી તેમનો અમદાવાદ પહોંચવાનો ઈરાદો જણાતો હતો. અમે એને પકડ્યો તો અમારી ઉપર ગુસ્સે ભરાયો.

અમને ધમકી આપી કે 'તમને આની બહુ ભારે નુકસાની સહેવી પડશે. બાદશાહ તમારી ઉપર ખફા થશે.. મારે તાત્કાલિક બાદશાહને મળવું છે..'

અમે કહ્યું - 'ભઈલા ! અમને બાદશાહનો જ હુકમ છે. એટલે તો તને કેદ પકડ્યો છે. તને અમે બાદશાહ પાસે જ લઈ જઈએ છીએ. તારે એવું તો શું કામ છે કે તાત્કાલિક ભાગવું પડ્યું.'

પછી આ માણસ મૌન જ રહ્યો. કશું જ બોલ્યો નહીં... જ્યારે અહીં નજીક આવ્યા ત્યારે બોલ્યો કે મને રાજમહેલમાં ન લઈ જતા. પરંતુ જ્યાં મલિક સાહેબ ઉતર્યા છે ત્યાં લઈ જજો. અમે એને દાદ ન આપી. અમે રાજમહેલમાં જ લઈ જવાના હતા. ત્યાં આપ અહીં જ મળી ગયા. આની ઈચ્છા મુજબ મલિક સાહેબ પણ અહીં હાજર જ છે.'' મુખ્ય માણસે પોતાની વાત પૂરી કરી કે તરત જ પેલો માણસ મલિકના પગમાં પડી ગયો.

મલિક ઓળખી ન શક્યો કે એ કોણ છે ?

મલિકે કહ્યું - 'કહે તો ખરો તારે કામ શું છે ?'

'સાહેબ ! હું બહુ અગત્યની વાત લઈને આવ્યો છું.'

'તું છે કોણ ?'

'સાહેબ ! આપે વચ્ચે શેરખાનને એક માણસની હત્યા કરવાનું કાર્ય સોંપ્યું હતું.. એ શેરખાનની ટુકડીનો હું સભ્ય છું...'

'ઓહો હો... ઓળખ્યો, ઓળખ્યો.. બરાબર ! હાં તો એ કહે ત્યાં શું થયું ? શું શેરખાન અને એ બધાં પકડાઈ ગયા. તું એકલો જ કેમ આવ્યો ? બાકી બધાં ક્યાં ગયા ? શેઠનો એ જાસૂસ મરાયો કે જીવતો બચ્યો ?'

'સાહેબ ! પેલા માણસનું નામ આદિત્ય હતું. એને બચાવવા માટે શેઠે ઘણી ચુસ્ત અને જબ્બર વ્યવસ્થા ગોઠવી હતી, શેઠને પણ ગંધ આવી ગઈ હતી. એક વાર શેરખાન, જે મકાનમાં આદિત્યને રાખ્યો હતો તે મકાનમાં જઈ પણ આવ્યો, સુરક્ષાવ્યવસ્થા કેવી છે તે જોવા માટે.. એ વખતે તો આદિત્યની બાજુમાં ઘણાં બેઠા હતા એટલે હત્યા તો થઈ શકી નહીં.

હત્યા માટે રાત્રિનો સમય જ પસંદ કરવાનો હતો. અમે લોકોએ એ રાતે જ હત્યા કરવાનું નક્કી કર્યું. કારણ કે જો મોડું કરવા જઈએ તો આદિત્ય ભાનમાં આવી જાય અને બધી મહેનત વિફળ જાય. શેઠની ચુસ્ત સુરક્ષાવ્યવસ્થા જોતા અમે બધાં તો શું કોઈ એક વ્યક્તિ પણ અંદર ઘૂસી શકે તેમ ન હતી.

એટલે અમે આખી યોજના બનાવી. જેના દ્વારા શેરખાન ગુપ્ત માર્ગે આદિત્યના મકાનમાં પહોંચી ગયો. અંદર તેણે આગ લગાવી. તે વખતે અમે બધાંએ બહારથી પણ આગ લગાવી. હો-હા અને દેકારો મચાવી દીધો.

આ અંધાધૂંધીનો લાભ લઈ અમે કેટલાંક લોકો મકાનમાં ઘૂસી ગયા. ત્યાં સુધીમાં શેરખાને આદિત્યની હત્યા કરી નાંખી હતી. પણ, શેરખાન બચીને ભાગી છૂટે તે પહેલા દોશી આણંદજી શેઠે યુદ્ધ માટે શેરખાનને લલકાર્યો..'

'શું દોશી આણંદજી શેઠે શેરખાનને પડકાર્યો ? તો તો મજા પડી ગઈ હશે. શું દોશી આણંદજી શેઠને પણ શેરખાને પતાવી દીધા ? કે પછી બંધનમાં મૂકી દીધા ?' મલિક એક શ્વાસે બોલી ગયો.

પેલા માણસે જવાબ આપ્યો - 'સાહેબ ! અમને બધાંને પણ એમ

જ હતું કે આજે તો દોશી આણંદજી શેઠનો ઘડોલાડવો થયો જ સમજો. શેરખાન પણ આત્મવિશ્વાસમાં દેખાતો હતો...

પરંતુ, પરિણામ આશ્ચર્યજનક આવ્યું. મૂર્ખ શેરખાન એ બુઢ્ઢા શેઠની સામે જીતી નહીં શક્યો. એમને મારી નાંખવાની વાત તો દૂર રહી... થોડી વાર લડાઈ કરી એમના ચરણોમાં પડી ગયો.. એમને સમર્પિત થઈ ગયો.

હું તો ધ્રૂજી ગયો. મને થયું - આવો દગો ! સાથે વધુ નવાઈ એ થઈ કે અમારી ટોળકીના બધાં સભ્યો શેરખાનથી અંજાઈને કે એની શેહથી શેઠને સમર્પિત થઈ ગયા. ત્યાંનું વાતાવરણ ઝડપભેર પલટાવા લાગ્યું.

હું ડરી જ ગયો. પહેલાં તો મને લડી લેવાનું મન થયું. પણ, આ લોકોની સામે લડીને મરી જવા કરતા આપને આ બધી બાબતોની જાણ કરવી જરૂરી લાગી એટલે મારતે ઘોડે હું આવવા નીકળ્યો. રસ્તામાં આ લોકોએ મને પકડી લીધો. તો યે છેલ્લે હું આપની પાસે પહોંચી આવ્યો.. હવે તમે કહો તેમ !'

'સારું, તેં ખૂબ ઉત્તમ કામગીરી કરી છે. હાલ તું રાજમહેલમાં મારા ઉતારે પહોંચી જા, તારી બધી વ્યવસ્થા થઈ જશે...'

મલિકે બાદશાહ તરફ ફરીને કહ્યું -

'નામવર ! યોજનાનો ખૂટતો અંકોડો મળી ગયો...' મલિકે બાદશાહના કાનમાં કંઈક ગણગણાટ કર્યો.

બાદશાહ પ્રસન્ન થયો અને કહ્યું - 'જા ફતેહ કર !...'

આખરે આદેશ મળી ગયો.

✺



બાદશાહે આપ્યો છૂટો દોર...

અણધાર્યો આવી પડેલો માણસ મલિક માટે તો આશીર્વાદ રૂપ જ થઈ પડ્યો. યોજનાની ખૂટતી કડી મલિકે મગજમાં ગોઠવી દીધી. યોજના એટલી જડબેસલાક ગોઠવાઈ ગઈ કે બાદશાહ પણ તરત જ સમ્મત થઈ ગયો. બાદશાહ મલિકની બુદ્ધિ ઉપર આફરીન પોકારી ગયો. ત્યારે જ મલિકને ઉત્સાહમાં કહી દીધું - 'વાહ મલિક વાહ ! તેં પણ ગજબ યોજના વિચારી છે. સમશેરના આટાપાટની સાથે સાથે, આ વાણિયાઓ સાથે રહી, બુદ્ધિના આટાપાટા ખેલવાનું પણ તને સારું ફાવી ગયું લાગે છે. મારા બેટા વાણિયાઓ પણ યાદ કરશે કે - અમને ય માથાનો મળ્યો'તો. જલદી નીકળ. આ ઘોડો પણ લઈ જા. જલદી ફતેહ કર. કાલે સાંજ સુધીમાં નીકળી જઈશ ?'

બાદશાહનો ઉત્સાહ જોઈ મલિક ખુશ-ખુશાલ થઈ ગયો. યોજના પણ બરાબર ગોઠવાઈ ગઈ હતી. બાદશાહ તરફથી છૂટો દોર મળતા હવે મલિક પણ કેટલાય વખતથી દોશી આણંદજી શેઠ પ્રત્યે ઘૂંટેલી વૈરભાવનાથી આચાર્ય ભગવંતને પકડી લાવવા અને દોશી આણંદજી શેઠને પરેશાન કરી મૂકવા કૃતનિશ્ચયી થઈ ગયો, થનગની ઊઠ્યો, તેણે બાદશાહને આનંદિત સ્વરે કહ્યું -

'બાદશાહ સલામત ! આપે આ સેવકને એક જવાબદારી ભર્યું

મહત્ત્વપૂર્ણ કાર્ય સોંપી સેવા કરવાની તક આપી છે. આપ નચિંત રહેજો. આપણે ધાર્યું છે તે મુજબ જ પરિણામ આવશે.

મહાજન સામે બાથ ભીડવાની છે. માટે, વ્યવસ્થિત તૈયારી કરીને નીકળવું પડશે. લગભગ કાલે સંધ્યા સમયે હું વિદાય લઈ લઈશ. જો શેરખાન સાથે ભેટો થઈ જાય તો કામ સરળ થઈ જાય..'

બાદશાહ-મલિકને અંદરોઅંદર વાતચીત કરતા જોઈ, પોતાના સમાચારો ઘણા મહત્ત્વપૂર્ણ છે - તેવા આનંદ સાથે આગંતુક માણસ અને રાજસૈનિકો રાજમહેલ તરફ વળી ગયા હતા. રાત જામી ગઈ હતી. આ એ પળ છે જે પળે વિનાયકે કપડવંજમાં બેહોશ અવસ્થામાં પ્રવેશ કર્યો હતો. વિનાયકની બેહોશીને કારણે શેઠને સમયસર સમાચાર ન મળતા શેરખાન મોડો નીકળશે. પરિણામે મલિકે પોતાની યોજના અમલમાં મૂકી દીધી હશે.

તથા આજના દિવસે જ આચાર્ય મહારાજે વિહાર કર્યો હતો. હાલ આચાર્ય મહારાજ ક્યાં છે ? તે પણ અંધારામાં જ હતું. એટલું તો ખરું કે સમય જેમ જેમ વીતતો હતો તેમ તેમ આચાર્ય મહારાજ કપડવંજથી દૂર જઈ રહ્યા હતા અને મલિક પોતાની યોજનામાં આગળ વધી રહ્યો હતો.

મલિક અને બાદશાહ રાજમહેલ તરફ પાછા વળ્યા. મલિક પોતાના ઉતારે આવ્યો. તેણે નાસીરને બોલાવ્યો. (પૂર્વે જણાવી ગયા છીએ કે નાસીર મલિકને મળી ચૂક્યો હતો.) થોડી જ વારમાં નાસીર હાજર થયો.

મલિકે પૂછ્યું - 'શેરખાન કામ પતાવી ક્યારે પાછો આવવાનો છે ?' અચાનક આવો પ્રશ્ન સાંભળી નાસીર મૂંઝાયો.

નાસીરે કહ્યું - 'સાહેબ ! એવી કોઈ સ્પષ્ટ વાત નથી થઈ. પરંતુ કાર્ય પતશે એટલે તરત એ અહીં આવશે જ - તેટલું નિશ્ચિત જણાય છે. આપણું કાર્ય, આદિત્ય ભાનમાં આવે તે પહેલાં જ પૂર્ણ કરવાનું છે. એટલે હું માનું છું કે આજકાલમાં તે આવ્યો સમજો. જો વિશેષ જરૂરી કામ હોય તો હું તપાસ કરી આવું...', 'ના, ના, એવી તપાસ કરવા જવાની જરૂરત નથી. આ તો મેં અમસ્તું જ પૂછ્યું... આપણે પણ કપડવંજ તરફ જ જવાનું છે. લગભગ આવતીકાલે સંધ્યા સમયે નીકળી જઈશું...'

આ રીતે કપડવંજ તરફ જવાની વાત સાંભળી નાસીરને આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું - 'આપણે જે કાર્ય માટે આવ્યા છીએ તે કાર્યનું શું ? આચાર્ય ભગવંતને પકડવા માટે નથી જવાનું ?' મલિક પોતાની યોજના અત્યંત ગુપ્ત રાખવા માંગતો હતો.

તેણે વાતને સંકેલતા કહ્યું - 'આપણે જરૂર આચાર્ય ભગવંતને પકડશું. અને આણંદજી શેઠને પણ સબક શીખવાડશું. પણ, એવા મોટા કાર્ય માટે તૈયારી પણ કરવી જ પડશે ને ! એટલે સૌ પહેલા કપડવંજ જઈ તૈયારી કરી માણસો ભેગા કરી પછી અચાનક છાપો મારી દઈશું. તારે પણ જોડે જ રહેવાનું છે. કાલે અમારી સાથે જ કપડવંજ આવવા તૈયાર થઈ જજે.'

'જી' કહી નાસીરે વિદાય લીધી. પોતાના એક પણ સાથીદારને ખબર પાડ્યા વિના આ યોજના આગળ ધપાવવાનું મલિકે નક્કી કરી દીધું હતું. એટલે જે પણ કરવાનું હતું તે જાતે જ કરવાનું હતું, સત્વરે કરવાનું હતું. કપડવંજથી તો પોતે અને બરહાન એમ બે જ વ્યક્તિ આવ્યા હતા. પણ, અમદાવાદમાં મલિકના પરિચિત અને આવા કામમાં ઉપયોગી બને તેવા ઘણા માણસો હતા. એમાંથી ચુનંદા ૧૫-૨૦ માણસોને તારવવાના હતા. બીજી બધી સામગ્રી તૈયાર કરવાની હતી. થોડી વાર વિચાવશ હાલતમાં પડ્યો રહી ઓળખીતા માણસોને યાદ કરી મલિક અમદાવાદની સડકો ઉપર ફરવા લાગ્યો.

એમ પણ એણે એવા માણસોને મળવાનું હતું કે જેઓનો દિવસ સૂર્ય આથમ્યા પછી શરૂ થતો હતો. મલિકે પોતાની રીતે તૈયારી શરૂ કરી દીધી. મલિકને છોડી દેતા એકંદરે આ રાત્રિ શાંતિથી પસાર થઈ. નગરશેઠે પણ હવે માત્ર મલિક-બાદશાહની માહિતી એકત્રિત કરવા ઉપર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ખાસ, તો તેમનો એક માણસ માણેક પેલા ઘોડાની ચોકી કરી રહ્યો હતો. સતત ઘોડા ઉપર ધ્યાન રાખવું - તે જ તેનું કામ હતું.

બાદશાહ અને મલિકે ઘોડા ઉપર કરેલી સવારી અને તેની પ્રશંસા પણ તે માણસ માટે અજાણી ન હતી. પરંતુ તે પછી મલિક-બાદશાહે કરેલી વાતો તે સાંભળી શક્યો ન હતો. નગરશેઠ પાસે પણ માણેક દ્વારા તે બધી વિગતો પહોંચતી રહેતી. મલિકને અશ્વ પસંદ પડી ગયો છે અને આચાર્ય મહારાજને

પકડવાના કામમાં તેને જ લઈ જશે - આટલા સમાચાર મેળવી પોતાની યોજનાનું બીજું ચરણ સફળ થયાનો નગરશેઠને આનંદ થયો.

બાદશાહ તરફથી (મતલબ કે બાદશાહની જાસૂસી કરનાર માણસ પાસેથી) બીજા કોઈ વિશેષ સમાચાર નગરશેઠ પાસે આવ્યા ન હતા...

છેલ્લે રાત્રિનો સમયે આચાર્ય મહારાજનું શુભ-મંગલ વાંછી સહુ જીવો પ્રત્યે વૈરભાવના વોસિરાવી નગરશેઠે પણ ચેનની નિંદ માણી...

આ રાતની પૂર્ણાહુતિ બાદ સવારના પ્રથમ પ્રહરની આસપાસ શેરખાન કપડવંજથી અમદાવાદ આવવા રવાના થઈ ચૂક્યો હતો. સવારના પ્રાતઃકાર્ય વગેરે આટોપી મલિક પુનઃ પોતાની તૈયારીમાં લાગી ગયો હતો.

મલિકે ધારેલી સંખ્યાના માણસો મળી ગયા હતા. તે બધાં મલ્લ જેવા હતા. તેમાંનો એકાદ પણ ૧૦-૧૫ માણસને ભારે પડે તેવા હતા.

આમ જુવો તો માણસની પસંદગીમાં મલિક થાપ ખાઈ ગયો કહેવાય. કારણ કે તેણે ફક્ત બાહુબળને જ ધ્યાનમાં લીધું હતું. બુદ્ધિબળને નહીં. પરિણામે તેણે ભેગા કરેલા માણસો કુસ્તીમલ્લ હતા, બુદ્ધિમલ્લ નહીં. જોકે મલિકે વિચારેલી યોજના મુજબ તેઓએ માત્ર બળનો જ ઉપયોગ કરી જાણવાનો હતો. ખેર, પરિણામ શું આવશે તે તો ભવિષ્ય જ બતાવશે.

દિવસના બે પ્રહર વીત્યા બાદ, મધ્યાહ્ન ભોજન આદિ પતાવી મલિક વામકુક્ષિ કરવા ઈચ્છતો હતો. ત્યાં જ બાદશાહ તરફથી સંદેશો આવ્યો. જેમાં મલિકને તાત્કાલિક મળી જવા જણાવ્યું હતું.

મલિકને આશ્ચર્ય થયું. કારણ કે સંધ્યા સમયે પોતાને વિદાય લેવાની હતી. એટલે બાદશાહને મળવા જવાનું જ હતું. સવારે બાદશાહનું કંઈ કામ હતું નહીં. બીજી ઘણી તૈયારી કરવાની હોવાથી મલિક મળવા ન હતો ગયો. પણ, આ રીતે બાદશાહે સંદેશો મોકલ્યો એટલે કંઈ કારણ હોવું જોઈએ. બાકી આમ સંદેશો કેમ આવે ?

બાદશાહ પાસે પહોંચતા જ મલિકને આશ્ચર્યનો મોટો આંચકો મળ્યો. કારણ કે બાદશાહ પાસે ૨-૩ માણસો, જે સૈનિક જેવા લાગતા હતા છતાં, સખત ઘાયલ થયેલા દયનીય હાલતમાં મૂકાયેલા ઊભા હતા. વેશ પણ લઘરવઘર

થઈ ગયો હતો. તો પણ અમદાવાદના સૈન્યના આ સૈનિકો છે - તે જણાઈ જ આવતું હતું. એટલે જ તો મલિકને આશ્ચર્ય થયું કે સૈનિકોની આવી દશા થઈ કઈ રીતે ? શું સેનાપતિની સાથે ગયેલા સૈનિકોમાંના આ લોકો છે ?

મલિકને બાદશાહે કહ્યું - 'મલિક ! તારી યોજના તો સાકાર થતી થશે. પણ, અત્યારે તો પેલો ભાગી ગયેલો એક માણસ આપણા આખા સૈન્યને બેહાલ કરી ગયો છે. કોણ જાણે કેવા આ વાણિયાઓ કેવા હોય છે ?'

બાદશાહના પેટની છિછરી સપાટી જોઈ મલિક અકળાઈને બોલ્યો - 'બાદશાહ સલામત ! આ એક દિવસમાં હું પણ હેરાન-પરેશાન થઈ ચૂક્યો છું. આપણી બધી યોજના ફોક. કોઈ કાર્યવાહી આપણે કરવી નથી. આપણે ભલા અને આપણું રાજ ભલું ! હા ! જે માણસ રાજમહેલના ઉદ્યાનને સ્મશાનમાં ફેરવી ગયો છે તે પકડાય તો આપણે તેનો ન્યાય જરૂર કરીએ. બાકી બીજી આડી-અવળી માથાકૂટ કરવી નથી. શું એ માણસના કંઈ સમાચાર મળ્યા.. ??'

મલિકના કથનના તાત્પર્યને સમજી શકે તેવી સ્વસ્થતા બાદશાહ પાસે હાલ ન હતી. તે અતિશય ક્રોધમાં - આઘાતમાં હતો. એક કારમી શેહથી કુંઠિત થઈ ગયેલી તેની મનોવૃત્તિ હતી. મલિકની વાતને શબ્દશઃ સત્ય માની લઈ જવાબ વાળતા બાદશાહે કહ્યું -

'મલિક ! એના સમાચાર આવ્યા છે. એની જ તો આ મોકાણ છે. જો, આ લોકો (સામે ઉભેલા.. સૈનિકો તરફ આંગળી ચીંધીને) જ સમાચાર લાવ્યા છે. સેનાપતિની સાથે આ લોકો તે માણસને પકડવા ગયેલા. એ લોકોના મોઢે જ સમાચાર સાંભળ, મારી તો જીભ નથી ઉપડતી.'

બાદશાહની સૂચનાથી આગંતુક સૈનિકોમાંથી એક જણ બોલ્યો - 'સાહેબ ! અમે અહીંથી સેનાપતિજીની સાથે એ માણસનો બરાબર પીછો પકડેલો. સેનાપતિજીનો ઘોડો તેજીલો. તે આગળ નીકળી ગયા.'

'ભીલો સાથે લડાઈ થયાના સમાચાર મળી ગયા છે. સેનાપતિ તે માણસની પાછળ પડ્યા પછી શું થયું ? તે જણાવ' - મલિકે અધવચ્ચેથી વાત તોડતા કહ્યું.

'જી ! ભીલોએ આપણી સાથે દગો ખેલ્યો. છતાં સેનાપતિજી સમય પારખી પેલા માણસની પાછળ જ પડ્યા. અંતર નજીવું હતું, માટે, પકડાઈ જવાની શક્યતાઓ પૂરેપૂરી હતી..'

'હતી એટલે ?'

'કહું સાહેબ ! બધી વાત કહું, સેનાપતિજી તે માણસની પાછળ પડ્યા તે વાતે આપણા સૈન્યમાં ગેરસમજ ફેલાણી, ઉપરાંતમાં ભીલોનો ઘસારો-હલ્લો ખૂબ જોશમાં હતો. તેને ખાળવામાં બધાં રોકાયેલા હોવાથી કોઈ સેનાપતિજીની પાછળ જઈ ન શક્યું. એ તેજીલા તોખારોનો પીછો કરવો પણ દુઃશક્ય જેવું હતું.

આ બાજુ અંધાધૂંધીનો લાભ લઈ ભીલોએ ઘેરો તોડી નાંખ્યો. તેઓ બહાર ધસી આવ્યા. આના કારણે આપણા સૈન્યની ભારે ખુવારી થઈ. કારણ કે ભીલો ઝાડ ઉપર ચડી ચડી પથ્થરમારો કરવા લાગ્યા. આ પથ્થરમારાનો સામનો કરવો શક્ય જ ન હતો લાગતો. ટપોટપ આવી પડતા ચીલવેગી પથ્થરો આપણા સૈનિકો માટે જાનલેવા નીવડતા હતા. અમે પણ પથ્થરનો ભોગ બનેલા. પણ, સદ્‌ભાગ્યે તે જાનલેવા ન નીવડ્યા. અને આપને સંદેશો આપવા સદ્‌ભાગી થયા. ભીલોથી દૂર ભાગ્યા પછી સેનાપતિજીની અમે ઘણી તપાસ કરી. રાહ જોઈ. પણ, ક્યાંય કોઈનો અતોપતો ન હતો.

સાથેના આ સૈનિક પાસેથી અમને નવી વાત જાણવા મળી. સેનાપતિજીના આદેશ મુજબ આખા કપડવંજ સુધીના રસ્તા ઉપર ચોકીઓ ગોઠવી હતી. તેમાં આમની ચોકી છેક કપડવંજ પાસે હતી. ગઈ કાલે સંધ્યા બાદ - અંધારામાં કપડવંજ તરફ એક ટોળકી જઈ રહી હતી. તેને આ લોકોએ અટકાવી. આ લોકોએ તે ટોળકીને ઘેરો જ ઘાલ્યો હતો. પરંતુ તે ટોળકીમાંથી એક અશ્વ આંખના પલકારામાં આખા ઘેરાને ટપી ચીલ ઝડપે ભાગી છૂટ્યો.

બીજા બધાં લોકો જંગલમાં ભાગી છૂટ્યા. આ લોકો તેમની પાછળ ગયા. પણ જંગલમાં-અંધારામાં તેમને પકડવા શક્ય ન હતા. અને તેઓ જંગલના જાણકાર જણાયા. કારણ કે ઝડપથી જંગલમાં ખોવાઈ ગયા. જે એક અશ્વ ભારે સાહસ ખેડી આખી ચોકીને વટાવી ભાગી છૂટ્યો તે ભારે

જાત્ય અને દુર્લભ અશ્વ હતો. બધાં પાસે તે ન મળે. આ માણસ તો છાતી ઠોકીને કહેવા તૈયાર છે કે તે અશ્વ પેલા ભાગી છૂટેલા માણસનો હતો. જો એમ જ હોય તો તે માણસ સહીસલામત કપડવંજ પહોંચી ચૂક્યો છે...'

વાત સાંભળી મલિક પણ સ્તબ્ધ થઈ ગયો. તેણે કહ્યું - 'તો પછી સેનાપતિએ જેનો પીછો પકડ્યો તે કોણ ?'

'સાહેબ ! સેનાપતિએ જેનો પીછો પકડ્યો તે પેલા માણસના અશ્વ ઉપર જ સવાર હતો. અને ચોકી વટાવી ભાગનાર માણસ પાસે પણ તે જ અશ્વ હતો. મતલબ કે સેનાપતિજીએ જેનો પીછો પકડ્યો તે અને આપણી ચોકી ઓળંગી જનાર - બન્ને એક જ હોવા જોઈએ.

જો બન્ને એક જ હોય તો માનવું પડે કે સેનાપતિજીને થાપ આપી તે માણસ સહીસલામત છટકી ગયો છે. દુઃખદ આશ્ચર્ય એ છે કે તે માણસ છેક કપડવંજ સુધી પહોંચી ગયો છતાં સેનાપતિજીનો કોઈ અતોપતો નથી. એટલે શું સેનાપતિજી સાથે તે માણસને હાથોહાથ લડાઈ થઈ હશે. તેમાં સેનાપતિજી ગંભીર રીતે ઘાયલ થયા હશે ? કે પછી..'

આગળની કલ્પના સહુને ધ્રૂજાવી ગઈ. વાતાવરણમાં ઘેરી નિઃસ્તબ્ધતા છવાઈ ગઈ. કારણ કે એ કલ્પના ભયાનક નામોશી અને નાલેશી નોંતરી લાવે તેમ હતી. સાથે અસહ્ય આઘાત પણ..

થોડી વારમાં મલિક અકળાઈને બોલી ઉઠ્યો -

'કેવી ધડમાથા વિનાની વાતો તમે કરી રહ્યા છો ? આપણા સેનાપતિ એટલા નબળા થોડા છે કે હાથોહાથની લડાઈમાં પેલો માણસ સહેલાઈથી એમને શિકસ્ત આપી દે ? અને એ માણસ જંગલમાં ભાગી છૂટે. સેનાપતિ એનો પીછો પકડે છતાં એ માણસ સેનાપતિને ભયાનક રીતે ઘાયલ કરી ભાગી છૂટે અને સહીસલામત કપડવંજ પહોંચી જાય... આ કેવી રીતે શક્ય બને ?

બે હાથ - બે પગ વાળો એ પણ આપણા જેવો કાળા માથાનો માનવી જ છે ને ! તો પછી પરીકથામાં જ શોભે તેવા સાહસ તે ક્યાંથી કરી શકે ? સેનાપતિ જેવા પડછંદ માનવને એ પામર માણસ હરાવી શકે તે જ મને તો મગજમાં નથી બેસતું.'

'તો પછી સેનાપતિજી ક્યાં છે ?' - પેલા માણસે ધીમા અવાજે દલીલ કરી.

'સેનાપતિ એ માણસની શોધમાં જ હશે.'

'ભાગેડુ માણસ કપડવંજ પહોંચી જાય. છતાં સેનાપતિ તેને શોધતા જંગલમાં જ ફર્યા કરે ?'

'કોણે કહ્યું કે તે કપડવંજ પહોંચી ગયો ?'

'તો પછી અંધારી રાતે ઘેરાને ઓળંગી કપડવંજ ભાગી છૂટવાનું પ્રયોજન કોને હોય ? એવો અશ્વ ક્યાંથી આવે ?'

'અશ્વ બીજો પણ હોય..'

'ના સાહેબ ! આવા અશ્વો ઝટ નજરે નથી ચડતા. અને નજરે ચડ્યા પછી લાખો ઘોડામાં ય અલગ ઓળખાઈ જ આવે.. કોઈ ત્રાહિત વ્યક્તિ પાસે એવો જ અશ્વ હોય અને તેને પણ કપડવંજ વહેલું પહોંચી જવાનું, ઘેરો ઓળંગી જવાનું મન થાય તેવી કલ્પના વધુ પડતી છે...'

મલિક અકળાઈ ઉઠ્યો. તર્ક જે કલ્પના તરફ દોરી જતા હતા તેનાથી મલિકને દૂર ભાગવું હતું... છતાં ફરી-ફરી એ જ વિભીષણ કલ્પના સામે ખડી થઈ આવતી હતી..

'પણ, ભીલ લોકોને એ માણસ ઉપર શું હેત ઉભરાઈ આવ્યું કે તેને બચાવવા આપણી સાથે લડાઈ કરી ?'

'સાહેબ ! પૈસો આ દુનિયામાં બધું કરાવે છે, ધનની લાલચે તેઓ પેલા માણસને બચાવવા તૈયાર થઈ ગયા હોય...'

'ધનની લાલચ તેમને કોણ આપવા ગયું ? શું એ ભાગેડુ માણસ પોતાની સાથે લાખો સોનામહોર લઈને ફરતો હશે ?'

'ના સાહેબ ! સાથે તો ન હોય. પણ, દોશી આણંદજી શેઠનો પોતે માણસ છે - તેવું પુરવાર કરી દે અને ધનની લાલચ આપે તો જરૂર ભીલનો મુખી પીગળી જાય. એ શેઠનું નામ આ ભાગના આખા પંથકમાં મશહૂર છે. દામ કરે સલામ ! એ કહેવત પણ એટલે જ મુલ્કમશહૂર બની છે ને !

તથા આ આપણા માણસને પોતાની વાત ઉપર એટલો ભરોસો હતો કે રાત-દિ જોયા વગર મુસાફરી કરી અહીં પહોંચ્યો છે. હજુ ગઈ કાલની સાંજે-રાતે તે કપડવંજ હતો. આજે તો અહીં અમદાવાદ પહોંચી આવ્યો છે.

કઠલાલનો રાજમાર્ગ મૂકી વચ્ચેના જંગલનાં અંતરિયાળ રસ્તે મુસાફરી ખેડી આવી પહોંચ્યો છે.' (કઠલાલ, અમદાવાદ-કપડવંજના રસ્તાનું ગામ છે. પણ કઠલાલ જતા ફેરો પડે. સીધો જંગલ રસ્તો લેતા ટૂંકું થાય.)

બધી તર્કસંગત વાતો જોતા મલિક ચૂપ થઈ ગયો. બાદશાહ બોલ્યો - 'મલિક ! આ વાણિયાઓની શક્તિ ભારે છે. એમને પહોંચવું બહુ અઘરું છે. સેનાપતિ જેવા સેનાપતિની કેવી દશા થઈ ?... આપણી ભારે મોટી નાલેશી થશે.. સેનાપતિની ગેરહાજરી લાંબો વખત છાની નહીં રહે.

બધે ઊહાપોહ મચશે. આપણે જવાબ શું આપવો ? એક છોતરા જેવો માણસ આપણા આખા વિજયી સૈન્યને કોડીનું કરી ગયો - આ વાત લોકો જાણશે ત્યારે કેવા ઘેરા અને મનહૂસ પ્રત્યાઘાતો પડશે !!!'

'તો પછી આપ કપડવંજ સીધી દોશી આણંદજી શેઠના ત્યાં જ તપાસ કરાવો ને ! એવો કોઈ માણસ ત્યાં આવ્યો હોય તો પકડી મંગાવો. દૂધનું દૂધ - પાણીનું પાણી થઈ જશે !'


'કયા ગુનાના આધારે તેમના મકાન ઉપર છાપો મારવો ? કોઈ પુરાવો તો જોઈએ ને ? આપણી પાસે તો હવે નાનકડો પુરાવો પણ બચ્યો નથી. તો શેના આધારે આપણે કાર્યવાહી કરવી ? શેઠ પણ પોતાના રક્ષણ માટે પૂરતી વ્યવસ્થા રાખે છે. આપણે ધિંગાણું કરીએ તો પણ જનતા આપણા પક્ષમાં ન હોય. મલિક ! એમ આડેધડ કામ ન કરાય. ત્યાં માણસ મળશે જ તેવી ખાતરી પણ શું ? ત્યાં આપણી વધુ નાલેશી થાય.'

'આપ ચિંતા ન કરો... હું આજે જ કપડવંજ તરફ જવા રવાના..'

ત્યાં જ એક પ્રતીહારે આવીને અભિવાદન કરી કહ્યું - 'બાદશાહ સલામત ! નગરશેઠ મળવા આવ્યા છે', વચ્ચે જ મલિક બોલ્યો - 'ના પાડી દે. કહે સમય નથી..' 'સાહેબ ! સાથે મહાજન આવ્યું છે..'

બાદશાહે કહ્યું - 'આવવા દે...' મલિક ફરી ઘૂંઘવાઈ ગયો.





મહાજને બજાવી રણભેરી

પોતાની ચાલી રહેલી વાતને તોડી અચાનક પ્રતીહાર અંદર આવી નગરશેઠના સમાચાર આપી ગયો. એટલે મલિક અકળાયો. ચાલી રહેલી વાત કરતા પણ નગરશેઠના આવવાના સમાચાર વધુ મહત્ત્વપૂર્ણ છે - તેવું લાગવાથી વાતચીતની અધવચ્ચે જ પ્રતીહારે સમાચાર આપ્યા. મલિકે નગરશેઠને બારોબાર વિદાય લેવાની સૂચના આપી. પણ, પ્રતીહાર જેવો સામાન્ય માણસ પણ મહાજનની સત્તાને - ઔકાતને ઓળખતો હતો. એટલે મલિકનું સરાજાહેર સરાસર અપમાન કરી બાદશાહને પુનઃ વિનંતિ કરી.

બાદશાહે પણ તેમને અંદર મોકલવાની સૂચના મોકલી. પરિણામે મલિક ભયંકર અકળાઈ ઉઠ્યો. ઘમંડી માણસોની આવા વખતે સર્જાતી મનઃસ્થિતિનું ચિત્રણ શબ્દો દ્વારા કરવામાં કદાચ બૃહસ્પતિ ય અકળાઈ જાય !!!

મહાજનને અચાનક આવેલું જોઈ બાદશાહ વિચારમાં પડી ગયો હતો. મહાજનને આવવાનું કારણ તેને સમજાતું ન હતું... પ્રતીહારના ગયા બાદ થોડી જ વારમાં નગરશેઠની સાથે નગરના ચાર-પાંચ મોભી શ્રેષ્ઠીઓએ પણ પ્રવેશ કર્યો. આ ઓરડો સામાન્ય મુલાકાતો માટેનો જ હતો. ખાનગી મુલાકાતો માટે અલાયદો ખંડ હતો. મલિક અને બાદશાહની બધી વાતચીત આ સામાન્ય મુલાકાતી ખંડમાં જ થયેલી હતી.

આ ખંડમાં પ્રતીહારને ગમે ત્યારે પ્રવેશવાની છૂટ હતી. ચાર-આઠ-દસ કાનો આ ખંડની આજુબાજુમાં કુતૂહલવૃત્તિથી ફરતા જ રહેતા. એટલે આ ખંડની વાતો આખા નગરમાં પ્રસરતા બહુ વાર ન લાગતી.

બાદશાહ પણ આ બાબતથી વાકેફ હતો. એટલે દર વખતે ખાનગી મહત્ત્વપૂર્ણ મુલાકાતો બાદશાહ આ ખંડમાં ન જ રાખતો. પરંતુ આ વખતે શરતચૂક થઈ હતી. સૈનિકો સાથે જ્યારે મુલાકાત થઈ ત્યારે આટલી ગંભીર વાત છે - તેવી કોઈ કલ્પના જ બાદશાહને ન હતી.

જ્યારે તે વાત જાણી ત્યારે તેના આઘાતમાં બાદશાહ આ હકીકત તદ્દન વિસરી જ ગયો કે આ મુલાકાત સામાન્ય ખંડમાં પોતે કરી રહ્યો છે.

પરિણામે મલિક સાથે ત્યાં જ પુનઃ તે વાત ચર્ચાઈ. આઘાતથી બધાંના મગજ ક્ષુબ્ધ હતા. એટલે આવા કોઈ વિચારની ગુંજાશ જ ન હતી. નગરશેઠની મુલાકાત આ ખંડમાં જ યોજાઈ રહી હતી.

નગરશેઠે તરત જ આ હકીકત પારખી નગરમાં ફેલાવવી જરૂરી કેટલીક બાબતો બુલંદ સ્વરે (!) કરવાનું નક્કી કરી લીધું.

સેનાપતિના ગાયબ થઈ જવાના સમાચાર એટલા સંવેદનશીલ હતા કે બાદશાહનું સિંહાસન પળભર માટે ડોલી જાય. એટલે જ તો બાદશાહ ગુમસુમ અને ગુમરાહ થઈ ચૂક્યો હતો.

મહાજનને આવતું જોઈ ઉદાસ અને કડવા મુખે તેમણે મહાજનનું સ્વાગત કર્યું. મહાજન પણ અભિવાદન કરી ઉચિત સ્થાને બેસી ગયું. નગરશેઠે આવતાની સાથે જ વિશાળ ખંડમાં નજર ફેરવી દીધી હતી. ખંડમાં કોણ ક્યાં કઈ પરિસ્થિતિમાં ઊભું છે ? તે બધું નગરશેઠની નજરમાં જકડાઈ ગયું.

અભિવાદન કરી તરત જ નગરશેઠે વાત શરૂ કરી - 'સલામ માલિક કો ! બાદશાહ સલામત ! આપ ઘણા ઉદાસ દેખાઓ છો ? શું રાજ્ય ઉપર કોઈ વિપત્તિ છે ? કે પછી આપણા ઉદ્યાનનો ખાત્મો બોલાઈ ગયો તેનું દુઃખ છે ? આપ ચિંતા ન કરતા. ઉદ્યાનને પુનઃ પલ્લવિત કરવા માટે વધુ રત્નોની જરૂરત હોય તો જણાવશો...'

ઉદ્યાનની પાયમાલીની અને તેને પલ્લવિત કરવા માટે પોતે કરેલી સહાયની અને બાદશાહે તે સહાય સ્વીકાર્યાની વાત નગરશેઠે જાહેર કરી દીધી હતી. પુનઃ આ વાત થતા બાદશાહ પણ નારાજ થયો હતો. જો કે હવે બાદશાહની નારાજગીને નજરઅંદાજ કરવાનું નગરશેઠે નક્કી કરી દીધું હતું. કારણ કે બાદશાહની હાલત હાર્યે વળે તેવી હતી, વાર્યે વળે તેવી નહીં. તેથી એક વાર જબ્બર હાર ખવડાવવાનું નગરશેઠે નક્કી કરી દીધું હતું.

હજુ તો સત્તા ઉપર આવ્યે બાદશાહને ચાર વર્ષ માંડ પૂરા થઈ રહ્યા હતા. તે મહમ્મદ બેગડાનો વારસદાર હતો. વિક્રમ સંવત્ ૧૫૬૮ માં તેણે રાજ્ય સંભાળ્યું. વિ.સં. ૧૫૭૨ની આ ઘટના હતી. મલિકની સહાયથી બાદશાહને રાજ્ય મળ્યું હતું. માટે, મલિકની સત્તા બાદશાહ પછીની તરતની ગણાતી. એક બ્રાહ્મણે પણ બાદશાહને સહાય કરેલી. જેને બાદશાહે વજીર બનાવ્યો હતો. રાજ્યનો સમગ્ર વહીવટ તેના હાથમાં જ હતો.

મલિકને વહીવટમાં રસ ન હતો, સત્તામાં હતો. ચાર વર્ષમાં જ બાદશાહને સત્તાનો કેફ ચડી ગયો હતો. જેને ઉતારવા માટે એક વાર મહાજને પોતની સત્તાનો પરચો બતાવવો જરૂરી હતો. એનું ગુમાન ઉતારવું જરૂરી હતું.

આથી બાદશાહની નારાજગીની પરવાહ કર્યા વિના તેને વધુ ને વધુ નારાજ કરવાનું, છંછેડવાનું નગરશેઠે નક્કી જ કર્યું હતું. નગરની પ્રજામાં શક્ય એટલું બાદશાહનું માન ઉતારી દેવાનું હતું. ઉદ્યાનની વાત ફેલાતા તો જરૂર નગરશેઠનું ધાર્યું થાય તેમ હતું...

ઉદ્યાનની વાતને આ રીતે મહાજનની વચ્ચે નગરશેઠે ઉઘાડી પાડતા બાદશાહ અકળાઈને બોલી ઉઠ્યો - ક્રોધની રતાશ તે વાતમાં ઉપર તરી આવતી હતી, પાણી માંહ્યેલા તેલની જેમ - 'અમારી ઉદાસીનું કારણ અમે જાણીએ છીએ. અમે તેને દૂર કરવા સક્ષમ પણ છીએ. કિંતુ મને એ જાણવા મળશે કે આમ અકાળવૃષ્ટિની જેમ મહાજને મારા આંગણા શા માટે પાવન કરવા પડ્યા ?'

'બાદશાહ ! મહાજન તો રાજ્યનું હિતચિંતક છે. રાજ્યનું રખોપું કરવામાં ક્યારેક રખેવાળ પાછો પડે તો મહાજન પાછળથી તેને ટેકો આપી

જાણે છે. કારણ કે રાજ્યની પ્રજા સુખ-શાંતિ પામે તે મહાજનની નેમ છે. અત્યારે નગરમાં ચૌરે ને ચોટે એ જ ચર્ચા ચાલી રહી છે કે આપણા સૈનિકો અને સેનાપતિ ક્યાં ગયા છે ? ઉદ્યાનનું સર્વનાશ થયે એક દિવસ અને એક રાત્રિ પસાર થવા છતાં કેમ કોઈ ગુનેગારની જાહેરાત થતી નથી ?

કપડવંજ તરફથી આપણા ઘાયલ સૈનિકો નગરમાં આવી રહ્યા છે. કોણે કર્યા એ લોકોને ઘાયલ ? કઈ લડાઈ ખેલીને આવ્યા ? એ લડાઈની જાણ લોકોને કેમ નથી ? એ સૈનિકોને શુશ્રૂષા વગેરે માટે - તેમને પ્રોત્સાહન વગેરે માટે કેમ કોઈ જાહેરાત થતી નથી ? આવી મોટી ઘટનાઓ ઘટી હોવા છતાં શા માટે તે દરેકના ખુલાસા કરવા રાજસભા ભરવામાં નથી આવતી ?

આ અને આવા બીજા કેટ કેટલાય પ્રશ્નો આજે નગરમાં ચર્ચાઈ રહ્યા છે. નગરના તમામ લોકો માટે મહાજન આશ્રયસ્થાન છે. એટલે જ રાજ્ય પાસેથી આ બધી હકીકતનો સ્પષ્ટ ખુલાસો મળવાની શક્યતા નથી - તે ખબર હોવા છતાં મહાજનના વિશ્વાસે સહુ મહાજનને આ પ્રશ્નો પૂછવા લાગ્યા.

પરંતુ દુઃખદ વાત કહેવાય કે મહાજન પણ સત્તાવાર રીતે આ અંગેની માહિતીથી બેખબર હતું. એટલે મહાજનને પોતાના માધ્યમથી મળેલી માહિતી પ્રમાણભૂત હોવા છતાં તેને ફેલાવવામાં રાજ્યનું - આપનું અનિષ્ટ ન થાય તે માટે મહાજન આપની સમક્ષ આવ્યું છે. મહાજન બે વાતની અપેક્ષા રાખે છે. (૧) દરેક પ્રશ્નના સાચા જવાબો, (૨) લોકોને સંતોષ આપતી કાર્યવાહી...'

જો આ શબ્દો ખરેખર તીરોનો દેહ ધારણ કરે તો જરૂર બાદશાહ પણ તીરશય્યામાં પોઢવાનું સૌભાગ્ય (!) પ્રાપ્ત કરે, તેવી વેધકતા આ શબ્દોમાં ભરી પડી હતી. એક એક વાક્યો એક સાથે કેટલાય અર્થો અભિવ્યક્ત કરતા હતા. તે તે વાક્યોનો 'ધ્વનિ' ઘણું બધું કહી જતો હતો.

આજના જમાનાના સમાચાર માધ્યમોને જો એ ઘટના જોવા મળી હોય તો જરૂર તેઓ એક દિવસનું આખું છાપું આ ઘટનાને સમર્પિત કરી દે, એટલો તો મસાલો નગરશેઠના શબ્દોમાંથી છલકાતો હતો. આજના 'માધ્યમો'ના પૂર્વજો તે કાળમાં પણ હતા જ. આખા નગરમાં આ ઘટનાનું કોમેન્ટ્રી સાથેનું

જીવંત પ્રસારણ પણ તેઓ કરી આપવાના હતા, વિના મૂલ્યે ! બાદશાહ પણ પૂરેપૂરો ઉશ્કેરાઈ ચૂક્યો હતો. મલિક અને બીજા બધાં આ સં(!)ભાષણથી સ્તબ્ધ થઈ ચૂક્યા હતા. બાદશાહે જવાબ આપ્યો –

'મહાજન રાજ્યની – રાજ્યની પ્રજાની આટલી ચિંતા સેવી રહ્યું છે – તેનો મને જરૂર આનંદ છે. મહાજને કરેલી રાજ્યસેવાથી હું પરિચિત જ છું. અને એટલે જ આ ઘટના અંગેનો કોઈ ખુલાસો હું પ્રજાને આપી શક્યો નથી. આઘાત સાથે દુઃખ લગાડે તેવી હકીકત છે કે – આ આખા રાજ્યદ્રોહી ષડયંત્રમાં મહાજનનું જ એક મોટું માથું સંડોવાયેલું છે. કહો કે મુખ્ય દિમાગી યોજના એની જ છે..' બાદશાહના સીધા ઘાથી બધાં આશ્ચર્યચકિત થઈ ગયા.

મલિક પણ સ્તબ્ધ થઈ ગયો. કયા પુરાવાના આધારે બાદશાહ આ કહી રહ્યા હતા ? તે મલિકને ન સમજાયું...

બાદશાહનો આક્ષેપ થતા તરત જ નગરશેઠ બોલ્યા –

'બાદશાહ સલામત ! મહાજનનું નાનું કે મોટું માથું આ ઘટનામાં સંડોવાયેલું છે તે આપ ક્યા પુરાવાના આધારે જણાવો છો ?'

'પુરાવો છે નગરશેઠ ! પુરાવો છે. એ પુરાવો મેળવવા માટે જ અમારે આટલી માથાકૂટ કરવી પડી હતી. જે માણસ દ્વારા આ કાર્ય કરાવવામાં આવ્યું હતું, જે માણસ અહીંથી કપડવંજ તરફ ભાગવા મરણિયો પ્રયાસ કરી છૂટ્યો હતો તે માણસ પકડાઈ ચૂક્યો છે.' પછી, અચાનક મલિક તરફ જોઈ બાદશાહ બોલ્યો – 'જા મલિક ! તે ગુનેગારને અહીં લઈ આવ. એણે પોતાનો ગુનો કબૂલી લીધો છે. માટે, બંધનમાં લાવવાની જરૂરત નથી....'

બાદશાહના ઈશારાને ઓળખી મલિક તત્ક્ષણ ખંડ છોડીને ચાલ્યો ગયો... બાદશાહે વાત આગળ ચલાવી– 'મહાજનના મોભીઓ ! મારે ખૂબ દુઃખ સાથે કહેવું પડે છે કે હવે આગળની કાર્યવાહી મારે ખુદ નગરશેઠ સમક્ષ કરવાની ફરજ પડે છે. મતલબ કે આ ષડયંત્રમાં ખુદ નગરશેઠનું નામ સંડોવાયેલું છે. હમણાં જે માણસ આવશે તે ખુદ નગરશેઠનો જ છે. કદાચ કપડવંજના તેમના કોઈ સગાનો પણ હોય. બે દિવસ પહેલા નગરશેઠના ત્યાં જ આ માણસ ઉતર્યો હતો. ત્યાં જ એક ભયાનક ષડયંત્ર રચાયું. પરિણામે આપણા ઉદ્યાનનો સર્વનાશ થયો. તે માણસના મનની મુરાદ બીજી જ હતી.

આ રાજમહેલમાં જ તે ભરાયેલો. સેનાપતિ સાથે મંત્રણા પતાવી અમે બહાર નીકળતા હતા ત્યારે ભાગી રહેલ આ માણસ સેનાપતિની નજરે ચડ્યો. સેનાપતિ તરત જ તેને ઝબ્બે કરવા દોડ્યા.

એ માણસ કિલ્લો ઠેકી કપડવંજની દિશામાં ભાગી છૂટ્યો. આખરે મહામહેનતે તે પકડાયો. આજે સવારે જ અહીં તે આવ્યો. બધી બાબતો તેણે સ્વીકારી લીધી. વિશેષ તો એ માણસ આવશે એટલે જ તમને ખબર પડશે...'

નગરશેઠ શાંત બેઠા રહ્યા. તેનું રુંવાડું ય ન ફરક્યું. સાચી વિગત પલકારામાં જ તે સમજી ગયા હતા. હકીકત એ હતી કે નગરશેઠના પ્રશ્નો આકરા હતા. તેનો જવાબ વાળવો શક્ય ન હતો. આખા નગરમાં ભયંકર નાલેશી થાય તેમ હતી. નગરશેઠની મુરાદ બાદશાહના ધ્યાનમાં આવતા જ બાદશાહ પોતાની નામોશીને પારખી ગયો.

આનાથી બચવા એક જ રસ્તો બાદશાહને સૂઝતો હતો. મહાજન હાજર હતું. તેની સામે જો યેન કેન પ્રકારેણ નગરશેઠને ગુનેગાર સાબિત કરી દેવાય તો ધરપકડ કરી જેલમાં મોકલી દેતા કાચી સેકંડની પણ વાર ન લાગે.

આખા નગરમાં પછી એ જ ચર્ચાનો મુદ્દો બની જાય. આ વાણિયાનો બચ્ચો જીંદગીભર યાદ રહી જાય તેવો સબક શીખી જાય.

પરિણામે બાદશાહે માણસ પકડાઈ ગયાની વાત મૂકી દીધી અને મલિકને માણસ હાજર કરવા જણાવી પણ દીધું.

બાદશાહનો આશય એ જ હતો કે મલિક હવે કોઈ પણ ભળતા માણસને પકડીને હાજર કરી દે. નગરશેઠને ગુનેગાર ઠેરવી દેતા જવાબો તેણે આપવાના. બાકી આગળ-પાછળનું બધું સંભાળી લેવાય. પડશે તેવા દેવાશે.

મલિક બાદશાહના આશયને ઓળખી કોઈક તેવા માણસને પકડવા ગયો હતો. શું જવાબ આપવાના તે ઝડપથી સમજાવવાનું પણ હતું.

મલિક ઓરડામાંથી બહાર નીકળી જેવો પોતાના ઉતારા તરફ ગયો કે સામેથી જ 'બરહાન'ને આવતો જોયો. (વાચકો બરહાનને ભૂલ્યા તો નહીં જ હોય !) મલિકને તે જ વધાવી લેવા જેવો લાગ્યો. ઝટપટ બરહાનને

સાઈડમાં લઈ જઈ સમજાવ્યું કે જો આપણા માથે ભયંકર આફત આવી છે. હમણાં આ વાણિયાના શેઠ પાસે તને લઈ જઉં છું. તું તેમનો માણસ છે, ગુનેગાર છે. એમની યોજનાથી ગયા પરમ દિવસની રાતે તું રાજમહેલમાં બાદશાહનું ખૂન કરવા ઘૂસ્યો હતો. ખૂન કરવામાં નિષ્ફળતા મળી. એટલે ઉદ્યાનને સળગાવી કપડવંજ તરફ ભાગી છૂટ્યો....

બરહાનને પણ બધી વિગતો ધ્યાનમાં જ હતી. સમજી ગયો કે જે ભાગી છૂટેલો માણસ છે તેનો 'રોલ' મારે ભજવવાનો છે.

બીજી કેટલીક વાતો સંક્ષેપમાં કહી મલિકે કહ્યું - 'બીજી ચિંતા ન કરતો. અમે બધાં તારા પડખે જ છીએ. તને ઊની આંચ પણ નથી આવવાની. કિંતુ છાતી મજબૂત રાખજે. નિર્ભીક રીતે જવાબ આપજે. બહુ સંક્ષેપમાં જ બધી વાત પતાવી દેજે.'

બરહાનના સ્વભાવની વિરુદ્ધનું કામ આવી પડ્યું હતું. તેની છાતી ધ્રૂજતી હતી. પણ, મલિક એ રીતે વાત કરી રહ્યો હતો કે હવે ઝાઝી ચર્ચાનો અવકાશ જ ન હતો. તે મલિક સાથે બાદશાહના ખંડ તરફ અગ્રેસર થયો.

મલિક પણ આ જુગારથી વ્યથિત હતો. કારણ કે પાસા પોબાર પડે તો ગંગા નાહ્યા ! બાકી બહુ ભૂંડી હાલત થાય તેમ હતી. બાદશાહ આવું મોટું જોખમ કેમ ખેડે છે ?... તે જ તેને ન સમજાયું.

જો કે નગરશેઠે કરેલ ઘાનો આનાથી વધુ સણસણતો જવાબ ન હોય - તે મલિકને સમજાતું હતું. પણ, તેનું હૃદય ભય અને મૂંઝવણથી ફાટ -ફાટ થતું હતું. આખરે બન્નેએ ખંડમાં પ્રવેશ કર્યો..

ખંડમાં પ્રવેશતા જ મલિકની નજર સીધી નગરશેઠ સાથે ટકરાઈ. મલિક શેહ ખાઈ ગયો. મલિકની સાથેના માણસને નગરશેઠ જોતા જ ઓળખી ગયા - 'ઓહ ! આ તો મલિકનો જ માણસ બરહાન છે. વાહ ! મઝા આવશે !' શેઠના મનમાં વિકલ્પ ઉઠ્યો. મલિક બાદશાહ પાસે આવી કુરનીશ બજાવી બોલ્યો - 'બાદશાહ ! આપની સેવામાં ગુનેગાર હાજર છે. તે પોતાનો ગુનો કબૂલી લેવા તૈયાર છે. ફક્ત આપના તરફથી 'અભય'ની અપેક્ષા રાખે છે.'

બાદશાહે કહ્યું - 'બોલ ! મારા તરફથી કોઈ ભય ન રાખીશ. જો

બધી જ સાચી વિગત જણાવી દઈશ તો તારા અક્ષમ્ય ગુનાને પણ હું ક્ષમ્ય ગણીશ. આ રાજ્યનું મહાજન અહીં હાજર છે, એમને સત્ય વાત જણાવી દે...'

બરહાને વાત શરૂ કરી - 'હું નગરશેઠનો માણસ છું. નગરશેઠે ભળાવેલા ઘણા કામો મેં સાંગોપાંગ પાર પાડ્યા છે. લગભગ રાજમહેલમાં જાસૂસી કરવાના કાર્યો મને મળતા. બે દિવસ પહેલા મને મોટું કાર્ય ભળાવ્યું.. બાદશાહના ખૂનનું !! હું તો સ્તબ્ધ થઈ ગયો !

છતાં પૈસાની બહુ લાલચો આપી મને માંડમાંડ પટાવ્યો. મારું આખી જિંદગીનું દળદર ફીટી જાય તેમ હતું એટલે મેં જેમ તેમ હા પાડી !

મને બધી યોજના સમજાવી રાજમહેલમાં મોકલ્યો. પણ, બાદશાહનું ખૂન કરવાનો તો મારો જીવ ન ચાલ્યો. એટલે ઉદ્યાનમાં આગ લગાવી ભાગી છૂટ્યો. સેનાપતિએ મારો પીછો પકડ્યો.

સેનાપતિ સાથે હાથોહાથની લડાઈમાં મેં સેનાપતિને ભારે ઘાયલ કર્યા. છતાં અંતે પકડાઈ ગયો. અને તમારી સામે હું ઊભો છું.'

'તું ક્યારે અહીં આવ્યો ?' નગરશેઠે તરત જ ઊલટતપાસ લેવાની ચાલુ કરી દીધી.

'ગઈકાલે મોડી રાતે....'

'મૂળ ક્યાંનો ? આરબમાંથી આવ્યો કે અહીંનો જ છે ?'

'આરબદેશથી આવ્યો છું.'

'માતા-પિતા જીવે છે ?'

'મા જીવે છે. પિતાજી હયાત નથી.'

'મા બિમાર છે ?'

'હા ! સાજી-માંદી રહે છે !'

'દવા-દારુની ખેંચ રહે છે ?'

'ના, બધું બરાબર ચાલે છે.'

'બીજો તારો પરિવાર છે ?'

'હા, ઘરે પત્ની છે, પુત્ર છે.'

'બધાં ક્યાં રહે છે ? અહીં કે કપડવંજ ?'

'કપડવંજ.'

'તું અહીં આવે ત્યારે તેમની યાદ ન આવે ?'

'આવે ને ? પણ પેટ ભરવા, કામ કરવા તો અહીં આવવું જ પડવાનું ને ?'

'શું નામ તારું ?'

'બરહાન !'

'હા તો બરહાન ! તું અહીં હો ત્યારે તારી બીબીને તારા પરિવારને તારી યાદ નહીં સતાવતી હોય ?'

'સતાવે ને ! પણ તે શું કરે ? પેટ તો સહુએ ભરવાનું જ છે ને !'

'ઘરે શું એટલી બધી પૈસાની તકલીફ છે કે અહીં અમદાવાદ આવવું પડે ?'

'ના, પૈસાની તકલીફ તો નથી.'

'મલિકને ત્યાં તું આટલા વર્ષોથી નોકરી કરે છે, એ તને સાચવે છે તો પછી કેમ લાંબો-પહોળો થાય છે ?'

'હું ક્યાં લાંબો-પહોળો થાઉં છું ?'

'તારી દીકરી તને વ્હાલી નથી ?'

'છે ને !'

'તો પછી આવા જોખમી કામમાં કેમ હાથ નાંખ્યો ? શા માટે મલિકની જોડે આવ્યો ? ત્યાં જ રોકાઈ જવું હતું ને ?'

'પણ મલિકનો આગ્રહ હતો...'

'શું આગ્રહ હતો ?'

'કંઈ નહીં..' બરહાને બાફી નાંખ્યું હતું. શેઠે તરત જ વધાર કરતા પ્રતાપી સ્વરે કહ્યું કે –

'મહાજનના માન્ય મોભીઓ ! તમે સાંભળી શક્યા છો કે આ માણસ એ મારો માણસ નથી. પણ મલિકનો માણસ છે. મલિકની સાથે જ તે અહીં આવ્યો છે. તેની તો ઈચ્છા ન હતી. મલિક પરાણે તેને અહીં લઈ આવ્યો છે. (આ વાત વિનાયક પાસેથી નગરશેઠને જાણવા મળેલી.) અહીંથી બહાર નીકળતા બરહાન મળ્યો અને તેની પાસે ગોખણપટ્ટી કરાવી અહીં લઈ આવ્યો.

હકીકતે જે માણસ તારાજી ફેલાવી ગયો છે તે આપણા આખા સૈન્યને હંફાવી ગયો છે. જંગલમાં ભીલો સાથે આપણા સૈન્યને ટકરાવ થઈ ગયો. તેમાં આપણા સૈન્યે ભારે ખુવારી વેઠી. છતાં તે માણસ તો ન જ ઝડપાયો. આપણા સેનાપતિજી પણ તે માણસના હાથે ઘાયલ થયા છે. અથવા યમશરણ થયા છે. તેમનો કોઈ અતોપતો નથી. એ માણસ કપડવંજ પાસેની આપણી છેલ્લી ચોકીને વટાવી કપડવંજ ભાગી ગયો છે કે પછી બીજી કોઈ જગ્યાએ પહોંચી ગયો છે. જુઓ, આ સૈનિક હમણાં એ જ સમાચાર કહેવા આવ્યા છે. (એક સૈનિક તરફ ફરીને કહ્યું) - કેમ બોલ ! સાચી વાત ને ?'

'હા જી !' સૈનિક બોલી બેઠો !

'પત્યું ! ઊઠો શ્રેષ્ઠીઓ ! અહીં ન્યાયનું અને સત્યનું સરેઆમ ખૂન થાય છે. હવે આપણું અહીં કશું કાર્ય નથી. કુદરત જ આનો ન્યાય તોળશે.

આપણે તો બાદશાહના વડીલના સ્થાને છીએ. એમનું કલ્યાણ થાય - તેમ ઈચ્છીએ. બાકી, જો બાદશાહ આ આત્મઘાતી પંથથી પાછો નહીં વળે તો વિનિપાત દૂર નહીં હોય !... બાદશાહ તરફ ફરીને -

'બાદશાહ સલામત ! ન્યાય સાથે ચેડાં ન કરો. સાન ઠેકાણે રાખો. આંખ-પગ ફક્ત આપની પાસે જ નથી. અમારી પાસે પણ છે. મહાજનને નીચું આંકતા નહીં. મહાજન પ્રજાના કલ્યાણના રસ્તાને પિછાણે છે. સદ્‌બુદ્ધિ આવે તો મને યાદ કરજો...' અને નગરશેઠ ખંડ છોડી સડસડાટ ચાલી નીકળ્યા...

✺



મલિક રવાના થાય છે...

જરૂરી સંદેશો સ્પષ્ટ અને વેધક શબ્દોમાં આપી નગરશેઠ તરત જ બહાર નીકળી ગયા. તેમની પાછળ આખું મહાજન પણ ઊઠીને ખંડ છોડી ગયું. નગરશેઠે મચાવી દીધેલો સન્નાટો જાણે સહુને સમ્મોહનમાં જકડી રાખતો હતો.

નગરશેઠની વિદાય પછી બાદશાહ-મલિક કંઈક સ્વસ્થ થયા. કઈ રીતે નગરશેઠ પોતાની વાત સાબિત કરી વિદાય થઈ ગયા ? તે જ બરાબર સમજાતું ન હતું. વીજળીક ઝડપે આખી ઘટના ઘટી ગઈ હતી.

નગરશેઠે કોઈ જાદુઈ વિદ્યા ન હતી અજમાવી. કિંતુ સત્ય વાત બહાર કઢાવવા માટેનો મનોવૈજ્ઞાનિક તરીકો જ અપનાવ્યો હતો. નગરશેઠે બરહાનને તે ઘટના અંગેના કોઈ પ્રશ્નો ન પૂછ્યા, જે ઘટના અંગેના જવાબો તેણે મનોમન તૈયાર કરી રાખ્યા હતા.

પરંતુ સાવ ભળતા જ અને જેના જવાબો સાચા આપવામાં કોઈ બાધ ન હોય તેવા સાદા જ પ્રશ્નો પૂછ્યા... ખૂબ ઝડપથી પૂછાતા સીધા પ્રશ્નોએ સાચું બોલવામાં કોઈ બાધ નથી તેવો ભાવ મનોમન દૃઢ કરાવ્યો.

સતત સાચા જવાબો, તે પણ ખૂબ ઝડપથી સાચા જવાબો આપ્યા પછી અચાનક કો'ક પ્રશ્નનો અસત્ય ઉત્તર આપવો એ ભલભલા જૂઠાંબોલાઓને

પણ આકરું પડી જાય. આ તો બરહાન હતો. તે કેવી રીતે ઝીંક ઝીલી શકવાનો હતો ?

મલિક સાથે પરાણે આવવું પડ્યું હતું - તેનો ખેદ તો તેના મનમાં હતો જ. પરિણામે સત્ય મોઢામાંથી બહાર આવી ગયું. નાનકડા એક વાકયમાંથી આખી કથા શેઠે બનાવી સહુને સ્તબ્ધ કરી મૂક્યા. વાત સત્ય હતી. સત્યનો પણ એક ભાર હોય છે. સત્ય બહાર આવતા જ સહુ મૂક થઈ ગયા. નગરશેઠે વાતચીત જ એ ઢબની અને એ ઝડપથી ઉપાડી હતી કે સહુ તેમાં જ તન્મય થઈ ગયા.

આ વાતાવરણના પ્રભાવ હેઠળ જ પેલો સૈનિક પણ સત્ય બોલી બેઠો. શેઠે એ પ્રભાવથી પ્રશ્ન પૂછ્યો હતો કે ત્યારે અસત્ય બોલવું એ રાંક સૈનિક માટે શક્ય જ ન હતું રહ્યું. આ સૈનિક પાસે આ સમાચાર છે - તે વાત રાજમહેલમાં પ્રવેશતી વખતે જ નગરશેઠના ધ્યાનમાં આવી હતી.

રાજમહેલમાં નગરશેઠનો જે માણસ હતો તે બાદશાહ અને સૈનિકની વાતને સાંભળી ચૂક્યો હતો. અત્યારે નગરશેઠ મહાજન સાથે મળવા આવવાના છે તે વાતની પણ તેને ખબર હતી. એટલે જેવો નગરશેઠને આવવાનો સમય થયો કે તે ત્યાંથી સરકી રાજમહેલના પ્રવેશદ્વાર પાસે પહોંચી ગયો.

શેઠને બાજુમાં લઈ જઈ ખૂબ ઓછા શબ્દમાં આખી માહિતી આપી દીધી. મુદ્દા ઉપરથી વાર્તા બનાવવામાં નગરશેઠ માહિર હતા. થોડી જ વિગતો ઉપરથી આખી બિના નગરશેઠના ધ્યાનમાં આવી ગઈ. અને એ વિગતનો નગરશેઠે ધાર્યો ઉપયોગ કરી જાણ્યો.

નગરશેઠ સમજી ગયા હતા કે ભલે મેં મારી વાત સિદ્ધ કરી બતાવી. પણ, હજુ વધારે સમય જો અહીં રોકાયો, ચર્ચા કરવા બેઠો તો આ બાદશાહ ગમે તેમ કરી મને જેલમાં ધકેલી જ દેશે. અત્યારે એ સત્તાધીશ છે. મારા મહેલમાં એ મને અડતા લાખ વિચાર કરશે. તથા અમુક વાતો તો જ ઘેરી અસર કરે કે જો તેની આજુબાજુ સ્તબ્ધતાનું સામ્રાજ્ય છવાયેલું હોય. એટલે જ વધુ તર્કો કે દલીલો કર્યા વગર ખંડ છોડી નગરશેઠ સ્તબ્ધતા સર્જી શક્યા.

સહુની હાલત દિગ્મૂઢ કરતા સારી ન હતી. બાદશાહ પણ પળ - બે પળ વિચારવશ હાલતમાં એમ ને એમ બેઠો રહ્યો. થોડી વાર બાદ મલિકે

જ શાંતિનો ભંગ કરતા કહ્યું - 'બાદશાહ ! આ વાણિયાઓ બહુ ફાટ્યા છે. હવે એમને સતાવવા કરતા સૌ પ્રથમ એમના આચાર્ય મહારાજને જ આપણે પકડી લઈએ. એટલે સરળતાથી બધું ઠેકાણે પડી જશે. આ જે ઊંચે અવાજે બક-બક કરે છે, તેની જગ્યાએ મિંયાઉંની મીંદડી થઈ જશે...'

'મલિક ! અત્યારે સેનાપતિ ગાયબ થઈ ગયા છે. તે મોટો પ્રશ્ન છે. સેનાપતિનો પતો નહીં લાગે તો બબાલ થઈ જશે. સેના ઉપર કાબૂ પણ કોનો રહેશે ? અરાજકતા ફેલાઈ જશે. આ વાણિયાઓ હવે આખા નગરમાં આ બધી વાતો ફેલાવશે. પરિણામે આપણી જ ઈજ્જત જશે. સૈન્યની નજરમાં અને નગરની જનતામાં આપણે નીચા ઊતરી જઈશું. બળવો થવા માટે તો આટલું પૂરતું છે...' બાદશાહ માયૂસીભર્યા અવાજે બોલી ગયો.

'બાદશાહ ! આપની સત્તાને ઊની આંચ આપવાની તાકાત ધરાવનારો હજુ આ પૃથ્વી ઉપર જન્મ્યો નથી. સૈન્યને હું મારા કાબૂમાં લઈ લઉં છું. હજુ ઘણા સૈનિકો મને ઓળખે છે. મારા માટે માન ધરાવે છે. સેનાપતિજી પરરાજ્યના હુમલાને ખાળવા માટે ગયેલા. વચ્ચે ભીલોએ ઉપદ્રવ કરતા તેમની સાથે લડાઈ ખેલી. તેમાં ક્યાંક જંગલમાં સેનાપતિજી ફસાયા છે. તેમને શોધવા માટે આખા લશ્કરને કામે લગાડી દઉં. થોડા લશ્કરને સરહદો સાચવવા રવાના કરી દઉં. રાજધાનીમાં ખૂબ વફાદાર અને મર્યાદિત લશ્કર જ રાખશું.

હાલ બીજા કોઈના આક્રમણનો તો ભય છે નહીં. જો લશ્કર તપાસ કરે અને સેનાપતિજી મળી જાય તો ખૂબ ઉત્તમ ! બાકી કપડવંજમાં છૂપાયેલા એના હત્યારાને શોધી કાઢવો મોટું કામ નથી. એ માટેના મારા ખાસ રસ્તાઓ અને સાધનો છે. પછી નગરશેઠ અને દોશી આણંદજી શેઠ બધાં ગુનામાં ફસાઈ જશે.

સૌપ્રથમ આ બધાંની મૂળ તાકાત ઢીલી કરવા આચાર્ય મહારાજ ઉપર આપણો કબજો આવી જવો જોઈએ. બાકી આ વાણિયાઓ લોકોને ઉશ્કેરી, સામ-દામ-દંડ-ભેદનો ઉપયોગ કરી ગમે તે પ્રકારે છટકી જશે. આચાર્ય ભગવંત પકડાતા જ તેઓના હોશ-હવાસ ઉડી જશે...'

'તારી વાત તો બરાબર છે. પણ, અહીં લોકો મારો જીવ ખાઈ જશે. આ મહાજન આખી નગરીને ઉપરતળે કરી નાંખશે..'

'એવું લાગે તો હું અહીંથી રવાના થઉં ત્યાર બાદ આપ પણ મારી પાછળ-પાછળ ખેટકપંથકમાં (આજનો ખેડા જિલ્લો) ઉતરી જજો. મને મળેલા સમાચાર મુજબ આચાર્ય મહારાજ કપડવંજથી ખંભાત જવા વિહાર કરી ગયા છે. એટલે ખેટકપંથકમાં જ મારો તેમની સાથે ભેટો થશે.

હું આચાર્ય મહારાજની નજીક સરકું એટલે આપ થોડા દૂર હટી ચાંપાનેરના આપણા કિલ્લામાં આશ્રય લઈ લેજો. આપણું વફાદાર સૈન્ય અમદાવાદને પડવા નહીં દે. લશ્કરના હાથમાં સત્તા જોતા જ પ્રજાજનો બળવો કરવાનું વિચારશે પણ નહીં. મહાજનને પણ લોહી રેડાય તે પસંદ ન જ હોય. માટે એ આપના ઉપર જ દબાણ લાવવાની કોશિશ કરશે.

પરંતુ, આપ તો ચાંપાનેર બેઠા હશો. ત્યાં સુધી કોણ લાંબું થવાનું હતું ? બધો મામલો થાળે પડે એટલે પાછા અમદાવાદ ! ખાશું, પીશું ને રાજ કરશું ! લોકો પણ બનવાકાળ બની ગયાનું સમજી મન મનાવી જ લેશે.

આપ નિશ્ચિંત બની મને આજે સાંજે કપડવંજ જવા રજા આપો. હું રવાના થાઉં પછી ત્રણ-ચાર દિવસે આપને નીકળવું હોય તો નીકળજો.

અત્યારે બીજું એક મહત્ત્વનું કામ આપણે એ કરીએ કે પરરાજ્યના આક્રમણનો ભય હોવાથી સરહદની તપાસ કરવા આપ જઈ રહ્યા છો. તેવી વાત ફેલાવી દઈએ. મહાજન અને બાદશાહ વચ્ચે ખટરાગ થયો છે, મહાજનના મોભી નગરશેઠ મોટા રાજદ્રોહી ષડયંત્રમાં ફસાયેલા છે - આવી વાતો પણ આપણા માણસો દ્વારા ચૌરે ને ચૌટે ફેલાવીએ.

એ લોકોને જે વાત ફેલાવવી હોય એ ફેલાવે. આપણે આ વાત ફેલાવીએ. જોઈએ - લોકોને કઈ વાતમાં રસ પડે છે. ટૂંકમાં, બાદશાહ સલામત ! મારું તાત્પર્ય એટલું જ છે કે - લડાઈ છેડાઈ ગઈ છે. રણભેરી વાગી ગઈ છે. હવે યુદ્ધમેદાન છોડવામાં નાનમ છે, નાલેશી છે. યુદ્ધ આપણે ખેલશું જ અને તેમાં વિજય પણ મેળવશું જ. આ સેવક ઉપર ભરોસો રાખો.'

મલિકની વાતોએ ફરીથી બાદશાહને આકર્ષ્યો. ફરી બાદશાહને ધૂન ચડી. મલિકની બધી વાતો અમલમાં મૂકવામાં બાદશાહને કોઈ વાંધા જેવું લાગતું ન હતું.

બાદશાહે કહ્યું - તું આજે સાંજે કપડવંજ તરફ જવા નીકળ. તારી સાથે લશ્કરનો કેટલોક ભાગ રાખજે. સેનાપતિની તપાસ કરવાનું લશ્કરને હું ફરમાન કરી દઉં છું. બીજી વ્યવસ્થા સેનાપતિ પછીના આપણા સરદારને મળી કરી દઉં છું. તે આપણા વફાદાર છે. માટે બીજો કોઈ પ્રશ્ન નથી. સંદેશાવ્યવહાર વગેરે માટે આખી એક સાંકળ ઊભી કરવી પડશે.

ઘણી વ્યવસ્થા કરવી પડશે. હું અમદાવાદ છોડી શકું તેવી તો હાલ મારી પરિસ્થિતિ જણાતી નથી. છતાં પછી વિચારશું... અત્યારે તો તું કપડવંજ જવા રવાના થા. પછી આચાર્ય ભગવંતને પકડવા કે નહીં તેનો સંદેશો હું તને મોકલીશ. અત્યારે કશું નક્કી નથી. એમને એમ આચાર્યને પકડતો નહીં.'

'જી' કહી કુરનીશ બજાવી મલિક રવાના થઈ ગયો. છેલ્લા બે વાક્યો ફક્ત સાંભળવાના હતા, તેને અમલમાં ન હતા મૂકવાના તે વાત બાદશાહના ઈશારા ઉપરથી અને 'ટોન' ઉપરથી મલિક સમજી ગયો હતો.

થયું એવું કે - બાદશાહ મલિક સાથે વાત કરી રહ્યો હતો ત્યાં અચાનક જ બાદશાહના મનમાં ઝબકારો થયો કે અહીં ચાલી રહેલી વાતચીત ખંડની બહાર રહેનારો પણ આછી-પાતળી સાંભળી શકતો. એટલે તરત જ સાંભળનારને ઊંધા માર્ગે ચડાવનાર છેલ્લા બે વાક્યો બાદશાહ બોલી ગયો. પણ, મલિકને ઈશારાથી આ વાત સમજાવી દીધેલી.

ખરેખર નગરશેઠનો માણસ મલિક-બાદશાહની વાતચીતના શબ્દો પકડવા તે ખંડની બહાર જ આંટા મારતો હતો. પણ, કોઈને શંકા ન પડે તે રીતે વાતચીતના શબ્દો પકડવામાં તેને બહુ તકલીફ પડતી હતી. સળંગ વાક્યો તો સંભળાતા જ ન હતા. છૂટ..પૂટ.. શબ્દો કાને પડતા હતા.

તેના આધારે તે એટલું સમજી ગયો કે મલિક બાદશાહને આચાર્ય મહારાજને પકડી લાવવાનું કહેતો હતો. પણ, બાદશાહે તેને કપડવંજ જવાનું કહ્યું - આટલા સમાચાર તે યથાવકાશ યથાશીઘ્ર નગરશેઠને પહોંચાડી પણ આવવાનો હતો.

મલિક ખંડની બહાર નીકળ્યો કે સામે જ નગરશેઠનો માણસ તેને મળ્યો. નગરશેઠનો માણસ સહેજ પણ વિચલિત થયા વિના અભિવાદન કરી વિદાય થઈ ગયો. મલિક પણ પોતાના વિચારોમાં અટવાયેલો હતો. બરહાન પણ

તેની પાછળ-પાછળ જ ઢસડાતો ચાલતો હતો.

બરહાનની દશા ખરેખર દયા ઉપજાવે તેવી હતી. પોતે ક્યાં થાપ ખાઈ ગયો - તે જ તેને સમજાતું ન હતું. એક વાત તેના મનમાં દૃઢ થતી જતી હતી - આ વાણિયાઓ બહુ ભયંકર હોય છે. એમની સામે પડવામાં મજા નથી...

મલિક ઉતારે પહોંચી તરત બધું સમેટવા લાગ્યો. સાંજ તો થવા આવી હતી. તૈયારી ઘણી બાકી હતી. નીકળતા-નીકળતા મોડી રાત થઈ જાય તેમ હતી. ગમે તેટલું મોડું થાય - છતાં આજે જ નીકળી જવાનું મલિકે નક્કી કરી રાખ્યું હતું. લશ્કરને ભેગું કરવાનું હતું. સંદેશાવ્યવહારની વ્યવસ્થા ગોઠવવાની હતી. માણસો તપાસવાના હતા. ગઈ રાતે જે માણસો નક્કી કર્યા હતા તે તો આવી ગયા હતા. કારણ કે આજે સાંજે તેમને આવવાનું મલિકે કહ્યું હતું.

રાત સુધી મલિક તૈયારી કરતો રહ્યો. વચ્ચે જરૂરત પડે એક વાર બાદશાહને પણ મળી આવ્યો. કઈ રીતે પોતે સંદેશો મોકલશે તે જણાવી દીધું. પોતાની યોજનામાં જે ફેરફાર કરેલા તે પણ જણાવી દીધા. પોતાની આ યોજનાના જે ખાસ માણસો હતા તેનો સીધો બાદશાહ સાથે પરિચય કરાવી દીધો. બાદશાહે સહુને પોરસ ચડાવ્યું. મલિક કહે તેમ કરવા ફરમાવ્યું.

અમુક ખાસ માણસોને રાજમુદ્રા પણ અર્પણ કરી. જે લઈને ગમે ત્યારે બાદશાહને મળી શકાતું હતું. તથા કટોકટીના સમયે તે મુદ્રા બતાવતા કોઈ પણ અમલદાર વગેરે હેરાન કરી શકતું ન હતું. તે રાજમુદ્રા ધારણ કરનારને માન સાથે છોડી જ દેવા પડે. આમ બધું બરાબર ગોઠવાતું હતું.


બાદશાહ ગમામાં અને ગમમાં, સુખ-દુઃખમાં ઝોલા ખાતો હતો. મલિકની યોજના વિચારણા હેઠળ તો ખૂબ સુંદર જણાતી હતી. પણ, અમલમાં મૂકતા કેવું કામ આપશે ? પોતાના સિંહાસનનો પ્રશ્ન પણ સંડોવાયેલો હતો. અંદરોઅંદર જો કંઈ વિદ્રોહ જેવું દેખાય - તેવી સહેજ પણ ગંધ આવે તો પરરાજ્યનો બાદશાહ ચડાઈ લઈને આવ્યો સમજો. છેક દિલ્લીથી હુમલાના ભણકારા વાગતા હતા...

પરિસ્થિતિ વિકટ હતી. છતાં મલિકનો આત્મવિશ્વાસથી છલકાતો ઉત્સાહ જોઈ બાદશાહ મૌનપણે તેની કામગીરી જોઈ રહ્યો હતો. અવસરે પોરસ પણ ચડાવતો હતો. આખરે વિદાયની પળ આવી ગઈ. બધી તૈયારી

થઈ ગયા બાદ લગભગ મોડી રાતે, રાત્રિના બીજા પહોરની મધ્યમાં મલિક આવ્યો. બાદશાહને નિદ્રા આવતી હતી છતાં મલિકને વિદાય આપવા તે જાગતો બેઠો. આખું નગર સૂઈ ગયું હતું. બધાં જંપી ગયા હતા.

પરંતુ, મલિકને જંપ ન હતો. તે અજંપામાં હતો. પોતાના નિશ્ચયને પાર પાડવા કૃતનિશ્ચયી હતો. બાદશાહે આશીર્વાદ આપી પોરસ ચડાવી મલિકને વિદાય આપી. ભરરાત્રિએ મલિક કપડવંજની દિશામાં નીકળ્યો. રાત્રિની શાંતિને ચીરતો ઘોડાના ડાબલાઓનો અવાજ લોકોમાં કુતૂહલ પેદા કરાવતો રહ્યો.. આખરે પેટાળમાં સળગતો અગ્નિ બહાર આવી ગયો હતો. હવે ખુલ્લા મેદાનમાં લડાઈ ખેલવાની થતી હતી... આચાર્ય મહારાજ ઉપરની આપત્તિ અંતિમ તબક્કામાં આવી ચૂકી હતી.

જો અત્યારે શેરખાન મલિકને મળી ગયો હોત તો આખી યોજનાનું રહસ્ય તેને સાંપડી જાત. પણ, શેરખાન વિનાયકની રાહ જોવામાં એક રાત્રિ કપડવંજ રોકાઈ ગયો એટલે થોડોક જ છેટો રહી ગયો. હવે તે કાલે મલિકને મળશે. છતાં યોજનાનું રહસ્ય હાથ નહીં લાગે. બધાં અંધારામાં જ અથડાશે, છેલ્લે મલિક ફાવી જશે. નિયતિએ પોતાનો પાસો ફેંકી દીધો. થોડી પળો માટે થઈ ગયેલો વિલંબ ભારે નુકસાનકર્તા સાબિત થવાનો હતો જે ભવિષ્ય બતાવશે.



હવે આગળનો મલિકનો પ્રવાસમાર્ગ - આચાર્ય મહારાજનો વિહારમાર્ગ વગેરેને સમજવા આટલો નકશો મગજમાં ધારી રાખજો. આના ઉપરથી જ આગળની મલિક વગેરેની વ્યૂહરચના સમજી શકાશે...

જે ઈતિહાસમાંથી આ કથાનું મૌક્તિક શોધવામાં આવ્યું છે તે ઈતિહાસમાં આ કથા સાથે સંકળાયેલા કેટલાંક ગામના નામો પણ નોંધાયેલા છે. જેમાં સોજિત્રા, ખંભાત, ચૂણેલ જેવા નામોનો સમાવેશ થાય છે. આ કથા સાથે તેનું સંલગ્નપણું વિચારતા નકશાકીય માહિતી અનિવાર્ય હતી. અમદાવાદથી કપડવંજ જવાનો રાજમાર્ગ વાયા કુહા, બારમુવાડા, કઠલાલ થઈ પસાર થતો હતો. તે જોઈ શકાય છે. વચ્ચે જંગલરસ્તે સીધું પણ અમદાવાદ જઈ શકાય છે. અતિ કટોકટી સિવાય કોઈ તે રસ્તે જવાનું પસંદ ન કરતું.

કપડવંજથી ખંભાત જવાનો રસ્તો આંતરોલી, કઠલાલ, મહુધા, નડીયાદ, ચૂણેલ, સોજિત્રા, તારાપુર વગેરે ગામોમાંથી પસાર થાય છે. તેમાં આંતરોલી અને કઠલાલ આ બે ગામો અમદાવાદના રાજમાર્ગ ઉપરના હતા. અમદાવાદનો રાજમાર્ગ પથિકોની અવરજવરથી હંમેશા ધબકતો રહેતો.

અમદાવાદના રસ્તે આગળ વધતાં સંપર્ક ઝડપથી - સરળતાથી થઈ શકે તેમ હોવાથી, દોશી આણંદજી શેઠ પોતાના માટે વિશેષ તકલીફ ન ઉઠાવે તે માટે તેમને બેખબર રાખવા આચાર્ય ભગવંતે કઠલાલનો રસ્તો છોડી દીધો હતો.

આચાર્ય ભગવંતે ચિખલોડ, દહીંયપ, લાડવેલ વાળો રસ્તો સ્વીકાર્યો હતો. આગળ તકલીફ ન હોય તો મહુધા પાસે મૂળ ખંભાતના રસ્તે ચડી નડીયાદના રસ્તે આગળ વધવા ધારણા હતી... પણ એ ધારણા સફળ થવાની કે નહીં ? તે ભાવિના ગર્ભમાં ધરબાયેલું હતું.

અમદાવાદથી ખંભાત જવાનો સીધો રસ્તો જેઠાપુર, બારેજા, માતર, લિંબાસી થઈને પસાર થતો હતો. નગરશેઠે આ દરેક ગામે પોતાના ઓળખીતા માણસોની વ્યવસ્થા કરી હતી. કારણ કે આચાર્ય ભગવંત ખંભાત પધારવાના હોવાથી મલિક આ રસ્તો સ્વીકારે તેવી વકી હતી.

નાંદેજ, ખાતરજ થઈ નડીયાદ પહોંચતા કપડવંજથી ખંભાતના રસ્તા

સાથે મળી જવાતું હતું. એટલે આ ગામોમાં પણ ઓળખીતા માણસો નગરશેઠે ગોઠવવાનું શરૂ કરી દીધું હતું.. આ બધે વ્યવસ્થા થઈ ગઈ હતી કે થવામાં હતી. નગરશેઠે પોતાની રીતે તૈયારીઓ આરંભી જ દીધી હતી.

જ્યારે મલિક આચાર્ય ભગવંતને પકડવા અધીર હતો. કુહા સુધી તો તે કપડવંજના રસ્તે જ આગળ વધવા માંગતો હતો. પછી પોતાના માણસો દ્વારા આચાર્ય મહારાજના જે સમાચાર મળે તે મુજબ પોતાનો આગળનો માર્ગ તે આંકવાનો હતો. જો કે તેની યોજના મુજબ તેણે પોતાને તો ફક્ત રમત જ કરવાની હતી.. કામ કશું જ કરવાનું ન હતું..

મલિક કુહાથી સીધો ખાતરજ તરફ પણ ઉતરી શકે તેમ હતો જંગલ રસ્તે ! તે તો સૈન્યની એક મોટી ટુકડી સાથે રાખી નીકળ્યો હતો. પડાવની-ખાણી-પીણીની બધી વ્યવસ્થા તેની સાથે હતી. માટે તેણે બીજી કોઈ ચિંતા કરવાની ન હતી.

અમદાવાદથી ચાંપાનેર જવા માટે જે રસ્તો લેવાનો થતો હતો તે રસ્તો પણ આ બધાં ગામોમાંથી જ પસાર થતો હતો. જો બાદશાહ ચાંપાનેર જવા નીકળે તો તેણે પણ આ રંગભૂમિમાંથી જ પસાર થવાનું હતું.

આ યુદ્ધમાં સંડોવાયેલા દરેકે પોતાની રીતે તૈયારી આરંભી દીધી હતી. કોણ ત્વરિત ઘા કરી જાણે છે ? તેના ઉપર જ સફળતાનો આધાર હતો... અમદાવાદથી નીકળ્યા પછી સવાર સુધી મલિકે પ્રયાણ ચાલુ જ રાખ્યું...

પ્રાતઃકર્મ વગેરે કરવા માટે એક ગામ આવતા જ મલિકે પડાવ નાંખવાની આજ્ઞા કરી. મલિકને અત્યારે આગળ જવાની ઉતાવળ ન હતી. ઘણા માણસોની રાહ જોવાની હતી. પડાવ નંખાઈ ગયો...

પ્રાતઃકર્મ આટોપી મલિક પોતાની છાવણીમાં આડા પડખે પડ્યો હતો. ત્યાં જ એક માણસ આવીને કહી ગયો -

'સાહેબ ! શેરખાન આવ્યો છે'.. મલિક સફાળો બેઠો થઈ ગયો.

✺



શેરખાન મલિકને મળે છે...

અમદાવાદથી કપડવંજ તરફ મલિકે જ્યાં પહેલો પડાવ નાંખ્યો ત્યાં જ શેરખાનના આવવાના સમાચાર મળ્યા. શેઠ પાસેથી નીકળ્યા પછી શેરખાને પોતાનો પ્રવાસ ઉતાવળો જ આગળ ધપાવ્યો હતો. તે મલિકને વહેલામાં વહેલી તકે મળવા આતુર હતો. જેથી તેની કોઈ પણ હિલચાલ પોતાની નજર બહાર ન રહે. શેરખાન અને તેની સાથેના પાંચ-દસ સાથીદારો કઠલાલના રાજમાર્ગે જ અમદાવાદ તરફ આવવા રવાના થયા હતા. એક આખો દિવસ-એક રાત્રિ તથા બીજો પણ આખો દિવસ અને બીજી રાત મુસાફરી ખેડી તેઓ અમદાવાદની નજીક પહોંચ્યા.

શેરખાનને ધારણા હતી જ કે મલિક આચાર્ય ભગવંતને પકડવા રવાના થઈ ચૂક્યો હશે. એટલે અમદાવાદ નજીક આવતા જ તે બધે તપાસ કરતો હતો કે કોઈ ટુકડી અહીંથી પસાર થઈ છે કે નહીં ? પરંતુ ક્યાંય કશા વાવડ ન હતા. જે ચોકીઓ ગોઠવી હતી તે પણ લગભગ સમેટાઈ ગઈ હતી. પંછી ઉડી ગયા પછી પાંજરાનું શું કામ ?

શેરખાનની ટુકડી મોડી રાતે એક ગામે પહોંચી અને ત્યાં જ વિસામો કરવાનું નક્કી કર્યું. જોગ-સંજોગે એ ગામમાં જ મલિકે પણ પડાવ નાંખ્યો

હતો. પ્રાતઃકર્મ આટોપી શેરખાન ગામમાં ચક્કર લગાવવા નીકળ્યો. બધે સવારના પહોરમાં બાદશાહની-સેનાપતિની પંચરંગી વાતો ચાલતી હતી.

ત્યાં અચાનક એક માણસ આવી સમાચાર લાવ્યો - 'એ... જુવો... આપણા ગામની બહાર બાદશાહની સૈન્યની ટુકડીએ પડાવ નાંખ્યો છે, ક્યાંક જતા હોય તેવું લાગે છે..' બધા કુતૂહલથી તે સમાચાર લાવનાર માણસને ઘેરી વળ્યા અને જાતજાતના સવાલો પૂછવા લાગ્યા.

આ ટોળામાં શેરખાન પણ ભળી ગયો. સમાચાર લાવનાર ફક્ત બહારથી જ જોઈને આવી ગયો હતો. વિશેષ માહિતી તેની પાસે ન હતી. પણ, બાદશાહના સૈન્યની ટુકડીની વાત સાંભળી શેરખાનને શંકા તો પડી જ.

એટલે તેણે જાતે જ તપાસ કરવાનું નક્કી કર્યું. આ બાજુ મલિકના માણસો પણ ગામમાં લટાર મારવા, જરૂરી ચીજવસ્તુઓ ખરીદવા વગેરે માટે નીકળ્યા હતા. આ ટોળકીમાં શેરખાનનો ભાઈ નાસીર પણ સામેલ હતો.

શેરખાન મલિકની છાવણીના રસ્તે આગળ વધતો હતો. ત્યાં સામેથી નાસીર આવતો દેખાયો. શેરખાનને દૂરથી જ ખ્યાલ આવી ગયો કે સામે નાસીર આવી રહ્યો છે. નાસીર પણ શેરખાનને ઓળખી ગયો.

શેરખાન ઝડપથી આગળ વધીને નાસીરને ભેટી પડ્યો. નાસીર પણ પોતાના ભાઈને મળીને ખુશ થયો. તેણે તરત જ પૂછ્યું - 'તું અહીં ક્યાંથી ? કેમ ભાઈ ! આનંદમાં છે ? કાર્ય થઈ ગયું ?'

'હું કાર્ય પતાવી અમદાવાદ મલિક સાહેબને મળવા જ આવી રહ્યો હતો. અગત્યનું કામ હતું. પણ, તું અહીં કેમ આવી ચડ્યો ? અમદાવાદ મલિક સાહેબની જોડે નથી ?' શેરખાને તરત જ નાસીર અને મલિકની વિગતો જાણવા પ્રશ્નોના પ્રવાહની દિશા પલટાવી દીધી.

નાસીરને શેરખાનના પરાક્રમની તેના હૃદયપલટાની કશી જ ગંધ ન હતી. મલિકે કોઈને પણ આ વાત જણાવી ન હતી. પેલી વ્યક્તિને પણ તાકીદ કરી દીધી હતી કે - કોઈને પણ આ વાત બિલકુલ જણાવતો નહીં.

એ માણસને મલિકે અમદાવાદમાં જ રાખી મૂક્યો હતો. સાથે લીધો

ન હતો. માટે, શેરખાનની વિગતોની મલિક સિવાય તેના સાથીદારોમાં કોઈને પણ ખબર ન હતી. નાસીરે સરળતાથી જ વાત કરી કે –

તારું નસીબ જોર કરે છે. તું જેને મળવા જઈ રહ્યો છે તે તને અહીંયા જ મળી જશે. મલિક સાહેબ અહીં જ ગામ બહારના ઉદ્યાનમાં પડાવમાં છે. અમે બધાં સાથે જ છીએ. કપડવંજ તરફ જઈ રહ્યા છીએ.

કપડવંજ ગયા પછી થોડા માણસો ભેગા કરી આચાર્ય મહારાજને પકડવા જવાની ગણતરી છે. છેલ્લું વાક્ય એકદમ ધીમા સ્વરે કહી નાસીર અટકી ગયો. શેરખાને વાત આગળ ચલાવી –

'મારી સાથે આઠ-દસ માણસો છે. આપણે અહીંથી જ આચાર્ય મહારાજને પકડવા નીકળી જઈએ તો ! કપવડંજ તરફ જવાની જરૂરત શી છે ? આચાર્ય મહારાજ અત્યારે ક્યાં છે ?'

'આ બધું તું મલિક સાહેબને કહે, હું શું કરવાનો ? મને કશી જ ગતાગમ નથી. અત્યારે તો આખી રાતના ઉજાગરાથી મારી આંખો બળે છે. હાલ, પહેલા છાવણીએ તો પહોંચીએ...' સાથેના માણસને ઉદ્દેશીને –

'જા તું દોડતો જઈ મલિક સાહેબને સમાચાર આપી આવ, શેરખાન કપડવંજથી આવી ગયો છે. અમે આવી જ રહ્યા છીએ.'

માણસ તરત જ છાવણીની દિશામાં દોડી ગયો. નાસીર અને શેરખાન પણ તેની પાછળ ઉતાવળા પગલે છાવણી તરફ ચાલ્યા...

છાવણી બહુ દૂર ન હતી. રસ્તામાં નાસીરને શેરખાને પૂછ્યું કે 'કેમ આજે આખી રાતનો ઉજાગરો કર્યો ?'

'અમે તો રાતના બીજા પહોરમાં અમદાવાદથી નીકળ્યા. આમ તો સંધ્યા સમયે નીકળવાનું હતું. પણ મલિક સાહેબ બાદશાહને મળવામાં અને બીજી તૈયારીઓમાં બહુ વ્યસ્ત રહ્યા એટલે બહુ મોડું થઈ ગયું. પછી આખી રાત પ્રવાસ ચાલુ રાખ્યો. છેક સવારે અહીં આ ગામમાં અટક્યા. કદાચ બપોરનું ભોજન પણ અહીં નહીં હોય.. આગળ નીકળી જવાનું હશે.'

'પણ, એમ રાતોરાત નીકળવાની શી જરૂરત હતી ? બીજે દિવસે સવારે પણ નીકળાય ને, અત્યારે પણ આટલી ભાગદોડ શા માટે ?'

'અરે ! કપડવંજ જેટલું વહેલું પહોંચાય એટલા વહેલા આચાર્ય મહારાજને પકડવા નીકળી શકાય' - નાસીરે કહ્યું. પછી વિશેષ વાતચીત ન થઈ. કારણ કે છાવણી આવી ગઈ હતી.

નાસીર સૌ પ્રથમ શેરખાનને મલિકના પડાવ તરફ જ લઈ ગયો. શેરખાન ચારે બાજુ બારીકાઈથી નિરીક્ષણ કરી રહ્યો હતો. પાંચેક જેટલી રાવટીઓ તાણેલી હતી. સૈનિકોની સંખ્યા ૩૦-૩૫ થી ઓછી ન હતી લાગતી. કદાચ વધારે હોઈ શકે. સહુ પ્રાતઃકાર્યમાં અટવાયેલા હતા. પરોવાયેલા હતા. ઘોડા, શસ્ત્ર-સરંજામ વગેરે બધું જ પૂરતું દેખાતું હતું. મલિક સારી તૈયારી કરીને નીકળ્યો લાગતો હતો.

શેરખાન વિચારમાં પડી ગયો કે આટલી બધી તૈયારી સાથે મલિક નીકળ્યો છે એટલે નક્કી તે આચાર્ય મહારાજને પકડવા જ નીકળ્યો છે. હવે તે કપડવંજ જાય કે બીજે પણ વહેલો મોડો આચાર્ય મહારાજની દિશામાં જવાનો તે નક્કી ! માટે પોતાની કામગીરી શરૂ કરવાનો સમય આવી ગયો છે - તેવું તો તે સમજી ગયો.

શેરખાનના મનમાં સૌ પ્રથમ તો મલિકને શું જવાબ આપવો ? તેની વિચારણા ચાલતી હતી. કેટલાંય વખતથી શેરખાન અવઢવમાં હતો. કપડવંજથી નીકળ્યા બાદ રહી-રહીને તેના મનમાં પોતાનો જે એક સાથીદાર ભાગી ગયો હતો તેના વિકલ્પો ઉઠતા હતા.

તે સાથીદારને શેરખાન સારી રીતે ઓળખતો હતો. તેની વફાદારી ઉપર વિશ્વાસ મૂકાય તેમ ન હતો. બધાં જ ત્યાં હાજર હતા. પછી અચાનક તે ગાયબ થઈ ક્યાં ચાલ્યો ગયો ? તે જ તેને સમજાતું ન હતું.

શેરખાને તેના ઘરે પણ કપડવંજમાં તપાસ કરાવેલી. પણ ક્યાંયથી તેના ખબર ન હતા મળ્યા. આથી તે માણસ ભાગી મલિક પાસે કે બાદશાહ પાસે આવ્યો હોય તેવી શક્યતા વધી જતી હતી. જો તે માણસ મલિક પાસે પહોંચી ગયો હોય તો શેરખાન ફૂટી ગયાની વાત મલિક જાણી જ ગયો હોય. પછી મલિક પાસે જવું તે હાથે કરીને આગમાં કૂદી પડવા બરાબર હતું. આથી શેરખાન મૂંઝાતો હતો કે તે માણસ મલિકને મળી ગયો હશે

કે નહીં ? જો મળી ગયેલ હોય તો વાત કેવી રીતે મૂકવી ? કેવી રીતે મલિકની શંકાને નિર્મૂળ કરવી ? વાત જ એવી સહજતાથી રજૂ કરવાની હતી કે જેથી તેની શંકા ચાલી જાય. તે પૂછે પછી જણાવવામાં તો શંકાનું નિર્મૂલન ન થઈ શકે. આથી શેરખાન મનોમન મૂંઝાતો હતો.

શેરખાન અને નાસીરે જેવો મલિકની છાવણીમાં પ્રવેશ કર્યો કે તરત જ મલિક ઊભો થઈ શેરખાનને ભેટી પડ્યો... અને કહ્યું –

'કેમ રહ્યું દોસ્ત !? અમદાવાદ જવાનું કામ જો મલિક સાહેબને મળવાનું હોય તો તે તમારું કામ પૂર્ણ થાય છે. કેવી રહી કપડવંજની યાત્રા ? આપણું કામ થઈ ગયું ? આ તો દોશી આણંદજી શેઠ સાથેનો મુકાબલો હતો.. કાયરો તો શેઠની થોડી વીરતા જોઈને ય ડગી જાય. એટલે જ તને કામ સોંપ્યું હતું. વિશ્વાસ હતો કે તું જઈશ એટલે સફળ જ થઈશ. કેમ બરાબર ને ? સિંહ કે શિયાળ ?'

'સિંહ સાહેબ ! સિંહ ! દોશી આણંદજી શેઠ પણ જીંદગી સુધી યાદ કરશે કે એક માથાનો મળ્યો હતો. આપની સૂચના મુજબ કપડવંજ પહોંચી તરત જ મેં આપણા માણસો ભેગા કર્યા.

નાસીરે બધી પ્રાથમિક વિગતો અને માહિતીઓ મને પૂરી પાડી. અમુક મહત્ત્વપૂર્ણ સામગ્રી-સાહિત્ય વગેરે પણ આપ્યું. મેં તેને આપની પાસે અમદાવાદ પહોંચવા જણાવ્યું. જેથી અમદાવાદ આપને ઉપયોગમાં આવી શકે.

આ બાજુ શેઠના એ જાસૂસનું નામ આદિત્ય હતું. તે શેઠ પાસે આવી પહોંચ્યો હતો. પૂરો એક દિવસ પણ ન હતો મારું કામ ગોઠવવા – કરવા માટે મારી પાસે. તે ભાનમાં આવે તે પહેલા જ તેને કાયમી ધોરણે બેભાન કરી નાંખવાનો હતો. આ સૂચના મને ધ્યાનમાં જ હતી.

આદિત્ય ક્યાં સુધી બેભાન રહે ? તે પણ મને ખબર ન હતી. આદિત્યને સારવાર અર્થે નગરશેઠે જ્યાં રાખેલો ત્યાં હું સાહસ ખેડી તપાસ કરી આવ્યો. વૈદ્યરાજ તેની ચિકિત્સા કરી રહ્યા હતા. માટે, તે વખતે તો હું કશું કરી શકું તેમ ન હતો. આખરે તે જ રાતે મેં હુમલો કરવાનું નક્કી કર્યું.

આદિત્યની સુરક્ષા માટે શેઠ જબ્બર સુરક્ષા વ્યવસ્થા ગોઠવશે તેની મને

ખબર હતી. એટલે સીધો હુમલો કરવા જતા ભારે ખુવારી વેઠવાનો વારો આવે તેમ હતો. માટે મેં એક યોજના બનાવી. આદિત્યને જે મકાનમાં રાખવામાં આવેલ તે મકાનના ગુપ્ત માર્ગોના જાણકાર એક વૃદ્ધ પુરુષને મેં શોધ્યા. માંડ માંડ મેં તેમને વિશ્વાસમાં લીધા. હું ગુપ્ત માર્ગે તે મહેલની-હવેલીની અંદર પ્રવેશી ગયો. અંદર પણ ચોકીદારો હોવાના જ.

માટે મારી સાથે લાવેલી આગ પેટાવવાની સામગ્રીથી મેં હવેલીની બહારના ઉજ્જડ જેવા ભાગમાં સૂકા ઘાસવાળાં વિસ્તારમાં આગ લગાવી. બધાનું ધ્યાન તે દિશામાં ગયું. મેં અંદર આગ લગાવી એટલે બહાર રહેલા મારા સાથીદારોએ પણ સળગતા કાકડા વગેરે નાંખ્યા. બધે અંધાધૂંધી સર્જાઈ.

એમાં હું આદિત્યના ઓરડા સુધી પહોંચી ગયો. મેં સીધી તલવાર ચલાવી દીધી. પણ, મારી તલવાર મનુષ્યના માંસને બદલે બીજા જ કોઈ પદાર્થને કાપી આવી હોય તેવો મને અનુભવ થયો.

તે વખતે ઝાઝું વિચારવાનો મારી પાસે સમય જ ન હતો. હું બહાર આવ્યો. આણંદજી શેઠે મને લલકાર્યો. મેં યુદ્ધ આપ્યું.

મેં જોયું કે દોશી આણંદજી શેઠ એકદમ સ્વસ્થ હતા. મારી લોહી નીંગળતી તલવાર જોઈને, મને આદિત્યના ખંડમાંથી બહાર આવતો જોઈને તે જરૂર સમજી જ ગયા હોય કે મેં આદિત્યનું ખૂન કરી દીધું છે. આદિત્યના ખૂનના સમાચાર તેમને હતાશ કરી દેવા માટે પૂરતા હતા.

છતાં શેઠના મોઢાની લકીર પણ ન બદલાણી. એટલે મારા મનમાં શંકા દૃઢ થવા લાગી. મને થયું કે હું ક્યાંક છેતરાયો છું. શેઠ સાથે તલવાર બાજી ખેલતા-ખેલતા મારા મનમાં ગડમથલ ચાલતી જ રહી.

અચાનક મારા મનમાં થયું કે શેઠે આદિત્યના ખંડમાં આદિત્યનું પૂતળું જ મૂકી દીધું હોય, આદિત્યને ક્યાંક છૂપાવી રાખ્યો હોય તેવું ન બને ? ધીરે-ધીરે મારા મનમાં દૃઢ થઈ ગયું કે એમ જ થયું છે. શેઠ ચાલાકી રમી ગયા છે. મારી આટલી બધી મહેનત વ્યર્થ જઈ રહી હોય તેવું મને લાગ્યું.

એટલે મેં શેઠને ઈંટનો જવાબ પથ્થરથી આપવા એક યોજના બનાવી. થોડી વાર સુધી તલવારબાજી કરતા કરતા અચાનક તેમનાથી હું અભિભૂત

થઈ ગયો હોઉં તે રીતે તેમના ચરણોમાં પડી ગયો. તેમના ચરણોમાં જીવન સમર્પિત કરવાનો દેખાવ ખડો કર્યો.

આ યોજનાનો અમલ કરતા પહેલાં જ મેં મારા બધાં સાથીદારોને કહી રાખ્યું હતું કે ગમે તેવી પરિસ્થિતિ સર્જાય. પણ તમારે હું જેમ કરું તેમ કરવાનું. બીજી કોઈ જ ચિંતા ન કરતા. આપણે આપણી યોજનામાં સફળ જ થઈશું.

પરિણામે મારા સાથીદારો મારા કહ્યામાં જ રહ્યા. તેઓએ પણ સમર્પિત થવાનો દેખાવ ચાલુ જ રાખ્યો. એક જ સાથીદાર અમારો સાથ છોડી ચાલ્યો ગયો, એનો કોઈ અતો-પતો નથી.

ખેર ! પણ મારા સમર્પણથી શેઠ પ્રભાવિત થયા. તેમણે પોતાની યોજના ઉઘાડી પાડી દીધી. અમને કહી દીધું કે પોતે આદિત્યનું પૂતળું જ રાખ્યું હતું. આદિત્ય ખરેખર ક્યાં હતો તે પણ બતાવી દીધું. મેં લાગ જોઈ આદિત્યનું ખૂન કરી અહીં ભાગી આવવાની યોજના મનોમન વિચારી રાખી હતી. મારા બધાં સાથીદારોને પણ તૈયાર જ રાખ્યા હતા.

આગલી રાતે આદિત્યનું ખૂન કરી હું આપની પાસે આવવા નીકળી ગયો. અમે બધાં સાથીદારો સાથે જ નીકળ્યા. આજે આપની સામે હું ઊભો છું... વચ્ચે રસ્તામાં ઘણા સૈનિકો મળ્યા. ચોકીઓ દેખાઈ. એટલે કંઈક મોટી ઘટના ઘટી હોય તેવું લાગ્યું. આપને ત્યાં અમદાવાદમાં કેવું રહ્યું ? પછી કોઈ ઉપદ્રવ કરનાર નીકળ્યું ?'

શેરખાનની સ્પષ્ટ અને ખુલ્લા હૃદયની વાત સાંભળી મલિક સ્તબ્ધ થઈ ગયો, પ્રભાવિત થઈ ગયો. તેણે પણ મોકળા મનથી વાત કરી - 'અમદાવાદ જતા એ આદિત્ય મને હેરાન કરી ગયો તો અમદાવાદ પહોંચીને પણ સહેજે જંપ નથી વળ્યો. અમદાવાદ પહોંચ્યો તે જ રાતે બાદશાહના ઉદ્યાનમાં કોઈક ઘૂસી આવ્યું. મને પહેલેથી જાણ હતી જ કે કોઈક વ્યક્તિ નગરશેઠ તરફથી રાજમહેલમાં ઘૂસવાની છે. એટલે બાદશાહની સામે રંગે હાથે તે પકડાઈ જાય તેવું મેં ગોઠવ્યું. પણ, તે માણસ કોને ખબર ક્યાંક ગાયબ થઈ ગયો.

મારા માણસો ક્યાં ગાફેલ રહ્યા તે જ મને તો ન સમજાયું. એ માણસે તો રાજમહેલની અંદર આવી તબાહી મચાવી દીધી. બાદશાહનો ભવ્ય બગીચો દાવાનળમાં ફેરવાઈ ગયો. બાદશાહની નારાજગીનો પાર નહીં.

તથા દુઃખની વાત તો એ છે કે એ માણસ થોડી થોડી વારે પોતાની હાજરીના સંકેતો આપી હાથતાળી દઈ ભાગી છૂટતો હતો. કેમે કરીને પકડાતો ન હતો. એ સહીસલામત રાજમહેલની બહાર છટકી જવામાં ય સફળ થયો. સેનાપતિજી તેની પાછળ પડ્યા. આપણું લશ્કર તેની પાછળ ગયું. બસ, તેઓ ગયા તે ગયા.... પછી ન તો સેનાપતિજીનો પત્તો લાગ્યો કે ન તો તે માણસનો... આપણા લશ્કરના સૈનિકો ફક્ત ઘાયલ થઈ થઈને પાછા આવી રહ્યા હતા. છેલ્લે સમાચાર આવ્યા હતા કે તે માણસ સહીસલામત કપડવંજ પહોંચી ગયો હતો. સેનાપતિજીના તો કોઈ સમાચાર જ ન હતા...'

'હા ! હમણા આગલી રાતે જ એક માણસ શેઠના મહેલે આવ્યો હતો. આદિત્ય જેવી જ હાલત હતી. સાવ બેહોશ હતો. શેઠે પોતાની હવેલીમાં જ તેના ઉપચારની વ્યવસ્થા ગોઠવી હતી. લગભગ બધાં તેને વિનાયકના નામથી ઓળખતા હતા. બધાં તેની બહુ તકેદારી લેતા હતા.

એટલે કદાચ તે જ અમદાવાદથી આવ્યો હશે. મને જો ખબર પડી હોત તો તેનું પણ કામ સાથે પૂરું કરીને જ આવત ! પરંતુ સેનાપતિજી જો આ રીતે ક્યાંક ગાયબ થઈ ગયા હશે તો તો અંધાધૂંધી ફેલાતા વાર નહીં લાગે.. આવા સમયે આપ અમદાવાદમાં જ રોકાઈ જાઓ તો બાદશાહને ઘણી સહાયતા થાત. કપડવંજ પાછા આવવા કેમ નીકળી ગયા ?'

'બાદશાહને પણ જબ્બર આઘાત લાગ્યો છે. આ બધો પ્રપંચ વાણિયાઓએ રચ્યો છે. એટલે એમને પાઠ ભણાવવો જરૂરી છે, અમદાવાદની વ્યવસ્થા તો બાદશાહ ખુદ સંભાળી લેશે. પણ, એક વાર જો એ લોકોના આચાર્ય મહારાજ હાથમાં આવી જાય તો આ બધાંનું સાટું વળી જાય.

હું એ માટે જ નીકળ્યો છું. કપડવંજમાં આચાર્ય મહારાજ હતા. ત્યાં જ તેમને પકડી લઈશું...'

'આચાર્ય મહારાજ તો વિહાર કરી ખંભાત તરફ નીકળી ગયા છે. શેઠને ત્યાં એવી વાત થતી હતી. આચાર્ય મહારાજનો વિહાર થઈ જવાથી શેઠને ઘણું દુઃખ પહોંચ્યું હતું. આચાર્ય મહારાજની સુરક્ષા માટે તે બહુ કડક પગલાં લેવા માંગે છે. પણ, હાલ તો આચાર્ય મહારાજ ક્યાં હશે ? તે કેમ કહી

શકાય ?' - શેરખાન ખુલ્લા દિલે બધી વિગતો મલિકને જણાવી રહ્યો હતો.

મલિકે આખરે વાતને સંકેલતા કહ્યું - 'ઠીક છે, સૌ પ્રથમ આપણે આચાર્ય મહારાજ ક્યાં છે ? તેની તપાસ માટે બે માણસ રવાના કરી દઈએ. પછી આગળનો કાર્યક્રમ નક્કી કરીશું. તું પણ હવે અમારી સાથે જ જોડાઈ જા. નાસીર પણ અમારી સાથે જ છે. તારા સાથીદારો ક્યાં ઉતર્યા છે ?'

'અહીં નજીકમાં જ ધર્મશાળામાં અમારો ઉતારો છે. આપની સેવામાં જ અમે ઉપસ્થિત થયા છીએ. આપ કહેશો તેમ કરીશું. મારા સાથીદારો બરાબર નાણેલા છે. કહેશો એમ કરશે. પ્રાણાંતે પણ કોઈ વાતમાં પાછી પાની નહીં કરે.' શેરખાને વાત કરી.

'સારું, તમને લોકોને કયું કામ આપવું ? તે પછી વિચારી લઈશું. અત્યારે તો આપણા પડાવમાં આવી જાઓ. મધ્યાહ્ન પછી કુહા (જુઓ જુવાળ-૪૬માં દર્શાવેલ નકશો) તરફ જવા રવાના થઈશું. તમારી બધી વ્યવસ્થા અહીં થઈ જશે. પછી બધું નક્કી કરીશું...'

'જી' - કહી શેરખાન રાવટીની બહાર નીકળી ગયો.

પોતાનો પડાવ નજીક જ હતો. ત્યાં પોતાના સાથીદારોને મળ્યો. સાથીદારો ક્યારના શેરખાનની રાહ જોઈ રહ્યા હતા.

મલિક સાથે વાતો કરવામાં સમય ઘણો વીતી ગયો હતો. કેટલાંક સાથીદારો શેરખાનને શોધવા પણ નીકળી ગયા હતા.

બધાનાં જીવ ઊંચા થઈ ગયા હતા. તેથી જેવો શેરખાને પોતાના પડાવમાં પ્રવેશ કર્યો કે બધાં સાથીદારો પ્રસન્ન થઈ ગયા... બધાંના જીવ હેઠા બેઠા. અને પ્રશ્નો ચાલુ કર્યા - 'ક્યાં ચાલ્યો ગયો હતો ? કેટલી વાર થઈ ગઈ ?'

'તમને બધાંને ખુશખબર આપવાની છે. આપણે જેને મળવા અમદાવાદ જઈ રહ્યા હતા તે મલિક મળી ગયો છે.'

'ક્યાં છે ? તું મળી આવ્યો ?'

'અહીં આ જ ગામમાં તેનો પડાવ છે. હું મળી પણ આવ્યો. એટલે તો આટલી વાર થઈ. ગઈ રાતે જ આપણે વાત કરતા હતા કે મલિક મળવો જોઈએ. અને આજે મળી ગયો. મેં તમને ગઈ કાલે રાતે વાત કરી તે મુજબ

મેં આદિત્યના ખૂનની જ વાત કરી છે. એટલે એના મનમાં શંકાનો કીડો ન સળવળે. વિનાયક આવી ગયાના સમાચાર પણ આપી દીધા છે. આચાર્ય મહારાજ ખંભાત જવાના છે તેવા સમાચાર પણ આપી દીધા છે.

તમે બધાં હવે ખાસ સાવધાની જાળવજો. એની છાવણીમાં પ્રવેશ પછી શેઠ આપણા દુશ્મન છે - તેવી જ રીતે આપણી વાતચીત રહેવી જોઈએ. કોઈ સાંભળતું હોય કે ન સાંભળતું હોય પણ વાતચીત એ રીતે જ કરવાની છે. ક્યાંય લેશ પણ શંકા પડે તેવું વર્તન ન કરતાં.

બાકી આપણા બધાં મરતબા ધોવાઈ જશે. હવે બધાં ફટાફટ સામાન પેક કરી દો. કશું રહી ન જાય. વેશપલટા વગેરે માટેની સામગ્રી શક્ય એટલી છૂપાવીને રાખજો. હું બીજો થોડો સામાન ખરીદીને આવું છું, હું આવું કે તરત જ આપણે નીકળી જઈશું... વિલંબ ન થાય..'


થોડી વાર બાદ બધાં મલિકના પડાવે પહોંચી ગયા હતા. શેરખાન પોતાનો બધો સામાન ગોઠવી રહ્યો હતો. હવે તે પોતાના કપડાની અંદર પણ બે કટાર છૂપાવીને રાખતો હતો. એક સમશેર તો રાખતો જ હતો. સાથે બીજી કેટલીક વસ્તુ પણ શેઠ તરફથી તેને મળી હતી. બપોરનું મધ્યાહ્ન ભોજન બધાંએ મલિક સાથે જ લીધું. મલિકે મોકળા મનથી બધી વાતો કરી.

ભોજન કરી શેરખાન પોતાના પડાવે પહોંચ્યો. પોતાની જગ્યા પાસે એક થેલો વચમાં જ પડ્યો હતો. શેરખાનને આશ્ચર્ય થયું..

આ થેલો અહીં કેમ પડ્યો છે ? ત્યાં યાદ આવ્યું - આ થેલો તો જૂના મૂકામે ભૂલી જ ગયેલો ? તો કોણ અહીં લઈ આવ્યું ?

થેલા ઉપર કાગળ ભરાવેલો લાગ્યો. કાગળ લઈ ખોલી વાંચ્યું. લખ્યું હતું - 'સામાન ન ભૂલો, સાવધ રહેજો. લિ. શુભેચ્છક...'

શેરખાન ચકરાવે ચડી ગયો. કોણ હશે આ શુભેચ્છક ? કપડવંજનું કોઈ જ ન સંભવે... બીજું કોણ પોતાને ઓળખે ? પોતે તો નવો નવો જ શેઠનો માણસ બન્યો હતો. કોણ હશે એ ?



જુવાળ ૪૮

ભયાનક જંગલયાત્રા

પોતાના જૂના મુકામે ભૂલી ગયેલ સામાન મલિકના પડાવમાં પહોંચાડી દેનાર વ્યક્તિ કોણ હશે ? તે વિચારવામાં શેરખાન તલ્લીન થઈ ગયો. કશું જ કલ્પી શકાય તેમ ન હતું. જૂના મુકામે શેરખાન થેલો ભૂલી ગયેલ છે - તે વાત શુભેચ્છક જાણી શક્યો તેનો મતલબ તે ઘણાં સમયથી શેરખાન ઉપર નજર રાખી રહ્યો હતો. તે ભૂલાયેલો થેલો છેક મલિકના પડાવમાં પોતાના સુધી પહોંચાડી ગયો, કોઈએ અટકાવ્યો હશે કે નહીં ? અથવા કંઈ રીતે છેક પડાવની અંદર સુધી તે થેલો મૂકી ગયો ?

આ પણ આશ્ચર્ય જ હતું. જો તે વ્યક્તિ મલિકના પડાવમાં હાજર હોય, અર્થાત્ મલિકની સાથે જ હોય તો શેરખાન જૂના મુકામે સામાન ભૂલી ગયેલ છે તે કેવી રીતે ખબર પડે ? દોશી આણંદજી શેઠનો તો કોઈ માણસ ન જ હોય. કારણ કે વિનાયક અને આદિત્ય હજુ સાજા થયા ન હતા. બીજો કોઈ માણસ આ રીતે છૂપાઈને શા માટે રહે ? પ્રગટ જ વાત કરે ને ! પોતાની ઓળખાણ શુભેચ્છક તરીકે આપીને પોતાની જાત છૂપાવવાનું શું પ્રયોજન ?

પ્રશ્નો પેચીદા હતા, ઉકેલ મળતો ન હતો... શેરખાન આવા વિચારમાં જ તલ્લીન હતો. તેની વિચારયાત્રા ચાલે ત્યાં સુધી આચાર્ય મહારાજની વિહારયાત્રા કેવી ચાલી રહી છે ? તે જોઈ લઈએ -

કપડવંજથી આચાર્ય મહારાજ વિહાર કરી ચિખલોડ, દહીંયપના રસ્તે આગળ વધી રહ્યા હતા. આચાર્ય મહારાજની સાથે વિશાળ સાધુ સમુદાય હતો. **ઈડરમાં સં. ૧૫૭૦માં આચાર્ય હેમવિમલસૂરીશ્વરજી મહારાજે ઉપા.અમૃતવિજય ગણીને આચાર્ય પદવી પ્રદાન કરી આચાર્ય આણંદવિમલસૂરિ તરીકે ઘોષિત કર્યા હતા.** માત્ર પાંચ વર્ષની બાલ્યવયે દીક્ષિત થનાર આ નૂતન આચાર્ય મહારાજ આચાર્ય હેમવિમલસૂરિ મહારાજના પ્રીતિપાત્ર હતા અને ભાવીમાં તેમની પાટ સંભાળવાના હતા. અત્યારથી જ અનેકાનેક જવાબદારીઓ તેઓ નીભાવી રહ્યા હતા. **૧૮૦૦ સાધુઓનું યોગ-ક્ષેમ વહન કરનાર આચાર્ય હેમવિમલ સૂરિ મ.સા.નો પુણ્ય-પ્રભાવ પ્રચંડ હતો.**

સમગ્ર જૈનશાસનમાં તેમના નામનો અજબ મહિમા હતો. પાટણ, ઈડર, ખંભાત, વીરમપુર વગેરે જગ્યાએ ઠેર-ઠેર તેમણે પ્રતિષ્ઠાઓ કરાવી હતી. **એક સાથે ૬૮ સ્થાનકવાસી ઋષિઓએ તેમના ચારિત્ર્યના પ્રભાવથી મૂર્તિપૂજક સંપ્રદાયમાં દીક્ષા લેતા સમગ્ર જૈન જગતમાં તહેલકો મચી ગયો હતો. ૫૦૦ સ્ત્રી-પુરુષોને દીક્ષા આપી તેમણે જૈન શાસનનો અપૂર્વ ઉદ્યોત કર્યો હતો.**

પ્રચંડ અને પ્રબળ પુણ્યના માલિક આ આચાર્ય મહારાજે સાધુવર્ગમાં પ્રવેશેલી શિથિલતા સામે લાલ આંખ કરી કડક પગલાં લીધા હતા. પોતાના નૈષ્ઠિક બ્રહ્મચર્યે, સુવિશુદ્ધ ચારિત્રપાલને સહુને ઉદ્યતવિહારી, વિશુદ્ધ સંયમી બનાવ્યા હતા. ૧૮૦૦ સાધુઓના આદરપાત્ર આચાર્ય મહારાજ જૈનશાસનના મુખ્ય સ્તંભ હતા. એટલે જ શાસનના અનેક પ્રશ્નો તેમની પાસે આવતા જ રહેતા. મોગલોનો આ કરાળ કાળ હતો. ઠેર-ઠેર અરાજકતા હતી.

તેમાં ૫૦૦ સ્ત્રી-પુરુષોને દીક્ષા આપવી તે પથ્થર ઉપર ફૂલ ઉગાડવા બરાબર હતું. છતાં આચાર્ય મહારાજના પરમશુદ્ધ સંયમે એ શક્ય અને સહજ બનાવ્યું હતું. આવા આચાર્ય મહારાજના અંતેવાસી આચાર્ય આણંદવિમલસૂરીશ્વરજી પણ અનેક જવાબદારીઓમાં આચાર્ય મહારાજની સાથે રહી આચાર્ય મહારાજને પીઠબળ પૂરું પાડતા. ગુરુ મહારાજ પણ તેમનામાં રહેલ હીરને પારખી યોગ્ય બાબતો જણાવતા. તે તે પ્રશ્નોનો ઉકેલ લાવવામાં તેમની બુદ્ધિ સંઘ-શાસનને લક્ષ્યમાં લઈ તેઓ કેવી રીતે વાપરે છે ? તે ચકાસતા રહેતા.

સંઘનાયક ગુણવંત અને પુણ્યવંત તો હોવા જ જોઈએ, દૃષ્ટિવંત પણ હોવા જોઈએ. પુણ્યવંત સંઘનાયકો શાસનને મળતા રહે છે. દૃષ્ટિવંત નાયકો દુર્લભ હોય છે. પરિણામે જિનશાસનને ઘણું સહેવાનું પણ આવ્યું છે. આ આચાર્ય મહારાજ એવી ઉજળી પરંપરા સ્થાપી જવાના હતા કે જેનું તેજ ચાર-પાંચ પાટ સુધી ઝગમગારા મારવાનું હતું.

હેમવિમલસૂરિ મહારાજની પાટે આણંદવિમલ સૂરિ મહારાજ પધાર્યા. તેમની પાટે આ.દાનસૂરિજી મહારાજ પધાર્યા, તેમની પાટે જગદ્‌ગુરુ હીરસૂરિજી મહારાજ પધાર્યા... હેમવિમલસૂરિ મહારાજનું તેજ પરંપરામાં જળવાયેલું રહ્યું. પરિણામે આ પરંપરા પરમશાસનપ્રભાવક બની રહી. આવા પરમ પ્રભાવી આચાર્ય ભગવંતને પકડવા મલિક રવાના થઈ ચૂક્યો હતો. જ્યારે દુન્યવી આપત્તિઓથી ઉન્મુક્ત-નિર્ભય મનોવૃત્તિને ધરાવનારા આચાર્ય મહારાજ પોતાના વિશાળ મુનિવૃંદ સાથે ખંભાત તરફ આગળ ધપી રહ્યા હતા.

આચાર્ય મહારાજને છેલ્લા કેટલાંય દિવસોથી જાપમાં કંઈક અશુભ થવાના સંકેતો મળી રહ્યા હતા. સંકેતો 'રાજભય' સૂચવતા હતા... એટલે આચાર્ય મહારાજને લાગ્યું હતું કે કદાચ દોશી આણંદજી શેઠે જણાવ્યું તેમ મલિક બાદશાહને ચડાવવા ગયો હશે.

તેથી બાદશાહ તરફથી આપત્તિના એંધાણ હતા. વિહાર આગળ ધપ્યો તેમ, દહીંયપ ગામના મુકામે, જાપમાં સંકેતો તીવ્રતાથી ઝીલાયા...

એટલે જાપ પછી આશીર્વાદ લેવા આવેલ નૂતન આચાર્ય ભગવંતને આચાર્ય મહારાજે જણાવ્યું - 'આણંદ ! રાજભયના એંધાણ છે.'

આણંદવિમલસૂરિ મહારાજે કહ્યું - 'જી ગુરુદેવ ! કપડવંજમાં પણ રાત્રિ દરમ્યાન એક અજ્ઞાત આકૃતિ આપણા ઉપાશ્રયની બહાર જોવામાં આવી હતી. પરિણામે મને લાગે છે કે દોશી આણંદજી શેઠે કહેલી વાત સત્ય હશે. બાદશાહ મુજ્ઝફર તરફથી જ કોઈ આપત્તિ આવશે. સાંભળ્યા મુજબ તે ભારે ઈર્ષ્યાવૃત્તિ ધરાવે છે.'

'આણંદ ! શેઠની વાત સાચી છે, તે મને ખબર જ હતી. તે વખતે

પણ આપત્તિના એંધાણ તો હતા. આજે તીવ્રતાથી ઝીલાયા... એટલે થયું કે તને વાત કરી દઉં...'

'તો પછી આપણે કપડવંજમાં કેમ ન રોકાયા ? વિહાર કરવાની શી જરૂરત ? ત્યાં જ હોઈએ તો દોશી આણંદજી શેઠના કારણે વાંધો ન આવે.'

'અરે આણંદ ! તને ક્યાં આવા કાયરતાના વિકલ્પો આવવા લાગ્યા ?'

'ગુરુદેવ ! કાયરતાની નહીં, સાવધાનીની વાત છે...'

'સાવધાની જરૂર રાખવાની વત્સ ! પણ, આપત્તિથી ભાગેડુવૃત્તિને છોડવાની છે. એક વાત સમજી રાખ કે આપણને મળતા સંકેતો ભાવિનું દિગ્દર્શન કરાવે છે. તેને પલટાવવા મથામણ નથી કરવાની. ઉચિત વ્યવસ્થા કરવાનો સમય મળે તે માટે સંકેતો મળે છે. આજે એ શેઠની સહાય લઈ માનો કે એક વાર આપત્તિથી હું બચી પણ ગયો... પરંતુ શું એ આપણા માટે યોગ્ય કહેવાશે ? દરેકના પોતાના કર્તવ્યો હોય છે. તે - તે કાળને યોગ્ય હોય તેમ તે તે કર્તવ્યો તેણે આચરવાના હોય છે. આજે આપણે નિર્બંધ રીતે જગતના ચોગાનમાં ખડા છીએ. મારા માટે આપત્તિનું નિર્માણ છે તો ભલે તે મને સંકજામાં લે. તેનો સામનો પણ હું કરીશ... પણ બનવાકાળ જે બનવાનું છે તે બનશે. તેમાં સહુનું કલ્યાણ જ થશે. દિવ્ય શક્તિનો, ભગવત્ કૃપાથી પ્રાપ્ત શક્તિનો ઉપયોગ આપત્તિથી દૂર ભાગવામાં નથી કરવાનો. માણસ પાસે જે શક્તિ છે તેનાથી જ દુન્યવી આપત્તિનો પ્રતીકાર કરવાનો છે. જ્યારે લાગે કે આપત્તિ સંઘને-શાસનને નુકસાનકર્તા છે, દુન્યવી પ્રતીકાર શક્ય નથી ત્યારે જ દૈવી શક્તિનો ઉપયોગ કરવાનો હોય છે.

વ્યક્તિગત હુમલાનો પ્રતિકાર લબ્ધિથી કે દિવ્ય શક્તિથી ઉચિત નથી, સમષ્ટિગત હુમલાનો પ્રતિકાર જ લબ્ધિથી કે દિવ્ય શક્તિથી વ્યાજબી ગણાય. માટે મને ન તો આણંદજી શેઠનો સહારો લેવો ઈષ્ટ છે કે ન તો દૈવી તત્ત્વોનો... હાલ તુરંત તો હું તેની જરૂરિયાત જોતો નથી. ભવિષ્યની વાત ભવિષ્યમાં... મેં ના પાડી એટલે શેઠ અટકી જશે - તેવું નથી.

તેમની રીતે તેમના પ્રયાસો પૂરજોશમાં ચાલુ છે. પરિણામ પુણ્યાધીન છે. આપણે કપડવંજ રોકાયા હોત તો શેઠને કેટલું સહેવું પડત ? સત્તા સામે

ઝીંક ઝીલવી એ સહેલું નથી. આપણે બચી શક્યા હોત. પણ તે ખુવાર થઈ જાત. કોઈકને આપત્તિમાં નાંખી આપણી આપત્તિનો મુકાબલો શા માટે ?'

ઘણી ગંભીર, અનેકાનેક અર્થોને સૂચવતી તેજસ્વી વાણીને નૂતન આચાર્ય પી રહ્યા, માણી રહ્યા.. તેમણે કહ્યું - 'ગુરુદેવ ! આપત્તિ આવી રહી છે તેનો અર્થ જો એમ હોય કે બાદશાહ આપને કારાગૃહમાં પૂરી દેશે કે જાનથી.. તો પછી એમ ને એમ આપણે બેફિકર રહીએ તે ઉચિત નહીં.

થોડા સલામતીના પગલા લઈ લેવા જોઈએ. આપણે ક્યાં છીએ તે અત્યારે બાદશાહ કે દોશી શેઠ કોઈ જાણતું નથી. એટલે બાદશાહ સૌ પ્રથમ તો આપણી તપાસ કરાવશે. આપણે એક સાથે આટલા બધા મહાત્માઓ વિચરીશું તો તરત જ જણાઈ આવશું. એટલે ટુકડીઓ પાડી અલગ-અલગ દિશામાં બધાંને મોકલી આપીએ. એટલે બધે ભ્રમ ફેલાશે... આપણે ખંભાત પહોંચીએ પછી બધાં આપણને ભેગા થઈ જાય. તો જ કંઈક ગુમતા જળવાશે..'

'ઠીક છે, તને યોગ્ય લાગે તેમ ગોઠવી મને જણાવી જા.. એ રીતે ગોઠવી દઈએ. શક્ય એટલું વહેલું ખંભાત પહોંચવા પ્રયત્ન કરીશું. ત્યાં જઈ મારે જાપસાધના પણ કરવી છે..

ખરેખર, જિનશાસનના ઉદ્ધાર માટે, તેને દેદીપ્યમાન કરવા માટે હજુ ઘણી મજલ કાપવાની બાકી છે. ભાવીમાં ફરક ઘણો પડવાનો છે...'

અલગ-અલગ ટુકડીઓ પડી. ચારે દિશામાં બધી ટુકડીઓ વીખરાઈ ગઈ. સહુ મહાત્માઓ એમ જ કહેવાના હતા કે પૂ. હેમવિમલસૂરિ મહારાજના જ અમે શિષ્યો છીએ. એટલે દરેક જગ્યાએ આચાર્ય મહારાજ હોવાનો ભ્રમ પેદા થવાનો હતો. કારણ કે ગામડાની ભોળી-અબૂઝ પ્રજા, જૈનેતર પ્રજા શું સમજવાની ? જાડી ભાષામાં કહેલી વાત તે બોલકી પ્રજા ઠેર-ઠેર ફેલાવી દેવાની હતી. પરિણામે આચાર્ય મહારાજને શોધવા નીકળનારાઓ માટે ભારે ગૂંચવાડો પેદા થવાનો હતો.. મલિક અને શેરખાનનો ભેટો થયો તે પહેલા જ આ ઘટનાઓ ઘટી ગઈ હતી. આચાર્ય મહારાજ લાડવેલ પહોંચી ચૂક્યા હતા કે જ્યારે મલિક-શેરખાનનો ભેટો થયો. કપડવંજથી ઝડપથી દૂર નીકળી જવા થોડો ઉગ્ર વિહાર ખેડ્યો હતો. આચાર્ય મહારાજ લાડવેલ પહોંચ્યા ત્યારે

દહીંયપથી છૂટી પડેલી શ્રમણ ભગવંતોની ટુકડીઓમાંથી કઠલાલ તરફ ગયેલ એક ટુકડી તરફથી આચાર્ય મહારાજને સંદેશો આવ્યો કે - અહીંના ગામોમાં, રસ્તામાં તથા જંગલોમાં અમદાવાદી સૈન્યની ટુકડીઓ ફરતી દેખાય છે. તેઓ કોઈકને શોધી રહ્યા હોય તેવું જણાય છે. આથી, આપ સાવચેત રહેજો. અમે પણ શક્ય એટલું ગુપ્ત રહેવા પ્રયત્ન કરીએ છીએ...

વાસ્તવમાં આ ટુકડીઓ સેનાપતિની તપાસ માટે નીકળી હતી. સેનાપતિની તપાસ ચાલી રહી છે - તેવું જો ફેલાય તો ભારે નાલેશી થાય. માટે તેઓ પણ વગર કહ્યે ગુપ્ત રીતે જ તપાસ ચલાવતા હતા. આચાર્ય મહારાજને આ સંદેશો મળતા આચાર્ય મહારાજની સાથે રહેલા સાધુઓમાં દહેશત ફેલાઈ. નૂતન આચાર્ય પણ ચિંતામાં મૂકાયા. આચાર્ય મહારાજને બને તેટલી ગુપ્તતા સાથે આગળ વધારવાનું નક્કી થયું... જો કે હજુ પૂર્ણ નિશ્ચય ન હતો કે આચાર્ય મહારાજને પકડવા બાદશાહની આજ્ઞા થઈ ગઈ છે.

આ સમાચાર આવવાથી લાડવેલથી આગળ નીકળી જે મહુધા જવાની યોજના હતી તે બદલી ઉમરેઠના રસ્તે જ આગળ વધવાનું નક્કી થયું. કારણ કે કપડવંજથી ખંભાતનો પ્રસિદ્ધ માર્ગ મહુધા-નડીયાદ વગેરેનો જ હતો.

તેથી જો બાદશાહ પાસે સમાચાર પહોંચી ચૂક્યા હોય કે આચાર્ય મહારાજ ખંભાત તરફના વિહારમાં છે તો તે જ રસ્તે તપાસ થવા સંભવ હતો. આથી તે રસ્તાથી દૂર રહેવામાં જ સલામતી હતી.

આ ઉમરેઠવાળો રસ્તો તે સમયે ભારે ગીચ જંગલવાળો તથા લગભગ અણખેડ્યો વિસ્તાર... માટે, ત્યાંથી આચાર્ય મહારાજના વાવડ બહાર ફેલાય તેવી શક્યતા નહીંવત્ હતી. તથા શક્ય હોય ત્યાં ગામ બહાર જ આચાર્ય મહારાજનો ઉતારો રાખવો, જેથી ગામમાં બહુ સમાચાર ન ફેલાય - તે પણ તકેદારી રાખવામાં આવી હતી.. આ તમામ પરિસ્થિતિમાં આચાર્ય મહારાજ એટલા જ સ્વસ્થ હતા. **દુન્યવી તમામ ઉથલ-પાથલો પ્રત્યે સ્પષ્ટ બેફિકરાઈ દર્શાવતી, આત્મમસ્તીથી પ્રાપ્ત થયેલી કોમળ દૃઢતા તેમના મુખ ઉપર સ્પષ્ટ દેખાઈ આવતી હતી.. જેમ અસલી સુવર્ણની સોનેરી દમક !!!**

આ બાજુ શેરખાનના બીજા સાથીદારોએ આવી જ્યારે શેરખાનને

ઢંઢોળ્યો ત્યારે શેરખાનની વિચારનિદ્રા ઉડી.. એકાદ ઘટિકા સુધી તે વિચારનિદ્રામાં જ પરોવાયેલો રહ્યો. છતાં 'તે શુભેચ્છક કોણ ?' - આ પ્રશ્નનો કોઈ ઉકેલ ન જ મળ્યો. તેણે વિચારોને પડતા મૂકી થોડી વાર વામકુક્ષિ કરી... મલિકની રાવટી શેરખાનની રાવટીની પાસે જ હતી.

શેરખાન અને શેરખાનના સાથીદારો માટે એક રાવટી અલગ જ રાખવામાં આવી હતી. થોડી વારમાં સૈનિકોની ચહલપહલથી શેરખાન જાગી ગયો. જાણવા મળ્યું કે થોડી જ વારમાં નીકળી જવા માટે મલિક સાહેબનું ફરમાન થયું હતું. એટલે બધાં તૈયારીમાં લાગ્યા હતા. પોતે પણ ઝટ-પટ બધું સમેટવામાં લાગી ગયો. ફરીથી એક થેલી અહીં મૂકી દેવાનું શેરખાનને મન થયું.. કદાચ શુભેચ્છક તે સામાન પહોંચાડવા આવે અને મેળાપ થઈ જાય તે માટે... પણ, પછી કંઈક વિચારી થેલો રાખવાનું માંડી વાળ્યું..

સામાન તૈયાર કરી તે મલિકની રાવટી તરફ ગયો. ત્યાં પણ બધું સમેટાઈ રહ્યું હતું. ફક્ત મલિક શાંતિથી બેઠો હતો. અને બધું નિરીક્ષણ કરતો હતો. ધીમેથી શેરખાને અંદર પ્રવેશ કર્યો. શેરખાન ઉપર નજર પડતા જ મલિકના મોં ઉપર ખુશી છલકાઈ. તેણે કહ્યું - 'આવ ! આવ ! તને આશ્ચર્ય થયું હશે કે કેમ આમ અચાનક આગળ વધવાનું નક્કી કર્યું ? પણ એની પાછળ કારણ છે. હમણાં જ સમાચાર મળ્યા તે મુજબ આચાર્ય મહારાજ કઠલાલથી આગળ નીકળી ગયા છે. કઠલાલ ગામના માણસોએ જ કહ્યું કે - ગઈ કાલે મહાત્મા આવ્યા હતા... અને આગળ નીકળી ગયા.

જો આપણે અહીંથી કઠલાલ તરફ જઈએ તો કઠલાલ પહોંચતા બે-ત્રણ દિવસ તો થાય જ. કારણ કે આપણે ઘણા બધાં સાથે છીએ.

ત્યાં સુધીમાં આચાર્ય મહારાજ ઘણાં આગળ નીકળી જાય. ક્યાંક આડા અવળા રસ્તે ફંટાઈ પણ જાય. આથી એમને ગંધ પણ ન આવે તે રીતે આપણે એમને ભેગા થવાનું છે. આચાર્ય મહારાજ ખંભાતના રસ્તે આગળ વધતા-વધતા મહુધા અને નડીયાદની વચ્ચે હોય ત્યાં જ આપણે તેમને ઘેરી લઈશું. કપડવંજથી ખંભાતનો રસ્તો આ જ મહુધા-નડીયાદવાળો છે.

મહુધા અને નડીયાદની વચ્ચેનો પટ્ટો થોડો નિર્જન જેવો પણ છે. માટે

ત્યાં જ આચાર્ય મહારાજને પકડવા બરાબર છે. આપણે અહીંથી સીધા મહુધા અને નડીયાદની વચ્ચે વીણા જ નીકળીએ તેવો રસ્તો લઈએ છીએ..'

શેરખાને કહ્યું - 'પણ, અહીંથી સીધો વીણાનો રસ્તો છે જ ક્યાં ?'

'રસ્તો નહીં હોય તો રસ્તો બનાવી દઈશું. આપણી પાસે બધી જ સામગ્રી છે. અહીંથી સીધી અગ્નિ દિશા પકડીએ એટલે વીણા પાસે જ ક્યાંક નીકળશું. જંગલને ભેદતા-ભેદતા પસાર થવાનું છે. તે રસ્તો લઈશું તો જ આપણે ગુમ રહી શકીશું. દોશી આણંદજી શેઠ અને એ બધાં શોધતાં જ રહી જશે કે આપણે ક્યાં છીએ ? સીધો જ આચાર્ય મહારાજ ઉપર હુમલો થઈ જશે' - મલિકે પોતાની યોજનાનો અંદાજ આપતા કહ્યું.

'સાહેબ ! એ જંગલ ભયાનક છે. વચ્ચે જાત-જાતના ખરાબાઓ આવે છે. **સાવ અજાણી ભોમકામાં ભૂલા પડશું તો ભૂ પાનારો ય કોઈ નહીં મળે.** નવી કંઈ ચીજવસ્તુની જરૂરિયાત પડી તો લેવા ક્યાં જવાનું ? આવું જોખમ ખેડવા કરતા સીધો રસ્તો જ લો ને ! આપણી પાસે અશ્વો છે. આચાર્ય મહારાજ પગે ચાલે છે. ભાગી-ભાગીને કેટલે દૂર જવાના ?

નડીયાદ પછી આપણે એમને પકડી પાડીશું. આટલા બધાં સાથે હોવાથી પ્રયાણમાં વિલંબ થતો હોય તો સૈનિકોની સંખ્યા ઘટાડી દઈએ. એવું હશે તો ફક્ત પાંચ વ્યક્તિને જ સાથે રાખીશું. પણ, આપ જે સાહસ ખેડવા માંગો છો તે તો જમરાજને આમંત્રણપત્રિકા મોકલવા જેવું છે. એ જંગલોમાં આજે પણ કોઈની આણ ચાલતી નથી. ફક્ત ત્યાંના રહેવાસી ભીલ લોકોની જ આણ ચાલે છે. ભીલ લોકો પણ ક્યાંક ભટકાઈ ગયા તો આપણે લેવાના દેવા થઈ પડશે...' શેરખાને સાશંક સ્વરે પોતાની વાત સમજાવી.

જંગલમાં જવાની વાત સાંભળી શેરખાન પણ ધ્રૂજી ગયો હતો. કારણ કે એ જંગલમાં જતા જ બહારની દુનિયા સાથે સંપર્ક કપાઈ જતો હતો. તે જંગલમાં ભોમિયા ભીલો જ અવરજવર કરી શકતા. બાકી એ નિબિડ અને ખરાબાવાળા જંગલમાં બીજો માણસ જીવતો જઈ શકતો, રહી ન શકતો.

એ આખો ભૂભાગ ક્યાંક વગડાઉ, ક્યાંક વેરાન, ક્યાંક ઉબડ-ખાબડ, ક્યાંક દિગ્ભ્રમિત કરી મૂકતા સરખે સરખા પ્રદેશોનો ફેલાવો - જંગલી

પશુઓ - છેતરામણી નદીઓ - ઝરણાઓ - દૂર-દૂર સુધી માનવવસતિનું નામોનિશાન નહીં વગેરે પરિબળોથી ભયાનક લેખાતો. આજનો જાંબુઘોડા-રતનમહલ અભયારણ્યો ધરાવનાર પંચમહાલ અને દાહોદ જિલ્લાનો દક્ષિણી ભાગ જેવો દુર્ગમ લેખાય છે, પછાત - વનવાસી લેખાય છે, તેનાથી પણ વધુ દુર્ગમ આ પ્રદેશ હતો. પંચમહાલ જિલ્લાનું વર્તમાન જંગલ પહેલાં તો ઘણું વિસ્તરેલું હતું. અમદાવાદ-કપડવંજ-નડીયાદના ત્રિકોણની વચ્ચે ગોઠવાયેલું આ જંગલ ત્યારે પંચમહાલ વગેરેના જંગલોથી જોડાયેલું જ હતું.

બધે એકસરખું જ વાતાવરણ હતું. મૂળ તો આવા જંગલોમાં પ્રવેશ્યા પછી બહાર નીકળવાનો કોઈ રસ્તો જ ન મળતા ભૂખ્યા-તપસ્યા ભૂંડેહાલ મરવાનું થતું હતું. કોઈ અલગ જ પ્રદેશમાં આવી ચડ્યાનો ભાસ થતો હતો.

જો આવા જંગલમાંથી જવાનું થાય તો દોશી આણંદજી શેઠનો કે બીજા કોઈનો કશો સંપર્ક ન થઈ શકે. ન તો મલિક ક્યાં છે ? તેની ભાળ એ લોકો મેળવી શકે. જંગલમાં અંદર પ્રવેશ્યા પછી એકલા પાછા વળવું પણ શક્ય ન હતું. પછી તો આગળ-આગળ જ જવાનું રહેતું. આમાં સંદેશાવ્યવહાર ચાલી જ કેમ શકે ? કોઈ માર્ગ જ જ્યાં ન હોય ત્યાં આવી કશી જ શક્યતા ન હતી. પરિણામે દોશી આણંદજી શેઠ કદાચ વિનાયક કે આદિત્ય જે કોઈને પાછળ મોકલે તે બધાં અંધારામાં જ આથડવાના હતા.

કદાચ સમાચાર મળે કે આ લોકો આવા જંગલમાં ગયા છે તો પણ કોઈ પાછળ આવવાનું જોખમ ખેડી જ ન શકે. આવો વિશાળ ફેલાવો ધરાવતા જંગલમાં કોને ક્યાં શોધવા ? જંગલમાં પ્રવેશ્યા પછી તો મલિકની મુટ્ઠીમાં જ શેરખાન વગેરેની જીંદગી હતી. મલિકને દગાની ગંધ આવી ગઈ હોય તો ભર જંગલમાં રિબામણ ભર્યું મોત આપે તો ય અટકાવનાર કોણ ?

શેરખાન એટલે જ ધ્રૂજી ગયો હતો. તેણે મલિકને સમજાવ્યો. પણ મલિકે કહ્યું - 'આ રાજમાર્ગ ઉપર જતા તો દોશી શેઠ અને તેના સાથીદારોની નજર આપણા ઉપર જ રહે. એ છેક છેલ્લી ઘડીએ કઈ રમત ખેલે ? તેનો કશો અંદાજ ન આવે. માટે એ લોકોની નજરમાંથી ઓઝલ થઈ જવું અનિવાર્ય છે. માટે ભલે ગમે તેવું જોખમ હોય તોય આ જ રસ્તે ગયે છૂટકો છે...' શેરખાને શંકા ન પડે તે માટે વધુ દલીલ કરવાનું ટાળ્યું.

વધુ વિગતો જાણવા પૂછ્યું - 'કોઈ રસ્તો બતાવનાર છે સાથે ?' 'તપાસ કરાવી પણ કોઈને રસ્તાની ખબર નથી. કારણ કે તેમાં રસ્તા જેવું છે જ નહીં. કોઈ પણ માણસ તે જંગલમાં આટલો બધો રસ્તો ખેડવા તૈયાર નથી. આવા જંગલોમાં ભીલડાઓ જ માર્ગ જાણી શકે. અહીં કોઈ તેનો જાણકાર ન હોય. આપણે તો દિશાના ભરોસે આગળ વધીશું. કોઈ ભીલ મળશે તો રસ્તો બતાવવા સાથે રાખી લઈશું. બાકી અલ્લાહ ભરોસે પહોંચી જઈશું. ચાલશું એટલે રસ્તો મળતો રહેશે...' મલિકે પોતાનો નિર્ણય અફર છે - તેમ જણાવી દીધું. એટલે શેરખાનને વધુ બોલવાપણું રહ્યું નહીં.

એ 'સારું' કહી બહાર ગયો. શેરખાન ભવિષ્યની ચિંતામાં તરબોળ બની ગયો. કેમ કરી આગળ વધવું ? કેમ કરી આ બધી વાતો દોશી શેઠ સુધી પહોંચાડવી ? શેઠ સુધી આ વાત પહોંચે પછી પણ શેઠ શું કરી શકવાના ? બધા યક્ષપ્રશ્નો હતા. આખરે શેરખાનને વિચાર કરતા લાગ્યું કે -

'આ વખતે સારી તક હાથમાં આવી છે. જો મલિક જંગલમાં જ ભૂલો પડી જાય તો તે આચાર્ય મહારાજને પકડી રહ્યો ! જો જંગલ પાર કરી તે આચાર્ય મહારાજને પકડવા એ જાય તો મારી તલવારે ચૂડી થોડી ઓઢી છે ? પડશે તેવા દેવાશે. અત્યારે તો જંગલમાં મલિકની સાથે ચૂપચાપ ઘૂસી જવું જ ઠીક રહેશે...'

મલિકે પ્રયાણ શરૂ કરી દીધું. થોડે સુધી તો અમદાવાદ-કપડવંજના રાજમાર્ગ ઉપર જ આગળ વધ્યા. જરૂરી તમામ સામગ્રીનો-ખાધા-ખોરાકીનો પૂરતો સ્ટોક મલિકે કરાવડાવ્યો. બીજી તમામ ચીજવસ્તુઓ સાથે લીધી હતી.

પોતે જંગલરસ્તે આગળ વધવાનો છે તે વાત મલિકે બાદશાહને પણ ન હતી કરી. કારણ કે મલિકને પણ હમણાં જ આ વાત સૂઝી હતી.

મલિકની મુખ્ય યોજના તો બીજી જ હતી. તેનો અમલ તો શરૂ પણ થઈ ગયો હતો. દરેક વ્યક્તિની પોત-પોતાની ગણતરીઓ હતી. દરેકના પોતાના ગણિત હતા. તેના આધારે સહુ ગણતરીઓ કર્યે રાખતા હતા.

કુદરતને ક્યાં કોઈના ગણિતની ગરજ છે ? આખરે આખી ટુકડીએ જંગલમાં પ્રવેશ કરી દીધો. શેરખાને પણ નવા-નવા શીખેલા નવકારમંત્રને યાદ કરી જંગલમાં પ્રવેશ કર્યો...

✺



રાની પશુનો હુમલો

અખાડામાં કુસ્તી કરવામાં પાવરધો શેરખાન બુદ્ધિના આટાપાટા ખેલવાના આવતા થોડો મૂંઝાઈ ગયો. અત્યાર સુધીની તેની કારકિર્દીમાં તે ઘણા યુદ્ધો ખેલી ચૂક્યો હતો. યુદ્ધોમાં વિજય મેળવવામાં અગ્રભૂમિકા પણ તેણે ભજવી હતી. પરંતુ આણંદજી શેઠના સંપર્કમાં આવીને તેના જીવનપ્રવાહને અણધાર્યો વળાંક મળ્યો હતો. હવે તેવા યુદ્ધો ખેલવાના ક્યારે આવે ? તે તો ઈશ્વર જાણે ! પરંતુ જાસૂસીના ખેલો ઘણા કરવાના આવવાના હતા.

શરૂઆત થઈ ગઈ હતી. શેઠની યોજના મુજબ, શેરખાને આદિત્યનું ખૂન કરવામાં સફળતા મેળવી હશે એટલે મલિક તેની ઉપર પ્રસન્ન થશે. તેના ઉપર વિશ્વાસ મૂકશે. તેને વિશ્વાસમાં લઈ આચાર્ય મહારાજ વગેરે અંગેની સાચી માહિતી મલિકને પૂરી પાડી મલિકને વધુ વિશ્વાસમાં લેવો.

છેક છેલ્લે મલિક આચાર્ય મહારાજને પકડવા જઈ રહ્યો હોય ત્યારે એક જબ્બર દાવ ખેલી તેની બધી યોજના ધૂળમાં મેળવી દેવી.

એ દાવ શું રમવો ? તે શેઠે ગુપ્ત રાખ્યું હતું. પણ, મલિકના રોજે રોજના સમાચાર દોશી શેઠને પહોંચાડતા રહેવાના હતા. જેથી તે યોજનાના

અંતિમ તબક્કાની પૂર્વભૂમિકા રચી શકે. એકાદ દિવસમાં જ આદિત્ય કે વિનાયક સાજો થઈ જતા સંદેશાવ્યવહારના કામમાં, તેમને જોતરવાના હતા.

શેરખાનને પણ આ યોજના 'ફૂલપ્રૂફ' લાગી હતી. ફક્ત મલિકને વિશ્વાસ બેસે તે જરૂરી હતું. સીધી સાદી દેખાતી આ યોજનાના પ્રથમ ચરણમાં જ તેવી અણધારી પરિસ્થિતિ આવી પડી હતી કે આખી યોજના નિષ્ફળ નીવડે તેમ હતી. શેઠે શેરખાનને ખાસ તાકીદ કરી મોકલ્યો હતો કે ગમે તે પરિસ્થિતિમાં પણ સંદેશા મોકલવાનું ચૂકતો નહીં. આદિત્ય કે વિનાયક પાસે વાત કરતા પહેલા કયો ગુપ્ત શબ્દ વાપરવો તે પણ શેઠે જણાવી દીધેલું.

જ્યારે અહીં તો એવા જંગલમાં જવાનું આવ્યું હતું જ્યાં આદિત્ય કે વિનાયક કોઈની સાથે કશો સંપર્ક થઈ શકે તેમ ન હતો. તથા પોતે જ (= શેરખાન જ) ગાયબ થઈ જાય, તેના કોઈ વાવડ ન મળે તો શેઠને દગો થયાની શંકા થવાની જ. શેઠને કેવો આઘાત લાગે ? - આવા વિચારોથી શેરખાન વારે વારે અકળાઈ જતો હતો. મનમાં ઢગલાબંધ વિચારો ઉભરાતા હતા.

બધાં વિચારો ઉદાસી જન્માવતા હતા. છતાં શેરખાનના મગજમાં એટલું તો દૃઢ હતું કે પ્રાણાંતે ય આચાર્ય મહારાજને બચાવવાના હતા. મલિકને પોતાની યોજનામાં સફળ ન હતો જ થવા દેવાનો.. જંગલ જેમ-જેમ ગાઢ થતું જતું હતું, જેમ-જેમ અંધારું પણ નિબિડ થતું જતું હતું તેમ તેમ શેરખાનના મનમાં વિચારો પણ ગાઢ અને નિબિડ થતા જતા હતા...

મલિક સાથે ૩૦-૩૫ જેટલા સૈનિકો હતા. તેમાં લગભગ બધાં ઘોડેસવાર જ હતા. બહુ થોડા પૈદલ હતા. જરૂર પડે થોડી સાંઢણીઓ પણ તેઓ માટે સાથે રાખી હતી. જ્યારે શેરખાન પાસે ફક્ત પાંચેક માણસો હતા. આમ ખુલ્લા યુદ્ધ માટે સંખ્યાબળ તદ્દન ઓછું હતું. મલિકના આટલા સંખ્યાબળની કદાચ શેઠે પણ કલ્પના કરી ન હોય. એટલે જો તેમને સમાચાર ન મળે તો તેમની યોજના ઊંધી વળે તેવી શક્યતા પણ હતી જ.

ખેર, હાલ તો 'આગે-આગે ગોરખ જાગે' ન્યાયથી શેરખાન આગળ વધી રહ્યો હતો. એક સાથે આટલા બધાં મનુષ્યોના પ્રવેશથી ત્રસ્ત થયેલી વન્ય સજીવસૃષ્ટિનો કોલાહલ રાતના અંધકારમાં કેઈ-કેટલીય કલ્પનાઓ

જગાડતો હતો. એક અલગ જ પ્રકારનું ભેંકાર અને બિહામણું વાતાવરણ દરેકના મનમાં ભયની લાગણી જન્માવતું હતું. સહુના મનમાં આશંકાઓ તો ઘેરાયેલી જ હતી. છતાં જે સહુનું થશે તે મારું થશે - તેવો ભાવ મનમાં ધરપત આપતો હતો. મલિકને તો શકુનશાસ્ત્રનું જ્ઞાન પણ ન હતું.

શકુનશાસ્ત્રનું પ્રાથમિક જ્ઞાન ધરાવનાર માણસ પણ જંગલમાં જવાનું માંડવાળ કરી દે તેવા અપશકુનોની હારમાળા ચાલતી હતી.. ત્યાંનું વાતાવરણ જ દરેકના મનમાં અમંગલની આશંકા અને દહેશત જગાડનારું હતું.. **શુકન-અપશુકન તો ભાવિની ઘટનાના સૂચકમાત્ર છે. બાકી બનવાકાળ બનવાનું જ છે. હા ! એ માટે માનવીનો પુરુષાર્થ જ કારણ બની રહે છે. પોતાના પુરુષાર્થને કઈ દિશા આપવી ? તેનો સમ્યગ્ નિર્ણય જીવે સ્વયં કરવાનો રહે છે.**

જંગલમાં પ્રવેશતી વખતે અંધારું ઘેરાવાની શરૂઆત થઈ ચૂકી હતી. કારણ કે મધ્યાહ્ન ભોજન બાદ નીકળવાનો નિર્ણય લેવાયો હતો.

તેથી તૈયારીમાં ઘણો સમય વીત્યો હતો. અમદાવાદના રાજમાર્ગ ઉપર ઘણું ચાલ્યા પછી જંગલમાં ઉતર્યા હતા. આખા સૈન્યમાં-સાથેના સૈનિકોમાં ફક્ત બે-ત્રણ સૈનિક જ જંગલમાં રસ્તો શોધવાના જાણકાર હતા. જંગલથી થોડા પરિચિત હતા. મલિકને જંગલ રસ્તે જવાનો તરંગ ઊઠ્યો તે પછી તે જ સૈનિકોએ તૈયારી દર્શાવી હતી. એ બે-ત્રણ સૈનિકો ઉપર ભરોસો મૂકી મલિકે જંગલયાત્રા ખેડવાનું નક્કી કર્યું હતું. ત્રણે સૈનિકોમાંથી વિશેષ જાણકારી તો કોઈને ન હતી. અગ્નિ દિશામાં આગળ વધવાનું જ નક્કી કર્યું હતું.

એ ત્રણે જણ ભીલોની બે -ત્રણ પ્રકારની ભાષા જાણતા હતા. આથી, વચ્ચે ભીલો સાથે કામ પાડવાનું થાય તો કામ આવી શકે તેમ હતા.

બાકી આ તો આંધળૂકીયા જ હતા.. હીરાનો ખજાનો શોધવા આફ્રિકાના જંગલો ખૂંદતા અને ક્યારેક ભૂંડા મોતને ભેટતા સાહસિકો જેવી જ આ લોકોની હાલત હતી. ફક્ત સંખ્યાબળ મોટું હતું. તેથી મનોમન દરેક જણ ધરપત માનતો. બાકી જેટલી સંખ્યા જંગલરસ્તે પ્રવેશ કરતી વખતે છે તેટલી જ સંખ્યા, બિલકુલ ઘટાડા વિના, જંગલમાંથી બહાર નીકળતી વખતે પણ હોય તે શક્યતા નહીંવત્ હતી.

જો કે મુસાફરી હેમખેમ આગળ વધે તો બે-ત્રણ દિવસમાં જંગલને પાર પહોંચી જવાય તેમ હતું. બહુ મોટો રસ્તો ન હતો. ખાધાખોરાકીનો પુરવઠો પણ મલિકે ઘણો લેવડાવ્યો હતો. આ ભાગના વિસ્તારમાં નદી નાળાં પણ પુષ્કળ હતા. માટે પાણીનો પ્રશ્ન પણ ઝાઝો નડે તેમ હતો નહીં.

અંધારું ગાઢ બની ગયું હોવાથી મશાલો સળગાવવામાં આવી હતી. મલિકે હજુ પડાવ નાંખવાની આજ્ઞા આપી ન હતી. તેને આગળ વધવું હતું. 'વડોદ' ગામ સુધી તેને પહોંચી જવું હતું. આગળ સૈનિકોની એક ટુકડી ચાલતી જે ઝાડ-પાન વગેરે કાપી રસ્તો કરતી રહેતી. મશાલો પણ તેની પાસે રહેતી. વચ્ચે મલિક-શેરખાન વગેરે લોકો ચાલતા. પાછળ બીજી એક સૈનિકોની ટુકડી રહેતી. જંગલમાં રસ્તો બનાવવો અઘરો થઈ પડ્યો હતો.

ઝાડીઓથી રસ્તો ઘેરાવા લાગ્યો હતો. તેથી તેને બધાંને દૂર કરી રસ્તો કરવામાં બહુ સમય જતો હતો. રાત્રિ ઘેરાઈ રહી હતી. દિશાભાન ચૂકાઈ જવાની શક્યતા હતી. જો દિશાના એંગલમાં થોડોક પણ ફરક રહી ગય તો લાંબા ગાળે તે ભયાનક સાબિત થાય તેમ હતો. જંગલની બહાર નીકળવાના બદલે બધાં ગાઢ જંગલોમાં અટવાઈ જાય. કારણ કે બાલાસિનોર-પંચમહાલ જિલ્લાની દિશામાં આ જંગલ ખૂબ લાંબે સુધી ફેલાયેલું હતું....

હવે રાની પશુઓનો પણ ભય વધી રહ્યો હતો. અન્ય ઝેરી જીવજંતુઓ પણ ઠેર-ઠેર દેખા દઈ રહ્યા હતા. આખરે ન છૂટકે મલિકે પડાવ નાંખવાની આજ્ઞા આપી. કોઈક સારી સમથળ ભૂમિ જોઈ બધાં તેને સાફ કરવા મચી પડ્યા. ચારે બાજુ ઝાડી ઝાંખરાની-કાંટાની વાડ જેવું બનાવી દીધું. તાપણા સળગાવી દેવામાં આવ્યા. રાવટીઓ નાંખવામાં આવી. એ સાથે જંગલનો પહેલો મુકામ નંખાયો.

જંગલયાત્રાનો પહેલો પડાવ જ બધાંને ભારે મુસીબતદાયક અનુભવાયો હતો. કારણ કે તેઓએ જંગલપ્રવેશ રાત્રિના અંધકારમાં કર્યો હતો. કશું દેખાતું ન હોય ત્યારે અજ્ઞાત ભયની લાગણી માનવીના મનને સતત તાણમાં રાખી થકવી દે છે. માનવી અતિશય શ્રમ અનુભવે છે.

સહુ સૈનિકોની આ જ હાલત હતી. મુસાફરીમાં ઝાડી ઝાંખરા પણ

ખૂબ નડ્યા હતા. એક આખો ઘોડેસવાર નીકળી જાય તેવું ગાબડું કરવામાં પુષ્કળ સમય ખવાયો હતો. અને બમણો શ્રમ લાગ્યો હતો.

જો કે અગ્નિદિશામાં આગળ વધતાં થોડે સુધી જ જંગલ ગાઢ રહેવાનું હતું. તે પછી વચ્ચે સપાટ મેદાની પ્રદેશ પણ આવવાનો હતો કે જ્યાં ઘાસ અને છૂટા છવાયા વૃક્ષો જ હોય. નિબિડ વનસ્પતિ નહીં. હા ! કાદવના કળણ, રાની પશુઓ, જંગલી ભીલો - આ બધાં ભય તો ખરા જ. છેલ્લે પાછું ગાઢ જંગલ ભેદવાનું આવવાનું હતું...'' તો પણ પ્રથમ જ જે બિહામણી છાપ મગજમાં અંકાઈ હતી તે ભૂંસાવાની ન હતી.

એ છાપ હવે આ મુસાફરી પ્રત્યે અણગમો જગવતી હતી. પરંતુ મલિકની સામે કોઈ બોલી શકે તેમ ન હતા. ઘણાં નવયુવાન સૈનિકો ભયની સાથે એક સાહસની લાગણી પણ અનુભવતા હતા. આથી, સાહસ ખેડવાનો એક જુસ્સો તેઓ બીજા સૈનિકોમાં ભરી રહ્યા હતા. ટૂંકમાં ગમા-અણગમાની મિશ્ર લાગણી સાથે સહુ કોઈ પડાવની વ્યવસ્થામાં પડ્યા હતા. ભોજનની તૈયારી પણ આરંભાઈ હતી.. આ ૪૦-૫૦ જણા સમગ્ર દુનિયાથી અલિપ્ત, અલગારી દુનિયામાં ગોઠવાઈ ગયા હતા. આવી દુનિયામાં રહેવાનો પણ એક આનંદ હોય છે. એમાં જ્યારે સરખે સરખા સાથીદારો ભેગા થયા હોય ત્યારે તો ભયની લાગણી મંદ પડી જતા આનંદની લાગણી તીવ્ર થઈ જતી હોય છે.

પડાવની પ્રાથમિક વ્યવસ્થા પૂર્ણ થઈ જતા સહુ સૈનિકો આવી જ લાગણી અનુભવી રહ્યા હતા. સમૂહ ભોજન બાદ મલિક ખુદ ચારે દિશામાં એક ચક્કર મારી બધી તપાસ કરી આવ્યો. રક્ષણવ્યવસ્થા બરાબર ગોઠવાયેલી હતી. વારાફરતી જાગવાની વ્યવસ્થા પણ થઈ ગઈ હતી.

આ બાજુના પંથકમાં જંગલી પશુઓની, ખાસ કરીને દીપડા, વાઘ વગેરેની રંજાડ ઘણી હતી. અહીંના પશુઓ તો વારે તહેવારે માનવવસ્તીમાં આવી ખુવારી પણ કરી જતા. આથી ઘણું સાવચેત રહેવું પડે તેમ હતું. સહુ થાક્યા હતા. પોત-પોતાની રાવટીઓમાં ભરાઈ જઈ બધાં સૂવા માટે ઉત્સુક હતા. દરેકે પોતાની રાવટીના કપડાને પણ ચારે દિશાઓથી બંધ કરી રાખ્યું હતું. હવાની અવજ-જવર માટે ઉપરના ભાગમાં કાણા પાડવામાં આવ્યા હતા.

મલિકની બાજુમાં જ શેરખાનનો પડાવ હતો. મલિકની રાવટીના

પાછળના ભાગમાં જ પશુઓ બાંધેલા હતા. મલિકનો અશ્વ પણ ત્યાં જ બંધાયેલો રહેતો. આ એ જ અશ્વ છે જે બાદશાહે પાંચ રત્નો આપી ખરીદ્યો હતો. દેવાંશી જાત્ય અશ્વ ! મલિક પણ તેની મોંઘા રત્નની જેમ કાળજી કરતો. એ અશ્વ દેખાવમાં જ એટલો ઉચ્ચ લાગતો કે અશ્વનું મહત્ત્વ જાણનારા સૈનિકો સ્વયમેવ તે અશ્વની ભારે કાળજી લેતા.

અશ્વ પણ કોઈ એકાદ કટોકટીની પળે એવો કામ લાગે તેવો હતો કે તેના માટેની લીધેલી બધી કાળજી સાર્થક થયેલી લાગે. ચારે દિશામાં ફરી છેલ્લે પોતાના અશ્વની પીઠ થાબડી મલિક પોતાની રાવટીમાં આવી ગયો.

શેરખાન કયાં શું કરે છે ? તેની નોંધ લેવાનું પણ મલિક ચૂક્યો ન હતો. અત્યારે તો મલિકે તેની ગતિવિધિ ઉપર કોઈ અંકુશ મૂક્યો ન હતો. પણ અવસરે ભારે કિન્નાખોરી સાથે મલિક બદલો વાળશે તેવું લાગી રહ્યું હતું... ખેર, ભવિષ્યની વાત ભવિષ્યમાં...

શેરખાન-મલિક બધાં પડ્યા ભેગા જ થાકના માર્યા સૂવા લાગ્યા... જાગ્રત ચોકીપહેરો ભરનારા સૈનિકોના હોંકારા-પડકારા અને જંગલના વિભીષણ અવાજો વચ્ચે પણ થાકના પ્રતાપે સહુ ગાઢ નિદ્રામાં જઈ પહોંચ્યા.

ફક્ત મલિક અને શેરખાન બેની જ નિદ્રા ગાઢ ન હતી બની. ભવિષ્યના સંકલ્પ-વિકલ્પો મન ઉપર એટલા 'હાવી' થઈ ગયા હતા કે મન નંવરું થતા જ તેમાં અટવાઈ જતું હતું. ઊંઘમાં પણ તે બન્નેના વિકલ્પો ચાલી જ રહ્યા હતા. રાત્રિ પસાર થઈ રહી હતી. વહેલી સવારના - રાત્રિના ત્રીજા પહોરના અંતમાં જ્યારે ચોકીપહેરો ભરનાર સૈનિકો પણ ઝોલા ખાધા વિના રહી શકતા ન હતા તે સમયે મલિકને પોતાની રાવટી પાછળ કંઈક અવાજ થતો લાગ્યો.

મલિક સફાળો બેઠો થઈ ગયો. કંઈક ખસેડવાનો, ઘસાવાનો અવાજ લાગતો હતો. અવાજની માત્રા ઘણી મંદ હતી.

આ અવાજથી શેરખાનની નિદ્રામાં પણ ભંગ પડ્યો. મલિક-શેરખાન સિવાય આ અવાજની નોંધ સુદ્ધાં કોઈએ લીધી ન હતી. મલિક અને શેરખાન બન્નેને શિકારી પશુની શંકા પડી હતી. એટલે ઝડપથી ધનુષ-બાણ લઈ બન્ને જણા પોત-પોતાની રાવટીમાંથી બહાર આવ્યા. સૌ પ્રથમ શેરખાન બહાર

આવ્યો. શેરખાન હજુ બહાર આવે અને કંઈક સમજે ત્યાં તો જંગલને કંપાવતી એક સાંઢણીની મરણચીસ સંભળાણી. ઘણા લોકો જાગી ગયા. મલિક પણ તરત જ બહાર આવ્યો.

શેરખાનને બહાર જોઈ મલિકે પૂછ્યું - 'કોણ છે ? શું છે ?'

શેરખાને કહ્યું - 'હું હમણાં જ બહાર આવ્યો. મને પણ જાણ નથી. આ દિશામાંથી અવાજ આવ્યો છે. કોઈ રાની પશુએ આપણી સાંઢણીનો શિકાર કર્યો લાગે છે. મલિકને કાળઝાળ ગુસ્સો ચડ્યો હતો. કારણ કે પ્રથમ મુકામે જ રાની પશુનો હુમલો થતા સાથેના સૈનિકોનો ઉત્સાહ પડી ભાંગે તેમ હતો.

પોતે આટલી વ્યવસ્થિત ચોકી ગોઠવી હતી. છતાં પશુ હુમલો કરવામાં સફળ થયું હતું. મલિક અને શેરખાને જોયું તો એક જગ્યાએ વાડ તૂટી ગઈ હતી. તેમાંથી પડછંદકાય પશુ એક સાંઢણીને ખેંચી ગયું હોય - તેવા નિશાનો પડ્યા હતા. લોહીના ડાઘા - પશુને ઘસડવાના નિશાન વગેરે હતા.

થોડે આગળ નજર કરી તો અંધારામાં બે આંખો તગતગતી દેખાઈ. મલિકની સામે જ તે આંખો ટકરાઈ. પળભર મલિક અંજાયો. પણ પછી તરત જ ધનુષબાણ ચઢાવી નિશાન લેવા કોશિશ કરી. મલિકને નિશાન લેતો જોઈ તે પશુ તરત જ પથ્થરની ઓથે ચાલ્યું ગયું.

સાંઢણીનો શિકાર થયેલો જોઈ મલિક અતિશય રોષે ભરાયેલો હતો. કોઈને કહ્યા વિના ફટાફટ પોતાના અશ્વ ઉપર બેસી મલિક એ રાની પશુનો શિકાર કરવા નીકળી ગયો. કારણ કે એ ગાઢ જંગલમાં સરકી રહ્યું હતું.

શેરખાન એને અટકાવવા ગયો. પણ એટલી ઝડપથી મલિક નીકળી ગયો કે બીજો કોઈ વિકલ્પ જ શેરખાન ન કરી શક્યો. શેરખાનને થયું કે અત્યારે મલિકની પાછળ જાઉં. મલિકનો વિશ્વાસ સંપાદન કરવાની આ સારી તક છે. ભયંકર અંધકાર, ભયાવહ જંગલ, તેમાં ય શિકારે નીકળેલું ભયાનક રાની પશુ - ત્રણેય જીવલેણ નીવડી શકે તેમ હતા. મલિક જો શિકાર કરવામાં સફળ થાય તો આ અંધારામાં સાથ આપવા બદલ મલિક જરૂર શેરખાન ઉપર વિશ્વાસુ બને. બાકી, આ જંગલમાં કોણ સાથ આપે ? જો મલિક નિષ્ફળ જાય, દુર્ઘટનાનો ભોગ બને તો બાકીના સૈનિકોમાં તે વિશ્વાસુ બની જાય.

બન્ને રીતે લાભ જોઈ શેરખાને મલિકની પાછળ જવાનું નક્કી કર્યું. ઝડપથી પોતાના અશ્વ ઉપર સવાર થઈ શેરખાન મલિકની પાછળ નીકળી ગયો. બીજા સૈનિકો તો હજુ આંખો ચોળતા ઊભા હતા, પથ્થરમાં કોરેલી શિલાની જેમ. કારણ કે અતિ ઝડપથી ઘટી જતી ઘટનાઓથી અને કારમા ભયથી પક્ષાઘાતના હુમલાથી ઘેરાયેલા દર્દી જેવી હાલત તેઓ અનુભવતા હતા.

શિકારે નીકળેલ પશુ ભયંકર લેખાય. ત્યારે તેનો પીછો કરવો – એ પણ એના ઘર જેવા જંગલમાં – તે પણ (રાની પશુઓ માટે દિવસ સમાન) રાત્રિમાં તે ઝેર ખાઈને પીઠ પર પથ્થર બાંધી ૧૦ મા માળેથી ભૂસકો મારવા બરાબર હતું. મલિક અને શેરખાન કંઈક આવી જ પ્રવૃતિ કરી રહ્યા હતા.

બીજો કોઈ અશ્વ તો રાત્રિના સમયે આવા ભયંકર જંગલમાં જવાનું આવતા જ પાછો વળી જાય. એક ડગલું આગળ ન વધે. કિંતુ મલિક પાસે તો દેવદુર્લભ એવો જાત્ય અશ્વ હતો.... મલિકની ઈચ્છા આગળ એ પોતાના પ્રાણને પણ નીચા લેખતો. પરિણામે જરાય થડકાર વિના એણે રાની પશુનો પીછો કર્યો. મલિકની શિકાર કરવાની ઈચ્છા તે સમજી ગયો હતો.

શેરખાનનો અશ્વ કદાચ મલિક જેવો ભલે શ્રેષ્ઠ કોટિનો ન હતો, છતાં ઊંચી ઓલાદનો તો હતો જ. અનેક યુદ્ધમાં શેરખાને તેને પલોટ્યો હતો – કેળવ્યો હતો. પરિણામે માલિકની ઈચ્છાને સમજી તે પણ આગળ ભાગતા અશ્વની નેમ લઈ ભાગ્યો... મલિકનો અશ્વ ભારે તેજ હતો.. આવા ભર અંધારામાં પણ તે સારી કહી શકાય તેવી ઝડપે ભાગતો હતો. રાની પશુ હજુ બહુ અંદર ઘૂસેલ ન હતું. પણ, પોતાને મારવા કોઈ આવી રહ્યું છે તે ભાન થતાં જ ભયંકર ઘૂરકાટ સાથે તે જંગલમાં અંદર-અંદર ભાગવા લાગ્યું.

મલિક પણ બીજુ કશું વિચાર્યા વિના તેની પાછળ અંદર-અંદર ભાગી રહ્યો હતો. મલિકની પાછળ થડકતી છાતીએ શેરખાન પણ ઢસડાઈ રહ્યો હતો. જંગલનું વાતાવરણ અતિશય વિભીષણ અને બિહામણું બની રહ્યું હતું. વડવાઈ જેવું ઝાડ ઉપર લટકતું જ્યારે ગાલને સ્પર્શીને નીકળી જાય ત્યાર તેના લીસા સ્પર્શ ઉપરથી ખ્યાલ આવતો કે એ વડવાઈ નહીં, સાપ કે અજગર હતો. ત્યારે લાગતો આંચકો હાર્ટ એટેકથી બે ડીગ્રી જ કમ હતો !!!

રાની પશુ ભારે જંગલમાં મલિકને દોરી જતું હતું. ઝાડ-પાન નજીક હતા. ડાળીઓ ઉપર લટકતા સાપો સ્પર્શ સિવાય પારખી શકાતા ન હતા. મલિકના માથે તો ધૂન સવાર હતી. માટે, તેને આ વેદના-ભય કશું સ્પર્શતા ન હતા. પણ, શેરખાન આ બધાંને અનુભવી રહ્યો હતો.. પોતાના પહેલા જ સાહસમાં યાદગાર અનુભવ મળી રહ્યો હતો. જો કે તે પણ સાહસિક વૃત્તિનો જ હતો. તે મલિક કરતા થોડો પાછળ હતો. અચાનક વચ્ચે સીધો પટ્ટો આવતા મલિક અને પશુ બન્ને સીધી રેખામાં આવી ગયા.

મલિકે તક સાધી બાણ છોડી દીધું. અંતર નજીવું હતું, સીધું હતું. માટે બાણ લક્ષ્યવેધી નીવડ્યું. તીવ્ર પીડાના માર્યા એ પશુએ ભારે મોટો ઘૂરકાટ કર્યો અને આખા જંગલને કંપાવી દીધું.. મલિક હજુ બીજું બાણ ચડાવે તે પહેલા ઘાયલ પશુ સીધું જ દોટ મૂકી મલિક ઉપર ત્રાટક્યું. કહો કે ખાબક્યું... મલિક આવા વીજળીક હુમલા માટે સહેજ પણ તૈયાર ન હતો.

શેરખાન પાછળ આવી ગયો હતો. તે પણ આ દૃશ્ય જોઈ આંખ મીંચી ગયો. કારણ કે પળવારમાં જ મલિક ચૂંથાઈ જવાનો હતો. પરંતુ મલિકનો અશ્વ મલિકની વહારે આવ્યો. તે ચપળતાથી બે ડગલાં હઠી ગયો અને પશુનો હુમલો નિષ્ફળ ગયો. તે જમીન ઉપર પછડાયો. શેરખાન સમજી ગયો કે - મલિકનો અશ્વ ભારે તેજસ્વી છે. તે માલિકને એમ મરવા નહીં દે !

અશ્વ ઉપર તેને ભારે માન ઉપજ્યું. હુમલો નિષ્ફળ જવાથી વધારે ભૂંરાયું બનેલું તે પશુ કાચી સેકંડની વાર લગાવ્યા વિના ઉછળ્યું અને મલિક ઉપર ખાબકવા ગયું. મલિકના હાથમાં ધનુષ-બાણ હતા. પણ, અંતર એટલું ઓછું થઈ ગયું હતું કે ધનુષ-બાણ નકામા થઈ ગયા હતા. સેંકડ-બે સેંકડમાં જ આ બધું બની રહ્યું હતું. પરિણામે મલિક માટે તો બચાવ માટેનો વિચાર કરવો પણ દુઃશક્ય હતો. પરંતુ આ વખતે શેરખાન મલિકની સહાયે આવ્યો. તલવારનો ભયાનક ઘા તેણે કર્યો. દોરાવાર અંતર માટે મલિક બચી ગયો.

શેરખાનને આ પળે ઘણું જ દુઃખ થયું. કારણ કે દોશી આણંદજી શેઠે જાસૂસી માટે શેરખાનને રાખ્યો ત્યારે જ કહ્યું હતું - 'આપણી જાસૂસી સંપૂર્ણ અહિંસક હોવી જોઈએ. પશુને કે માણસને - કોઈને પણ મારી આપણું કામ કરવાનું નથી. આપણે આનો ઉપયોગ મોટી હિંસાથી બચવા માટે કરીએ

છીએ. પરિણામે ગુપ્તચર વિદ્યામાં તો હું હિંસાને વર્જ્ય ગણું છું. કોઈ તમારી ઉપર હુમલો કરે અને તમે સામો હુમલો કરો તો હજુ ક્ષમ્ય. છતાં શક્ય હોય તો ત્યારે પણ સામે જાનલેવા હુમલો ન કરવો. દોષિત વ્યક્તિ પણ જો તમારી ઉપર હુમલો ન કરે તો તેને, જરૂર પડે તો ઘાયલ કરો, પણ તેનો પ્રાણ ન લો... મારી આ ઈચ્છા હું મારા દરેક જાસૂસને જણાવું છું.

મારા દરેક ગુપ્તચરને હું જ્યારે કોઈ પણ કામ સોંપું છું ત્યારે સંપૂર્ણ સત્તા તેને સોંપી દઉં છું. કોઈ પણ કટોકટીની પરિસ્થિતિ વખતે શું કરવું ? તેની સત્તા તેની પાસે જ હોય છે. મને પૂછવા આવવાની જરૂરત તેને રહેતી નથી. કારણ કે મને દરેક ઉપર વિશ્વાસ છે કે કદાચ ઉતાવળવશ કોઈક ગલત પગલું ગુપ્તચરથી ભરાઈ જાય તે શક્ય છે. પણ તેનો અભિપ્રાય તો ગલત નહીં જ હોય. એટલે દરેક સત્તા તમારી પાસે છે. હિંસાની જરૂરત પડે તો મને પૂછવા આવવાની જરૂર નથી. પણ, મારી ઈચ્છા ધ્યાનમાં રાખો - એટલું બસ છે. તે તમને નિરર્થક હિંસાથી બચાવશે - તેવો વિશ્વાસ છે.'


આ શબ્દોએ શેરખાનના હૃદયને ઝકઝોરી મૂક્યા હતા... પરંતુ પોતાના પહેલા જ સાહસમાં પોતાને હિંસા આચરવાની આવતા તે અતિશય દુઃખી થયો હતો. શેરખાનની દૃષ્ટિએ તેની પાસે બીજો કોઈ વિકલ્પ ન હતો. મલિક તે પશુને ખતમ કરવાનો જ હતો. ફક્ત મલિકનો વિશ્વાસ સંપાદન કરવા માટે જ તેણે આ પગલું ભર્યું હતું. તલવારનો ઘા જનોઈવઢ નીવડ્યો હતો. એક ભયાનક, આખા જંગલને કંપાવી મૂકતી, અંતિમ મરણચીસ નાંખી એ પડછંદ કાયા જમીન ઉપર ફસડાઈ ગઈ. મલિક પણ નિઃસ્તબ્ધ બની ગયો હતો. કંઈક સ્વસ્થતા આવતા શેરખાનને જોઈ તેણે ભારે આશ્ચર્ય અનુભવ્યું.

તેણે કહ્યું - 'તું અહીં ?' 'સાહેબ ! આવા જંગલમાં આપ એકલા નીકળો તો મારો જીવ કેવી રીતે હેઠો બેસે !' - શેરખાન બોલ્યો. આ પરિસ્થિતિમાં શેરખાન માટેની રહી-સહી શંકા પણ મલિકના મનમાંથી નીકળી ગઈ.

બન્ને જણ પાછા વળ્યા. પાછા વળતા લાગણીથી મલિક બોલ્યો -

'શેરખાન આજે તને મારી સાચી યોજના કહું છું...' હજુ આગળ મલિક કંઈક બોલે તે પહેલા પાંદડાના ખખડાટે બન્ને ચોંકી ઉઠ્યા.

✺



ભયાનક યાતના...

અંધારી રાત, ભીષણ વન, ભેંકાર વાતાવરણ, ભયાવહ અવાજો અને સામે પડેલી રાની પશુની લોહી નીંગળતી કાયા... મલિક અને શેરખાન બન્ને સ્તબ્ધ થઈ ચૂક્યા હતા. નગરશેઠે આપેલા અશ્વના પ્રતાપે મલિક સહી-સલામત રહી શક્યો હતો. બીજો કોઈ અશ્વ હોત તો તો રાની પશુને આ રીતે હુમલો કરતા જોઈને જ તે હોશ-હવાસ ગુમાવી બેસત.

જ્યારે આ અશ્વે તો ભારે સ્વસ્થતા દાખવી તે પળને સાચવી લીધી હતી. શેરખાન આ હકીકત જોઈ શક્યો હતો. શેરખાનનો અશ્વ પણ હેબતાઈ ગયો હતો. તે ભડકીને પાછો જ ભાગી ગયો હોત. પરંતુ શેરખાને માંડ-માંડ તેના ઉપર કબજો જમાવી રાખ્યો હતો. જો શેરખાને ઘા ન કર્યો હોત તો ય આ વખતે એ અશ્વ મલિકને બચાવી જ લેત - તેવું શેરખાનને લાગ્યું હતું.

પછી તો મલિકને વળતો ઘા કરવાનો લાગ મળી જ જાત.. મલિકની તત્કાલીન મનઃસ્થિતિ એવી સર્જાઈ હતી કે તેને એમ જ થયું - 'હવે તો ગયા જ.' કારણ કે એ પશુ અત્યંત પાસે હતું. મલિકની ઉપર તે આવી જ ગયું હતું. ત્યાં શેરખાને વચ્ચે જ જનોઈવઢ ઘા કરી, મલિકને બચાવી લીધો. પરિણામે મલિકને નવું જીવન મળ્યા જેવો જ પ્રસંગ લાગ્યો હતો.

આવા જંગલમાં શેરખાનને પોતાની પાછળ આવેલો જોઈને જ મલિક અભિભૂત થઈ ગયો હતો. બાકી આવી કપરી પરિસ્થિતિમાં કોણ સાથ આપે ? જ્યાં ગમે તે પળે મોતની વકી હોય ત્યાં શેરખાનને સાથે આવેલો જોઈ મલિકની શંકા ઓગળી ગઈ. એ પરિસ્થિતિ જ એવી સર્જાયેલી કે ભલભલી વ્યક્તિ એ સમયે સાથ નિભાવનાર પ્રત્યે ઓળઘોળ બની જાય..

બન્ને જણા જંગલમાં પાછા વળી રહ્યા હતા. વાતાવરણની ભયંકરતા હવે રહી-રહીને મલિકના ધ્યાનમાં આવી રહી હતી. અને તેની છાતી થડકી રહી હતી. ભયની લાગણી મલિકમાં વધી રહી હતી. છેલ્લે અનુભવેલી ભયની પ્રચંડ લાગણીની અસરો હજુ નાબૂદ ન હતી થઈ.

મલિકને તો રસ્તો કશો જ ધ્યાનમાં ન હતો રહ્યો. છતાં શેરખાને કંઈક યાદ રાખ્યો હતો. થોડી નિશાનીઓ પણ રહી ગઈ હતી. તે બન્ને ધીરે-ધીરે આગળ વધી રહ્યા હતા. સમય પસાર કરવા લાગણીથી મલિકે પોતાની યોજનાની વાત માંડી હતી. એમ પણ પોતાની આ યોજના ઉપર મલિકને ભારે ગર્વ હતો. પોતાના પરાક્રમની વાત પણ તે બહાને થઈ જતી હતી.

પરંતુ મલિકે વાત શરૂ કરી કે ત્યાં જ પાંદડામાં ખડખડાટનો અવાજ સંભળાયો. બન્ને જણા સાવધાન થઈ ગયા. મુસાફરી અટકી ગઈ. બન્નેના અશ્વો પણ ચોકન્ના થઈ ગયા.

પાંદડાના ખડખડાટનો અવાજ નજીક આવતો લાગ્યો. બન્ને જણાના ધબકારા પણ વધતા હતા. કોઈ પશુ જ આવતું હોય તેમ જણાયું. હુમલો કરવા માટે બન્ને જણા તૈયાર જ હતા. ત્યાં બન્નેના કાને અવાજ અથડાયો - 'કોઈ છે ? કોઈ છે ?' અવાજ નજીકથી જ આવતો હતો.

મલિકને અવાજ પરિચિત લાગ્યો. કોનો અવાજ હોય આ જંગલમાં ? ઘણું યાદ કરવા છતાં કોઈનું નામ ન સૂઝ્યું. પણ, અવાજ સાંભળેલો લાગતો હતો. કોઈ દુઃખી માનવી જણાતું હતું. બોલી ભીલની ન હતી. તેથી પ્રતિસાદ આપવામાં વાંધો ન જણાતા મલિકે જ બૂમ નાંખી - 'હા ! આ બાજુ આવો. કોણ છો તમે ?'

આ બાજુ પેલા માનવને પણ આ અવાજ સાંભળેલો લાગ્યો. પણ, કોનો અવાજ ? તે ન સમજાયું... તે અવાજની દિશા તરફ આગળ વધ્યો.

થોડી જ વારમાં મલિકની બાજુમાંથી એક ઘોડેસવાર બહાર નીકળી આવ્યો. મલિક થોડો પાછો હટી ગયો. કંઈ પણ હુમલો વગેરે થાય તો પ્રતીકાર માટે બન્ને જણા ખુલ્લી સમશેર સાથે તૈયાર જ હતા..

પરંતુ તે માનવીએ પ્રેમથી વાત કરી - 'હું તમારો દોસ્ત છું, દુશ્મન નહીં, મારા તરફથી કોઈ ભય ન રાખશો. હું તો જંગલમાં અટવાયેલો મુસાફર છું. કેટલાંય દિવસથી આ જંગલની બહાર નીકળવા મથું છું.

પરંતુ, કોઈ પણ રીતે જંગલનો પાર આવતો નથી. આખા જંગલમાં ક્યાંય કોઈ માનવનો પડછાયોસુદ્ધાં મને મળ્યો નથી.. હું અહીં બાજુમાં થોડે દૂર ઝાડ ઉપર સૂતો હતો. પણ, રાની પશુની ભયાનક ત્રાડ સાંભળી જાગી ગયો. ત્યાં ઘોડાના ડાબલા - પાંદડાનો ખડખડાટ મને સંભળાયો.

આમ, કોઈ માનવીના એંધાણ મળતા હું ઝડપથી આપના તરફ આવ્યો. સદ્‌ભાગ્યે આપ મળી પણ ગયા. હવે મને જરૂર કંઈક સધિયારો મળશે. આપણે જંગલ બહાર નીકળી જઈશું... આપ કોણ છો ? આપ તો અહીંથી બહાર નીકળવાનો રસ્તો જાણતા જ હશો ! અહીંથી બહાર નીકળતા કેટલો સમય થશે ?' જંગલને જોઈ - જોઈને ત્રાસી ગયેલી એ માનવીની આંખો માનવવસ્તીને જોવા તલસતી હતી. એટલે જ તો આ પ્રશ્ન પૂછી બેઠો...

મલિકને આ અવાજ સાંભળેલો લાગતો હતો. પરિચિત લાગતો હતો. અંધારામાં ચહેરો ઓળખાતો ન હતો. મોઢા ઉપર દાઢી-મૂંછ વગેરે પણ ઊગી ગયેલા દેખાતા હતા.

આખરે મલિક પોતાની શંકાને વ્યક્ત કરી જ બેઠો - 'મેં આપનો આ અવાજ સાંભળેલો લાગે છે. કદાચ આપ મારા પરિચિત છો. સંભવ હોય તો મને તમારી ઓળખાણ આપશો ?'

'મારી ઓળખાણ અમુક ગંભીર કારણોસર ખુલ્લી નથી કરી શકતો. પણ, આપ જો આપની ઓળખાણ આપો અને હું આપને ઓળખતો હોઉં તો મને મારી ઓળખાણ આપવામાં વાંધો નથી..' - મલિકનો અવાજ પોતાને પરિચિત લાગતા સ્પષ્ટ શબ્દોમાં એ માનવીએ ખુલાસો કર્યો. બાકી એ ભળતી જ ઓળખાણ આપી દેત.

મલિકે કહ્યું - 'અમે અત્યારે અમદાવાદથી નીકળ્યા છીએ. મારું નામ મલિક છે. હું અમદાવાદના બાદશાહ મુજ્ઝફરનો ખાસ માણસ છું. આનું નામ શેરખાન છે. તે પણ મારી સાથે જ છે..'

આટલું સાંભળતા જ સેનાપતિ બોલી ઉઠ્યો - 'ઓહ મલિક સાહેબ ! આપ છો ? હું એ જ અમદાવાદનો સેનાપતિ...'

હવે આશ્ચર્ય પામવાનો વારો મલિકનો હતો. 'ઓહ તમે ! સેનાપતિજી ! તમે અહીં ક્યાંથી ? પેલો માણસ ક્યાં ગયો ? તમારી આવી દુર્દશા કેવી રીતે ? તમે અહીં ક્યાંથી ભૂલા પડી ગયા ? તમારા વિના ત્યાં અમદાવાદમાં કેવી ઉથલ-પાથલ મચી ગઈ છે ? અમદાવાદના પ્રતિષ્ઠિત સૈન્યના સેનાપતિને એક માણસ ગાયબ કરી દે તેવા સમાચાર ફેલાતા કેવી નામોશી થાય ? અમદાવાદમાં કેટ-કેટલા તર્ક-વિતર્કો આ ઘટનાને કારણે જાગ્યા છે !! તમારી ગેરહાજરીનો કેવો અર્થ થાય ? પર રાજ્યો તો આ તકનો લાભ ઉઠાવી હુમલો કર્યા વિના ન રહે..'

સેનાપતિએ કહ્યું - 'તમારી વાત સાવ સાચી છે. એટલે જ તો મેં મારી ઓળખાણ આપવાની ના પાડી. રખે કોઈ પર રાજ્યનો માણસ હોય અને મારી - અમદાવાદના સેનાપતિની આ હાલતના સમાચાર બહાર ફેલાવે તો કેવી ભયંકર નાલેશી થાય ? અમદાવાદમાં મારી ગેરહાજરીના કારણે કેવા ભારે પ્રત્યાઘાતો પડશે તેની કલ્પના હું પણ કરી શકતો હતો.

પરંતુ મારી પાસે કોઈ રસ્તો જ ન હતો. કેટલું બધું આ જંગલમાં હું આથડ્યો.. પણ કોઈ રસ્તો જ ન દેખાય.. ન તો કોઈ ગામ મળે, ન તો કોઈ માર્ગના -મુસાફરના ચિહ્ન દેખાય.. ન તો જંગલનો અંત મળે..

ભેંકાર વાતાવરણમાં ગુંજતી રાની પશુઓની ભયાનક ત્રાડોના ઓશીકે મેં કેવી રીતે રાતો વીતાવી છે તે તો મારું મન જાણે છે.

આ તો આ જંગલમાં ખાદ્ય ફળો અને પાણીની કોઈ કમી નથી. માટે હું જીવતો રહી શક્યો છું. બાકી ભૂખ્યા અને તરસ્યા રિબાઈને મરવાનું આવત કાં પછી કોઈ જંગલી પશુના મોઢામાં ચવાઈને મરવાનું હતું. સાચ્ચે જ કાં ભૂખે મરવાનું થાત, કાં કોઈ ભૂખ્યાની ભૂખ ભાંગવા મરવાનું થાત. પણ

મરી ચોક્કસ જાત. કોણ જાણે એ ભીલ મને કેવા જંગલમાં મૂકી ગયો !'

મલિકે કહ્યું – 'તમે આ જંગલમાં આવી કેવી રીતે ગયા ? ભીલ લોકો સાથે આપણા સૈન્યની લડાઈ થઈ – ત્યાં સુધીના સમાચાર અમને મળ્યા. આપણા સૈન્યની ભીલ લોકોએ ભારે ખુવારી કરી. કારણ કે તમારા ભાગી જવાથી સૈન્યમાં ગેરસમજ ફેલાણી. એ લોકોનો ઘેરો તૂટી ગયો.

ભીલ લોકો ઘેરાની બહાર નીકળી ગયા. ચારેબાજુથી ગોફણના માધ્યમે ભીલો પથ્થરમારો કરવા લાગ્યા. હિમવર્ષાની માફક વરસતા પથ્થરના ટુકડાઓએ આપણા સૈનિકોના લોહીથી ધરતીને રંગી નાંખી.

'સેનાપતિજી એ માણસની પાછળ પડ્યા છે' – તે સમાચાર પણ અમને મળ્યા. કિંતુ તે પછી કોઈ સમાચાર ન મળતા અમે અનેક આશંકાઓથી ઘેરાઈ ગયા.

પછી એ સમાચાર મળ્યા કે તે માણસ સહી સલામત, આપણી ચોકી વટાવીને ય કપડવંજ પહોંચી ગયો છે ત્યારે તમારા માટેની આશંકાઓ ઘેરી બની અને બાદશાહે આપને ગમે ત્યાંથી શોધી લાવવા આપણા સૈન્યને ફરમાન કર્યું. અત્યારે આપણું સૈન્ય આપની ખોજ માટે આ જંગલની ભૂમિને ખૂંદી રહ્યું છે. હવે કહો કે આપની આવી હાલત શા કારણે થઈ ?'

સેનાપતિએ કહ્યું : 'ભીલોના સેનાપતિએ અમારી સામે જે માણસ હાજર કર્યો હતો તેણે અદ્દલ પેલા માણસ જેવો જ વેશ પહેર્યો હતો. તે અશ્વને તો હું જોતા જ ઓળખી ગયો. અત્યારે પણ એ બાબતે તો હું નિઃશંક છું કે એ અશ્વ તે જ છે જે પેલા માણસ પાસે રાજમહેલથી ભાગતી વખતે હતો. એ અશ્વ અને એનો વેશ જોઈ અમે બધાં તે માણસને જ ભાગેડુ – આપણા ગુનેગાર માણસ તરીકે માની બેઠાં.

પરિણામે જેવો એ માણસ ભાગવા ગયો કે મેં તેનો પીછો પકડ્યો. તે મને ઘણે અંદર સુધી જંગલમાં ખેંચી લાવ્યો. મને લાગ મળતા મેં છુટ્ટો કટારનો ઘા કર્યો. એ પડી ગયો. મેં તરત જ તેના ઉપર કબજો જમાવ્યો. પરંતુ તેનું મોઢું જોતા જ હું હલી ગયો – એ તો કોઈ ભીલ નીકળ્યો. ભલે !

મેં પેલા ભાગેડુ માણસનું મોઢું ન હતું જોયું. તો પણ એટલું તો મને સમજાઈ જ ગયું કે - આ તે નથી.

પેલા ભીલે પણ મને કહ્યું - 'તમે છેતરાયા છો ! અસલી માણસ તો કપડવંજ જવા નીકળી ગયો છે.' હું અકળાયો. વિચારતા મને તેની વાત સાચી લાગી. ધીરે-ધીરે એ લોકોની યોજના મને સમજાણી. 'મને ભ્રમમાં નાંખી કોઈ ભળતા જ ભીલની પાછળ દોડાવી મને ગાઢ જંગલમાં દોરી લાવવો. ત્યાં સુધીમાં અસલી વ્યક્તિ કપડવંજ તરફ જવા નીકળી જાય.' એ લોકોની યોજના સફળ નીવડી. મારી હાલત દિગ્મૂઢ જેવી જ હતી.

મને વિચારવશ જોઈ મારી પક્કડમાંથી છૂટી અશ્વ ઉપર બેસી તે ભીલ ભાગી છૂટ્યો. હવે તેની પાછળ પડવામાં મને રસ ન હતો. બસ ! ત્યાર પછી અત્યારે કોઈ માણસનું મોઢું હું જોઈ રહ્યો છું.'

મલિકે કહ્યું - 'જો તમે કહો છો તેમ અશ્વ એ જ હોય અને તેના ઉપરનો સવાર બીજો હોય તો કપડવંજ તરફની ચોકીના આપણા સૈનિકે તે જ અશ્વ જોયો - તે કેમ શક્ય બને ?'

'શક્ય છે, એ ઘોડાની ગતિ ભારે તેજ છે. મારી પાસેથી છટકી તે ભીલે એના મૂળ માલિકને અશ્વ પહોંચાડી દીધો હોય તે શક્ય છે. ટૂંકમાં, એ લોકોની યોજના જબ્બર હતી. અને તેમાં એ સફળ થઈ ગયા. હું થાપ ખાઈ ગયો. તેની સજા મેં આ જંગલમાં ભોગવી લીધી. આ તો તમે મળી ગયા. બાકી મોતની સજા જ મને મળત.. ખેર, તમે આ બાજુ કેમ નીકળ્યા છો ? આવા જંગલમાં અંધારી રાતે પ્રવાસ ખેડવો કેમ જરૂરી બન્યો ?'

મલિકે કહ્યું - ''અમારે 'વીણા' જવું હતું. મૂળ માર્ગે જતા લાંબું ફરવું પડે તેમ હતું. એટલે જંગલનો રસ્તો લીધો. પહેલો જ પડાવ અમે નાંખ્યો હતો. ત્યાં રાતે જંગલી જનાવરે હુમલો કર્યો. તેની પાછળ અમે બે પડ્યા. હમણાં જ તેનો શિકાર કરી અમે પાછા વળતા હતા ત્યાં તમે મળી ગયા. ચલો ! સારું થયું કે અમને આ અંધારી રાતે જ શિકાર કરવાનું સૂઝ્યું.

અમે પડાવે જઈ રહ્યા છીએ. તમે પણ સાથે જ આવો. ત્યાંથી આપણે સાથે આગળ વધીશું કે પછી કેટલાંક સૈનિકો સાથે તમને અમદાવાદ પાછા

મોકલી દઈશું. હવે બધું પડાવે જઈ નક્કી કરશું. સૌ પ્રથમ પડાવે તો જઈએ. બધાં ચિંતા કરતા હશે. તમને જોઈને આપણા સૈનિકોનો જુસ્સો વધી જશે....'' બધાં પડાવ તરફ જવા આગળ વધ્યા. પણ અંધારામાં રસ્તો સૂઝતો ન હતો.

અચાનક મલિકના અશ્વનો પગ ખાડામાં પડ્યો. માંડ-માંડ મલિક પોતાનું સંતુલન જાળવી શક્યો. આથી, સહુએ નક્કી કર્યું કે રાત અહીં જ ક્યાંક વીતાવી દેવી. સવારે ભડભાંખરું થતાં અવરજવરને કારણે પડેલી નિશાનીઓથી આગળ વધવાનો રસ્તો જડી આવશે. અંધારામાં જો ક્યાંક ભૂલા પડ્યા તો આ જંગલમાં આપણું સરનામું જાનવરનું પેટ જ બનશે, બીજું કશું નહીં..

કોઈ એક સારું ઝાડ જોઈને તેની નીચે સૌપ્રથમ તો આગ પેટાવવાની વ્યવસ્થા કરી. આગ પેટતા જ કંઈક જોવું શક્ય બન્યું. તે આછા ઉજાસમાં જમીન ચોકખી કરી, અશ્વોને વૃક્ષ સાથે બાંધી બધાં નીચે જમીન ઉપર જ બેઠા. જંગલમાં પશુને બાંધીને રખાય નહીં. તે છતાં બિનઅનુભવી આ લોકો તે ભૂલ કરી રહ્યા હતા.

આમ તો જંગલમાં જમીન ઉપર સૂવું તે ભયાનક જ હતું, છતાં ત્રણ જણ હતા અને બેઠા - બેઠા જ ઊંઘ ખેંચી લેવાનું નક્કી કર્યું હતું. માટે, જમીન ઉપર સૂવાનો વિકલ્પ સ્વીકારાયો હતો. થાક-શ્રમ-ઉજાગરો વગેરેને કારણે ત્રણે જણા ઝોકે ચડી ગયા.. સેનાપતિજી માટે તો આનંદની રાત્રિ હતી. કારણ કે આવી નિદ્રા ઘણા સમયે તેમને માણવા મળી રહી હતી..

ત્રણે જણ ઝોકે ચડેલા હતા ત્યાં જ પાંદડાના ખડખડાટનો અવાજ થવા લાગ્યો. અગ્નિ હજુ પણ સળગતો જ હતો. પાંદડાના ખડખડાટનો અવાજ નજીક આવવા લાગ્યો... સૌ પ્રથમ આ અવાજથી સેનાપતિની ઊંઘ ઊડી, થોડી વારે બીજા બે જણની ઊડી.. પણ, હજુ તે લોકો કંઈ વિચાર કરે તે પહેલા તો ઝાડ પાછળથી પડછંદકાય કેટલાંક લોકો આ ત્રણે ઉપર તૂટી જ પડ્યા.

એવા તો ભયાનક એ માણસો હતો કે એક જણ દસને ભારે પડે. જ્યારે અહીં તો મલિકને બે માણસોએ જકડ્યો, સેનાપતિ અને શેરખાનને

પણ બબ્બે માણસોએ જકડ્યા હતા. અતિશય ક્રૂરતાથી આ લોકોને પકડવામાં આવ્યા હતા. હાથ આમળી નાંખ્યા હતા. એક જણ વાળ ખેંચી રહ્યો હતો...

ત્રણે જણની ચીસોથી જંગલ ગાજી રહ્યું ! કોઈ સમજી ન શક્યું કે આ લોકો કોણ છે ? ત્રણે જણાના હાથ સાંકળથી બાંધી દીધા. ગળામાં પણ લોખંડનો ગોળ પટ્ટો પહેરાવી દીધો. ત્રણેયના અશ્વ ઉપર કબજો જમાવી દેવામાં આવ્યો. ત્રણેયને જમીન ઉપર પાડી તેમના પગને પણ સાંકળથી બાંધી દીધા. અને તેમને ઘોડા સાથે બાંધી તે લોકોને ઢસડતા ચાલ્યા !!

ત્રણ જણ ઘોડાને દોરી રહ્યા હતા, બાકીના ત્રણ જણા પણ આગળ તેઓની સાથે જ ચાલી રહ્યા હતા.. ઘોડાની પાછળ ઢસડાતા ઢસડાતા કાંટા-કાંકરાની ભયાનક વેદના સહેતા-સહેતા આ ત્રણ જણ પણ આગળ વધી રહ્યા હતા...

ત્રણમાંથી કોઈ પણ કલ્પના ન હતું કરી શકતું કે આ શું બની ગયું ? આ લોકો કોણ છે ? તે પ્રશ્ન પણ ત્રણેયને પીડી રહ્યો હતો. કારણ કે તેના આધારે જ તેઓના ભાવીનો નિર્ણય થવાનો હતો. આવું અમાનવીય વર્તન દાખવનારા તે છયે જણના ચહેરા કાળામેંશ હતા.

કોઈ અલગ જ પ્રકારની પ્રજા તે જણાઈ રહી હતી. અને જે રીતે તેઓની સાથે વ્યવહાર કરવામાં આવ્યો હતો તે જોતા ભૂંડા મોતને હવાલે થવાનું આવે તેવું લાગી રહ્યું હતું.

કયા કારણોસર તે લોકો આવો વ્યવહાર કરી રહ્યા હતા ? તે સમજાતું ન હતું. ભીલ લોકો ક્યારેક માનવબલિ ચડાવવા મનુષ્યને પકડતા. પણ, તેઓ તો પોતાના બલિને પૂજ્ય માનતા. તેના દેહને અક્ષત રાખતા. લૂંટવા માટે પકડેલા લોકોને તેઓ મારી નાંખતા કે છોડી દેતા. પણ આવું અમાનવીય વર્તન તો ન જ દાખવતા. આ વાતની ત્રણેય જણને ખાતરી હતી.

એટલે કોણ હશે આ લોકો ? તે વાત ત્રણેયના મગજમાં સમજાતી ન હતી. અત્યારે તો કાંટા-કાંકરા-પથ્થરા ઉપર અથડાતી કૂટાતી-ટીચાતી તેઓની કાયા ભારે વેદના વેઠી રહી હતી. ત્રણેયની ભયંકર દુર્દશા હતી...

થોડી વારે તે લોકોનો મુકામ આવી ગયેલો લાગ્યો. ત્રણેયને ઘોડાથી



[ગુલામોના મુખીને જોઈ મલિક વગેરે સ્તબ્ધ !]

છૂટા કરવામાં આવ્યા. તે ત્રણેયને એક વ્યક્તિની સામે ખડા કરવામાં આવ્યા. એ માનવ એટલો તો ભયંકર હતો કે અંધારામાં ભૂત પણ તેને જોઈને છળી જાય. ભયાનક તેનો દેખાવ હતો. ક્રૂરતાની સાક્ષાત્ મૂર્તિ દેખાતો. ત્રણેય જણને જોઈને તે બોલ્યો - 'સારો માલ મળ્યો છે. ત્રણ દિવસ સુધી આપણે આ લોકોની બરાબર સેવા કરશું. બસ ! પછી કોઈ વાંધો નહીં આવે...' અને તેના મોઢામાંથી બિહામણું અટ્ટહાસ્ય સરી ગયું.. આ ત્રણે જણા ધ્રૂજી ગયા..

ત્રણે ય જણાની નજરો ચકળ-વકળ ચારે દિશામાં ફરતી હતી. થોડે દૂર એક તંબૂની નીચે, પોતાની જેમ જ સાંકળથી બાંધેલા લોકો ઊભા હતા. આ માણસ શહેરી ભાષા જ બોલ્યો હતો. માટે, તે ભીલ નથી - તેટલું તો નક્કી થઈ જ ગયું હતું.

તંબૂમાં ખડા કરેલા માણસોને જોઈ ત્રણે ય જણાને આંખે અંધારા આવી ગયા. ત્રણે ય જણ પોતાનું ભાવિ સમજી ગયા અને કમકમી ઉઠ્યા.

આ માણસ જીવતા માનવોનો વેપારી હતો. ગુલામો રાખનારા લોકોને

ગુલામો વેંચવાનું કામ આવા માણસો કરતા. તે કાળે આ ગુલામીપ્રથા, બેહદ જુલ્મી પ્રથા ખૂબ ફૂલી-ફાલી હતી. ગુલામી પ્રથા તો તે સમયે તથા તેના પણ ઘણા કાળ પહેલેથી ભારતમાં ય ચાલી આવતી હતી. પરંતુ તે ગુલામો જોડે અમાનવીય વ્યવહાર ન થતો.

ઊલટું મોટા ભાગના લોકો-શેઠો-માલિકો ગુલામોને પોતાના કુટુંબનો અવિભાજ્ય હિસ્સો જ ગણતા. એટલે જ જૈન શાસ્ત્રોના અતિપ્રાચીન ઉલ્લેખોમાં પણ ગુલામો-સેવકો-નોકરો વગેરેને 'કૌટુંબિક પુરુષ' શબ્દથી જ ઓળખવામાં આવ્યા છે. તે જમાનામાં તો ગુલામની રહેવા-જમવા-કપડા વગેરેની જરૂરિયાત તથા અન્ય માંદગી વગેરેની જરૂરિયાત સુપેરે પૂરી કરવી તે માલિકની નૈતિક ફરજ બની રહેતી અને સમાજની વચ્ચે રહેનાર માલિક તે જવાબદારી નિભાવવામાં જ પોતાનું શ્રેય સમજતો.

યુરોપ-અમેરિકામાં ગુલામો પ્રત્યેનો વ્યવહાર આનાથી તદ્દન ઊલટો હતો. કહો કે જંગાલિયત ભરેલો હતો. ગુલામો જીવતા નરકના દર્શન કરતા. આવા ગુલામો તરીકે મોટે ભાગે આફ્રિકાના હબસી લોકોને પકડવામાં આવતા.

શરૂઆતના દિવસોમાં કોઈ પણ કારણ વગર તેમના ઉપર એટલો અનહદ માનસિક-શારીરિક ત્રાસ ગુજારવામાં આવતો કે જેના કારણે પ્રતીકારની-ભાગી જવાની કોઈ વૃત્તિ તેમનામાં રહે નહીં. ત્યાર પછી સતત સાંકળના બંધનમાં જ ખેતરમાં કે અન્ય કોઈ જગ્યાએ તેને કામે જોતરવામાં આવતા. દસ માણસ પણ માંડ જેટલું કામ કરી શકે તેટલું કામ કરવાનું તેમને સોંપવામાં આવતું.

જો તેટલું કામ પૂરું ન કરે તો ભયાનક હંટરના ફટકા મારી તેમની ચામડી ઉતરડી નાંખવામાં આવતી. ખાવાનું આપવામાં ન આવતું. કપડાં વગેરેના પણ કોઈ ઠેકાણા નહીં. ગમે તેવી બિમારીમાં ય બેહદ કામ તેઓને કરવું પડતું.

૧૦-૧૨ વર્ષ આ રીતે રિબાઈ-રિબાઈને અંતે મરવાનું થતું. ગુલામો કામ કરી રહ્યા હોય ત્યારે પણ ધ્યાન રાખવા ફરતો માનવ કહો કે દાનવ એકાદ હંટરનો ફટકો મારતો જ રહેતો.. સીમાતીત દુઃખ !!!

ભારતમાંથી પણ કેટલાંક માનવોને પકડી પરદેશમાં ગુલામ તરીકે વેચી દેનારા દલાલો સક્રિય થયા હતા. એવી જ કોઈ ટોળકીના હાથમાં આ ત્રણ જણ સપડાયા હતા.. તેઓ આવા જંગલરસ્તા જ પસંદ કરતા.

ત્રણ દિવસ સેવા કરવાનું જે જણાવવામાં આવ્યું તેનો અર્થ પણ એ જ કે સ્વપ્ને ય કલ્પી ન હોય તેવી વેદનાઓનો મારો હવે આ ત્રણ જણ ઉપર થવાનો છે. ઘોડા પાછળ ઢસડાઈને આવ્યા પછી તરત જ ત્રણે ય જણને ઊંચા ઝાડની ડાળી ઉપર લટકાવવામાં આવ્યા.


દરેકના પગની વચ્ચે, સાથળ પાસે લોખંડનો એક મોટો લાંબો ટુકડો ફીટ કરવામાં આવ્યો. પગને એકદમ પહોળા કરાવી દીધા. ટુકડાના બન્ને છેડે અણીદાર ખીલો હતો. પરિણામે પરિસ્થિતિ એવી પેદા થઈ કે સહેજ પણ પગ ભેગા કરવા જતાં અણીદાર ખીલો સાથળમાં ખૂંપી જ જાય અને તીવ્ર વેદનાથી રાડ પડી જાય, બીજી બાજુ પગ પહોળો રહી શકે નહીં... ભયાનક ત્રાસની આ તો શરૂઆત હતી.

ત્રણે જણામાં વેશ ઉપરથી મલિક મુખ્ય તરીકે ઓળખાઈ આવતો હતો. આ લોકો મુખ્ય માણસને સૌ પ્રથમ તોડી નાંખતા. જેથી ભાગવા વગેરે માટે તેની દોરવણીનો પ્રશ્ન ન રહે. પરિણામે મલિકને અનહદ ત્રાસ વેઠવાનો આવવાનો હતો.

ત્રણેયને લટકાવી દીધા પછી જલ્લાદને ય શરમાવે તેવા માણસો આવ્યા. ત્રણેયના ખુલ્લા શરીર ઉપર બેરહેમ ફટકા મારવાના શરૂ કર્યા. હંટરમાં આજના જમાનાની ટાંચણી જેવા કાંટાઓ ભરાવેલા હતા... પરિણામે એક હંટરનો ફટકો લાગતા તો બરડામાંથી અને બધેથી લોહીની નદીઓ વહેવા લાગતી.

જ્યાં સુધી એ જલ્લાદ થાક્યો નહીં ત્યાં સુધી એ ફટકા મારતો રહ્યો અને પછી ચાલ્યો ગયો. ત્રણેય જણા ત્યાં જ લટકતા રહ્યા ! પ્રાણ હતો કે નહીં તે પ્રભુ જાણે... માનવીની આ ક્રૂરતા જોઈ વાઘની આંખમાં પણ જરૂર આંસુ આવી જાય. (ગુલામો સાથે થતો આવો વ્યવહાર ઈતિહાસમાં નોંધાયેલો છે.)

✺



રૌરવ નરક

અસહ્ય વેદનાના મારથી મૂઢ થયેલા, બેહોશ થઈ ચૂકેલા, મૃત્યુના દ્વારો ખટખટાવી ચૂકેલા એ ત્રણેય જણા વૃક્ષ ઉપર લટકી રહ્યા હતા. વૃક્ષ ઉપર લટકવાના કારણે શરીરના પ્રત્યેક સાંધા તૂટું-તૂટું થઈ રહ્યા હતા. હંટરના મારને કારણે વહી ગયેલી લોહીની નદીઓ થીજી ગઈ હતી. આસપાસમાં ઊડતો ધૂળનો કચરો તેના ઉપર ચોંટી ચોંટી ભારે બળતરા કરાવતો હતો.

દરેક જણના સાથળ જાણે સુન્ન થઈ ગયા હતા. કારણ કે પગને અતિશય પહોળા રાખવા પડતા હતા. જે માનવશરીર માટે શક્ય ન હતું. તથા પગને સહેજ પણ ભેગા કરવા જતાં અણિયાળો ખીલો આંખે અંધારા લાવી દેતો હતો. થોડી-થોડી વારે પગ અવશ્યપણે ભેગા થઈ જ જતા હતા. ત્યારે કાળી વેદનાથી એ ત્રણે જણ રીબાઈ ઊઠતા હતા.

સાથળ જેવા મુલાયમ ભાગ ઉપર એકની એક જગ્યાએ વારંવાર ખીલો ઠોકાતા થતી પીડા કલ્પનામાં કે શબ્દોમાં સમાઈ શકે નહીં. નરકને'ય ભૂલાવી દેતી આવી ભયંકર પીડા એ ત્રણે જણ સહન કરી રહ્યા હતા. અને આ દુઃખ તો હજુ શરૂઆત હતી.

ગળામાં જે ગોળ પટ્ટો લોખંડનો નાંખ્યો હતો તે અત્યંત ભારે હતો.

પરિણામે ખભામાં તેનાથી ખાડા પડી રહ્યા હતા. આંકા પડી રહ્યા હતા. ત્યાંય લોહી જામ થઈ ભારે વેદના જન્માવતું હતું...

ભારતમાંથી આ રીતે રખડતા, નોંધારા કે એકાકી માણસોને અચાનક પકડી તેમને મારથી અધમૂઆ કરી નાંખવામાં આવતા, તેમના હાથ-પગ-હાડકાં-આંખ જેવા તેમને ઉપયોગી અંગોને છોડી બાકી બધાં'ય ચામડી વગેરેનો કચ્ચરઘાણ કાઢી નાંખવામાં આવતો. જીવતા રાખીને છેલ્લામાં છેલ્લી કક્ષાનો જે ત્રાસ આપી શકાતો હોય તેવો ત્રાસ આપવામાં આવતો.

ગુલામોને પકડી જંગલરસ્તે જ આગળ વધી દરિયામાં વહાણ ઉપર ચઢાવી દેવામાં આવતા. ત્યાં દરેક ગુલામને ફરજિયાત હલેસા લગાવવાના કામમાં જોતરી દેવામાં આવતા. ૨૪ કલાક સતત હલેસા મારવા પડતા.

પળવારનો પણ આરામ નહીં. હાથમાં અને ગળામાં સાંકળ તો લગાવેલી જ હોય. એ સાંકળનું વજન પણ નહીં નહીં તો'ય ૨૫-૩૦ કિલો રહેતું. સમય મળતાં તે સાંકળના તાળાઓની જગ્યાએ રેણથી સાંકળને અખંડ જ બનાવી દેવામાં આવતી. આટલી ભારેખમ સાંકળ સાથે ભાગવાનું કોઈ પણ ગુલામ માટે અશક્યપ્રાયઃ બની રહેતું.

કોઈ પણ ગુલામ જો ભાગવાનો પ્રયાસ કરે અને દુર્ભાગ્યે જો પકડાઈ જાય તો સજા-એ-મોત સિવાય બીજી કશી વાત નહીં. સાથે બધાં ગુલામોની હાજરીમા એવું ક્રૂરતાપૂર્ણ મોત અપાતું કે બીજા ગુલામોની ભાગવાની રહી-સહી ઈચ્છા પણ ઉખડી જાય.

વહાણમાં ચઢાવી દીધાં પછી સતત હલેસાંઓ જ લગાવવા પડતા. શરીરના સાંધેસાધાં આવી કાળી મજૂરીથી ઢીલા પડી જતા. ઉપરાંતમાં ખાવાનું એક જ ટાઈમ આપવામાં આવતું. તેમાં ય એ ગુલામોનો દારોગો - જેને શેતાન કહેવો એ'ય શેતાનના અપમાન જેવું કહેવાય - એવો ગુલામોનો ઉપરી એટલી ક્રૂર મશ્કરી કરતો કે એક ટંકનું ખાવાનું ય ગુલામો ન ખાઈ શકતા.

તે દારોગો રોટલીને ભાલામાં ભરાવી મોઢું ખોલવાનું કહેતો. પછી રોટલીની સાથે સાથે ભાલાને'ય મોઢામાં ક્યાંક ભેરવી દેતો. ગુલામ બિચારો વેદનાથી કણસી ઉઠતો. આવી રીતે જમવાનું માંડ માંડ મળતું.

હલેસા મારતા-મારતા સહેજ પણ ધીમા પડ્યા કે ઊંઘ્યા કે કશીક વાત કરવા પ્રયત્ન કર્યો તો ચાબુકના ફટકા તૈયાર જ રહેતા. કશા વાંકગુના વગર પણ થોડી થોડી વારે એકાદ ચાબુકનો ફટકો તો લાગ્યો જ સમજવાનો. ગુલામોને સહેજ પણ હલન ચલન કરવા ન મળતું. મળ-મૂત્ર બધું જ ત્યાં જ વિસર્જન કરી દેવાનું. અને એ જ ગંદકીમાં રહેવાનું. જહાજની નીચે ભંડકિયામાં જ બધાં ગુલામોને એક સાથે હલેસા લગાવવા બેસાડવામાં આવતા. પરિણામે એ બંધિયાર જગ્યા ખદબદી ઉઠતી.

જ્યારે એ દારોગા માટે તે દુર્ગંધ અસહ્ય બનતી ત્યારે તે બધાં ગુલામોને જહાજના તૂતક ઉપર મોકલવામાં આવતા અને ભંડકિયાની સાફસફાઈ થતી. તૂતક ઉપર કતારબંધ ઉભેલા ગુલામોને આજુબાજુના જલ્લાદો મનફાવે તેમ હેરાન કરતા. દરિયાનું મીઠાવાળું - ખારું પાણી બાલદીની બાલદી ભરી રેડી દેતા. કોરડાના માર ખાઈ-ખાઈને રસી-પરુથી ભરાઈ ગયેલી ચામડી ક્ષારનો સ્પર્શ થતા જ તતડી ઉઠતી. આવા-આવા ત્રાસોનો તો પાર ન હતો.

આ ત્રાસોને આપણે વાંચી કે સાંભળી'ય ન શકીએ. જ્યારે તે કાળના હજારો ગુલામો માટે આ જ હકીકત હતી. આ જ જીંદગી હતી. આવા સમયે મોત પણ મીઠું લાગતું. આટલો અનહદ ત્રાસ સહન કર્યા પછી બધી જ રીતે ભાંગી ગયેલા ગુલામોને વેચી નાંખવામાં આવતા.

ત્યાં ખેતરોમાં બેહદ કામ લેવામાં આવતું. માંડ ૧૦-૧૨ વર્ષનું આયુષ્ય રહેતું. આવી ભયાનક પીડા સહેવા છતાં ક્યાંય લાગણી-પ્રેમ-સહાનુભૂતિ જેવી સંવેદના ન મળે...

મનુષ્યનો ભવ મેળવીને ય કેટલી ભયાનક રિબામણ, ત્રાસ, દુઃખ !!! એ ગુલામોની હાલત વિચારતા'ય કમકમાટી છૂટી જાય. એ ગુલામની જગ્યાએ પોતાની જાતને ગોઠવી એ ભયાનક ત્રાસમાંથી પસાર થવાની કલ્પના'ય રુંવેરુંવા ખડા કરી દે. આવી ગુલામી પ્રથા સેંકડો વર્ષો સુધી ચાલી.

અંગ્રેજોના જમાનામાં તે ઘણી ફૂલી-ફાલી. એ ગુલામોની કાળી દુનિયા બીજા લોકો માટે તો વણઓળખાયેલી જ હતી. એટલે તો ઘણાંય હતભાગી મનુષ્યો પેટ અને પૈસા માટે સામે ચાલીને ગુલામ તરીકે બીજા દેશે જવા તૈયાર થતા.

ક્રૂરતાની'ય પરાકાષ્ઠા તો એ કે આવા ગુલામ તરીકે સ્ત્રીઓને'ય પકડીને લઈ જવાતી. તે'ય ત્રાસમાંથી બાકાત ન રહેતી. સદ્‌ભાગ્યે કેટલાંક ગુલામો છટકીને ભાગી જવામાં સફળ થયા. અને બહારની દુનિયાને ધીરે-ધીરે ગુલામો સાથે થતા જંગલિયાત ભરેલા વ્યવહારની ખબર પડી. પરિણામે તેની સામે એક જુવાળ ઊભો થયો. અત્યારે - આજના તબક્કે આવી ગુલામી પ્રથા લુપ્તપ્રાયઃ થઈ ગઈ છે.

પરંતુ એ વિચારી લેવા જેવું છે કે આપણા કોઈક એવા કાર્યોને કારણે જો આ ગુલામ તરીકે કર્મસત્તા ગોઠવી દે તો હાલત શું થાય ? આવી રીતે અણસમજમાં પરવશ રીતે કષ્ટો સહન કરવા કરતા ખુમારીથી ધર્મ માટે શા માટે કષ્ટો સહન ન કરવા ?

અતિશય વેદનાએ એ ત્રણેય જણને બેહોશ કરી મૂક્યા હતા. હાથની એક આંગળી'ય હલાવવાની તાકાત રહી ન હતી. છાવણીની બહારના ભાગમાં આ વૃક્ષ આવ્યું હતું. આ ઝાડથી ૫૦ ડગલાં દૂર ગુલામો અને તેના જલ્લાદોનો મુકામ હતા. લગભગ ૨૫-૩૦ જેટલા ગુલામો તેઓએ પકડ્યા હતા. એ લોકોનો મુખી આટલા બધાં ગુલામ મળવાથી ખુશ હતો.

હવે તેને જલદીથી દરિયાકિનારે પહોંચી બધાંને વહાણમાં ચડાવી દેવા હતા. જેથી બીજા કોઈ વચ્ચે અડચણ ન કરી શકે. એ મુખી જેવા માણસને ખ્યાલ આવી ગયો હતો કે જે ત્રણ જણ પકડાયા છે તે કોઈ સામાન્ય નથી, પરંતુ અસામાન્ય છે.

આથી એમના તરફથી કે એમના સહાયકો તરફથી કોઈ આપત્તિ આવે તે પહેલાં જ ઝટપટ વહાણ ઉપર પહોંચી જવામાં જ સલામતી હતી. બાકી બધી રીતે બેહાલ થવાનો વારો આવે તેમ હતો. ફટકા મારીને પેલો જલ્લાદ તો પાછો ચાલ્યો ગયો હતો.

એ ત્રણે'ય જણા એમના એમ લટકી રહ્યા હતા. રાત પસાર થઈ રહી હતી. ઘેરી નિઃસ્તબ્ધતા છવાયેલી હતી. વચ્ચે વચ્ચે ક્યારેક કોઈકના કણસવાનો અવાજ આવતો. બાકી બધે નીરવ શાંતિ હતી. થોડી વારમાં જ મોંસૂઝણું થવા લાગ્યું. ઉષાના રંગો આકાશને રંગવા લાગ્યા.

તે સમયે શેરખાન ઉપર કોઈક પાણીનો છંટકાવ કરી તેને ભાનમાં લાવવા પ્રયત્ન કરી રહ્યું હતું. કશીક દવા પણ તેના મોઢામાં મૂકવામાં આવી. એ વ્યક્તિ ગુપચૂપ ઝાડ ઉપર ચડી ગઈ હતી. તેણે ત્રણેયના મોઢામાં પાણી રેડ્યું. થોડું ઘણું લોહી-ઘા વગેરે સાફ કર્યું. પરંતુ ત્યાં તો એ જલ્લાદો-ગુલામ પકડનારાઓ આવી પહોંચ્યા. એ લોકોનો મુખી જલદીથી પ્રયાણ કરવા રાડારાડ કરી રહ્યો હતો. એને તત્કાલ ભાગવું હતું. પરિણામે બધાં દોડ-ધામમાં લાગી ગયા હતા.

બે-ત્રણ જણા ઝાડ તરફ પણ આવ્યા. ઝાડ ઉપર ચડી ગયેલી વ્યક્તિ મૂંઝાઈ ગઈ. નીચે ઉતરીને ભાગવા જતાં કોઈકની નજર પડી જાય તો આફત થઈ જાય. તેને તો કલ્પના પણ નહીં કે આટલા વહેલા જલ્લાદો આ રીતે આવી પહોંચશે.

અત્યારે તો એ નીચે પણ ઉતરી શકે તેમ નથી. જ્યાં છે ત્યાં રહી શકે તેમ પણ નથી. કારણ કે બે-ત્રણ જણા સાંકળ છોડવા ઝાડ ઉપર ચડી રહ્યા હતા. થોડી વાર કંઈક વિચાર કરી એ માણસ ઝટપટ ઝાડમાં જ ઉપર તરફ સરકવા લાગ્યો. અને ઘટાદાર વૃક્ષની ઝાડીની ઓથમાં લપાઈ ગયો. તે ઉપરથી નીચે ઘટતી બધી ઘટના જોઈ શકતો હતો. પણ નીચેથી તેને ઓળખવો અત્યંત મુશ્કેલ હતો. કારણ કે તેની બે આંખ જ બહાર રહેતી. બાકીનું બધું શરીર પાંદડાની ઓથે ઢંકાઈ જતું. પેલા લોકો તો બેફિકર હતા. અને એ ત્રણે'ય જણને બેહોશ જોઈ નિશ્ચિંત થઈ ગયા.

એમને જે ઢોર માર મારવામાં આવ્યો હતો તેનાથી તેઓ વિશ્વસ્ત હતા કે આ લોકો એકાદ પ્રહર સુધી તો ભાનમાં નહીં જ આવે. બેભાન અવસ્થામાં'ય સાંકળ તો તેઓના શરીર ઉપર લદાયેલી જ હતી. તે સમયે ઝાડ સાથે બાંધી રાખતી ત્રણે'ય જણની સાંકળ છોડી દેવામાં આવી. ત્રણેય જણા 'ધબાક' કરતાં નીચે પછડાયા. સારો એવો માર વાગ્યો. છતાં બીજી મોટી ઈજાથી બચી ગયા હતા.

ત્રણેયના ઘોડા પણ આવી ગયા હતા. ત્રણે'ય જણાને ઘોડા ઉપર બેસાડી પોટલાની જેમ સાંકળથી બાંધી દેવામાં આવ્યા. આમ તો ત્રણેક દિવસ સુધી ગુલામને ઘોડાની પાછળ સાંકળથી બંધાઈ ઢસડાવું જ પડતું. પરંતુ આ લોકોની

બેહોશી જોઈ અને વધારે પડતી બગડેલી હાલત જોઈ ઘોડા ઉપર બાંધી દેવામાં આવ્યા.

આખરે આ લોકોને જીવતા પહોંચાડવાના હતા. જીવતા રહે તો પૈસા મળવાના હતા. અને એટલે જ જો કોઈ જલ્લાદ વધુ પડતો માર મારી કોઈ ગુલામને યમધામ પહોંચાડી દે તો તે જલ્લાદને ય મોત ન આવે ત્યાં સુધી ફટકા મારવાની સજા થતી. એ કામ ગુલામોને જ સોંપવામાં આવતું. તે લોકો પોતાના ઉપર કરેલા અત્યાચારોનો બદલો લેવા એ જલ્લાદનો જાન લઈને જ જંપતા. એટલે જલ્લાદો'ય માણસને - ગુલામને મરવા ન દેતા.

આ જ કારણોસર ત્રણે ય જણાંની આગળની મુસાફરી ઘોડા ઉપર ગોઠવાઈ. વૃક્ષ ઉપર બેઠા બેઠા એ વ્યક્તિ આ બધું જ જોઈ રહી હતી. થોડી વારમાં જ રસાલો આગળ વધવા લાગ્યો. એ જંગલથી નજીકમાં નજીક દરિયાકિનારો ખંભાતનો હતો.

આથી આ બધા જંગલરસ્તે ખંભાત તરફ જ જતાં હોય તેવું લાગ્યું - દિશા ઉપરથી. આ જંગલ અમદાવાદ-કપડવંજ-નડીયાદની વચ્ચે ત્રિકોણાકારમાં ફેલાયેલું હતું. (જુઓ જુવાળ-૪૬ નો નકશો) જાણે નડીયાદટ્રાયંગલ જોઈ લો. ગુલામ પકડનારા કપડવંજની ઉપરથી આવતા હતા અને આ જ જંગલ રસ્તે આગળ વધી સીધા ખંભાત જવા માંગતા હતા.

મલિક કુહાથી વીણા જવા માટે જંગલમાં પ્રવેશ્યો હતો. અને જોગસંજોગે બધાંનો ભેટો થઈ ગયો. કપડવંજથી સીધી રેખામાં ખંભાત જાઓ અને કુહાથી વીણા જંગલરસ્તે જાઓ ત્યારે વચ્ચેના ક્રોસિંગ પોઈંટ ઉપર આ બધાં ભેગાં થઈ ગયા હતા.

હજુ કુહાથી બહુ દૂર ન હતા નીકળ્યા. આ લોકોની ગણતરી ખાતરજ પાસે રાજમાર્ગ ક્રોસ કરી સીધા નીચે ખંભાત ઉતરી જવાની હતા.

આ પ્લાન મુજબ ૨૫-૩૦ ગુલામોને લઈને તેઓ નીકળ્યા હતા. આમ જુઓ તો જલ્લાદો - ગુલામ પકડનારાઓની સંખ્યા ૧૦-૧૫ થી વધુ નહીં હોય. મુખી'ય આની અંદર સમાઈ ગયો. છતાં ગુલામ પકડાતા જ આ લોકો જે બેરહેમ ત્રાસ ગુજારતા તેના પ્રતાપે અને બેડીઓના પ્રતાપે ગુલામો લાચાર હતા. સૌથી આગળ મુખી ચાલતો હતો. વચ્ચે ગુલામોનું ટોળું હતું...

બધાંને હંટરના ફટકા મારી મારીને સાંકળ સાથે દોડાવવામાં આવતા હતા. પાછળ શેરખાન વગેરે ત્રણે અને તેમના ઘોડાને દોરનારા ત્રણ માણસો. મુખી અને શેરખાન વગેરે ત્રણને છોડીને બધાં પગપાળા જ હતા. સામાન વગેરે માટે એ લોકો પાસે થોડા પશુઓ હતા.

જલ્લાદો બધાં રાક્ષસી તાકાત ધરાવતા હતા. અલમસ્ત તેઓની કાયા હતી. માટે તેમને તો ચાલવામાં કોઈ વાંધો ન હતો. પણ, બિચારા ગુલામો માર ખાઈ-ખાઈને અધમૂઆ થઈ ગયા હતા. સાંકળના ભારે વજન સાથે તેમને દોડવું પડતું હતું. અત્યંત કરુણ પરિસ્થિતિ હતી તેઓની. આ બધાંનો રસાલો જેમ જેમ આગળ વધ્યો કે પેલા માણસે ઝાડ ઉપરથી નીચે ઉતરી તે લોકોનો સાવધાનીથી પીછો કરવાનું શરૂ કર્યું.

એણે ચૂપકીદીથી મોટા કાંટા જેવું નાનકડું તીર સેનાપતિના ઘોડાના પગમાં માર્યું. કાંટાના આગળના ભાગે લગાડેલ ઝેર ધીરે-ધીરે અસર બતાવવા લાગ્યું. એ વ્યક્તિ આ રસાલાથી ૨૦૦ ડગલા દૂર હતી.

તીર તેણે ઝાડની ઓથે રહી દૂરથી જ લગાવી દીધું હતું. અને સદ્‌ભાગ્યે તીર એકદમ નિશાન ઉપર જ લાગ્યું હતું.

આ વ્યકિત એટલે બીજો કોઈ નહીં, પણ જેણે શેરખાનનો ભૂલાયેલો સામાન પહોંચાડ્યો હતો તે જ. કયા કારણસર તે શેરખાનની પાછળ લાગ્યો હતો તે તો રહસ્યમય જ હતું. પરંતુ શેરખાન મલિક સાથે ભળી ગયો ત્યારથી તે શેરખાનની ઉપર નજર રાખી રહ્યો હતો. કોઈક કારણસર તે શેરખાન સામે પ્રગટ ન હતો થતો. કિંતુ અવ્યક્ત રીતે સહાય જરૂર કરતો હતો.

દોશી શેઠનો માણસ આવું ન કરે. શેઠે કપડવંજથી કોઈને મોકલ્યો હોય તે શક્ય પણ ન હતું. બધાં જ માણસો શેઠના અલગ-અલગ જગ્યાએ પરોવાયેલા હતા. વિનાયક-આદિત્ય બિછાનામાં હતા. જંગલમાં મલિકે પ્રવેશ કર્યો ત્યારે આ માણસ થોડીવાર મૂંઝાયો હતો. જંગલમાં જવું કે ન જવું ? તે મૂંઝવણે જસ્તો. કારણ કે જંગલમાં અવ્યક્ત - અદૃશ્ય રહી પીછો કરવો તે તો ભારે ગોઝારું - મૃત્યુની નજીક લઈ જનારું કાર્ય હતું. છતાં તેણે જંગલમાં'ય શેરખાનની પાછળ-પાછળ જવાનું નક્કી કર્યું.

પ્રથમ પડાવ વખતે તે પડાવની આગળના ભાગમાં અગ્નિનો પ્રકાશ આછો-આછો મળતો રહે તે રીતે ઝાડ ઉપર તેણે બેઠક લીધી હતી. ત્યાં જ તેણે રાત વીતાવવાની હતી.

મલિક-શેરખાન વગેરે તો વાડ વગેરે કરી સુરક્ષિત થઈને સૂઈ ગયા હતા. જ્યારે આ વ્યક્તિએ તો ઝાડ ઉપર બેઠા-બેઠા અત્યંત અસુરક્ષિત હાલતમાં રાત કાઢવાની હતી. અને હજુ આ તો પહેલી જ રાત હતી.

ભરરાત્રિએ પાંદડાના ખડખડાટથી તે વ્યક્તિની નીંદર ઊડી ગઈ. ચેનથી ગાઢ નિદ્રામાં તે પોઢ્યો જ ન હતો. પોઢી શકે તેમ જ ન હતો. એટલે સહેજ-સ્હાજ ખડખડાટથી તેની ઊંઘ ઊડી ગઈ. જોયું તો નીચેથી જ રાની પશુ પસાર થઈ રહ્યું હતું. એ માણસ પળવાર તો થડકી ગયો. ત્યાર પછીની ઘટનાઓ તેણે અગ્નિના આછા પ્રકાશમાં જોઈ. રાની પશુએ બિન્ધાસ્ત રીતે

કાંટાની વાડને જે રીતે ખસેડી નાંખી તે જોઈ એ માણસ તાજ્જુબ થઈ ગયો. અગ્નિના આછા પ્રકાશમાં બિહામણી રાતે તે જે દૃશ્ય જોઈ રહ્યો હતો તે ભયાનક દુઃસ્વપ્ન જેવું જ હતું. ભયના માર્યા તેના ગાત્રો શિથિલ અને ઠંડા થઈ ગયા હતા. કાંટાની વાડને ખસેડી રાવટીમાંથી એક સાંઢણીને એ રાની પશુ ઉપાડી લાવ્યું.

રાની પશુના નખ ખૂંચતા જ સાંઢણીએ પાડેલી મરણચીસે આખા વાતાવરણને કંપાવી દીધું હતું. વૃક્ષ ઉપર બેઠા-બેઠાં'ય એ માણસને ધરતી ગોળ-ગોળ ફરતી લાગી. ૧૬૦-૧૭૦ કિલો ના વજનને માત્ર જડબાથી ખેંચી એ રાની પશુ આખી વાડને ઓળંગી ગયું. શું એની પ્રચંડ તાકાત !

ભૂખ્યું થયેલું અને શિકારે નીકળેલું એ પશુ ભારે બિહામણું લાગતું હતું. વૃક્ષ ઉપર બેઠા-બેઠા એ આખી બીનાને જોઈ રહ્યો હતો. હવે આ પશુની પાછળ પડવાનું કે તેને પતાવવાનું એ માણસને જરૂરી ન લાગ્યું. કારણ કે જે થવાનું હતું તે થઈ ગયું હતું. થોડી વાર બાદ મલિક અને તેની પાછળ-પાછળ જંગલી પશુના રસ્તે શેરખાનને જતા તેણે જોયા. થોડી વાર વિચાર કરી તે પણ એ લોકોની પાછળ જોડાયો.

આમ, રાતના ભયંકર અંધકારમાં બે જણા નહીં - ત્રણ જણા રાની પશુનો પીછો કરી રહ્યા હતા. પરંતુ આ વ્યક્તિએ પોતાના અશ્વને છાવણીથી

દૂર બીજી સલામત જગ્યાએ - કોઈની નજરે ન ચડી જાય તે રીતે રાખ્યો હતો. ઘોડો લઈ મલિક-શેરખાન નીકળી ગયા બાદ, છાવણીનો કોલાહલ શમ્યા બાદ, પોતાને કોઈ જોઈ શકે તેમ નથી - તેવી ખાતરી કર્યા બાદ જ આ માણસ નીકળ્યો હતો. એટલે તે ઘણો પાછળ હતો.

ધીરે-ધીરે નિશાનીઓના બળે તે આગળ વધી રહ્યો હતો. ઘણાં સમય બાદ તેને રાની પશુનું શબ દેખાયું. પોતાની પાસે રહેલી મશાલના અજવાળામાં એ પશુનો કદાવર દેહ જોઈ ઘડીભર તો તે સ્તબ્ધ થઈ ગયો.

બરાબર આ જ સમયે જંગલ ચીસોથી ગૂંજી ઉઠ્યું હતું. પેલો માણસ સ્તબ્ધ થઈ ગયો. અવાજ ઉપરથી તે સમજી ગય કે આ ચીસો મલિક, શેરખાન અને સેનાપતિની હતી. એ સેનાપતિના અવાજને ય ઓળખી ગયો હતો. કારણ કે તે સેનાપતિને ઘણી સારી રીતે ઓળખતો હતો.

મલિક-શેરખાનની સાથે સેનાપતિની ચીસે તેને ચકારાવામાં નાંખી દીધો. એક તો ચીસોના - અત્યંત દર્દનાક ચીસોના - અવાજથી તે દિગ્મૂઢ થઈ જ ગયો હતો. તેમાં સેનાપતિના અવાજે તો તે આશ્ચર્યસ્તબ્ધ બની ગયો. તેને કશું જ સમજાતું ન હતું.

થોડી વાર બાદ સ્વસ્થ થઈ તેણે ધીરે-ધીરે તપાસ શરૂ કરી. તે સમજી ગયો હતો કે કોઈ મોટો ભય હતો. એ આપત્તિમાં જ શેરખાન વગેરે ફસાયા હતા ! શું કોઈ રાની પશુએ ફાડી ખાધા હશે ? ત્રણ-ત્રણ જણા હોવા છતાં બધાં કેવી રીતે એક સાથે રાની પશુના સકંજામાં ફસાઈ જાય ? જે આપત્તિમાં શેરખાન વગેરે ફસાયા તે આપત્તિમાં પોતે ફસાઈ ન જાય તે રીતે તેણે કાર્ય કરવાનું હતું. એટલે ખૂબ સાવચેતી પૂર્વક તેણે તપાસ શરૂ કરી.

ઘોર જંગલમાં જે ભયાનક માનસિક પીડા તે વેઠી રહ્યો હતો તે તો તે જ જાણે. આવા જંગલમાં ઘોર અંધારી રાતે આ પરિસ્થિતિમાં એકલા માણસની કલ્પના કરી જોવા જેવી છે ! હૃદય કંપી જશે.

કો'ક અગમ્ય કારણસર તે શેરખાનને સહાય કરવા તત્પર થતો હતો. ધીમી ગતિએ સાવચેતી પૂર્વક થતી તપાસથી તે મલિક વગેરે જે જગ્યાએથી પકડાયા હતા ત્યાં પહોંચી ગયો. ત્યાંથી ત્રણ જણાના ઢસડાવાના ચિહ્નો સ્પષ્ટ

દેખાતા હતા. મલિક વગેરેના કાંટા વગેરેમાં ફસાઈ ફાટી ગયેલા કપડાના લીરા, લોહીના ડાઘાઓ, ઢસડાવાના નિશાન વગેરેને આધારે તે સરળતા પૂર્વક આગળ વધી રહ્યો હતો. પણ, કોઈક અજ્ઞાત ભયથી તેનું હૃદય ફફડતું હતું.

શું ત્રણ-ત્રણ રાની પશુઓ એક સાથે હુમલો કરી ત્રણેય'ને ઢસડી ગયા હશે ? આ રસ્તે આગળ વધતા શું એ જંગલી પશુઓની ગુફા તો નહીં આવી જાય ને ? મનોમન ત્રણેયના શબ ઉપર બેસી મિજબાની ઉડાવતા જંગલી પશુના દૃશ્યને જોવાની તેયારી રાખતો તે આગળ વધ્યો.

ત્યાં દૂર તેને કંઈક પ્રકાશ જેવું લાગ્યું. તેને થોડું આશ્ચર્ય અને ભય લાગ્યા. સાવધાની પૂર્વક નજીક જતા ત્રણ મડદાં, લટકી રહેલા, તેના જોવામાં આવ્યા. મોસૂંઝણું થઈ ગયું હતું. તે ઓળખી ગયો. પહેલાં તો તેને એમ જ થયું કે એ ત્રણેય શબ જ છે. પરંતુ થોડી વારમાં કંઈક હિલચાલ જેવું દેખાતા અને અત્યંત પહોળા થયેલા પગ દેખાતા તેને આશા જાગી.

તે ચૂપકીદીથી ઝાડ ઉપર ચડી ગયો. તેને હજુ એ સમજાતું ન હતું કે શા માટે આ રીતે આ ત્રણેયને લટકાવી દેવામાં આવ્યા ? નજીકથી જોતા તો તેને કમકમાં આવી ગયા. ત્રણેયના શરીરની અત્યંત બેહાલ દશા હતી. લાંબો સમય જીવી શકશે કે કેમ ? તેની શંકા થઈ આવી.

સૌથી પહેલા તેણે શેરખાનના મોઢામાં દવા નાંખી, તેને ભાનમાં લાવવા પ્રયત્ન કર્યો. પરંતુ તે ઝાઝી હિલચાલ કરે તે પહેલા તો તેણે છૂપાઈ જવાનો અવસર આવ્યો. થોડી વારમાં જ તેને ખ્યાલ આવી ગયો કે આ તો ગોલાઓને-ગુલામોને પકડનારા છે.

ભયનું એક લખલખું તેના શરીરમાંથી પસાર થઈ ગયું. તેને પરસેવો વળવા લાગ્યો. હવે તો તેનો પ્રાણે'ય જોખમમાં હતો. છતાં તેણે બધાંને બચાવવાનું નક્કી કર્યું.

તેણે છોડેલા તીરે અસર કરી, ઘોડાની ઝડપ ઘટવા લાગી. પગ લથડવા લાગ્યા. પેલા માણસોને આશ્ચર્ય થયું. તેમણે તપાસ કરવાનું શરૂ કર્યું. સેનાપતિના ઘોડાના પાછલા પગમાં કાંટો ઘૂસી ગયેલો લાગ્યો. આ તપાસમાં આગળનો રસાલો તો આગળ વધી જ રહ્યો હતો.

આ ત્રણે જણ પાસે ઘોડા હતા. કદાચ પાછળ પડી જવાય તો'ય થોડા જ સમયમાં ભેગા થઈ જવાય તેવું હતું. એટલે ઘોડાની સંભાળ લેવામાં તે લોકો પડ્યા. કાંટો કાઢ્યો. ત્યાં કપડું વીંટ્યું... થોડો સમય પસાર થયો, મુખી વગેરે આગળ વધી ગયા હતા.


ત્યાં જ સટાસટ એક પછી એક તીરોનો વરસાદ થયો અને ત્રણ જ તીરમાં એ ત્રણે જણા ઘાયલ થઈ ગયા. તેઓની ચીસ ગૂંજી ઊઠી. પેલો માણસ ઝટપટ બહાર આવી ત્રણે'ય ઘોડાને પોતાની પાછળ ખેંચીને ભાગવા ગયો. આમ તો ત્રણે'ય ઘોડાને ખેંચી જવું શક્ય જ ન હતું. પરંતુ મલિકનો ઘોડો ભાગવાનો અવસર છે તેમ તરત જ સમજી ગયો. પાછળ શેરખાનનો અશ્વ જોડાયો. ત્યાર બાદ સેનાપતિનો... બધાં જ અશ્વો ચુનંદા અને તેજસ્વી હતા. સૌથી આગળ પેલી વ્યક્તિનો ઘોડો ત્યાર બાદ ત્રણ ઘોડા - આમ ચારે'ય ઘોડાએ દોટ મૂકી.. ત્રણે માણસોની ચીસોથી આગળનો રસાલો ઉભો રહી ગયો.

મુખીએ પાછળ નજર કરી અને તેણે ચારેય ઘોડાની પાછળ પોતાનો ઘોડો દોડાવી મૂક્યો. બાકીના બે જણાએ પણ ઘોડાની પીઠ ઉપરનો સામાન ઉતારી મુખીની પાછળ દોટ મૂકી. બાકીના ગુલામો ભયથી થથરી ઉઠ્યા. કારણ કે કો'ક ગુલામ ભાગી જાય ત્યારે તેનો ગુસ્સો બાકીના ગુલામો ઉપર ઉતરતો હતો. થોડા લોકો ઘાયલ થયેલા ત્રણે'ય જણની સારવારમાં લાગ્યા. કારણ કે વાગેલા તીરો ઝેરી અને પક્ષાઘાત જેવી અસર જન્માવનારા હતા.

પેલી વ્યક્તિની નેમ શક્ય તેટલી ઝડપે છાવણી સુધી પહોંચી જવાની હતી. છાવણીનો રસ્તો તે જાણતો હતો. પરંતુ પોતાનો અશ્વ એટલો તેજસ્વી ન હતો. મલિક વગેરેના અશ્વો ભારે તેજસ્વી હતા.

પરંતુ અત્યારે પોતાના અશ્વ ઉપર જ આધાર હતો. અદલાબદલીનો સમય ન હતો. મુખીનો અશ્વ દેમાર દોડ્યો આવતો હતો. ચારે'ય અશ્વો જીવ લગાવીને ભાગી રહ્યા હતા.. નજીવા પ્રમાણમાં અંતર ઘટી રહ્યું હતું.

✺



ચમત્કારિક બચાવ

અત્યંત જોખમી પરિસ્થિતિ ખડી થઈ હતી. સેનાપતિનો ઘોડો સૌથી પાછળ હતો અને જખમી હતો. પરિસ્થિતિ વર્તીને તે તેજસ્વી અશ્વ ઝડપ પકડી રહ્યો હતો. છતાં પાછળનો મુખીનો અશ્વ પણ તેજ ગતિવાળો હતો. ચારેય અશ્વમાં નબળો અશ્વ શુભેચ્છક વ્યક્તિનો જ હતો. જો મુખી પાછળથી છુટ્ટી કટાર વગેરેનો ઘા કરે અને અશ્વ કે સેનાપતિ ઘાયલ થાય તોય મુસીબત થાય તેમ હતી. જોવા જેવી વાત એ હતી કે ત્રણેય ઘોડેસવારો બેહોશ હાલતમાં બંધન અવસ્થામાં પડ્યા હતા. અશ્વો પોતાની સૂઝથી શુભેચ્છકને ઓળખી તેની પાછળ ભાગી રહ્યા હતા. **પોતાના માલિકની દુર્દશાની અને શુભેચ્છકની - બન્નેની જાણે એ અશ્વોને ગંધ આવી ગઈ હતી. પાલતુ પશુઓની પણ કેવી અલૌકિક દુનિયા હોય છે !! માલિક પ્રત્યેની વફાદારી પણ કેવી ?**

આખરે તો જે થવાનું હોય છે તે જ થાય છે. મુખીનો અશ્વ નજીક સરકતો જતો હતો. પાછળથી એક છુટ્ટી કટારનો ઘા થયો. પણ, હજુ અંતર થોડું વધારે હતું. માટે, સહેજ વારમાં અશ્વ બચી ગયો. સેનાપતિનો અશ્વ પણ સમજી ગયો હતો કે આ આરપારની - આ પાર કે પેલે પારની લડાઈ છે. એટલે તેણે'ય શક્તિનો છેલ્લા ટીપાંને જાણે નીચોવી ઝડપ પકડી. સમય

થોડો વીત્યો હતો. શુભેચ્છકના ધારવા પ્રમાણે હવે છાવણી બહુ દૂર ન હતી. એક વાર છાવણીમાં પહોંચી જાય - એટલે ભયો ભયો !

મુખીને પણ આ જ ડર હતો. તે સમજતો હતો કે આ મોટા માણસો છે. જો છટકી ગયા તો અમારા બધાંયનું ધનોત-પનોત કાઢી નાંખશે.

આ ઘોડાઓની દોટ ચાલતી હતી ત્યાં અચાનક જ મુખીના બે સાથીદારમાંથી એક સાથીદારનો ઘોડો લથડ્યો. અને એનો અસવાર ગોથીમડું ખાઈને ધરતી ઉપર રગદોળાયો... તેની ચીસે મુખી સહેજ સ્તબ્ધ થઈ ગયો.

ચારે બાજુ નજર ફેરવતા જ તે ગંધ વર્તી ગયો. અચાનક જ દિશા બદલી તે ગાઢ જંગલમાં ઉતરી ગયો. એ જ સમયે તેના બીજા સાથીદારનો ઘોડો પણ ઉથલી પડ્યો. આ બાજુ શુભેચ્છકે પણ સમય વર્તી લીધો. તેણે પણ દિશા બદલી જંગલમાં ઉતરી જવામાં જ પોતાની સલામતી જોઈ. તરત જ પોતે ડાબી બાજુના જંગલમાં ઉતરી ગયો.

આમાં થયું એવું હતું કે મલિક-શેરખાનના માણસો આવી પહોંચ્યા હતા. છાવણીમાં શું થયું હતું તેની પણ ઝાંખી જોઈ લઈએ. મલિક અને શેરખાને ત્વરિત પગલાં લીધા હતા. આખી છાવણીમાં ભવિષ્યની કલ્પનાઓથી તે બે જણની જ આંખ મીંચાઈ ન હતી. પરિણામે ચીસનો અવાજ સંભળાતા જ બન્ને જણા તરત જ બહાર નીકળી આવ્યા હતા. તેઓને રાની પશુના સગડ મળ્યા હતા. આ સમયે છાવણીના મોટા ભાગના માણસોની થોડી ઘણી ઊંઘ ઊડી હતી. હજુ એ લોકો આંખ ચોળતા ચોળતા પોતાના તંબુની બહાર આવે ત્યાં સુધીમાં તો મલિક અને શેરખાન રાની પશુની પાછળ ભાગી છૂટ્યા.

છાવણીના માણસો અત્યંત શ્રમથી ગાઢ નિદ્રામાં પહોંચી ગયા હતા. એટલે થોડી વાર સુધી તો તેઓ સમજી જ નહીં શક્યા કે આખરે થયું છે શું ? પરંતુ ધીરે ધીરે તેઓને પરિસ્થિતિ સમજાઈ.

રાની પશુ એક સાંઢણીને ઉપાડી ગયું હતું તે જણાતા જ બધાંના મનમાં ધ્રાસકો પડ્યો. હજુ જંગલની આ તો શરૂઆત હતી. પ્રથમ પડાવે જ ભયંકર ઘટના ઘટી હતી. મલિક અને શેરખાન રાની પશુની પાછળ ગયા છે - તે સમાચાર પણ થોડી વારમાં બધે ફેલાઈ ગયા. આવી અંધારી રાતે બન્ને જણાએ

ખેડેલા સાહસથી બધાંને હિંમત મળી. તેઓ ગયા જ હતા.

એટલે આટલી અંધારી રાતે તેમની પાછળ જવાનો કોઈ મતલબ ન લાગ્યો. મલિક-શેરખાનના પાછા આવવાની રાહ જોતા બધાં વાતોએ વળગ્યા.

વચ્ચોવચ્ચ તાપણું રાખી બધાં ગોળ ફરતા ગોઠવાયા હતા. જંગલી પશુના હુમલાની ઘટનાથી આડા પડીને સૂવાનું કોઈને મન ન હતું.. સમય વીતતો ગયો. ધીરે-ધીરે બધાં બેઠા-બેઠાં જ ઝોકે ચડતા ગયા. હજુ વધુ સમય વીત્યો.. રાત્રિની ઘેરી નીરવતામાં થોડી ચીસોનો અવાજ રસળતો-રસળતો કો'ક સરવા કાનમાં આવી પહોંચ્યો. બે-ચાર જણાની ઊંઘ ઉડી. કાન સરવા થયા. પણ, વિશેષ કશો જ ખ્યાલ ન આવ્યો. અવાજ એટલો મંદ હતો કે મોટા ભાગના લોકોને કશી ખબર ન પડી. પરંતુ જેના કાનમાં એ આછો અવાજ પહોંચ્યો હતો. તેઓએ એકબીજાને વાત કરી. પરિણામે, બધાંમાં ગભરાટ ફેલાયો. ચીસ પાડનાર તો મલિક-શેરખાન સિવાય કોણ હોય ? જરૂર મલિક-શેરખાન મુસીબતમાં હોવા જોઈએ. પરંતુ આવા ગાઢ અંધારામાં, નિબિડ જંગલમાં તપાસ કરવા જવાનું કોઈને ઉચિત ન લાગ્યું.

સહેજ ભડ-ભાંખરું થતા તપાસ કરવા જવાનું નક્કી થયું. કદાચ ત્યાં સુધીમાં મલિક-શેરખાન આવી પહોંચે - તેવી આશા પણ હતી. ઘણો સમય વીત્યો, પ્રભાત ફૂટી નીકળ્યું ત્યાં સુધી મલિક-શેરખાનના કોઈ અણસાર-વાવડ સુદ્ધાં ન મળતાં બધાં ટુકડીઓ પાડી તપાસ માટે નીકળ્યા. જુદી-જુદી દિશામાં ટુકડીઓ ગઈ હતી. એક ટુકડી રાની પશુના જવાના રસ્તાને પકડી આગળ વધી રહી હતી. જે સાંઢણીને રાની પશુ ઉપાડી ગયું હતું તે સાંઢણીના શરીરમાંથી નીકળેલું લોહી - માંસના ટુકડા - અંગ ઉપાંગ ઠેર-ઠેર પડેલા દેખાતા હતા. દિવસના આછા ઉજાસમાં બધું સ્પષ્ટ દેખાતું હતું. બધાં સૈનિકોને કમકમાટી છૂટી ગઈ. આખરે રાની પશુની ઘાયલ અને નિશ્ચેષ્ટ કાયા સુધી તેઓ પહોંચી ગયા. રાતના અંધારામાં આટલે અંદર સુધી જંગલી પશુનો પીછો કરી મલિક-શેરખાને તેને પતાવી દીધેલું જાણી સહુને ભારે આશ્ચર્ય થયું. ભર દિવસે'ય જંગલની અંદરના ગીચ ભાગમાં મુસાફરી કરતા ભયથી કમકમાં આવતા હોય તો રાત્રિની મુસાફરી તો કેવી બિહામણી હશે ? તેની

કલ્પના કરતા સહુ સૈનિકોને મલિક-શેરખાન ઉપર માન પણ ઉપજ્યું.

રાની પશુનો મૃતદેહ જોયા પછી એ સૈનિક ટુકડી મૂંઝવણમાં પડી ગઈ. શિકાર થઈ ગયા પછી તેઓ ક્યાં ભૂલા પડી ગયા ? ક્યાં જતા રહ્યા ? ચારે બાજુ તપાસ ચાલુ કરી... છાવણી તરફ વળતો પ્રવાસ કરતા ક્યાંક મુસીબત આવી હોવી જોઈએ તેમ વિચારી તેમણે વળતા રસ્તા ઉપર નજર નાંખવાનું, છાનબીન કરવાનું શરૂ કર્યું. આખરે જ્યાં મલિક-શેરખાન-સેનાપતિ પકડાયા હતા અને ઢસડાતા ગુલામોની છાવણી-મુકામ સુધી ગયા હતા તે જગ્યા મળી આવી. તે લોકો એ દિશામાં આગળ વધ્યા...

હજુ થોડું-ઘણું આગળ વધ્યા હશે ત્યાં જ ઘોડાના ડાબલાના જબ્બર અવાજો આવવા લાગ્યા. જાણે સેંકડો અશ્વો આવી રહ્યા હોય તેવો અવાજ હતો. સંખ્યાનો નિર્ણય ન થતા બધાંએ ઝાડ ઉપર ચડી જવાનું મુનાસિબ માન્યું... અવાજ પોતાની નજીક-નજીક જ આવી રહ્યો હતો. એટલે આવનારા કોણ છે તે જોઈ પછી આગળનું નક્કી કરવું - તેમ વિચારી બધાં અલગ-અલગ ઝાડ ઉપર ચડી ગયા. થોડી વારમાં પહેલો ઘોડેસવાર આવી પહોંચ્યો - તીર કામઠાં લઈ બધાં તૈયાર જ બેઠા હતા. પહેલો ઘોડેસવાર ન ઓળખાયો.

દૂરથી ધૂળની ડમરી ઉડાડતો-ઉડાડતો તે દેમાર ભાગ્યો આવતો હતો. તેની વાજોવાજ આવી રહેલા મલિકના અશ્વને સહુ ઓળખી ગયા. દેવાંશી એ અશ્વને તો સહુ કોઈ પહેચાનતા હતા. પરંતુ તેની ઉપર મલિક સાહેબની જગ્યાએ કોઈક બીજાને જ સાંકળે બાંધીને રાખેલો દેખાતો હતો. સાંકળે કોને બાંધવામાં આવે ? - સહુ અવઢવમાં હતા. તેની પાછળ-પાછળ શેરખાનના અશ્વને'ય બધાં ઓળખી ગયા. સેનાપતિના અશ્વને ઓળખતાં જ સૈનિકો ભારે વિમાસણમાં મૂકાઈ ગયા. શું આ ખરેખર એ જ અશ્વ છે ??

ત્યાં થોડી વાર પછી બીજા ત્રણ અશ્વો આવતા દેખાયા - ત્રણેય જણ ભયાનક દેખાતા હતા. થોડી વારમાં જ સમજાઈ ગયું કે આગળના ચાર અશ્વો ભાગી રહ્યા છે. તેને પકડવા પાછળના ત્રણ અશ્વો તેમની પૂંઠે પડ્યા છે. અશ્વોની ગતિ તેજ હતી. સૈનિકો આશ્ચર્યસ્તબ્ધ હતા. પરિણામે મુખીનો અશ્વ પણ પસાર થઈ ગયો. બાકીના બે અશ્વો પણ પસાર થઈ જ રહ્યા હતા.

ત્યાં પરિસ્થિતિનું ભાન થતા એક જણાએ તીર મારી પહેલાને ઠાર કર્યો. બીજાએ બીજાને પછાડ્યો. બન્નેને ધૂળમાં રગદોળાતા જોઈ મુખી સમજી ગયો કે આ લોકોની મદદ આવી ગઈ છે. ચારેબાજુ નજર ફેરવતા જ તેને ગંધ આવી ગઈ કે આ લોકો ઘણાં છે, સામે ટક્કર ઝીલવામાં ટકી શકાય તેવું નથી. **એમ પણ ક્રૂર માણસો મોટેભાગે કાયરતાને પણ વરેલા હોય છે. સામી છાતીએ મુકાબલો કરવાનું જોર તેઓમાં હોતું નથી. તે પણ જાણતો હતો કે પકડાયા તો શું થવાનું છે ? એટલે પોબારા ભણી જવામાં જ તેણે લાભ જોયો અને તે ભાગી છૂટ્યો.**

મલિકના સૈનિકોના મનમાં તો હજી કશી પરિસ્થિતિ સ્પષ્ટ હતી જ નહીં. માટે ભાગી છૂટેલા માણસનો પીછો પકડવાનું તો તેઓને સૂઝે તેમ જ નહતું. તેઓનું ધ્યાન તો મલિકના અશ્વ ઉપર જ હતું. તેના ઉપર છે કોણ ? - તેનો પણ નિર્ણય તેઓ કરી શકતા નહતા. આથી બે જણ ઘાયલને પકડવામાં રોકાયા, બાકી બધાંએ તાબડતોબ મલિકના અશ્વનો પીછો પકડ્યો.

પાછળ આવી રહેલા ઘોડાના ડાબલા સંભળાતા બંધ થયા એટલે આગળના ત્રણે'ય અશ્વોએ પોતાની ગતિ ધીમી કરી દીધી હતી.

આગળથી શુભેચ્છકનો અશ્વ પણ ગાયબ થઈ ગયો હતો. કારણ કે શુભેચ્છકને નકાબ ઉતારવો ન હતો. અને તે નકાબ ઉતારી શકે તેમ પણ ન હતો. નકાબ ઉતારતા તો મુશ્કેલીમાં મૂકાઈ જાય તેમ હતો. તેને પણ ખ્યાલ આવી ગયો કે છાવણીના માણસો આવી પહોંચ્યા છે. એટલે તે ભાગી છૂટ્યો. મલિકનો અશ્વ પળવાર મૂંઝાઈ ગયો. પણ પછી કો'ક આંતરસૂઝથી તેણે એ શુભેચ્છકના અશ્વનું અનુકરણ ન કર્યું. તેણે છાવણીનો રસ્તો જે થોડો-ઘણો ખેડાયેલો થઈ ગયો હતો તે રસ્તે જ આગળ વધવાનું ચાલુ રાખ્યું. પણ ગતિ ધીમી કરી દીધી. પોતાના ઓળખીતા અશ્વોને આવતા જોઈ તેણે પોતાની ઝડપ ઓર ઘટાડી. થોડી જ વારમાં મલિકના માણસો આવી પહોંચ્યા.

આશ્ચર્ય તો એ હતું કે ત્રણે'ય જણા હજુ પણ બેહોશ જ હતા. આટ-આટલી ધમાચકડીમાં પણ તેઓની બેહોશી ઉડી ન હતી. ઘામાંથી થયેલા રક્તસ્ત્રાવે બેહોશી આણી હતી. આખે આખી ચામડી ઉઝરડા-ઘા-લોહી-

રસી-પરુથી ખદબદતી હતી. મલિકના માણસોને જ્યારે ખ્યાલ આવ્યો કે ઘોડા પરના અસવારો તે ખરેખર અશ્વના માલિકો જ છે ત્યારે તો તેઓના આશ્ચર્યની સીમા ન રહી ! 'આવી હાલત કેવી રીતે થઈ ? એક રાતમાં આટલી ખાના-ખરાબી ? સેનાપતિજી અહીં કેવી રીતે આવી ગયા ? તેમની પણ આવી હાલત કેવી રીતે થઈ ગઈ ? આ લોકોની પાછળ પડેલા માણસો કોણ હતા ? જો એ લોકો બેહોશ જ હતા તો કોણ આ લોકોને અહીં સુધી દોરી લાવ્યું ? તે દોરનાર ક્યાં જતો રહ્યો ?'... આવા સેંકડો પ્રશ્નોએ દાખવેલી સહિયારી અસર એટલે શૂન્યાવકાશ. સહુના મગજ બેર મારી ગયા.

મોં વકાસીને બધા જોતા જ રહ્યા. એક રાતમાં એટલું તો 'અગડંબગડં' થઈ ગયું કે ભલ-ભલો શેખચલ્લી'ય કલ્પના કરવામાં પાછો પડી જાય. કોઈની કલ્પના કામ કરતી ન હતી. એક પણ વાતનો તાળો બેસતો ન હતો.

અત્યંત ખરાબ હાલત જોતા ત્રણેયને તત્કાલ સારવાર આપવી જરૂરી હતી. આ વાત તો મલિકના માણસો તરત જ સમજી ગયા. આથી બીજા બધાં પ્રશ્નોના ઉભરાને તત્કાલ શમાવી ત્રણે'ય જણને તુરંત છાવણી ઉપર લઈ જવાનું નક્કી થયું. બધાંને લઈને રસાલો ઉપડ્યો. પેલા બે જણને પણ પકડીને સાથે લેવામાં આવ્યા. મલિક વગેરેની આવી દુર્દશા કરવામાં આ લોકોનો હાથ હોઈ શકતો હતો. દેખાવે પણ સાક્ષાત્ રાક્ષસ જેવા દેખાતા હતા. એટલે બધાંએ તેમને મુશ્કેટાટ પકડ્યા. બન્ને જણા ઘાયલ થયા હતા.

એક જણ ઘોડા ઉપરથી પડવાથી અને તીરના ઘાથી હેરાન-પરેશાન હતો. તો બીજો બે-બે તીરના મારથી હેરાન હતો. આવી પરિસ્થિતિમાં'ય બન્ને જણે મુકાબલો કરી ભાગી છૂટવાનો પ્રયાસ કર્યો. પરંતુ મલિકના માણસો ઘણા હતા. પરિણામે બધાંએ ભેગા થઈ ઢોર માર મારી બન્નેયને બેહોશ બનાવી દીધા. ઘોડા ઉપર બાંધી તે લોકોને પણ સાથે લઈ રસાલો છાવણી તરફ ઉપડ્યો. આ રસ્તે ઘણાંએ અવર-જવર ખેડી દીધી હતી. પરિણામે રસ્તો કહો કે કેડી અંકાઈ ગઈ હતી. હવે ભૂલા પડવાનો પ્રશ્ન ન હતો. બધાં ઝડપભેર છાવણીએ પહોંચી ગયા. છાવણીથી અલગ-અલગ દિશામાં ગયેલી ઘણી ટુકડીઓ પાછી આવી ગઈ હતી. તે લોકો તો નિરાશ જ થયા હતા. દૂરથી આ ટુકડીને આવતી જોઈ બધાં છાવણીની બહાર આવી ગયા. કારણ કે આ

ટુકડી ઉપર જ બધાંને વધારે આશા હતી. ત્રણે'ય જણને આવેલા જોઈ બધાં ખુશ થઈ ગયા. પણ, મલિક વગેરેની દુર્દશા જોઈ બધાં ધ્રૂજી ગયા.

ઝટપટ સારવાર માટેની તૈયારીઓ આરંભાઈ. ત્રણે'ય જણની પથારી મલિકના તંબૂમાં જ કરવામાં આવી. ત્રણે'યને પથારીમાં સૂવડાવવામાં આવ્યા. ભયાનક જંગલ રસ્તે જવાનું હતું એટલે પ્રાથમિક સારવારની ઘણી-બધી સામગ્રી પણ મલિકે લેવડાવી હતી.

મોટા ભાગના સૈનિકો પ્રાથમિક ઉપચારની વિધિ જાણતા હતા. બધાં મલિક, શેરખાન અને સેનાપતિની સેવામાં લાગ્યા. સેનાપતિને જોઈ બધાં ખૂબ ખુશ થયા હતા.

ધીરે ધીરે ઘા ઉપરની ધૂળ વગેરે દૂર કરવામાં આવી, ઘા-પરુ-લોહી વગેરે સાફ કરવામાં આવ્યા. સાફ-સફાઈ કરતા કરતા જ્યારે સાથળના ઘા ઉપર નજર ગઈ ત્યારે તો બધાનાં મોઢામાંથી હળવી ચીસ જ નીકળી ગઈ.

આવો ઊંડો ઘા - લોહી-માંસથી ખદબદતો ઘા જોઈ બધાંને અરેરાટી થઈ આવી. ત્યાં પણ પાટાપીંડી કરવામાં આવી. બધે પાટા-પીંડી થઈ ગઈ, છતાં કોઈ ભાનમાં આવતું જણાતું ન હતું. લોહી વહેવાને કારણે ત્રણે'યની હાલત કફોડી હતી. આખું શરીર ફિક્કું પડી ગયું હતું, જે લોહીની ખામી સૂચવતું હતું. તત્કાલ કોઈક પગલા ભરવા પડે તેમ હતા.

શેરખાનનું શરીર થોડું હલતું હતું. તે ક્યારેક ક્યારેક થોડો ભાનમાં આવી જતો હતો. કારણ કે શુભેચ્છક વ્યક્તિએ શેરખાનની બેહોશી ઉડાડવા તેના મોઢામાં દવા નાંખી હતી. હકીકતે તો એ શુભેચ્છક વ્યક્તિને શેરખાનને બચાવવાની જ તમા હતી. બીજા બે જણ સાથે કશા જ લેવાદેવા ન હતા.

તેનો મકસદ પણ આ જ મતલબનો હતો. પણ, જ્યારે તેણે જોયું કે ત્રણે'ય જણ જીવતા દોજખમાં સપડાયા છે. ત્રણેય'ની હાલત અત્યંત કરુણ છે ત્યારે તે રહી ન શક્યો. તેને થયું કે બીજું ગમે તે થાય, કદાચ મારા મકસદ મુજબ મારે છેલ્લે મલિક સાથે લડાઈ કરવી પડે અને તેમાં કદાચ મારા હાથે જ મલિકનો વધ થાય તો એ જુદી વાત છે. પણ, આ રીતે મારે એને જીવતી નરકમાં ધકેલી ન દેવાય. પરમાત્મા મને કદાપિ માફ ન કરે.

આવી ભયાનક હાલત તો દુશ્મનની'ય ન ઈચ્છાય. પરિણામે અનુકંપાને વશ થઈ તેણે મલિકને બચાવવાનું નક્કી કર્યું હતું. આમ તો આ વ્યક્તિને મલિક ઉપર એટલો ગુસ્સો હતો કે મનોમન આનાથી'ય વધુ મલિકને ત્રાસ આપવાની ઈચ્છા થઈ ગઈ હતી. પણ, એ તો આવેશની પળોનો એક વિચાર હતો.

હકીકતે તે કોઈને પણ આવી પીડા આપી જ ન શકે અને અપાતી જોઈ પણ ન શકે, તો આવી દર્દનાક હાલત જોતા જ તે દ્રવી ઉઠ્યો. એટલે જ તેણે ત્રણેય'ને બચાવી લીધા હતા. છતાં ભાનમાં લાવવાની દવા તેણે શેરખાનના મોઢામાં જ નાંખી. બાકીના બન્નેને તેમના નસીબના ભરોસે છોડી દીધા. કહો કે છોડી દેવા પડ્યા. કારણ કે તેવો સમય જ નહતો રહ્યો.

જો કે તે દવા ફક્ત બેહોશી ઉડાડવાની હતી. તેનાથી બીજો કશો ફરક પડતો ન હતો. ભાનમાં આવતા સાજો થવાની શક્યતા વધી જાય એટલું જ. આ દવાના પ્રતાપે જ શેરખાન થોડો થોડો ભાનમાં આવી રહ્યો હતો. સહેજ ભાનમાં આવતા જ તેણે પાણી માંગ્યું. તેને પાણી આપવામાં આવ્યું. ફરી તે પાછો બેહોશીમાં કે પછી ગાઢ ઊંઘમાં સરી ગયો ! ત્રણે'યના નાડીના ધબકારા પણ અનિયમિત થઈ રહ્યા હતા. જાણકાર લોકો જંગલની સદ્યઃપ્રભાવી ઔષધિ લઈ લેપ વગેરે કરી રહ્યા હતા. તેનાથી ઘણો ફરક અનુભવાતો હતો. ઘા વગેરેમાં તે ઔષધિઓ શીઘ્ર ફલ આપનારી હતી. છતાં મૂળભૂત તકલીફ બદલતી ન હતી. ધીમે ધીમે તબિયત લથડતી જતી હોય તેવું લાગતું હતું.

સવારની ચાલી રહેલી આ ધમાલનો મધ્યાહ્ન થવા છતાં અંત આવ્યો ન હતો. આખરે નક્કી કરવામાં આવ્યું કે ત્રણ વ્યક્તિએ તાત્કાલિક, જે રસ્તે આવ્યા તે રસ્તે પાછા જઈ સારા વૈદ્યને તેડાવી લાવવા. કુહા ગામમાં કે જ્યાંથી મલિકનો કાફલો જંગલમાં વળ્યો હતો ત્યાં જંગલની ઔષધિના જાણકાર એક અત્યંત પ્રસિદ્ધ વૈદ્ય હતા.

જંગલની ઔષધિઓના અભ્યાસ માટે જ તે જંગલની નજીકના નાનકડા ગામમાં રહેતા હતા. તે વૈદ્યને તેડાવવાનું નક્કી કરવામાં આવ્યું. મલિકને આ જંગલપ્રવાસ ગુપ્ત રાખવો હતો. એટલે કુહા ગામમાંથી વૈદ્યને બોલાવવાનું સાહેબને પસંદ આવશે કે નહીં ? તે મુદ્દે બધાં ગૂંચવણમાં અને મૂંઝવણમાં હતા. છેલ્લે તબિયતની ગંભીરતા જોતા વૈદ્યને બોલાવવાનું નક્કી થયું.

મધ્યાહ્નના સમયે ત્રણ જણા અત્યંત ઉત્તમ અશ્વો ઉપર સવાર થઈ નીકળી પડ્યા. મલિકનો આખો કાફલો એ રસ્તે પસાર થયો હતો. માટે એક કાચા રસ્તા જેવું તૈયાર થઈ જ ગયું હતું. પરિણામે ભૂલા પડવાનો પ્રશ્ન ન હતો. મધ્યાહ્ન સમયે બીજો કશો ભય પણ ન હતો.

ત્રણેય જણા ઘણાં ઓછા સમયમાં ગામમાં પહોંચી ગયા. પહેલાં તો વૈદ્યે ઘસીને ના પાડી દીધી. ધનથી'ય ન ચળ્યા. સત્તાથી'ય ન ડગ્યા.

છેલ્લે સૈનિકોએ કરગરીને કહ્યું કે 'સાહેબ ! ત્રણ જિંદગીનો પ્રશ્ન છે. આપ સમજો. તે લોકોને અહીં લાવી શકાય તેમ નથી. હર પળે તેઓ મૃત્યુની નજીક સરતા જાય છે. રક્તસ્રાવ અત્યંત થઈ ગયો છે. શરીર આખું સફેદ-સફેદ થઈ ગયું છે.' વૈદ્ય આખી પરિસ્થિતિ સમજી ગયા. કંઈક વિચાર કરી આવવા માટે હા ભણી. ત્રણે'ય જણા ખુશ થઈ ગયા.

થોડી દવાઓ - થોડા સાધનો વગેરેને લઈને વૈદ્ય જંગલમાં આવવા નીકળ્યા. વૈદ્ય માટે એક સારો અશ્વ ગામમાંથી લઈ લીધો. એ જગ્યા સુધી પહોંચવા અશ્વ સિવાય બીજું કશું વાહન કામ લાગી શકે તેમ ન હતું.

શક્ય તેટલી ત્વરાએ તે લોકો છાવણીએ પહોંચ્યા. છાવણીએ પહોંચતા પહેલા એક-બે જગ્યાએ ઔષધિ લેવા વૈદ્યરાજ રોકાયા હતા. ઈચ્છિત બધી વનસ્પતિ મળી જતા વૈદ્યરાજ ખુશ થયા. બધાં ત્યાં પહોંચ્યા ત્યારે સંધ્યા ઢળવા આવી હતી. બધાં કાગડોળે વૈદ્યરાજની રાહ જોઈ રહ્યા હતા.

વૈદ્યરાજે સૌથી પહેલા દર્દીઓને તપાસ્યા. આમ તે ત્રણ જણાએ કરેલા વર્ણન ઉપરથી જ તે બધું સમજી ગયા હતા. તેમણે કરેલું અનુમાન સાચું હતું. પાટાપીંડી, ઘા ઉપર મલમ વગેરે બધું વ્યવસ્થિત થયું હતું. ફક્ત લોહી ઓછું હતું. તેના કારણે જોખમ ખડું થયું હતું. સમય ઓછો હતો.

વૈદ્યરાજે અમુક ઔષધિ કાઢી તેને ઘૂંટી પછી બહાર આવી ખુલ્લામાં અમુક પાંદડાનો રસ કાઢી નીચે એક વાસણમાં ભર્યો. ઉપર એક ચોખ્ખા કપડામાં કેટલીક ઔષધિઓનું મિશ્રણ કરી લટકાવી દીધું. થોડી-થોડી વારે તેમાંથી ૬-૭ ટીપા પડતાં હતા. અને તે અદ્દલ લોહી જેવા દેખાતા હતા.

વૈદ્યરાજે કહ્યું કે 'મેં પ્રાથમિક સારવાર કરી દીધી છે. મને આશા છે કે લગભગ કશો વાંધો નહીં આવે. આ વસ્ત્રમાંથી થોડી-થોડી વારે ટીપા

પડશે. તે નીચેના ઔષધિવાળા વાસણમાં પડશે. જેમ-જેમ ચંદ્રની ચાંદની તેના ઉપર પડશે કે ટીપાનું પ્રમાણ વધી જશે. આ વાસણ ભરાઈ જાય એટલે તે એક જણને પાઈ દેજો. એમ દરેક જણને વારાફરતી પાઈ દેજો. કુલ ત્રણ વાસણ મેં તૈયાર રાખ્યા છે. એકના વાસણમાં બીજાનું ન કરતા. આ પાઈ દેતા એકાદ ઘટિકામાં જ તેમનામાં ચેતનાનો સંચાર થતો અનુભવાશે.

પછી તેમને આરામ કરવા દેજો. તરસ લાગી હોય તો પાણી પાજો. એકાદ પ્રહર સુધી ખાવાનું ન આપતા. હું અત્યારે જઈ રહ્યો છું. અંધારું ગાઢ થાય તે પહેલા આ જંગલની બહાર નીકળી જવાય તો સારું. કાલે ફરી પાછો હું આવીશ. મને પૂર્ણ વિશ્વાસ છે કે ત્યાં સુધીમાં ત્રણે ય જણ ભાનમાં આવી ગયા હશે. સારું તો હું જઉં ?'

વૈદ્યરાજને ગામમાં મૂકવા માટે સાથે બે જણા ગયા. બન્ને જણાના આગ્રહ છતાં વૈદ્યરાયે એક પણ પૈસો લીધો ન હતો. વૈદ્યરાજે એટલું જ કહ્યું કે એક વાર બધાંયને સાજા થઈ જવા દો. પછી વાત ! બન્ને જણા વૈદ્યરાજને ગામ સુધી પહોંચાડીને પાછા આવી ગયા. તેઓ પાછા આવ્યા ત્યાં સુધીમાં તો ત્રણે'ય જણને તે ઔષધિયુક્ત પ્રવાહી પાવાનું કામ થઈ ગયું હતું.

સુદ પક્ષની શરૂઆત હતી. એટલે ચંદ્ર તરત ઊગ્યો હતો. (યાદ કરો - પહેલા જણાવેલ હતું કે અમાસની ઘોર અંધારી રાતે મલિકે અમદાવાદ તરફની મુસાફરી આરંભી.) ચંદ્રની હાજરીમાં આશ્ચર્યજનક રીતે ટીપાની સંખ્યામાં ધરખમ વધારો થયો હતો. આ બાજુ શુભેચ્છક વ્યક્તિ આડા રસ્તે ફંટાઈ આખરે પોતાના મૂળ મુકામે છાવણીની પાસે પહોંચી ગઈ હતી.

મુખી બીજી જ દિશામાં ફંટાઈ ગયો હતો. શુભેચ્છક વૃક્ષ ઉપર ચડી પોતાની રાતની જગ્યાએ પહોંચી ગયો. ત્યાં તેણે પોતાનો સામાન રાખ્યો હતો. ત્યાંથી છાવણીમાં થતી ઘટનાઓની આછેરી ઝલક મળતી હતી.

તે પોતાની જગ્યાએ પહોંચી પોતાનો સામાન સલામત હોવાની ખાતરી કરે છે ત્યાં જ પોતાના સામાન ઉપર તેને એક ચિટ્ઠી પડેલી દેખાઈ. આશ્ચર્યથી વિમૂઢ થઈ તેણે ચિટ્ઠી ખોલી. ચિટ્ઠી વાંચતા તે સ્તબ્ધ થઈ ગયો. એક વસ્તુ પણ તેને દેખાઈ. તે ચકરાવામાં જ પડી ગયો...



શુભેચ્છકનો'ય શુભેચ્છક

જે પોતાને તદ્દન અજ્ઞાત માનતો હતો તે શુભેચ્છક આ ચિટ્ઠી મળતા જ સ્તબ્ધ થઈ ગયો. ચિટ્ઠી પડેલી જોતા જ તે મૂઢ થઈ ગયો હતો. ચિટ્ઠી વાંચતા તો તેના આશ્ચર્યની સીમા ન રહી. ચિટ્ઠીમાં જણાવ્યું હતું - 'અંધારી રાતે ખેલેલા આવા ભયંકર સાહસ બદલ સલામ. આવા ગોઝારા લોકો સાથે પનારો પડે ત્યારે આ સાથે મૂકેલો શંખ વગાડશો. આ શંખનો અવાજ અડધા ગાઉ સુધી હું અને મારો અશ્વ પારખી લઈએ છીએ. અવાજની દિશા-સ્થાન-અંતર વગેરે બધું જ જણાઈ આવે છે. આમ તો તમારી આસપાસમાં જ છું. એટલે હું હાજર થઈ જઈશ. કામ આવશે એમ જાણી આ મૂક્યો છે. વખતે મળીશું. લિખિતંગ - **શુભેચ્છકનો'ય શુભેચ્છક...**'

ચિટ્ઠી વાંચતા જ સેંકડો પશ્નો શુભેચ્છકના મગજમાં ઉભરાવા લાગ્યા. તે હેરાન પરેશાન થઈ ગયો. કોણ હશે આ વ્યક્તિ ? કેવી રીતે મને ઓળખે ? હું આજે રાતે ક્યાં ગયો હતો ? તેની તેને કેવી રીતે ખબર ? શા માટે તે મને સહાય કરવા ઈચ્છે છે ? એક વાર તો તેને મન થઈ આવ્યું કે હમણાં જ આ શંખ વગાડું. જેથી જે હોય તે સામે આવી જશે. પરંતુ થોડું વિચાર કરતા તેને તે મુનાસિબ ન લાગ્યું. શંખનો અવાજ થતા છાવણીના

સૈનિકો પણ પોતાને શોધી કાઢે તેવી પૂરેપૂરી શક્યતા હતી. મારી ઉપર જ તે શુભેચ્છકની નજર હોય તો આ શંખનો અવાજ સાંભળી તે પ્રગટ ન પણ થાય... ખેર, સમય આવ્યે બધું સ્પષ્ટ થઈ જશે. એમ વિચારી તેણે તેના વિચારો કરવાના પડતા મૂક્યા. ચિટ્ઠી જોડે પડેલા શંખને હાથમાં લઈ નીહાળ્યો. શંખ વિલક્ષણ પ્રકારનો હતો. શંખ ઉપર ધ્યાનથી નજર કરતા તેને કંઈક યાદ આવ્યું. આવો જ શંખ તેણે જોયાનું યાદ આવતું હતું.

તેને ખ્યાલ આવી ગયો કે આ તે જ શંખ હશે અથવા તેના જેવો હશે... આવા શંખો કોઈ એક વ્યક્તિ પાસેથી જ શું આ લોકોને મળ્યા હશે કે અલગ-અલગ વ્યક્તિ પાસેથી ? જેમ જેમ વિચારતો હતો તેમ-તેમ ગૂંચ વધુ દૃઢ થતી જતી હતી... ગઈ રાતના ભારે પરિશ્રમે અને આ માનસિક મથામણે તેને ઊંઘની નજીક પહોંચાડી દીધો. પોતાની રાતની જગ્યાને જ સહેજ વ્યવસ્થિત કરી, ઝાડની જાડી ડાળીના ઓથે તે સૂઈ ગયો. ઊંઘમાં'ય જો કે તે શુભેચ્છકના પણ શુભેચ્છકના વિચાર ચાલતા રહ્યા. નવું આશ્ચર્ય તો એ થયું કે મેં (= શુભેચ્છકે) કોઈકને શુભેચ્છક તરીકે પત્ર લખ્યો છે તે વાતની પણ તેને ખબર હતી. એ પત્ર તો મેં શેરખાનને મોકલ્યો હતો.

આથી શેરખાન સિવાય કોઈને તે પત્રની ખબર કેવી રીતે હોય ? તે શું શેરખાન સુધી તે સામાન નહીં પહોંચ્યો હોય, વચ્ચે જ કોઈ બીજાએ લઈ લીધો હશે ? બીજા જેણે પણ લીધો હોય તે મને કેવી રીતે ઓળખી શકે ? શું ખુદ શેરખાને જ કે શેરખાનના માણસે જ મને ચિટ્ઠી લખી હશે ? ના.., ના.., એવું ન હોઈ શકે.. આખરે મગજ થાક્યું અને ગાઢ ઊંઘમાં સરી ગયું ત્યારે વિચારો અટક્યા.. ઘટના જ એવી ઘટી હતી કે ભલભલા મૂંઝાઈ જાય.. આખરે આ બધું શું થવા બેઠું છે ? તે તો ભગવાન જાણે..

આ બાજુ વૈદ્યની સારવાર બરાબર ચાલી રહી હતી. અને વૈદ્યની દવા રંગ લાવી રહી હતી. ખરેખર શબ્દશઃ રંગ લાવી રહી હતી. સફેદ પડી ગયેલું શરીર ધીરે-ધીરે લાલાશ પકડતું હતું. શાસ્ત્રમાં જણાવ્યું છે કે '**अचिन्त्यो हि मणिमन्त्रौषधादीनां प्रभावः' અર્થાત્ મણિ-મંત્ર અને ઔષધિઓ એવો તો પ્રભાવ દાખવતા હોય છે કે આપણી કલ્પનાશક્તિ વામણી પુરવાર થાય.**

અત્યારે પણ એક ઔષધિએ એવો જ પ્રભાવ દાખવ્યો હતો. એક વાર ભાનમાં આવી ગયા પછી પણ મલિક વગેરેને સ્વસ્થ થતા ઘણો સમય લાગી જાય તેમ હતું. અત્યંત ખરાબ હાલત તેઓની થઈ હતી. મલિક વગેરેને બચાવતી વખતે શુભેચ્છકના મનમાં આ પણ વિચાર હતો કે જંગલના પ્રથમ પડાવે જ જે ભયાનક માર પડ્યો છે તેમાંથી ઉઠતા મલિકને દિવસો લાગશે અને પછી તે જરૂર આચાર્ય મહારાજ વગેરેને પકડવાના મનસૂબા છોડી દેશે. સીધો કપડવંજ ભેગો થઈ જશે. પોતે જીવતો રહ્યો એ બદલ ખુદાનો પાડ માનશે અને તેની બંદગી કરશે. આચાર્ય મહારાજ ઉપરની આપત્તિનું નિવારણ કરવા જ જાણે કુદરતે મલિકને સબક શીખવ્યો હતો - તેવું તેને લાગ્યું એટલે જ તેણે મલિકનેંય બચાવી દીધો. શુભેચ્છકની ઊંઘ ઊડી ત્યારે સૂર્યાસ્ત થવાનો સમય થવા આવ્યો હતો. સવારથી લઈ ત્રણેક પ્રહર સુધી તે સૂતો જ રહ્યો હતો. આ જ સમયે સૌપ્રથમવાર વૈદ્ય આવ્યા હતા.

છાવણીમાં તાપણાં સળગતા હતા. એટલે શુભેચ્છકે થોડી ઘણી વિધિ જોઈ પણ ખરી. ખ્યાલ આવી ગયો કે વૈદ્યરાજને બોલાવ્યા છે. પરિસ્થિતિ ગંભીર હશે. બધાંને જાત-જાતના કામમાં મશગૂલ જોઈ ધીરે રહીને વૃક્ષ ઉપરથી નીચે ઉતર્યો અને ખોરાક પાણીની શોધમાં જંગલમાં રખડવા લાગ્યો.

આ તો એનો રોજીંદો ક્રમ થઈ જવાનો હતો. તેણે જંગલના ફળ-ફૂલ અને ઝરણાં ઉપર જ આધાર રાખવાનો હતો... ક્યારેક અવસર મળે તો છાવણીનું ભોજન-પાણી મેળવી લેવાની તેની ગણતરી રહેતી. પણ તે સમજતો હતો કે તે જોખમી પુરવાર થાય તેમ હતું. રાત્રિનો અંધકાર ગાઢ બને તે પહેલાં તે પોતાની જગ્યાએ પહોંચી ગયો હતો. હવે તે થોડો સાશંક થઈ ગયો હતો. કો'કની નજર મારા ઉપર છે - આવો ખ્યાલ આવતા જ માણસ સહજપણે સાશંક અને સાવધાન બની જાય છે. તેની નજરો એ વ્યક્તિને ખોળવા મથતી હોય છે. પણ, એમ કોઈ હાથમાં નથી આવતું...

ગઈ રાતની ભયાનક ઘટનાને કારણે આ આખી રાત ઘણા લોકોએ સતત જાગતા વીતાવી. કાંટાની વાડ પણ મજબૂત બનાવી. તાપણા ઘણા સળગાવ્યા. બધાં સાવધાન હતા. એટલે જ આજે કોઈ પણ ઉપદ્રવ વિનાની

રાત પસાર થઈ. વૈદ્યે આપેલી દવા પાતા ત્રણે'યના શરીરમાં લાલાશ અને ગરમાવો પકડાવા લાગ્યો હતો. નાડીના ધબકારા વ્યવસ્થિત થઈ રહ્યા હતા.

સૌથી પહેલાં શેરખાનની હાલત સુધરી. મલિકની હાલત સૌથી વધુ ખરાબ હતી. તેને મુખ્ય સમજી જલ્લાદે તેને વધુ માર માર્યો હતો. ઘા ઉપર પણ અલગ-અલગ ઔષધિના લેપો લગાવ્યા હતા. સાથળ ઉપરનો ઘા ભયંકર હતો. વૈદ્ય પણ તે ઘા જોઈ તાજ્જુબ થઈ ગયા હતા. આખી રાત્રિ દરમ્યાન કોઈ પૂર્ણ હોશમાં આવ્યું ન હતું. છતાં ત્રણે'ય જણે પાણી માંગ્યું હતું.

વૈદ્યરાજે રજા આપી હતી તેથી ત્રણે'યને પાણી આપવામાં આવ્યું હતું. પાછલી રાતે ત્રણે'યના શરીર ધખી ઉઠ્યા. ભારે તાવ ચઢી ગયો.

મલિકની હાલત અત્યંત તાવથી સનેપાત જેવી થઈ ગઈ. સનેપાતમાં આવી તે કંઈ ને કંઈ લવારા કરવા લાગ્યો. બધાં ચિંતામાં પડ્યા.. વૈદ્ય તો બીજા દિવસે આવવાના હતા. તાવ તુરંત ઉતારવો જરૂરી હતો. શરીરમાં વધુ પડતી ગરમી ભેગી થઈ જતા કાયમી નુકસાન પહોંચે તેવી વકી હતી.

વધુ પડતો તાવ થઈ જતા એક ઔષધિથી મિશ્રિત કરેલું ઠંડું પાણી ત્રણે ઉપર રેડી દેવામાં આવ્યું. માથા ઉપર ખાસ પાણી નાંખવામાં આવ્યું, જેથી ગરમી શોષાઈ જાય. આ બધાં ઉપચારના પ્રતાપે તાવ કાબૂમાં આવ્યો. મળસકું થતાં સુધીમાં તો ત્રણે'યની હાલત થોડીઘણી સારી થઈ ગઈ હતી.

એક આખો દિવસ વીતી ગયો હતો. જ્યારે આગળ પહોંચવાની મલિકને ભારી ઉતાવળ હતી ત્યારે જ મલિક બિછાનામાં પડ્યો હતો. જેમ એક આખો દિવસ વીતી ગયો તેમ હજુ બીજા કેટલા દિવસ વીતે તે ખબર ન હતી. હા ! એટલું ખરું કે ત્રણે'ય જણને કોઈ કાયમી નુકસાન ન હતું પહોંચ્યું. કારણ કે મારનારા પણ સમજતા હતા કે આ લોકો પાસેથી કામ લેવાનું છે. જે તકલીફ પડી હતી તે લોહીના વહી જવાથી થઈ હતી. અને બીજી વેદના હતી તે શરીરની આખી ચામડી કોરડાના ઘાથી તડતડી ઊઠી તેની હતી. આ બધાં ઘા રુઝાઈ જાય તો બહુ લાંબી તકલીફ પડે તેવું ન હતું.

અત્યારે તો એ ત્રણે'ય જણા મોતના મુખમાંથી અને જીવતા દોઝખમાંથી ઉગરી ગયા હતા. બની ગયેલી ઘટનાઓ અંગે છાવણીના બધાં માણસોમાં

ભારે કુતૂહલ હતું. જાત-જાતની વાતો ફેલાઈ હતી. પણ, સાચી હકીકતની તો તે લોકો કલ્પના'ય કરી શકતા ન હતા. પેલા બે માણસોને આ લોકોએ પકડીને એક તંબૂમાં પૂરી રાખ્યા હતા. ઠીક માર પણ પડ્યો હતો.

તે બન્ને ય વેદનાથી કણસતા હતા. તેઓના અલમસ્ત રાક્ષસી શરીર આવા મારને ખમી લેવા સક્ષમ હતા. વિશેષ એમને શું સજા કરવી ? તે મલિક ભાનમાં આવે ત્યાં સુધી મુલતવી રાખવામાં આવ્યું હતું. જે ઘટના બની હતી તે માટે ફેરવી-તોળવી મારી-મારીને ઘણું પૂછવા છતાં બન્નેમાંથી એકેય એક શબ્દ પણ બોલ્યો ન હતો. દઢતા તો એવી લાગતી હતી કે મરી જવા છતાં આ લોકો એક અક્ષર પણ નહીં બોલે... છેલ્લે મલિક સાહેબના સાજા થવાની રાહ જોવાનું જ નક્કી કરવામાં આવ્યું. ચોકીપહેરા હેઠળ એક તંબૂમાં બન્નેને પૂરી દેવામાં આવ્યા. મલિક સાહેબ વગેરેની આવી દુર્દશામાં આ લોકોનો જ હાથ જોતા બન્નેયને બને તેટલો ત્રાસ આપવામાં આવતો હતો.

છતાં એટલું ખરું કે એ લોકો જે રીતે ગુલામોને ત્રાસ આપતા હતા તેની સામે તો આ કશી વિસાતમાં ન આવે. આમ એક દિવસ પસાર થઈ ગયો.

બીજે દિવસે પ્રભાત પછી શેરખાન અને સેનાપતિજી કંઈક હોશમાં આવ્યા. આંખો ઉઘાડી પથારીમાં બેઠા થવાનો પ્રયત્ન કર્યો. બધાં ભેગા થઈ ગયા. પહેલાં તો તે બન્ને એ જ ન સમજી શક્યા કે પોતે ક્યાં છે ? હજુ એ કારમી વેદનાનો ભય રગેરગમાં વ્યાપેલો હતો. જ્યારે ખ્યાલ આવ્યો કે દુશ્મનની વચ્ચે નથી, પરંતુ દોસ્તની વચ્ચે છે ત્યારે બન્નેને હાશકારો થયો અને આશ્ચર્ય પણ. થોડી જ વારમાં મલિક પણ ભાનમાં આવ્યો.

હજુ પણ ત્રણે'ય જણ ક્યારેક ક્યારેક વેદનાથી કણસી ઉઠતા હતા. છતાં, ઘણો સુધારો હતો. મધ્યાહ્ન પહેલા વૈદ્યરાજ પણ આવી ગયા. તબિયતની હાલત જોઈ તે પ્રસન્ન થયા અને ભયમુક્ત જાહેર કર્યા... ખોરાક પણ શરૂ કર્યો. જંગલની વચ્ચે પણ માત્ર ઔષધિઓના બળથી ત્રણે'યને ઝડપથી સારું થવા લાગ્યું. વૈદ્યે પણ છેલ્લે દવા આપી કહ્યું કે - 'આ દવાઓ આ રીતે ચાલુ રાખજો. હવે મારી જરૂરત નહીં પડે. છતાં કંઈ તકલીફ થાય તો મને બોલાવજો. ઘાની સારવાર કેમ કરવી ? તે તો તમને આવડે જ છે. હવે ઝડપથી સારું થઈ જશે.' એમ કહી વૈદ્યરાજ પણ વિદાય થઈ ગયા.

બીજો દિવસ પણ નવાજૂની વગર પસાર થઈ ગયો. બીજા દિવસની રાતે પણ ચોકીપહેરો સખત રાખવામાં આવ્યો. સદ્‌ભાગ્યે કશું અઘટિત બન્યું નહીં. જાત-જાતની ઔષધિઓ, જંગલની ઔષધિઓના જાણકાર વ્યક્તિઓ દ્વારા થતી સેવા વગેરેના પ્રતાપે ત્રીજા દિવસે તો ત્રણે ય જણ ઘણાં સ્વસ્થ થઈ ગયા. મલિક ધીરે ધીરે અસલી રંગમાં આવી રહ્યો હતો.

ત્રીજે દિવસે સવારે બધાં ત્રણે'ય જણને ઘેરીને બેઠા હતા. પથારીમાં ટેકે બેઠેલા ત્રણે'ય જણાંએ રાતની આખી બીના કહી સંભળાવી. સેનાપતિજીએ પોતાની વીતક કહી સંભળાવી. અંધારી રાતના જંગલના શૌર્યભર્યા સાહસ સાંભળી બધાં રોમાંચિત થઈ ઊઠ્યા. સેનાપતિનો મેળાપ થયેલો સાંભળી બધાં ખુશ થઈ ગયા. તો ત્યાર પછીની અત્યંત દર્દનાક કહાણી સાંભળી બધાંયના લોહી ઉકળી ગયા. સહુ ખામોશ થઈ ગયા.

આવા ભયાનક દુઃખની વાત સાંભળતા'ય સહુ ધ્રૂજી ઊઠ્યા. પથ્થરદિલ સૈનિકો હોવા છતાં'ય કેટલાંયની આંખમાં આંસુ આવી ગયા. છેલ્લે મલિકે કહ્યું કે - 'સારું થયું તમે લોકો સમયસર આવી ગયા અને અમને છોડાવી દીધા. બાકી એ નરકમાં કોણ જાણે કેટલા વરસો સુધી રીબાવાનું થાત ?'

ત્યારે સૈનિકો આશ્ચર્ય પામી બોલી ઉઠ્યા - 'ના, અમે આપને નથી બચાવ્યા...' હવે આશ્ચર્ય પામવાનો વારો એ લોકોનો હતો, એ બોલી ઉઠ્યા -

'તો પછી અમે અહીં સુધી કેવી રીતે પહોંચ્યા ? અમે તો વૃક્ષ ઉપર લટકતા હતા. પછી શું થયું ? તેની અમને ખબર જ નથી...'

સૈનિકોએ જે હાલતમાં મલિક વગેરે મળી આવ્યા હતા તેની વાત કરી. છેલ્લે કહ્યું - 'આપ ત્રણના ઘોડાની આગળ એક અશ્વ ચાલી રહ્યો હતો. કદાચ એ ઘોડેસવારે જ આપ સહુને છોડાવ્યા હશે. આપની પાછળ ત્રણ જણ પડ્યા હતા. તેમાંથી બે જણ પકડાયા છે.'

'અમારી આગળ ચાલનારો અશ્વ ક્યા ગયો ?'

'એ અશ્વસવાર અને પાછળના ત્રણમાંથી એક જણ - બન્ને ભાગી છૂટ્યા... આપની પાછળ પડનારો ભાગી જાય તે તો સમજ્યા, પણ, આપને બચાવનારો પણ ભાગી ગયો તેથી આશ્ચર્ય થાય છે ?'

'આ જંગલમાં અમને બચાવવા પાછળ કોનો શું સ્વાર્થ હોઈ શકે છે ? આ જંગલમાં હોય પણ કોણ ?' જે પણ હોય, જેણે જાન બચાવ્યો તેને અંતરના ય અંતરથી મલિકે દુઆ આપી. 'જાન કોને પ્યારો નથી હોતો ? આ તો, નરકથી'ય ભયંકર, મોતથી'ય બદતર વેદનામાંથી છૂટકારો તે માણસે અપાવ્યો હતો' - મલિકે મનમાં જ વિચાર્યું...

સૈનિકોએ કહ્યું - 'પાછળના બે જણને પકડી લીધા પછી આપની હાલત એટલી ભયંકર હતી કે આપને જ બચાવવા અમે ધ્યાન આપ્યું. આપ માંડ-માંડ તો ઉગર્યા છો. અમોએ પકડાયેલા બે જણને ઢોર માર મારી ઘણું પૂછવાની મહેનત કરી. પણ તે લોકોએ એક હરફ નથી ઉચ્ચાર્યો.'

પોતાને અનહદ ત્રાસ આપનાર એ માણસની વાત આવતા જ મલિકની આંખમાં લોહી ધસી આવ્યું. રગે-રગમાં ગુસ્સો દોડવા લાગ્યો. તેણે કહ્યું - 'જાવ, બન્નેને અહીં હાજર કરો.' શેરખાન-સેનાપતિ એ બન્ને પણ અત્યંત ગુસ્સામાં જ હતા. **આટલી હદે પોતાને નિષ્કારણ હેરાન કરનાર પ્રત્યે ય ક્ષમાભાવ ટકાવી રાખનારા શ્રમણ ભગવાન મહાવીર મહારાજા હોય કે ખંધક મુનિ ! જ્યારે આ લોકો તો કર્મોથી ઘેરાયેલા હતા. પરિણામે તેઓને ગુસ્સો આવવો સહજ હતો.** એમાં'ય મલિકની પ્રકૃતિ આમ પણ ગુસ્સાની હતી.

એટલે એને તો કાળઝાળ ગુસ્સો ચઢ્યો હતો. ખરાબમાં ખરાબ સજા કરવાના તેના વિચારો હતો. તેણે આજ્ઞા કરી તે પછી થોડી વારમાં બન્ને જણા હાજર થયા. તે બન્નેમાં એક તો એ જ હતો જેણે ભયાનક કોરડા વીંઝી ત્રણે'યની ચામડી ઉતરડી નાંખી હતી. એને જોઈને તો ત્રણે'ય જણાના મોઢા લાલઘૂમ થઈ ગયા. એ એકેક કોરડાની ભયાનક વેદના યાદ આવતા જ મલિકને એ માણસને જીવતે જીવતા ફાડી નાંખવાનું મન થઈ આવતું હતું..

આમ જુઓ તો મનની કેવી બાલિશ વૃત્તિ છે !!! એ વેદના જો પોતાને આટલી અસહ્ય લાગી હોય તો પછી તેવી વેદના બીજાને કેવી રીતે આપી શકાય ? જો પોતે પણ તેના જેવી વેદના આપે તો તેનામાં અને પોતાનામાં ફરક શું રહે ? ખેર, આવી વાતોને ત્યાં કોઈ અવકાશ ન હતો. મલિકે જ્યારે કહ્યું કે અમને કોરડા મારનાર રાક્ષસ આ જ છે ત્યારે તો સાથેના બધાં જ સૈનિકો ગુસ્સે ભરાઈ ગયા. કેટલાંય તો તેના ઉપર થૂંકી પણ બેઠાં..

અચાનક મલિકને કંઈક યાદ આવતાં મલિકે કહ્યું - અમારા ત્રણે જણની સાંકળ ક્યાં છે ? તરત જ સૈનિકોને યાદ આવ્યું - ઓહ એ સાંકળ ! કેટલી ભારેખમ હતી. હા ! ત્રણેય જણા સાંકળમાં બંધાઈને જ આવ્યા હતા. એકેક સાંકળને તોડતા ભારે શ્રમ વેઠવો પડ્યો હતો. અત્યંત ભારેખમ સાંકળો હતી. મલિકે બહાર ચોગાનમાં જઈ દસેક સૈનિકને તે સાંકળ વડે બન્નેને પીટવાની આજ્ઞા કરી. સૈનિકો બન્નેને બહાર લઈ ગયા.. તે બન્નેની ચીસોથી આકાશ ગાજી ઊઠ્યું. પણ, તે સાંભળનાર કોણ હતું ? અતિ તીવ્રભાવે કરેલા પાપ તત્કાલ ફળ આપતા હોય છે. આ બન્ને'યની હાલત એ જ હતી.

સાંકળો ભારેખમ હતી. દસે સૈનિક પોતાની પૂરી તાકાત અજમાવી રહ્યા હતો. છેલ્લે બન્નેયને એ જ સાંકળથી બાંધી તંબૂમાં પૂરી દેવામાં આવ્યા. બન્નેયની હાલત લોહીલુહાણ હતી. કો'ક ખેપાનીને શું સૂઝ્યું કે એ જંગલમાંથી ૫૦-૬૦ જંગલી મંકોડા પકડી લાવ્યો. તે દરેકને પાંદડા વગેરેમાં મૂકી એ પાંદડાને એ બન્નેયના લોહીલુહાણ ઘામાં તથા સાથળ વગેરે ઉપર બાંધી દીધા.

બન્નેના હાથ બાંધેલા હતા. આમ જુઓ તો સહેજ પણ હલનચલન કરવા તેઓ સમર્થ ન હતા. થોડી વાર થઈ કે જંગલી મંકોડાએ ડંખ મારવાનું શરૂ કર્યું. જંગલી મંકોડાના ડંખ તો જેણે ખાધા હોય તે જાણે. આખે આખો સાથળ ફોલી ખાવાની મંકોડાઓની તાકાત હતી. રીબામણ, વેદના તો પાર વગરની... ફરીથી એમની ચીસો વાતાવરણમાં ગુંજવા લાગી. પણ, બિચારા બેસહારા હતા. અત્યાર સુધી સહુને હેરાન કરી એ રાજી થતા હતા. કર્મનું ચક્ર પલટાયું... એમને હેરાન કરી કોઈ બીજું રાજી થાય છે..

ધીરે ધીરે મંકોડાએ એમના શરીરને ફોલી ખાવાનું શરૂ કરી દીધું. ત્રાહિ મામ્ પોકારાવી દેતી અસહ્ય વેદના-કાળી વેદના..એકેક ચટકા શરીરના માંસને ઓછું કરી રહ્યા હતા... તેમની ચીસાચીસ ચાલતી જ હતી. ધીરે-ધીરે વેદના અસહ્ય બનતા બેહોશી નજીક આવવા લાગી. ચીસનો અવાજ ઘટવા લાગ્યો. એ બન્નેને એમના નસીબ ઉપર છોડી બધાં પાછા મલિક પાસે આવ્યા.

આ દરમ્યાન મલિક-શેરખાન-સેનાપતિ પરસ્પર વાતચીત કરી રહ્યા હતા... શેરખાને કહ્યું - 'જંગલનો પહેલો પડાવ જ ભારે મુસીબતદાયક

નીવડ્યો.' તેને આશા હતી કે કદાચ મલિક હવે પાછો ફરી જશે. સેનાપતિએ કહ્યું - 'તમને મળીને મને કેટલો બધો આનંદ થયો હતો. પરંતુ હજુ એ આનંદ લાંબો ચાલે ત્યાં તો એક રાતની અંદર ખુદાએ નરકની સહેલગાહ કરાવી દીધી.... ઓહ ! કેટલી વેદનાથી ભરેલી એ ક્ષણો હતી.' બહારથી એ બન્નેની ચીસો આવી રહી હતી.... શેરખાનનું હૃદય થોડું પીગળ્યું....

એણે મલિકને કહ્યું - 'એ બન્ને પાસેથી કોઈ માહિતી મેળવવી હોય તો.... આટલું બધું મારવામાં આવશે તો તે મરી જશે...'

મલિકે કહ્યું - 'કશું જાણવું નથી. એમને તો જેટલું મારીએ તેટલું ઓછું છે... એમ સહેલાઈથી એ લોકોને મોત નહીં મળી જાય...' દુનિયાભરની ક્રૂરતા મલિકના મોઢા ઉપર ઉતરી આવેલી લાગતી હતી. શેરખાને કહ્યું - આપણે ત્રણે જણા તો છૂટી ગયા. પણ એ માણસ પાસે તો ૨૫-૩૦ ગુલામો પકડાયેલા દેખાતા હતા. હું માનું છું ત્યાં સુધી એ ભાગી છૂટનાર માણસ જ એ લોકોનો મુખી હોવો જોઈએ. આ બધાં કરતૂતોનું મૂળ એ જ છે. એ પકડાઈ જાય તો બધાં ગુલામોનો છૂટકારો થઈ જાય. બીજી પણ ઘણી માહિતી મળી રહે. એ લોકોની આખી કાર્ય વ્યવસ્થાની માહિતી મળી જાય..' મલિક બોલ્યો - 'એ માણસને નહીં પકડું ત્યાં સુધી મને ચેન નહીં પડે... એક વાર તો એ માણસને મારે હાથ કરવો જ છે.' મલિકનું મગજ તંગ થઈ ગયું....

'એટલે જ મારી ગણતરી છે કે સેનાપતિજી નવા સૈનિકો મંગાવી આખા જંગલને ફેંદી વળે. હજુ તે બહુ દૂર નહીં ગયા હોય. નજીકથી જ મળી જશે. દરિયાકિનારા ઉપર પણ આપણે જામો ગોઠવાવી દઈએ. આ બધી વ્યવસ્થા સેનાપતિજીએ જ કરવાની રહે.' ફરીથી જંગલમાં ભટકવાની વાત આવતા સેનાપતિને કંપારી છૂટી ગઈ. પેલા માણસનો બદલો લેવાનું ખુન્નસ સેનાપતિને પણ ભારે હતું.... કિંતુ હવે જંગલમાં ભટકવાની હામ ન હતી રહી.

તેણે મલિકને કહ્યું. - 'મને વાંધો કશો નથી. પરંતુ મારા વિના અત્યારે બાદશાહ ઉપર-તળે થઈ રહ્યા હશે. આખું લશ્કર મારી તપાસમાં લાગેલું હશે. માટે, સૌ પ્રથમ તો મારે અમદાવાદ જ જવું રહ્યું. ત્યાર પછી જ મારાથી કંઈક વ્યવસ્થા થઈ શકે.' મલિકને'ય તેની વાત સાચી લાગી.

અચાનક કંઈક વિચાર કરી તેણે શેરખાનને કહ્યું - 'શેરખાન ! તું તારા માણસોને સાથે લઈ તેની તપાસમાં લાગી જા. એ સલામત છટકી જાય તે હરગીઝ ન પોષાય. આપણે ગમે તેમ તેને પકડી જ લેવો જોઈએ. તું તેને જીવતો કે મરેલો મારી સામે હાજર કરી દે.'

શેરખાન પળભર હેબતાઈ જ ગયો. તેની બધી ગણતરી ધૂળમાં મળી રહી હતી.... મલિક એ દરમ્યાન શું કરવા ચાહે છે ? તે જાણવા માટે શેરખાને પૂછ્યું - 'મને તો જવામાં વાંધો જણાતો નથી. પણ, હાલ તો આપણા બધાંયની હાલત ક્યાંય ખસી શકાય તેમ નથી.

સાજા થતા કેટલા દિવસ નીકળે તેની શી ખબર ? એટલે હાલ તો આપણે પણ આ જંગલમાંથી પડાવ ઉપાડી અમદાવાદ પહોંચી જઈએ. એક વાર સાજા થયા પછી જ આગળ વધીએ. પછી આપણે રૂબરૂ જ ખંભાત સાઈડ જઈને દરિયાકિનારે બધે જામો ગોઠવી દઈશું. કારણ કે આ લોકો દરિયાકાંઠેથી વહાણ ઉપર બધાં ગુલામોને ચઢાવી પરદેશ મોકલી દેતા હોય છે. એટલે કો'ક દરિયાકિનારે જરૂર આ લોકો પહોંચવાના. ત્યારે જરૂર પકડી શકાશે.'


ત્યાં જ મલિક બોલ્યો - 'દોસ્ત ! આપણે શેના માટે નીકળ્યા છીએ ? તે તો યાદ જ છે ને ? જે કામ હાથમાં લીધું તે પૂરું કરે જ છૂટકો છે. આપણે તો વીણાની દિશામાં આગળ વધવું જ છે. ભલે થોડા દિવસ મોડું તો મોડું. એમ પણ આટલા દિવસ બગડતા હવે આપણી પાસે વીણા તરફ જંગલરસ્તે જવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. સારું નહીં થાય ત્યાં સુધી આ પડાવ છોડવાની વાતમાં કોઈ માલ નથી.'

આટલી ભયાનક વેદના વેઠ્યા પછી'ય આચાર્ય મહારાજને પકડવાના મકસદમાં કંઈ પણ ફેરફાર ન જોઈ શેરખાન આશ્ચર્ય પામ્યો. મલિક નબળો ભલે પડ્યો હતો. પણ એ પાછો પડવા તૈયાર ન હતો.

મલિકે ફરી વાત દોહરાવી - 'કેમ ? શું કહેવું છે ? મને લાગે છે કે આપણે સાથે રહીએ તે કરતાં તું પહેલા એ માણસની ભાળ લઈ આવે તે વધુ સારું છે. તો જ આપણા સહુના દિલને ટાઢક વળશે.'

મલિકની વાતે શેરખાન ભારે વિમાસણમાં પડી ગયો...

✺



શેરખાનની ચાલાકી

અવઢવમાં મૂકાઈ ગયો શેરખાન. મલિકને હા પાડવી હાથ કાપવા બરાબર અને ના પાડવી તે નાક કાપવા બરાબર હતું. જો શેરખાન પેલા મુખીને પકડવા જાય તો કોણ જાણે કેટલા દિવસો વીતી જાય ? તેનો પત્તો મળે જ - તેવી ખાતરી કશી નહીં... ત્યાં સુધી જંગલમાં ભટકે જ રાખવું પડે. તે દરમ્યાન ન કપડવંજ શેઠ સાથે સંપર્ક સાધી શકાય, ન તો મલિક ઉપર દેખરેખ રાખી શકાય. શેરખાન જંગલમાં હોય ત્યાં સુધીમાં મલિક વીણા પહોંચવા અને આચાર્ય મહારાજને પકડવા સફળ થાય તો તેને અટકાવી કેવી રીતે શકાય ? એટલે જ પોતે મલિકની સાથે જ રહે તે શેરખાનને જરૂરી લાગતું હતું. તે સાથે ના પાડવામાં'ય ભારે જોખમ હતું. મલિકને શંકા પડે. ગુસ્સો આવે... **સત્તાધીશ માણસો પોતાની આજ્ઞાનું ઉલ્લંઘન ખમી શકતા નથી. એમાં'ય સત્તાના ઘમંડી માણસો પાસે રહી તેના ઝળહળતા પુણ્યના સમયે તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું તે હાથે કરીને ઉપાધિ વહોરવા જેવું હતું.**

શેરખાન જેમ જેમ જવા માટેની અનિચ્છા બતાવે તેમ તેમ મલિક જવા માટેનું દબાણ વધારવાનો હતો. પછી તો આ વાતનો તે ધરાર અમલ કરાવશે. તેમાં પાઈ જેટલો ફરકે'ય નહીં ચલાવે. આથી જે પણ ઉપાય કરવાનો હતો. તે ત્વરિત વિચારી કાઢવાનો હતો. ગમે તે રીતે આ બલા ટાળવી જરૂરી હતી.

પોતાની ગેરહાજરીમાં શું થઈ જાય ? તેનો કશો ઘડો ન હતો. આથી મલિકને એક પળ પણ રેઢો મૂકાય તેમ ન હતો. તલવારના આટાપાટામાં માહિર શેરખાન બુદ્ધિના આટાપાટા ખેલવામાં કુશળ થવા જઈ રહ્યો હતો.

શેરખાનને એક વિચાર સૂઝી આવ્યો. તેણે મલિકને કહ્યું - 'સાહેબ ! આપની વાત સાચી છે કે સૌપ્રથમ મારે તે ગુલામોને છોડાવી મુખીને હાજર કરી દેવો જોઈશે. એ મુખીને જ્યાં સુધી હું મારા હાથે સજા નહીં કરું ત્યાં સુધી મારો જીવ પણ હેઠો બેસવાનો નથી. મારું તો મન થાય છે કે હમણાં જ ઉપડી અને એને પકડી લાવું. આ ચોગાનમાં જ તેને ભયંકર સજા કરું..

કિંતુ, મારી - આપણી હાલત અત્યારે તો ખરાબ છે. આ હાલતે તો એક ડગલું'ય બહાર ભરી શકાય તેમ નથી.

સાથે બીજી વાત એ પણ છે કે એ મુખીને પકડવા જેટલી ઢીલ કરશું તેટલું આપણા માટે મુસીબતકારી બનશે. કેમ કે પોતાના છટકેલા ગુલામોને મેળવી લેવા આ લોકો આકાશ-પાતાળ એક કરી નાંખે છે. માટે, શક્ય છે કે પોતાની બીજી ટુકડીની સહાય લઈ તે ફરીથી આપણી ઉપર હુમલો કરે.

આપણે જંગલમાં નિરાંત જીવે આગળ વધતાં હોઈએ ત્યારે અચાનક સશસ્ત્ર છાપો મારી આપણને બધાંને ગુલામીની બેડીમાં જકડી લે તો ?

આથી, એને વધુ સમય ન આપવો જોઈએ. એને હમણાં જ પકડી પાડવો જોઈએ. અત્યારે એ બહુ દૂર પણ નહીં પહોંચ્યો હોય. હાલ આપણે તો ૧૦ દિવસ સુધી ઊઠી શકીએ તેમ લાગતું નથી. ત્યાર બાદ તેને પકડવાનું અભિયાન શરૂ કરવામાં આપણે જ પાછા પકડાઈ જઈએ તે જોખમ ઊભું જ રહે છે.' આટલું કહી શેરખાને એક માણસને બોલાવ્યો - આ એ જ માણસ હતો જે આ ત્રણેય'ને બચાવવા નીકળેલી ટુકડીનો મુખ્ય હતો.

મલિક શેરખાનની વાતથી મૂંઝવણમાં મૂકાઈ ગયો હતો. મલિક મૂંઝવણમાંથી બહાર આવે તે પહેલાં જ શેરખાને વાત આગળ વધારી દીધી.

શેરખાને એ માણસને બોલાવ્યો. તે આવ્યો... ત્યાં સુધી વિચારવશ હાલતમાં મલિક મૌન જ બેઠો હતો. એ માણસને શેરખાને પૂછ્યું -

'અમે જે જગ્યાએ તમને મળ્યા ત્યાં સુધી તમે લોકો પહોંચી શકો ?'

એ વ્યક્તિએ કહ્યું - 'જરૂર ! દિવસના અજવાળામાં ત્યાં પહોંચવું સરળ છે. કેડી જેવું પડી જ ગયું છે.'

'ત્યાંથી જ ત્રણમાંથી એક માણસ ભાગી ગયો હતો ને ?'

'જી સાહેબ ! તે જ જગ્યાએથી ભાગ્યો હતો.'

'કઈ દિશામાં ભાગ્યો હતો ? કંઈ અનુમાન ?'

'જમણી બાજુના જંગલમાં ભાગ્યો હતો - એટલું જોયું હતું. પછી આગળનું તો કેમ ખબર પડે ?'

'જો બહાદુર ! એ ભાગી ગયેલો માણસ ગુલામ પકડનારાઓનો મુખી છે, ભયંકર પાપી આત્મા છે. હજુ પણ આપણા જ દેશના ૨૫-૩૦ માણસો એના કબજામાં છે, ભયંકર યાતના વેઠી રહ્યા છે. એમાં'ય અમે છટકી જતાં તો તે લોકો ઉપર કાળો કેર વર્તાવી દેશે એ લોકો...

કદાચ એ પણ શક્ય છે કે ક્યાંકથી વધુ સહાય મેળવી એ આપણી ઉપર પણ હુમલો કરે. કારણ કે પકડેલા ગુલામોને ફરીથી હાથ કરી લેવા માટે આ લોકો અત્યંત ઝનૂની હોય છે. આથી, મલિક સાહેબની ભાવના એવી છે કે થોડા દિવસો પછી આપણી મુસાફરી આગળ વધે ત્યારે પોતાની ફુરસદે આપણને અંધારામાં રાખી એ લોકો આપણી ઉપર હુમલો કરે તેના કરતા અત્યારે આપણી ફુરસદે એ લોકોને આપણે મહાત કરી દેવા જોઈએ. એ મુખીને જીવતો કે મરેલો પકડી લેવો જોઈએ. અને બાકીના ગુલામોને પણ સહીસલામત છોડી લાવવા જોઈએ... કેમ ? તને શું લાગે છે ?'

'અરે ! એકદમ સાચી વાત છે ! એ માણસને બરાબર સબક શીખવાડવો જોઈએ.. અત્યારે એ લોકો કેટલા હશે ? અંદાજે ?'

'અમારા અંદાજ મુજબ ૧૫થી વધુ નહીં હોય, કેમ ? સેનાપતિ સાહેબ !' સેનાપતિએ ડોકું ધુણાવ્યું... 'આથી મારું માનવું છે કે ૧૫-૨૦ વ્યક્તિઓ જ કાફી થઈ જાય.. હજુ તો તે લોકો બહુ દૂર નહીં ગયા હોય. અને ૪૦ માણસોના સગડ છૂપાવ્યા છૂપાય નહીં. માટે એ લોકોનો પત્તો તરત જ મળી જશે. પછી તમારી રીતે ફાવતો લાગ મેળવી અચાનક હુમલો કરશો એટલે તો તમે ૧૫-૨૦ માણસો, ૨૦૦ માણસનો ભય પેદા કરી શકશો...'

હવે પેલા માણસને ખ્યાલ આવ્યો કે આ વાત બધાંએ સાથે મળી હુમલો કરવાની ન હતી. પરંતુ અમુક વ્યક્તિઓને જ મોકલવાની વાત હતી. કદાચ તેમાં પોતે મુખ્ય હતો.. આ રીતે અલગ જવાની વાત આવતા સહેજ આછો પાતળો ભય તેના હૈયાને સ્પર્શ્યો. પણ, પછી સાહસિકતા ઉછળી આવી.

પોતાના નેજા હેઠળ ૧૫-૨૦ માણસોને લઈ જંગલ ખૂંદવામાં એને સાહસ અને ગૌરવ - બન્નેની મિશ્ર લાગણી થઈ આવી.... થોડી વાર પછી તેણે જવાબ આપ્યો -

'મને પણ લાગે છે કે જો તેઓની સંખ્યા '૧૫' ની હોય તો આપણી ૧૫-૨૦ની સંખ્યા બહુ થઈ ગઈ. કદાચ તેઓની સંખ્યા વધી પણ હોય તો'ય પછી પહોંચી વળાય.' એને ઉત્સાહમાં આવેલો જોઈ શેરખાન ખુશ થયો. તેણે આગળ ચલાવ્યું -

'બસ ! આ વાત એકદમ બરાબર બેસે છે. તમે લોકો જ નીકળી પડો. તમારે જેને લઈ જવા હોય તેને લઈ જાઓ. અમારી તબિયત તો હાલ ખરાબ છે. માટે, દસેક દિવસ સુધી તો અમે અહીંયા જ છીએ. ત્યાં સુધીમાં તો તમે આરામથી પાછા આવી જશો.... કેમ બરાબર ને મલિક સાહેબ ?'

આખી વાત પાકી કર્યા પછી મલિકને પૂછ્યું.. જ્યાંથી વાતને પાછી વાળવી અશક્યપ્રાયઃ થઈ જાય તે તબક્કે વાતને પહોંચાડ્યા પછી જ મલિકને પૂછ્યું... મલિકને થયું કે શેરખાન કંઈક ચાલાકી કરી રહ્યો છે.... આમ પાછી તેની વાત સાચી હતી, ખોટી ન હતી.

પોતે તેની જગ્યાએ હોય તો પોતે પણ આમ જ વિચારે.. આ બધી ગડમથલમાં મલિક વચ્ચે એક અક્ષર પણ બોલ્યો ન હતો. જ્યારે શેરખાને પૂછ્યું ત્યારે તેને હા પાડવામાં જ ભલાઈ દેખાઈ. તેણે કહ્યું - 'ગમે તે રીતે તે લોકોનું ધનોત-પનોત કાઢીને જ આવજો. મને ફક્ત એ લોકોની તબાહીના જ સમાચાર ખપે છે. બીજું કશું જ નહીં... કોઈ જીવતા પકડાય તો જીવતા જ તે લોકોને અહીં લઈ આવજો..' પેલો માણસ મસ્તક નમાવી વાત સ્વીકારી તંબૂની બહાર નીકળી ગયો. શેરખાન સમજી ગયો કે મલિકને ગમ્યું નથી, જોઈએ તેવું. પણ, ના પાડવાનું કારણ ન મળતા તેણે હા પાડી છે. હાલ પૂરતી તો મુસીબત ટળી જતા તેણે શાંતિ અનુભવી.

ત્યાર પછી ત્રણે'ય વચ્ચે ઘેરો સન્નાટો છવાયેલો રહ્યો. મલિક આગળની યોજના ગૂંથવામાં વ્યસ્ત હતો. આચાર્ય મહારાજની આસપાસ તેનું ચિત્ત ફરતું હતું. તેની યોજનામાં તેને એટલો તો વિશ્વાસ હતો કે તે આચાર્ય મહારાજ પકડાઈ જાય પછી શું કરવું ? તેની વિચારણામાં ગૂંથાયો હતો. આચાર્ય મહારાજ પકડાશે કે નહીં ? તે બાબતમાં તો તેને સંદેહ જ ન હતો. અત્યાર સુધી તો તેના ધાર્યા મુજબ પાસા પડતા હતા. દસેક દિવસ સુધી પડાવ અહીં જ રાખવાનો છે તે મતલબની સૂચના તેણે આપી દીધી હતી. એટલે ખૂટતો સરસામાન ગામમાંથી લઈ આવવાની ચહલ-પહલ પણ સૌએ આરંભી દીધી.

શેરખાન તો દોશી આણંદજી શેઠને સમાચાર આપવા તલપાપડ હતો. તે એ માટેની યોજના વિચારી રહ્યો હતો. દસેક દિવસનું રોકાણ નક્કી થતા શેરખાનને આશા જાગી હતી. જે જંગલ પ્રથમ રાત્રિએ અત્યંત ભયાનક લાગ્યું હતું તે હવે ધીરે-ધીરે બધાંને કોઠે પડી ગયું હતું. હવે તેની સુંદરતા સહુને મોહી રહી હતી. બાજુમાં નજીકમાં જ પાણીનું ઝરણું મળી આવ્યું હતું...

ક્યારેક તે ઝરણા પાસે જંગલી પશુઓના પગલાં વગેરે દેખાઈ જતા. પણ, તે સિવાય બીજી શાંતિ હતી. રાતની સુરક્ષાવ્યવસ્થા પણ મજબૂત કરવામાં આવતી હતી. એટલે બીજી કશી તકલીફ પડતી ન હતી.

પાંચેક દિવસ પસાર થઈ ગયા હતા. મલિકના દૃઢ મનોબળે અને જવાની ઉતાવળે મલિકની હાલત સૌથી વધુ ખરાબ હોવા છતાં તે ઝડપથી સાજો થઈ રહ્યો હતો. પરવશ હાલતમાં હોવાથી શેરખાન હજુ સુધી કશી જ હિલચાલ કરી શક્યો ન હતો. દોશી આણંદજી શેઠને એક પણ સમાચાર મોકલી શક્યો ન હતો. રોજે રોજ સમાચાર પહોંચાડી શકાય - તેવી વ્યવસ્થા કરવાની હતા. તેની જગ્યાએ આટલા બધાં દિવસ વીતી જવા છતાં તે સમાચાર મોકલી શક્યો ન હતો.

શુભેચ્છકે પણ છાવણીથી દૂર જવામાં જ સલામતી જોઈ હતી. કારણ કે જેમ જેમ સૈનિકો જંગલથી ટેવાતા જતા હતા તેમ તેમ છૂટથી હર ફર કરતા હતા. પરિણામે ગમે ત્યારે નજરે ચઢી જવાનું જોખમ રહેતું હતું... એટલે જ શુભેચ્છક સલામત અંતરે દૂર ખસી ગયો હતો. છાવણીથી દૂર રહેવામાં તેના

જાન ઉપર ભારે જોખમ લટકતું રહેતું. પણ તે સાહસિક પ્રકૃતિનો હતો. ઝાડની ડાળી ઉપર પથ્થરાના ઓશીકે તેની રાતો વીતી રહી હતી.

કેટલાંય સમયથી તે છાવણી સુધી ગયો જ ન હતો. એક વાર જરૂરિયાતની વસ્તુ ખરીદવા તે પણ ગામમાં જઈ આવ્યો. પરિણામે, થોડું ખાવાનું પણ ઢંગસરનું મળ્યું હતું. બાકી જંગલના ફળો અને ઝરણાનું પાણી... તે જ તેનો ખોરાક હતો. માંસાહાર તો તેના માટે વર્જ્ય હતો. તે પણ મૂંઝાઈ રહ્યો હતો કે આગળનું શું કરવું ?

તેને એટલો ખ્યાલ આવી ગયો હતો કે મુખીની પાછળ ૧૫-૨૦ સૈનિકો પડ્યા છે.. પરંતુ તે શેરખાનની આસપાસ જ રહેવા માંગતો હતો. એટલે તેણે એ સૈનિકોની પાછળ જવાનું માંડી વાળ્યું...

આ બાજુ એ ૧૫-૨૦ વ્યક્તિઓ નીકળી તો ગયા. પણ, ધીરે ધીરે જંગલની કઠિનાઈઓ સામે આવવા લાગી. આ ૨૦ જણાના કાફલામાં એક પગીને પણ સાથે રાખવામાં આવ્યો હતો... તે કાળમાં વિશિષ્ટ 'સેન્સ'/ બુદ્ધિ ધરાવતા આ લોકો કોઈક માણસનો પીછો પકડવાનો હોય ત્યારે ઘણા કામમાં આવતા. આ લોકો 'જંગલનો જીવ' કહેવાય. બે-ચાર દિવસ પહેલા અહીંથી કોણ પસાર થયું હતું ? તે વાત તે પગલાંઓ અને તેના આધારે પડેલી નિશાનીઓથી કહી દેતા. તેઓ પગલાં સાથે જાણે વાત કરી જાણતા.

જંગલમાં ક્યારેય પણ વરસી જતા વરસાદથી થતા કાદવ-કીચડો, વનસ્પતિ વગેરેના ઉગવાથી ઢંકાઈ જતા માર્ગો, ક્યારેક પવનથી પડી જતા વૃક્ષોથી રફેદફે થઈ જતા નિશાનો, એક સરખી લાગતી જગ્યાઓ.. આ બધાંથી તેઓનું કામ અત્યંત મુશ્કેલ થઈ જતું. છતાં એકધારા અભ્યાસથી પ્રાપ્ત થયેલી વિશિષ્ટ આંતરસૂઝથી લગભગ તો તે પગેરું કાઢી આપતા.

જંગલમાં મુસાફરી કરનારાઓએ આવા માણસોને જોડે રાખવા જ રહ્યા. તે સિવાય કશો આરો આવે નહીં. કારણ કે ક્યાંક ભૂલા પડી ગયેલા માણસનું કે પશુનું પગેરું કાઢવા માટે આ લોકો જ કામમાં આવતા..

આવા જ એક પગીના આધારે તેઓ આગળ વધી રહ્યા હતા. ભરદિવસે'ય દુર્દિન જેવું લાગે, આકાશ વાદળછાયું લાગે તેવા ગીચ જંગલમાં

તેઓ પ્રવેશી ચૂક્યા હતા. જ્યાં મલિક વગેરે ત્રણ જણાનો ભેટો થયો હતો ત્યાં સુધી તો કોઈ પણ મુશ્કેલી વિના તેઓ પહોંચી ગયા. પણ, ત્યાર પછી ઘણી મુશ્કેલીઓ નડી. પેલા મુખીના સગડ મેળવવામાં ઘણી મુશ્કેલી પડતી હતી. પેલો પગી વારેવારે રોકાઈ જતો અને વાતાવરણમાંથી કંઈક સૂંઘવાનો પ્રયાસ કરતો. ચારે બાજુ જોતો, નિશાનીઓ તપાસતો. ક્યારેક પૂર્વમાં જતો, ક્યારેક ઉત્તરમાં... આખરે જોઈતી નિશાની મળી જતા તે આગળ વધતો. એની પાછળ-પાછળ રસાલો આગળ વધતો. શરૂ-શરૂમાં તકલીફ ઘણી રહી.

દિવસ આખાની મુસાફરી પછી જ્યારે રાતે પડાવ નાંખવાનો આવ્યો ત્યારે બધાંના દિલ ઊંચા હતા. કારણ કે જંગલ ગીચ હતું. રાની પશુઓ - ઝેરી જીવજંતુઓ... આ બધાંનો ભય તો હતો. ઉપરાંત અજ્ઞાત અને ભયજનક જગ્યાનો સહજ ભય પણ બધાંને પરેશાન કરતો હતો..

છતાં એ રાત્રિ તો હેમખેમ પૂરી થઈ. કારણ કે બે-ચાર જણને બાદ કરતા ભયના માર્યા બધાં આખી રાત જાગ્યા હતા.

બીજે દિવસે ફરી મુસાફરી શરૂ કરી. ધીરે-ધીરે જંગલની આ મુસાફરીથી બધાં ટેવાવા લાગ્યા હતા. પગી ધીરે ધીરે પગેરું પકડી રહ્યો હતો.. બપોરના સમયે બધાં જમવાનું પતાવી આરામ માટે એક જગ્યાએ રોકાયા હતા. ત્યારે પગીના જીવને જંપ ન હતો. તે સમજતો હતો કે મારા આધારે બધાં મુસાફરી ખેડી રહ્યા છે. તે આમથી તેમ જંગલમાં આંટા મારવા નીકળી પડ્યો.

મુખીનું પગેરું જે દિશામાં જતું હતું તેનાથી જુદી દિશામાં તે આગળ વધી રહ્યો હતો. આંતરસૂઝથી માનવોની અવરજવરનો કોઈ આભાસ તેને થઈ રહ્યો હતો. એ આભાસના જોરે તે ઘણો દૂર નીકળી આવ્યો.

ત્યાં અચાનક જ આખો કાફલો પસાર થયાના ચિહ્નો તેને મળ્યા. તે આશ્ચર્યચકિત થઈ ગયો. ધીરે-ધીરે તેનું નિરીક્ષણ કરતા તે સમજી ગયો કે અંદાજે ૩૫-૪૦ વ્યક્તિઓનો કાફલો પસાર થયો છે. પસાર થયે બેએક દિવસ તો થઈ જ ગયા હોવા જોઈએ - એવું તેનું અનુમાન હતું. આટલા સગડ મેળવી તે ઝટપટ મુકામે પાછો વળવા લાગ્યો. કારણ કે સમય ઘણો પસાર થઈ ગયો હતો. અને છાવણીથી બહુ દૂર આવી ગયો હતો. તે જ્યારે

મુકામે પહોંચ્યો ત્યારે બધાં તેની ગેરહાજરીથી ચિંતામાં પડી ગયા હતા. તેની શોધખોળમાં લાગી ગયા હતા. તેને આવેલો જોઈ બધાંના શ્વાસ હેઠા બેઠા.

એણે કહ્યું - 'હું આજુબાજુ તપાસ કરવા ગયો હતો. નસીબજોગે મને એક કાફલાના સગડ મળી ગયા. કદાચ એ કાફલો ગુલામોનો જ હશે. કારણ કે સાંકળ ઢસડાવાના નિશાનો પણ ક્યાંક-ક્યાંક દેખાતા હતા. એકાદ મુખીનું પગેરું પકડવું તેના કરતા આખા કાફલાનું પગેરું પકડવું ઘણું સરળ પડશે. ભલે તે દિશા જુદી-જુદી હોય. પરંતુ મુખી ગમે ત્યાં ફરીને'ય આખરે કાફલાને જ મળ્યો હશે. એટલે આપણે કાફલાનો પીછો કરીએ તે જ વ્યાજબી છે.

બધાં સંમત થયા. અને પગીના કહ્યા મુજબ આગળ વધ્યા. કાફલો જે રસ્તે આગળ વધ્યો હતો તે તો આંખે ઊડીને વળગતો હતો. આથી ઝડપ શક્ય બની. બે જ દિવસમાં તો તેઓ કાફલાને આંબી ગયા.

દૂરથી જ વ્યવસ્થિત યોજના બનાવી હુમલો કર્યો. કાફલાના માણસો હુમલા માટે સહેજ પણ તૈયાર ન હતા. વૃક્ષ ઉપરથી જ આ લોકોએ કરેલો તીરોનો મારો એ લોકોમાં હાહાકાર મચાવી ગયો. બે-ત્રણ જલ્લાદોને છોડી કોઈ જીવતું ન બચ્યું. એકાદ-બે ભાગી જવા માટે સફળ થયા હતા. બાકી બધાં જ મરાઈ ગયા હતા.

ગુલામોની સાંકળ તોડી બધાંને મુક્ત કરવામાં આવ્યા. એ બધી જ સાંકળોનો ભારો ઊંચકી જીવતા ત્રણેક જલ્લાદોને પગપાળા પ્રવાસ કરવાનો વારો આવ્યો. એ પહેલાં જ ગુલામોએ પોતાનો ગુસ્સો ઉતારી ત્રણે'યને અધમૂવા કરી નાંખ્યા હતા. એટલે ભાગી શકવાનું તો તે વિચારી પણ શકે તેમ ન હતા.

આમ, સહુને મુક્ત કરી પ્રવાસ ખેડી બધાં છાવણીએ પહોંચી આવ્યા - હેમખેમ અને સફળતાપૂર્વક. જે લોકો ગુલામોને છોડાવવા ગયા હતા તે લોકો તો મુખીને ઓળખતા ન હતા. આથી, મુખી કાં જીવતો પકડાયો, કાં મરાઈ ગયો- તેમ માની તેઓ પાછા વળી ગયા. બધાં ગુલામોને છોડાવી શકાયાનો સહુના મુખ ઉપર આનંદ હતો...

એ લોકો જ્યારે છાવણી ઉપર પહોંચ્યા ત્યારે છાવણીમાં ધમાલ મચી હતી. કારણ કે છાવણી આગળના પ્રવાસની તૈયારીમાં લાગી હતી. બધે

ચહલ-પહલ મચી હતી. દસ દિવસે બધાં પાછા આવ્યા હતા. તેમને હેમખેમ પાછા આવેલા જોઈ બધાં ખુશ થઈ ગયા.

બધી આપવીતીઓ સાંભળી ગુલામોને ગામમાં મોકલવાનો પ્રબંધ કરવામાં આવ્યો. જૂના બે ગુલામોના જલ્લાદોને તો મંકોડાએ જીવતા ફોલી ખાધા હતા. લોહીની સુગંધથી બીજા પણ જંગલી મંકોડા ખેંચાઈને આવ્યા હતા. ભારે રિબામણ ભર્યા મોતને ભેટ્યા હતા.

નવા પકડાયેલા જલ્લાદોની પણ એ જ હાલત થઈ. મુખીના મોતના સમાચાર પણ મલિકને આપી દીધા. મલિકે મન મનાવી લીધું. પોતાના હાથે એને સજા કરવાની જે ખ્વાહિશ હતી તે તેણે બાકીના ત્રણ જલ્લાદો ઉપર પૂરી કરી. દસ દિવસમાં તો તે તાજો-માજો થઈ ગયો હતો.

સાંકળ લઈને તે મચી પડ્યો. બધાંને અધમૂઆ કરી નાંખ્યા. પોતાના કર્મોના ફળ ભોગવી તે લોકો પરલોક પંથે રવાના થયા, જ્યારે મલિકે'ય નવા કર્મો બાંધી દીધા હતા. એ તો જ્યારે ઉદયમાં આવે ત્યારે ખરા. આ બધી ધમાલમાં વધુ એક દિવસ પસાર થઈ ગયો. પહેલા પડાવે જ બારેક દિવસ વીતી ગયા હતા. સેનાપતિજી પણ અમદાવાદ જવા રવાના થઈ ગયા હતા. બારમા દિવસે જ્યારે પડાવ ઉપડ્યો ત્યારે વચ્ચે ઘણી ઘટનાઓ ઘટી ચૂકી હતી.

આચાર્ય મહારાજનો વિહાર નિર્વિઘ્ન આગળ વધી રહ્યો હતો. ચારે દિશામાં સાધુ મહારાજની અલગ-અલગ ટુકડીઓ ફેલાઈ ગઈ હતી. આચાર્ય મહારાજને અત્યંત ગુપ્તતા હેઠળ વિહાર કરાવવામાં આવતો હતો. ગામમાં કે બીજે ક્યાંય પણ કોઈને જાણ કરવામાં આવતી ન હતી. ગામની બહાર જ ઉતારો રાખવામાં આવતો હતો. બીજી બાજુ દોશી આણંદજી શેઠને ત્યાં આદિત્ય અને વિનાયક બન્નેની તબિયત એકદમ સ્વસ્થ થઈ ગઈ હતી.

શેઠે વિનાયકને શેરખાનની પાછળ રવાના કર્યો, આદિત્યને આચાર્ય મહારાજની પાછળ. પૂર્વયોજના આ મુજબની જ હતી. મલિકે જંગલયાત્રા શરૂ કરી તેના ૫-૭ દિવસમાં જ - પહેલા આદિત્ય પછી વિનાયક - સાજા થઈ ગયા હતા. દોશી આણંદજી શેઠ ચિંતામાં પડી ગયા હતા. કારણ કે શેરખાનને પોતે ખાસ તાકીદ કરી હતી - દરરોજ સમાચાર આપતા રહેવા

માટે. પણ, હજુ સુધી તેના કોઈ વાવડ ન હતા. આચાર્ય મહારાજની પાછળ કોઈને મોકલી શકાયા ન હતા. માટે, તેના પણ કોઈ સમાચાર ન હતા.

આમ, શેઠની દુનિયા કપડવંજમાં સીમિત થઈ ગઈ હતી. મલિકની કે બાદશાહની હિલચાલના કોઈ સમાચાર ન હતા. બધી જ રીતે શેઠ અંધારામાં હતા. શેઠની મૂંઝવણનો પાર ન હતો. મલિક શું આચાર્ય મહારાજ સુધી પહોંચી ગયો હશે ? અનેક રમતો સામટી રમી શકનારા, સેંકડો માણસોનો સ્ટાફ ધરાવનારા પણ શેઠ આજે પોતની જાતને તદ્દન નિઃસહાય મહેસૂસ કરી રહ્યા હતા. તેમનું હૃદય કંઈક અજ્ઞાત ભયથી અજંપામાં રહેતું હતું.


વિનાયકને અને આદિત્યને બન્નેને તાકીદ કરી મોકલ્યા હતા કે જે પણ થાય સમાચાર મોકલતા રહેવું. વિનાયકને તો શેરખાનના સમાચાર મેળવવા જ મોકલવામાં આવી રહ્યો હતો. ત્યાર પછી શેરખાન અને વિનાયકે આખો આગળનો ખેલ પૂરો કરવાનો હતો. સાથે વિનાયક શેઠને બધી માહિતી પહોંચાડવાનું તંત્ર ગોઠવી દેવાનો હતો. આદિત્ય પણ કપડવંજથી ખંભાતના રસ્તે રવાના થયો.

હકીકતે આચાર્ય મહારાજ ક્યાં છે ? તેની કશી ખબર ન હતી ! આદિત્ય અને વિનાયકે પણ જરૂર પડે એકબીજાનો સંપર્ક કરી શકાય તે માટે સમાચારોની આપ-લે કરવાની હતી. આવા કાર્યો માટે વિશ્વાસ મૂકી શકાય તેવી ઘણી વ્યક્તિઓ તેમની પાસે હતી.

વિનાયકે અમદાવાદ તરફની પોતાની યાત્રા શરૂ કરી. પણ, ક્યાંય મલિકના કોઈ સમાચાર ન હતા. એ છેક કુહા સુધી પહોંચ્યો... ત્યાં જંગલમાં ગયેલ ટુકડીની આછીપાતળી વિગતો મળી. બારેક દિવસના રોકાણ દરમ્યાન ખાધાખોરાકી વગેરે માટે કરેલી અવરજવરથી સમાચાર બહાર ફેલાયા જ હતા.

ધીરે-ધીરે વિનાયકને નિશ્ચય થઈ ગયો કે મલિક જંગલમાં જ ગયો છે. વિનાયકે પણ જંગલમાં જવાનો નિશ્ચય કરી તે દિશામાં પોતાના અશ્વને દોડાવી મૂક્યો. જંગલમાં પ્રવેશવા માટે તે તૈયારી કરી રહ્યો હતો ત્યાં અચાનક કોઈ માણસ તેના ઉપર કૂદ્યો..

✺



વિનાયકનો વનમાં પ્રવેશ

શેઠ પાસેથી વિદાય લઈ વિનાયક અમદાવાદ આવવા નીકળ્યો ત્યારે તેણે અમદાવાદના સૈનિકનો વેશ લીધો હતો. જેથી જલદી કોઈ તેને ઓળખી ન શકે. અને મલિકના સમાચાર તેને જલદીથી મળી રહે. સૈનિકના વેશે ધાર્યું કામ આપ્યું. કોઈ સૈન્યનો પડાવ અહીં નંખાયો હતો ? કોઈ સૈનિક ટુકડી અહીં આવી હતી ? ઈત્યાદિ પૂછપરછના સીધા ઉત્તરો મળવા લાગ્યા.

એ અમદાવાદની નજીક ને નજીક જઈ રહ્યો હતો. તે વિમાસણમાં પડી ગયો હતો. શું મલિક બીજા કોઈ રસ્તે જતો રહ્યો હશે ? સીધો અમદાવાદથી ખંભાતનો રસ્તો લીધો હશે ? આવી અવઢવમાં તે અમદાવાદ તરફની ગતિ વધારી રહ્યો હતો. ત્યાં જ કુહામાં સીધું-સામાન લેવા આવેલા મલિકના બે માણસો તેની નજરમાં આવ્યા.

પહેલાં તો તે માણસોને જોઈ તેને શંકા પડી કે આ મલિકના માણસો હોવા જોઈએ. પરિણામે તેણે તે લોકો ઉપર 'નજર' રાખવાનું નક્કી કર્યું. આ વાતથી તદ્દન બેખબર એ લોકો તો સીધું-સામાન ખરીદ કરી જંગલ તરફ જતા રહ્યા.

તે લોકોને જંગલમાં ઘોર વિકટ વનમાં પ્રવેશતા જોઈ વિનાયક મૂંઝવણમાં

મૂકાઈ ગયો. તે લોકોની પાછળ આંધળૂકિયા કરી જંગલમાં ઘૂસી જવા કરતા પાકી તપાસ કરવાનું જરૂરી લાગ્યું.... સવારનો સમય હતો. લગભગ એક-બે દિવસની મુસાફરી ખેડી તે કુહા પહોંચી ગયો. મલિકે પ્રયાણની તૈયારી કરવાનું ફરમાન છોડતા આ લોકો સીધું-સામાન લેવા ગામમાં આવ્યા હતા.

વિનાયકે આજુબાજુના લોકોની પૂછપરછ કરતા ખબર પડી ગઈ કે મલિક દસેક દિવસ પહેલાં જ અહીં આવી ગયો હતો, અહીંથી તે અમદાવાદના (ખંભાતના)રસ્તે આગળ વધવાના બદલે જંગલના રસ્તે આગળ વધ્યો હતો.

જંગલના રસ્તે આગળ વધ્યા પછી કો'ક કારણસર તે જંગલમાં નજીકમાં જ રોકાઈ ગયો હતો. ત્યાં સારવાર માટે વૈદ્યને પણ લઈ જવામાં આવ્યો હતા. વારે-વારે સીધું સામાન લેવા માટે જંગલમાંથી મલિકના માણસો આવતા હતા. હવે એક-બે દિવસમાં જ તે લોકો વિદાય લેવાના હતા... આ બધાં સમાચાર વિનાયકને ગામમાંથી જ મળ્યા.

ગામ નાનકડું. એટલે નાનકડી વાત આખા ગામમાં ફેલાઈ જતી. સહુ સાથે હળવા-મળવાનો એ કાળ એટલે સહુને એ વાત ખબર પડતા વાર ન લાગતી. બધી માહિતી મળતા વિનાયકને આખી પરિસ્થિતિ સ્પષ્ટ થઈ ગઈ.

મલિક હજુ નજીકમાં જ હતો તે જાણીને તેને ઘણી ખુશી થઈ, મલિક અહીંયા જ હોય તો આચાર્ય મહારાજ પણ સલામત જ હોય - આ સીધા સમીકરણને આધારે વિનાયકને હાશકારો થયો. પોતાને જોઈતી સામગ્રી લઈ, અન્ય આવશ્યક ક્રિયાઓ પતાવી તેણે જંગલમાં પ્રવેશ કરવાનું નક્કી કર્યું.

શેરખાનના સમાચાર ન હતા મળ્યા. પણ, તે મલિક સાથે જ હશે. અને જંગલમાં પ્રવેશ કરી લીધો હોવાથી જ એ સમાચાર નહીં મોકલી શક્યો હોય - આ વાત પણ વિનાયકના મગજમાં સ્પષ્ટ થઈ ગઈ. મધ્યાહ્ન બાદ વિનાયકે જંગલમાં પ્રવેશ કર્યો. જંગલમાં એકાકી જ પ્રવેશવાનું હતું. માર્ગ શોધવાનો હતો. જંગલની વિકરાળતા અને વિકટતા વિનાયક સારી રીતે જાણતો હતો. આ જંગલમાં થઈ જતી ગફલત મોતને ખેંચી લાવવા સમર્થ હતી.

મલિક વગેરે કયા રસ્તે આગળ વધ્યા છે ? તેની વિનાયકને કશી ખબર

ન હતી. પરંતુ આટલા બધાં માણસો જે રસ્તે પસાર થયા હોય તેના સગડ જરૂર રહી ગયા હોય - તે વિચારે જ વિનાયકે જંગલમાં પ્રવેશવાનું નક્કી કર્યું. સારા-નરસા શુકનોની હારમાળાથી વિનાયક મૂંઝાયો. સારા-નરસા પરિણામની કોઈ સ્પષ્ટ આગાહી તે વિચારી ન શક્યો.

ભરબપોરે તેણે જંગલનો પ્રવાસ શરૂ કર્યો. કારણ કે જંગલમાં મુસાફરી માટેનો સૌથી વધુ સલામત સમય હોય તો બપોર ! વિનાયક જંગલની અંદર હજુ પ્રવેશ કરવા જ જાય ત્યાં તો કોઈ તેના ઉપર કૂદી પડ્યું.... વિનાયક ચારે બાજુ તપાસ કરતો, સગડ મેળવતો, ધીમી ગતિએ આગળ વધતો હતો.

આવા અચાનક હુમલાની તેને કોઈ અપેક્ષા ન હતી. એવી કોઈ સાવધાની ન હતી. પોતે ઘોડા ઉપર સવાર હતો. ઝાડની એક નીચી ડાળી રસ્તામાં આવતી હતી. વિનાયક જેવો નજીક આવ્યો કે એ માણસ ચપળતાથી ઘોડા ઉપર કૂદ્યો...

બરાબર વિનાયકની પાછળ જઈ પડ્યો. વિનાયકની આંખે હાથ દબાવી ચપ્પુ કાઢ્યું અને વિનાયક ખડખડાટ હસી પડ્યો.. પેલો માણસ હેરાન થઈ ગયો.

વિનાયકે કહ્યું - ''બોલ દોસ્ત ! શા માટે આ નાટક માંડ્યું છે ? તે તો જબ્બર 'સરપ્રાઈઝ' આપ્યું... તું સલામત હતો ને ? કંઈ તકલીફ ન પડી ને ? મને ખરેખર તારી ફિકર સતાવતી હતી.''

વિનાયક પોતાને ઓળખી ગયો તે જાણી તે કંઈક ભોંઠો પડ્યો. અને નાટક કરવામાં છરી કાઢી હતી એટલે'ય થોડી ભોંઠપ અનુભવતો હતો. એણે કહ્યું - 'આવા દુશ્મનના વિસ્તારમાં જ્યારે તમે ફરી રહ્યા હો ત્યારે આ રીતે હુમલો કરનાર દોસ્ત હોય કે દુશ્મન ? તમે મને કેવી રીતે ઓળખી પાડ્યો ?'

વિનાયકે કહ્યું - 'ભઈલા ! તારા આવા આક્રમણે પહેલાં તો હું હેબતાઈ જ ગયો હતો. અને સહજ છે કે આવી 'એન્ટ્રી' દોસ્તની તો ન હોય. દુશ્મનની જ હોય એટલે તારાથી બચવા આ ઘોડીને મારે સહેજ ઈશારો-સ્પર્શ જ કરવાનો હતો. એટલે તું મારી ઉપર છરી ફેરવે તે પહેલાં આપણે બન્ને ધૂળમાં રગદોળાતા હોત. કારણ કે મારી વફાદાર આ ઘોડીએ આપણને બન્નેને પીઠ

ઉપરથી નીચે ફેંકી દીધા હોત. પછી મારે ને તારે હિસાબ પતાવી દેવાનો રહેત. પણ નસીબ મારું કે મારા નાકે મને સાથ આપ્યો. મારું નાક સતેજ છે. તારા શરીરની ગંધ હું પારખી ગયો. દરેકના શરીરની ગંધ અલગ-અલગ પ્રકારની હોય છે. અમદાવાદમાં મને ખબર હતી કે તારી ગંધ કેવી છે ? બસ, એ જ ગંધ ફરી મારા નાકમાં આવતા જ તને ઓળખી ગયો.

બે વ્યક્તિની ગંધ કદાપિ એક સરખી હોતી નથી. તારું અહીં હોવું તદ્દન અસંભવિત ન હતું. પરિણામે મેં તારું સ્વાગત કર્યું અને આપણે બન્ને ધૂળમાં ખરડાતા બચ્યા.. મારી વાત પતી ગઈ. હવે પહેલા મને તારી વાત કહે - તારી શું હાલત થઈ ? તું અહીં શું કરી રહ્યો છે ? શું સમાચાર છે તારી પાસે ? શું તને...'

'બસ... બસ.. બસ.. એકસામટા આટલા પ્રશ્નો મને યાદ પણ નહીં રહે. મારી કથા સાંભળી લો, એટલે આપના બધાં પ્રશ્નોના જવાબ આવી જશે. સૌ પ્રથમ તો ખુલાસો કરી દઉં કે આપણે જે પ્રમાણે વાત થઈ હતી તે મુજબ આપ પાછલી બાજુએથી રાજમહેલમાં પ્રવેશ કરો ત્યારે મારે હાજર રહેવાનું હતું. પરંતુ મલિકને કોઈ પણ રીતે આપણી યોજનાની ખબર પડી ગઈ હતી. મને જ્યારે આ જાણ થઈ ત્યારે તો આપના આવવાનો સમય થઈ ગયો હતો. એટલે હવે આપને સમાચાર પહોંચાડી શકાય - તેવું રહ્યું ન હતું. અને હું જો ભૂલેચૂકે પણ ત્યાં ફરકું તો આપણા બન્નેના જાન જોખમમાં આવી જાય. પરિણામે, હું ત્યાં ફરક્યો જ નહીં... ઠીક છે હવે, એ વાત જવા દઈએ. પછી તો આપે ભારે સાહસિકતા દેખાડી રાજમહેલમાં તરખાટ મચાવી દીધો. આટલું બધું થઈ ગયા પછી મને ત્યાં રહેવામાં સલામતી ન લાગી. પરિણામે, હું પણ આપની પાછળ-પાછળ ભાગી છૂટ્યો.

આપણા બન્નેની પાછળ સેનાપતિ પડ્યા હતા. મારો અશ્વ આપના અશ્વની બરોબરી કરી શકતો ન હતો. આથી આપે મને ફરમાવ્યું તે મુજબ હું જંગલમાં ભાગી છૂટ્યો. આપની ધારણા મુજબ જ થયું. સેનાપતિએ આપનો પીછો ચાલુ જ રાખ્યો. હું અંધકારમાં'ય જાન બચાવવા સફર ખેડતો રહ્યો. ઠીક-ઠીક અંદર ગયા પછી વૃક્ષ ઉપર જ રાતવાસો કરી દીધો... એ

રાત તો મારા માટે ભયંકર હતી... ખેર, પકડાઈ જવાના ભયથી બીજો પણ દિવસ મેં એમ જ કાઢ્યો. ત્યાર પછી ફરી હું માર્ગ ઉપર નજર રાખવા લાગ્યો.

સૈનિકોની ચહલપહલ થોડી-ઘણી લાગતી હતી. પણ, એકંદરે શાંતિ હતી. ત્યાં કુહામાં મલિકનો પડાવ નંખાયો. હું કુહામાં જ હતો... મલિક ઉપર નજર રાખવાની મારી ભાવના હતી. આમ તો આપના જણાવ્યા મુજબ હું સીધો કપડવંજ આવી શકતો હતો. પરંતુ મને મલિકની ઉપર નજર રાખવાનું વધુ જરૂરી લાગ્યું હતું. એમ ને એમ શેઠની સામે હાજર થવામાં સંકોચ પણ થતો હતો. અમદાવાદ હું જઈ શકું તેમ ન હતો.

કુહામાં હું જ્યાં ઉતર્યો હતો ત્યાં જ, મલિક આવ્યો એ જ દિવસે દસ-પંદર માણસો ઉતર્યા હતા. તે લોકોની વાતચીત ઉપરથી અંદાજ બંધાયો કે આ લોકો શેઠ પાસેથી કપડવંજથી આવ્યા લાગે છે. મલિક ઉપર નજર રાખવી જરૂરી હતી. એટલે શક્ય હતું કે શેઠે માણસો મોકલ્યા હોય. થોડો સમય જતાં તો મને લગભગ ખાતરી જેવું જ થઈ ગયું હતું. છતાં તેનાથી સલામત અંતર જાળવી રાખવાનું મેં નક્કી કર્યું. જેથી કશું જોખમ ન થાય.

થોડા સમય બાદ એ લોકો મલિકની છાવણીમાં પહોંચી ગયા. હું ધ્યાનપૂર્વક એ લોકોની હિલચાલ જોઈ રહ્યો હતો. એ લોકોમાં જે મુખ્ય માણસ હતો કે જે શેઠનો માણસ જણાતો હતો તે પોતાનો એક થેલો ભૂલી ગયો હતો. અને મલિકની છાવણીમાં પહોંચી ગયો હતો. મને તેની સાથે સંપર્ક કરવાની તક મળી ગઈ. શુભેચ્છક તરીકેની એક ચિટ્ઠી લખી મેં એ થેલો તેના મુકામ સુધી પહોંચાડી દીધો. ગામમાં મલિકના પડાવની આજુબાજુમાં એવી સુરક્ષા વ્યવસ્થા હતી નહીં. માટે, મને તંબૂ સુધી પહોંચતા કોઈ મુશ્કેલી ન નડી. મેં થેલો યોગ્ય જગ્યાએ મૂકી દીધો. લગભગ તો તે ચિટ્ઠી તેમણે વાંચી લીધી હતી. પછી તેમનો કોઈ પ્રતિભાવ મને મળ્યો ન હતો.

જો કે પ્રતિભાવ આપવો હોય તોય તે કોને આપે ? છતાં હું તે લોકો ઉપર નજર રાખતો હતો. તેમની છાવણીના માણસો સાથે ઘરોબો કેળવવા મહેનત કરી રહ્યો હતો. જોગ-સંજોગે મને ઓળખી શકે તેવું કોઈ તે લોકોમાં મને દેખાતું ન હતું. તે લોકોને અમુક દારુ વગેરે હું પૂરા પાડતો. તેથી જોઈતી

માહિતી મળતા વાર ન લાગતી. તે જ દિવસે અચાનક મલિકે જંગલ રસ્તે જવાનું નક્કી કર્યું. મલિકે ભોમિયા માટે કરાવેલી તપાસ ઉપરથી લાગ્યું કે તેને જંગલ રસ્તે વીણા પહોંચવું હતું. કારણ કે આચાર્ય મહારાજને ઝડપથી આંબી લેવાની તેને ઉતાવળ હતી. સીધા રસ્તે જતા જે વિલંબ થાય તેટલો'ય વિલંબ તેને સહન કરવો ન હતો. ભારે અધીરો ! બધાં'યે તે જંગલની ભયાનકતા વર્ણવી. તો પણ તે અફર રહ્યો. થોડીક ગડમથલ પછી મેં પણ આ લોકોની પાછળ જંગલયાત્રા ખેડવાનું નક્કી કર્યું. પણ, ગુમ રીતે !

મલિકને અને મારી ધારણા મુજબ મલિક ઉપર નજર રાખવા આવેલ શેઠના માણસને - બન્નેને મારે ધ્યાનમાં રાખવાના હતા. મલિકના કાફલાની પાછળ-પાછળ સલામત અંતરે મેં'ય જંગલપ્રવેશ કરી દીધો. મલિક કૃતનિશ્ચયી હતો. ઝાડ-પાન-ઘાસ વગેરેનો ભૂક્કો બોલાવીને પણ તે જંગલમાં રસ્તો કઢાવતો હતો. સંધ્યા સમયે જંગલ પ્રવેશ કર્યો. રાતે પણ પ્રવાસ ખેડ્યો.'

ત્યાર પછી એ શુભેચ્છક માણસે કે જે વિનાયક સાથે રાજમહેલમાં તરખાટ મચાવનાર વિનાયકનો સાથીદાર જ હતો અને વિનાયકની સાથે જ ભાગી છૂટ્યો હતો તેણે આખી જંગલની આપવીતી કહી... પહેલી રાતે પશુનો હુમલો - ગુલામીની બેડી - સેનાપતિનો મેળાપ.. ઈત્યાદિ બધી જ વિગતો - રજેરજ માહિતી આપી દીધી. છેલ્લામાં છેલ્લા સમાચાર તરીકે 'બધાં ગુલામોને બચાવી લેવામાં આવ્યા. તથા કાલે પ્રયાણનું નક્કી કરવામાં આવ્યું છે' - તે બન્ને વાત પણ જણાવી દીધી. વિનાયક ચોકન્નો થઈ આખી વાત સાંભળી રહ્યો. ૧૦ દિવસમાં જ ઘટી ગયેલી ઘટનાઓએ તેને તાજ્જુબ કરી દીધો. પછી તેણે પોતાની આપવીતી કહી સંભળાવી.. આમ, બન્ને જણાએ ત્રણે'ક ઘટિકા સુધી જંગલમાં બેસી ગપાટા માર્યા.. વિનાયકે આગળની યોજના નક્કી કરતા કહ્યું કે - 'એ માણસ શેરખાન છે. અને શેઠનો જ માણસ છે..' શેરખાનની બધી વિગતો પણ વિનાયકે શુભેચ્છકને આપી દીધી.

પછી કહ્યું કે - 'કદાચ શેરખાન મારી રાહ જોતો હશે. જે પરિસ્થિતિમાંથી તે પસાર થયો છે તે જોતા મારા આગમનની જાણ તેને સધિયારો આપશે. એટલે હું મારા આગમનની અને મને મળવા માટેની તથા સંદેશો આપવા

માટેની માહિતી આપી દઈશ.. તું અજ્ઞાત જ રહેજે. જરૂર પડ્યે તારો શુભેચ્છકનો 'રોલ' અદા કરી દેજે. હવે તો આપણે ઘણાં છીએ. એટલે મલિકને તો જોઈ લઈશું. મલિકે આ જંગલમાં ઘૂસવાનું દુઃસાહસ કર્યું છે. કદાચ આ જંગલ જ મલિકને કાયમી બોધપાઠ ભણાવી દેશે. મને લાગે છે કે આ જંગલમાં આપણે જેમ-જેમ આગળ વધીશું તેમ તેમ બહારની દુનિયાનો સંપર્ક તૂટી જશે. આપણે કપડવંજ સંદેશો નહીં પહોંચાડી શકીએ...'

શુભેચ્છકે કહ્યું - 'મને પણ એવું જ લાગે છે. આ જંગલ ભયાનક છે. એક વાર એમાં અંદર ઘૂસ્યા, તે ઘૂસ્યા.. રોજે રોજ બહાર સાથે સંપર્ક રાખવો અશક્ય જ છે. મલિકે પણ બધું પુષ્કળ લેવડાવી દીધું છે.

અત્યારે તો ગીચ જંગલ છે. તેથી કાપ-કૂપ વગેરેના નિશાનોના આધારે રસ્તો મળી રહે છે. પણ, આગળ જતા તો ઘાસના સપાટ મેદાનો, ઝરણાઓ, નાની-મોટી ટેકરીઓ... આવી ઘણી જગ્યાઓ આવશે કે જે ભૂલાવામાં નાંખી દે. એટલે જંગલના સમાચાર કપડવંજ રોજે રોજ કે સમયાંતરે પહોંચતા કરવા શક્ય નથી લાગતું...'

'મને પણ તેમ જ લાગે છે. એટલે હું અત્યારે જ એક ચિટ્ઠી શેઠ ઉપર મોકલાવી દઉં. તેમાં બધું જણાવી દઉં. શેઠ એક વાર નિશ્ચિંત થઈ જશે તો આપણું કામ સારી રીતે થશે. માટે, શેઠને અત્યારે જ ટપાલ લખી દઉં. તું પણ મારી સાથે ચાલ, અથવા મારી અહીં રાહ જો...'

'અહીં એમને એમ રાહ જોવા કરતા તારી સાથે આવવું જ બરાબર રહેશે...' બન્ને જણ પાછા કુહા ગામમાં ગયા. કપડવંજ સંદેશો પહોંચાડવા માટે વિનાયક પોતાના ઓળખીતા માણસની ગોઠવણ કરી આવ્યો હતો. એણે એકાંત જગ્યામાં પોતાના લખવાના સાધનો કાઢી શેઠને તે લોકોની આગવી સાંકેતિક ભાષામાં પત્ર લખ્યો.

તેનો આશય આ પ્રમાણે હતો - 'હું મલિક અને શેરખાન જ્યાં છે ત્યાં પહોંચી ગયો છું. કુહાથી અગ્નિ દિશામાં સીધી રેખામાં વીણા ગામ આવે છે જે કપડવંજથી ખંભાતના રસ્તા ઉપર છે. મલિક સીધો ત્યાં નીકળવાનો છે. તે માટે તેણે ભયાનક જંગલનો રસ્તો સ્વીકાર્યો છે. ઘણી ઘટનાઓ

જંગલમાં પ્રવેશ કર્યા બાદ ઘટી ગઈ છે અને મલિકને ફરજિયાત જંગલના પ્રથમ પડાવે જ બાર દિવસ કાઢવા પડ્યા છે. આ આપણા માટે સારી વાત છે. હવે અમે જંગલમાં જઈએ છીએ. આજે જ મલિક પોતાની યાત્રા આગળ ધપાવવાનો છે. જંગલમાંથી તો સંદેશો મોકલવાનું શક્ય નહીં રહે. આથી, અત્યારે જ બધું વિગતવાર જણાવી દીધું છે. મલિકને મારી નજર બહાર નહીં જવા દઉં. શેરખાનની કામગીરી ઉત્તમ છે. આચાર્ય મહારાજ સુધી મલિક પહોંચી જ નહીં શકે. એટલે આપ નિશ્ચિંત રહેજો. આદિત્યને ખબર પહોંચાડશો કે અમે જંગલ રસ્તે વીણા તરફ આગળ ધપી રહ્યા છીએ. તેથી આચાર્ય મહારાજને તે રીતે રસ્તો બતાવી દે...' આ પ્રમાણેનો પત્ર તેણે શેઠને કપડવંજ મોકલાવી દીધો.

કુહા ગામનો માણસ જોજનવેગી સાંઢણી ઉપર સવાર થયો અને કપડવંજની દિશામાં રવાના થઈ ગયો. પહેલાં પણ વિનાયકના આવા સંદેશાવ્યવહારના કાર્યો તે કરી ચૂક્યો હતો. વિનાયકને પણ વિશ્વાસ હતો કે કાલના સૂર્યોદય પહેલા આ સંદેશો શેઠને મળી ગયો હશે.

સંદેશાની ધમાલ વખતે શુભેચ્છકે પણ થોડી વધુ જરૂરી સામગ્રીની ખરીદી કરી દીધી. સામાન બધો અશ્વ ઉપર જ લાદવાનં નક્કી કર્યું. અશ્વો ખડતલ હતા.... આ રીતે બધું કામ પતાવી નિશ્ચિંત મને બન્નેએ જંગલમાં પ્રવેશ કર્યો. શુભેચ્છક તો આ રસ્તાનો પથ્થરે-પથ્થર જાણતો થઈ ગયો હતો. તે લોકો જતા હતા ત્યારે સામેથી ગુલામોને લઈને આવતા બે સૈનિકો પણ મળ્યા. આ લોકો તો વિશાળ ઝાડ-પાનની ઓથે ગીચ જંગલમાં લપાઈ ગયા હતા. માટે દેખાઈ જવાનો પ્રશ્ન ન હતો. શુભેચ્છક અને વિનાયક બન્ને સમજી ગયા કે આ છોડાવેલા ગુલામોને મલિકે અમદાવાદ પહોંચાડવાનું જણાવ્યું છે. તે લોકોના ગયા પછી પુનઃ બન્નેએ સફર આગળ ચલાવી.

આખરે એ બન્ને જણા મલિકના મુકામ સુધી પહોંચી ગયા. દૂરથી મુકામનું નિરીક્ષણ કરી વિનાયક અને શુભેચ્છક - પોતાના ગુપ્ત સ્થાને ગયા. ઝરણાની બાજુની જ રળિયામણી કોતરમાં મુકામ જોઈ વિનાયક ખુશ થયો. એ જ દિવસે સાંજે વિનાયક એકલો મલિકના પડાવ તરફ આંટો મારવા નીકળ્યો.

શુભેચ્છકે તેને બતાવી દીધું હતું કે શેરખાનની રાવટી ક્યાં છે. વિનાયક દૂરથી શેરખાનની રાવટીનું નિરીક્ષણ કરી રહ્યો હતો. બધે ચહલપહલ હતી. કારણ કે બીજે દિવસે વહેલી સવારે પ્રયાણ કરવાનું હતું. સંધ્યાના આછા ઉજાસમાં તે મુકામની નજીક ગયો. આખા મુકામની આજુબાજુમાં કાંટાની વાડ કરવામાં આવી હતી. વિનાયક સાવચેતીપૂર્વક શેરખાનની રાવટીની પાછળના ભાગમાં પહોંચ્યો. મલિક અને શેરખાનની રાવટીઓ બાજુ-બાજુમાં જ હતી.

વિનાયક અને શેરખાનના પડાવ વચ્ચે કાંટાની વાડ જ હતી. અંતર ઝાઝું ન હતું. બધી ચહલપહલ રાવટીના આગળના ભાગમાં હતી. પાછળના ભાગમાં શાંતિ હતી. છતાં ચોકીદારો ક્યારેક આંટો મારવા નીકળતા. દિવસના ભાગમાં તેઓ નિશ્ચિત રહેતા. જંગલી પશુ સિવાય તે લોકોને કશો ભય ન હતો... માણસની તો તેઓ કલ્પના પણ કરી શકે તેમ ન હતા... તમામ સુરક્ષાવ્યવસ્થા જંગલી પશુને ધ્યાનમાં રાખીને જ ગોઠવવામાં આવી હતી.

અચાનક - અત્યંત શાંતિ મહેસૂસ થતા - વિનાયક કાંટાની વાડ ઠેકી ગયો. ક્યાંક તેના કપડા ભરાયા. સહેજ ઉઝરડા પણ પડ્યા. વાડ વીખાઈ પણ ખરી... બધું થવા છતાં તે વાડ ઠેકી અંદર આવી ગયો હતો. તેણે આજુબાજુ જોયું તો કોઈનું ધ્યાન ખેંચાયું ન હતું. તે ઝટપટ રાવટીના કપડાંની અંદર પોતાની જાતને લપેટી છૂપાઈ રહ્યો. થોડી વાર એમ ને એમ ઊભા રહી તેણે પાંચે ઈન્દ્રિયોને સચેત કરી. પણ, ક્યાંય ભય જેવું ન દેખાયું. તેણે રાવટીની અંદર કાન માંડ્યા. શેરખાનનો અવાજ સંભળાયો.

શેરખાન સાજો થઈ આજે જ પોતાની રાવટીમાં આવ્યો હતો. તે બધું સમેટવાની સૂચના આપી રહ્યો હતો. શેરખાનને જોઈ વિનાયકે એક વિલક્ષણ પંખીનો અવાજ કાઢ્યો. શેરખાન સાથે આ અંગે પહેલાં વાત થઈ જ ગઈ હતી. વિનાયક જાત-જાતના અવાજ કાઢવામાં પાવરધો હતો. બીજા કોઈને પક્ષીનો સામાન્ય અવાજ જ લાગે. પણ, શેરખાન એ અવાજ સાંભળી ચોંકી ગયો. અવાજની દિશા તેણે બરાબર લક્ષ્યમાં લઈ લીધી.

તે સમજી ગયો કે વિનાયક આવી ગયો છે. વિનાયકે બે વાર અવાજ

કર્યો. અવાજ સ્પષ્ટ અને થોડો મોટો કહી શકાય તેવો જ હતો. છતાં લગભગ કોઈને શંકા ન ગઈ. વિનાયકે રાવટીનું કપડું થોડું ફાડી તેમાંથી પોતાને જે સંદેશો આપવો હતો તે સરકાવી દીધો. વિનાયકે લખ્યું હતું - 'સબ સલામત, હું આવી ગયો છું. આગામી સમયમાં કોઈ પણ સંદેશો હોય તો પડાવની વાયવ્ય દિશામાં થોડા ડગલા ચાલ્યા પછી જે મોટામાં મોટું વૃક્ષ દેખાય ત્યાં સવારે હાજતના સમયે મળી લેવું... (કારણ કે હાજત માટે તો બધાં બહાર અલગ-અલગ દિશામાં જતા જ હોય.) તે સિવાય સંદેશો આપવો હોય તો તે વૃક્ષ ઉપર લટકાવી દેવો...' થોડામાં ઘણું સમજાવી દેતો એ સંદેશો નાંખી વિનાયક ઝડપથી પાછો વળ્યો. રાત્રિનું અંધારું પૃથ્વીને જકડી રહ્યું હતું.

અંધકારની કાળી ચાદર આખી પૃથ્વી ઉપર ફેલાઈ રહી હતી. એવા સમયે વિનાયક ફરીથી કાંટાની વાડ ઠેકી પોતાના મુકામે પાછો ફર્યો. વિનાયકને હેમખેમ પાછો આવેલો જોઈ શુભેચ્છકનો જીવ હેઠો બેઠો. બન્ને માટે રાત્રિમુકામ તો કોઈ વૃક્ષ ઉપર જ સલામત હતો. શુભેચ્છકની કેડ તૂટી ગઈ હતી વૃક્ષની ડાળી ઉપર સૂઈ-સૂઈને. પણ, બીજો કોઈ વિકલ્પ ન હતો. છેક જંગલના અંતિમ પડાવ સુધી આવી વૃક્ષની ડાળી જ તે લોકો માટે રાત્રિમુકામ બનવાની હતી. વિનાયકે અને શુભેચ્છકે અલગ-અલગ વૃક્ષ ઉપર રાત્રિમુકામ કર્યો. જેથી કશીક આપત્તિ આવે તો બન્ને ઉપર સામટી ન આવે.

માનવ લાખ સાવધાની રાખે. પણ, તેનું ધારેલું વિફળ કરતા કર્મસત્તાને પળની'ય વાર નથી લાગતી. મલિકનો પંજો આ બધાં ઉપર પડેલો હતો. ભાવીના ગર્ભમાં કંઈક જૂદું જ સમાયેલું હતું. બીજે દિવસે સવારે વિનાયક વહેલો ઊઠ્યો. શુભેચ્છક સૂતો હતો. તેને સૂતો રહેવા દઈ વિનાયક ઝરણામાં સ્નાનાદિ કરી પ્રાતઃકર્મ આટોપી આવ્યો. ત્યાં સુધીમાં શુભેચ્છક પણ જાગી ગયો હતો. વિનાયકે શુભેચ્છકને જણાવી મુકામ તરફ જવા વાટ પકડી. કારણ કે વિનાયકને વિશ્વાસ હતો કે શેરખાનને ચિટ્ઠી મળી ગઈ હશે. એટલે તે વાયવ્ય દિશાના વૃક્ષ પાસે રાહ જોતો ઊભો જ હશે... વાયવ્ય દિશામાં વિનાયક જેવો આગળ વધ્યો કે થોડી જ વારમાં શેરખાન દેખાયો.

ઘટાદાર વૃક્ષ હેઠળ વિસામા માટેનું મજેદાર સ્થાન હતું. પહેલા તો બન્ને

જણ 'કોડવર્ડ' બોલ્યા અને પછી વાત આગળ વધી. શેરખાને પોતે જે રીતે મલિક સાથે વાત કરી હતી - તે જણાવ્યું. મલિકને વિશ્વાસ બેસી ગયો છે - તેવું જણાવ્યું. સાથે-સાથે 'ક્યારેક તે અવિશ્વાસ કરતો હોય - તેવું પણ લાગે. તેની યોજના તે મને જણાવતો હતો. પણ સેનાપતિના અચાનક આગમનથી તે વાત ખોરંભે ચડી ગઈ. સેનાપતિની હાલત..' આવી - આવી ઘણી વાતો થઈ. ઘણું બધું કહેવાનું હતું. ભીલ લોકોએ પોતાના પ્રાણ બચાવવા માટે જે યોજના બનાવી હતી તે જાણી વિનાયક ગદ્‌ગદ્‌ અને સ્તબ્ધ થઈ ગયો. છેલ્લે વિનાયકે શેરખાનને શક્તિ માટેની એક સુંદર ઔષધિ આપી. કારણ કે તે થોડો અશક્ત લાગતો હતો. કેવી ક્રૂર કસોટી કર્મસત્તા કરતી હોય છે. દરેક જણને પ્યાદાં સમજી પોતાની મરજી મુજબ એ ખેલ પાડે રાખે છે.



આદિત્યની મૂંઝવણ

વિનાયકને મળીને શેરખાન ઘણો હળવો થઈ ગયો હતો. કેટલાંય વખતથી મગજમાં ઘૂમરાતો અજંપો રવાના થઈ ગયો. શેઠને કપડવંજ સમાચાર પહોંચી ગયા છે તે સમાચારે પણ તે ખુશ થઈ ગયો. આ બધી વાત કરી શેરખાન ખુશ-ખુશાલ ચહેરે છાવણીમાં પાછો આવી રહ્યો હતો. પોતાના તંબૂમાં તે ઘૂસવા જ જતો હતો ત્યાં સામો મલિક મળ્યો..

'કેમ ? આજે તો બહુ ખુશમાં લાગો છો ને ?'

સહેજ ભોંઠો પડેલો શેરખાન બોલ્યો - 'ઘણા દિવસે ઝરણામાં મોકળા મને નાહ્યો... તન-બદન હળવા થઈ ગયા. એની મજા લૂંટું છું...'

'તું જે દિશામાં ગયો હતો ત્યાં ક્યાં ઝરણું છે ?'

'અરે સાહેબ ! ઝરણું ભલે બીજી દિશામાં હોય, પણ ઝરણેથી આવ્યા પછી સહેજ આંટો મારીને આવો તો એ દિશામાંથી આવવામાં શું કોઈ વાંધો છે ? આપ કેમ આમ શંકા કરી રહ્યા છો ? મારે ખોટું બોલવાનું કારણ પણ શું હોય ?' હવે ભોંઠા પડવાનો વારો મલિકનો હતો.

તેણે વાત વાળતા કહ્યું - 'ના, અમસ્તો હું તો પૂછી રહ્યો હતો.. બસ, હવે થોડી જ ક્ષણોમાં આપણે નીકળવાનું છે. તૈયાર થઈ જા... તારા બધાં સાથીદારોને પણ કહી દે...'

છેલ્લું વાક્ય શેરખાનને કંઈક વિચિત્ર લાગ્યું... શબ્દોમાં કશું ન હતું. પણ, શબ્દોની પાછળ કશુંક જણાતું હતું... આજની પૂછપરછે શેરખાનને એક ચાબૂક જ લગાવી દીધી હતી. તે વધુ સાવધાન થઈ ગયો. મલિક સાથીદાર શબ્દ બોલ્યો ત્યારે શેરખાનને શુભેચ્છક પણ યાદ આવી ગયો.

શેરખાન સમજી ગયો હતો કે પોતાને તથા મલિક-સેનાપતિને બચાવનાર શુભેચ્છક જ હોવો જોઈએ. શુભેચ્છક સિવાય કોણ બચાવે ? આવા ભીષણ જંગલમાં તે પોતાની પાછળ હતો - પોતાને બચાવવા તત્પર હતો તે જાણી તેને આશ્ચર્ય થતું. વિનાયકને તેણે આ શુભેચ્છકની વાત કરી હતી.

વિનાયકે કહ્યું હતું - 'શેઠનો તો કોઈ માણસ ન હોય. બીજો કોઈ હશે. મને ઝાઝી ખબર નથી. છતાં તપાસ કરીશ.. બાકી તારા દોસ્તની સંખ્યા વધી ગઈ કહેવાય. ચિંતા નહીં કર.'

શેરખાનને શુભેચ્છકને જાણી લેવાની ઉત્કંઠા હતી. જંગલમાં રાત્રિમુકામ માટે તે શું કરતો હશે ? ક્યાં રહેતો હશે ? તેની સલામતીનું શું ? - આવા કૈંક વિચારો તેના મનમાં અથડાતા રહેતા.

આવા વિચારોની વચ્ચે તે પોતાના તંબૂમાં પ્રવેશી ગયો. તંબૂ ઉતારવાની શરૂઆત થઈ ગઈ હતી. બીજી બધી તૈયારી થઈ ગઈ હતી. ઉષાના રંગો સૂર્યની છડી પોકારી રહ્યા હતા. સૂર્ય સ્પષ્ટ રીતે પ્રકાશી ઊઠે તે પહેલા પ્રયાણ આરંભાઈ ગયું. સૂર્યોદય હજુ થયો ન હતો. સહુ અગ્નિ દિશા તરફ આગળ વધી રહ્યા હતા. રસ્તો બનાવનારા - ઝાડ, પાન, ઝાડી-ઝાંખરા દૂર કરનારા આગળ હતા. અજવાળું હોવાથી મશાલો પ્રગટાવાઈ ન હતી.

વચ્ચે શેરખાન અને મલિક ચાલી રહ્યા હતા. પાછળ બીજા સૈનિકો હતા. અને આ બધાંની પાછળ છેલ્લે ઝાડ-પાનની ઓથે બે-ત્રણ (?) જણ આવી રહ્યા હતા. શુભેચ્છકે પોતાને મળેલ શંખની વાત કરી હતી. શંખ જોતા જ તે કોનો છે ? તે વાત તે પામી ગયો. પણ, તે મૌન રહ્યો.

શુભેચ્છકને પણ કહ્યું કે - 'તે વ્યકિત કો'ક કારણસર આપણાથી અળગી રહેવા માંગે છે. તો ભલે તેમ રહેતી. કદાચ તે જ ક્યારેક આપત્તિમાં આપણને કામ આવી જશે. વિનાયક આવી જતાં શુભેચ્છકનો તો બધો ભાર

ઉતરી ગયો હતો. વિનાયક જેમ કહે તેમ કરવા તે કટીબદ્ધ હતો. આવા જંગલમાં વિનાયકનો સધિયારો મળી જતા તે પ્રસન્ન થઈ ગયો હતો.

હવે જંગલની બિભીષિકાની જગ્યાએ મુસાફરી કરતા-કરતાં'ય જંગલના સૌંદર્યને - તેની હરિયાળીને, ક્ષિતિજ સુધી ફેલાયેલી ઘેરી નિઃસ્તબ્ધતાને - પંખીઓના કોકિલ કલરવને - આમથી તેમ ઉછળકૂદ કરતી જીવસૃષ્ટિને - રંગબેરંગી પતંગિયાને - જીવન-મરણનો સંઘર્ષ ખેલતા જીવોને - ભાતભાતની વનસ્પતિઓને - કુદરતે કરેલા બેનમૂન આયોજનને.. આ બધાંયને તે નીરખ્યા કરતો. ધાંધલ-ધમાલથી મુક્ત બની વનનું આવું વાતાવરણ તેને ગમવા લાગ્યું હતું...

ક્ષિતિજને પેલે પારથી આવી રહેલી સૂર્યની સવારી સમગ્ર વન્યસૃષ્ટિમાં ચૈતન્યનો જે સંચાર કરી રહી હતી તે તાજગીભર્યો માહોલ ખડો કરી રહ્યો હતો... યોગીને યોગની મસ્તી ચઢી જાય તેવું આહ્લાદક વાતાવરણ હતું.

ક્યારેક ક્યારેક વૃક્ષની ઘટાઓ હેઠળ ભરપેટ શિકાર કરી પોઢી ગયેલા જંગલી પશુઓ પણ જોવા મળતા. કોલાહલ સંભળાતા બેફિકરાઈ અને અણગમાથી સહેજ આંખો ખોલતા. પણ પછી પાછા બિન્દાસ્ત રીતે પોઢી જતા.

પોતાના આધિપત્ય હેઠળના વિસ્તારમાં પ્રવેશ કરવા બદલ કોઈ હળવો ઘૂરકાટ પણ કરી લેતા. પણ, ઊંઘમાંથી ઊઠી ઊભા થવાની સ્ફૂર્તિ કોઈ ન દાખવતા. કેટલાંક ગભરુ પ્રાણીઓ જંગલની અંદર લપાઈ પણ જતા. શુભેચ્છક જંગલમાં ઘટતી જાત-જાતની ઘટનાઓથી મનને ખુશ કરી રહ્યો હતો.

વિનાયકના ભરોસે તે એટલો તો નિશ્ચિંત થઈ ગયો હતો કે વાઘને જોઈને'ય તે પળભર વાઘના શરીર ઉપરના ચટાપટા ઉપર મુગ્ધ થઈ જતો. હકીકતે પ્રાણીઓથી ડરવાનું એવું કોઈ કારણ પણ હોતું નથી. માનવીને એકલતાનો ભય વધુ પીડતો હોય છે. મુસાફરી આગળ વધતી હતી તેમ સૂર્ય પણ ઊંચે ચઢતો જતો હતો.

વિનાયકને આજુબાજુની જંગલસૃષ્ટિ જોવામાં રસ ન હતો. તે સતર્ક હતો અને ભવિષ્ય અંગે સચિંત પણ હતો. કદાચ આ જ રસ્તે પાછું વળવું

પડે તો ? તે વિચારે ઠેર ઠેર કંઈક નિશાનીઓ કરતો જતો હતો. નિશાની કરવા માટે તે કોઈક ધોળી વસ્તુને વાપરતો.

આ વસ્તુની થોડી કણી જ પાણીમાં નાંખતા પાણી આખું સફેદ થઈ જતું. પછી તે પાણી, સફેદ - આછા વાદળી વર્ણનું, જ્યાં પણ નાંખવામાં આવે ત્યાં ધોળા વર્ણનું મોટું ચકામું પડી જતું. વિનાયકના કહેવા મુજબ સૂકાયા બાદ લાંબા સમય સુધી આ ચકામું જેમનું તેમ રહેતું. ટાઢ-તડકો-વરસાદ તેને વિકૃત ન કરી શકતા. સફેદ કલર હોવાથી રાત્રિના સમયે પણ તે ચકામા માર્ગદર્શક પુરવાર થઈ શકે તેમ હતા.

વિનાયક પાસે આવી બધી વસ્તુઓનો ઢગ રહેતો. તેના સામાનમાં આવી બધી વસ્તુઓનો જ સિંહફાળો રહેતો. ઠીક-ઠીક આગળ વધ્યા પછી જંગલના ઝાડી-ઝાંખરાનો વિસ્તાર પૂર્ણ થયો. અને ઘાસનો વિસ્તાર શરૂ થયો. ક્યાંક ક્યાંક તો આખો ઘોડેસવાર ગરક થઈ જાય તેટલું બે માથોડા ઊંચું ઘાસ ઊગ્યું હતું. વિશાળ મેદાની પ્રદેશ આંખોની સીમા સુધી ફેલાયેલો હતો.

હરણ વગેરેના ટોળાં પણ મેદાનમાં ઘાસનો ચારો ચરતા નજરે ચઢતાં હતા. મેદાની પ્રદેશમાં સૂર્યનો તાપ આકરો જણાવા લાગ્યો. મુસાફરીને સમય ઘણો વીત્યો હતો...

આખી મુસાફરી દરમ્યાન મલિક-શેરખાન સાથે જ ચાલતા હતા. મલિકનો વિશ્વાસ જીતવા શેરખાન તત્પર હતો.

મુસાફરી શરૂ થતા જ શેરખાને મલિકને કહ્યું - 'આપણે સીધા અગ્નિ દિશા તરફ જઈ રહ્યા છીએ. એટલે થોડા જ વખતમાં વીણા પાસે નીકળશું... પણ, આચાર્ય મહારાજ અત્યારે વીણા હશે ? દસેક દિવસનો ગાળો આપણને પડી ગયો છે. આટલી વારમાં તો આચાર્ય મહારાજ ક્યાંના ક્યાંય પહોંચી જાય. જો તેમને ખંભાત પહોંચવું હોય તો તે ખંભાતના માર્ગે ઘણા આગળ વધી ગયા હશે...'

'તેઓ પગપાળા ચાલે છે. આપણે અશ્વ ઉપર સવારી કરીએ છીએ. આથી, એ લોકોને આંબી લેવામાં વાંધો નહીં આવે. આખરે એ જઈ-જઈને ક્યાં જશે ? આપણે ક્યાંયથી પણ એમને ખોળી કાઢીશું.' - મલિકે દૃઢ સ્વરે વાત કરી.

'આપની હિંમત ગજબ છે. આવા ભયાનક - વિકટ જંગલમાં'ય ખુમારીભેર આગળ વધી રહ્યા છો. પણ, કદાચ રાજમાર્ગે આપણે ચાલતા હોત તો સમય પણ બચી શકત અને સંકટથી પણ બચી શકત...'

'રાજમાર્ગે તમે આગળ વધો એટલે દુનિયા આખીમાં તમારા નામના વાજાં વાગે. તું ઢોલ પીટીને એમને પકડવા જાય અને તે સીધે સીધા તારા હાથમાં આવી જાય એમ ?

ભાઈ ! આ બધામાં તારી બુદ્ધિનો પનો ટૂંકો પડે. **આ વખતે આપણો વાણિયાઓ સાથે પનારો પડ્યો છે. બુદ્ધિના બાદશાહો છે આ બધાં. પનો ટૂંકો હોય તો આ લોકો સાથે પનારો ન પડાય. તું જો જે ને ! મલિકની બુદ્ધિનો ચમત્કાર જોઈ તું છક્ક થઈ જઈશ.**

દુનિયા આખી- ઓલા શેઠિયાઓ - મહાજન સુદ્ધાં બધાં જોઈ રહેશે અને બંદા સપાટો બોલાવી દેશે. બિચારા અત્યારે મને શોધવા વ્યર્થ ફાંફા લગાવી રહ્યા હશે. જ્યારે આપણને તો પૃથ્વી ગળી ગઈ. આપણે કેમે કરીને હાથે લાગવાના નહીં...' મલિકના મોઢામાંથી અટ્ટહાસ્ય સરી પડ્યું.

શેરખાનને મલિક ઊંડા પાણીમાં લાગ્યો. તેને સાવધાન રહેવા જેવું લાગ્યું... પણ, કઈ દિશામાં સાવધાની રાખવી તે શેરખાન વિચારી ન શક્યો. તેના માનવા મુજબ તો બધે બરાબર સાવધાની લેવાઈ રહી હતી.

મલિકના ઉગ્ર મિજાજને પારખતા શેરખાને વાત કરવાની દિશા બદલી નાંખી. ગુલામીની વેદનાની, જંગલી પશુના શિકારની, વન્યસૃષ્ટિની ઈત્યાદિ વાતોએ વળગ્યા...

મલિક મુસાફરી થંભાવવાના મૂડમાં ન હતો. મુસાફરી વણથંભી ચાલી જ રહી હતી. ઘાસના મેદાની પ્રદેશમાં તડકો આકરો લાગ્યો. મધ્યાહ્ન થવા આવ્યો હતો. જમવાનો સમય થઈ ગયો હતો, બધાં થાકી ગયા હતા, પશુઓ પણ ભૂખ્યા થયા હતા. એટલે મલિકે પડાવ નાંખવાની આજ્ઞા કરી. ઘાસના મેદાનને થોડું ઘણું સફાચટ કરી પડાવ નાંખવામાં આવ્યો.

મલિકને ઝડપથી આગળ વધવું હતું. તેની યોજનામાં એ થોડો મોડો પડ્યો હતો. તે થોડો ચિંતામાં હતો. બહારની દુનિયાના કોઈ સમાચાર તેને

મળવાના ન હતા. પોતે અંકોડા બરાબર ગોઠવ્યા હતા. છતાં હવે વીણા ઝડપથી પહોંચી જવું જરૂરી હતું. હમણાં-હમણાં તે થોડો વ્યગ્ર થઈ ગયો હતો. તેનો આક્રમક સ્વભાવ પ્રગટ થઈ જતો હતો. મહામહેનતે તે ધીરજ રાખી રહ્યો હોય તેવું લાગતું હતું... મલિક પોતાના તંબૂમાં વિચારવશ હાલતે બેઠો હતો. જમવાની તૈયારી થઈ રહી હતી. દિવસના છેલ્લા પ્રહરમાં ફરીથી મુસાફરી આગળ વધારવાની સૂચના તે આપી ચૂક્યો હતો...

ચહેરા ઉપર પડેલા જખમના નિશાનોથી મલિકનો ચહેરો થોડો ડરામણો થઈ ગયો હતો. વિચારવશ હાલતમાં તંગ થઈ ગયેલો તેનો ચહેરો સેવકોમાં પણ ભય જન્માવતો હતો. બધાં તેનાથી દૂર જ રહેતા હતા...

બીજી બાજુ આ જંગલથી કેટલેય દૂર એક ઘોડેસવાર ચિંતાતુર ચહેરે મુસાફરી ખેડી રહ્યો હતો. કપડવંજથી ખંભાતના રસ્તે તે આગળ વધી રહ્યો હતો. કઠલાલ સુધી તો અમદાવાદના રસ્તે જ આગળ વધ્યો. વચ્ચેના ગામોમાં તે તપાસ કરતો હતો. પણ, ક્યાંય વિશાળ સંખ્યામાં સાધુ મહાત્માઓ પધાર્યા હોય તેવા સગડ કે વાવડ ન હતા. પગપાળા આટલા બધાં મહાત્માઓ ખંભાત તરફ પધાર્યા હોય તો વચ્ચેના ગામોમાં બધાંયને ખબર તો હોય જ... છતાં ક્યાંય અણસાર સુદ્ધાં ન આવતા તે મૂંઝાયો...

'શું આચાર્ય મહારાજ ખંભાતની જગ્યાએ બીજે ક્યાંક ચાલ્યા ગયા હશે ? રસ્તો બદલ્યો હશે ? મલિક આંબી ગયો હશે ? તેઓ પકડાઈ ગયા હશે ?' આવી તો કૈંક શુભાશુભ કલ્પનાઓ તેના ચિત્તને દોરી રહી હતી. તે આદિત્ય હતો. શેઠની આજ્ઞાથી તે આચાર્ય મહારાજની સુરક્ષા માટે તેમની જોડે રહેવા, ગુપ્ત રીતે તેમનો પડછાયો બનવા જઈ રહ્યો હતો.

શેઠે તાકીદ કરી હતી કે 'તારે આચાર્ય મહારાજની સુરક્ષાનો ભાર વહેવાનો છે. આચાર્ય મહારાજની સાથે જ રહેજે. જો આચાર્ય મહારાજને તારી ગંધ આવી જશે તો તે તને પાછો મોકલી દેશે. આથી, ગુપ્તતા રાખજે. ગમે તે થાય તેમનો પીછો ન છોડતો. મલિક અમદાવાદથી નીકળી ગયો છે - તેવું અમદાવાદથી આવનાર એક વેપારીભાઈનું કહેવું છે. આથી તું ઘણો મોડો છે. સૌ પહેલા તો આચાર્ય મહારાજની ભાળ કાઢજે. અને તેમની

સલામતીના સમાચાર સૌ પહેલા મને મોકલજે...' આવી તો કેટ કેટલી વાતો કરી શેઠે આદિત્યને રવાના કર્યો.

એક મિશન પૂરું કરી આદિત્ય બીજા મિશને નીકળ્યો હતો. આ મિશન વધારે અઘરું હતું...

શરૂઆતમાં જ આદિત્યને મુશ્કેલીઓ નડી રહી હતી. આચાર્ય મહારાજનો પત્તો મળતો ન હતો. તેની મુસાફરીની ઝડપ ઘટી હતી. કારણ કે ચોક્કસાઈપૂર્વક તપાસ કરતા સમય ઘણો જતો હતો.

જ્યારે પોતાની દિશામાં જ સંદેહ જાગે, પોતાની પ્રગતિ બાબતે સંશય જન્મે ત્યારે ગતિમાં, સ્પીડમાં ફરક આવવાનો જ. ઘટાડો થવાનો જ.

આંતરોલીથી કઠલાલ સુધી પહોંચવામાં જ એક દિવસ નીકળી ગયો. કઠલાલ તેણે રાત્રિમુકામ કર્યો. કઠલાલની બજારોમાં ચોરામાં ચૌટામાં ઠેર-ઠેર તે ભટક્યો, કંઈક માહિતી મળી જાય તે આશાએ જ સ્તો. વિશાળ સંખ્યામાં સાધુ મહારાજ નીકળ્યા હોય તેવા સમાચાર ન મળ્યા.

ક્યાંક એકલદોકલ સાધુ મહારાજના સમાચાર મળ્યા. તે પણ તાજા એક બે દિવસના હતા. અર્થાત્ એક-બે દિવસ પહેલાં બે-ત્રણ સાધુ મહાત્મા ગામમાં આવ્યાના સમાચાર મળતા. પણ, એક સાથે ઘણા બધાં સાધુ મહારાજ પસાર થયા હોય - તેવી બાતમી ન મળતી.

કઠલાલથી આગળ વધી એ વાસણા પહોંચ્યો. ત્યાંથી મહુધા આવ્યો. મહુધામાં આચાર્ય મહારાજના કંઈક વાવડ મળ્યા હોય તેવું લાગ્યું. આચાર્ય મહારાજ ચિખલોડથી દહીંયપ થઈ લાડવેલ પધાર્યા હતા.

લાડવેલથી આચાર્ય મહારાજ ફરીથી ખંભાતના મૂળ રસ્તા ઉપરના મહુધા ગામે પહોંચી ગયા હતા. કારણ કે આટલા દિવસની વિહારયાત્રા દરમ્યાન કોઈ પોતાનો પીછો કરતો હોય તેવું ન જણાયું. અને ઉમરેઠ થઈને ખંભાત પહોંચવા જતા બહુ લાંબુ થઈ જાય તેમ હતું. તેના કરતાં લાડવેલથી મહુધા આવી જતા બહુ સીધું ખંભાત આવી જતું હતું. આચાર્ય મહારાજને શક્ય ઝડપથી ખંભાત પહોંચવું હતું.

જો કે વિહાર લાંબો ખેંચી શકાતો નહીં, આચાર્ય મહારાજનું શરીર ઉગ્ર વિહારો ખમી શકે તેમ ન હતું. મહુધા પહોંચતા પહેલા જ આચાર્ય મહારાજે ચારે દિશામાં ટુકડીઓ પાડી મોકલી દીધી હતી. આચાર્ય મહારાજ પણ ગુમતા પૂર્વક વિહાર કરી રહ્યા હતા. એટલે આચાર્ય મહારાજની ચોક્કસ વિગતો મળવી દુર્લભ હતી.

આદિત્ય મહુધા પહોંચ્યો ત્યારે ત્યાં બે સાધુ મહારાજ તેના જોવામાં આવ્યા. તેણે તરત જ તેમનો સંપર્ક કર્યો. સાધુ મહારાજના સ્થાને જઈ મુખ્ય જેવા દેખાતા સાધુ મહારાજને વંદન કરી પૂછપરછ શરૂ કરી.

'મત્થએણ વંદામિ ! વિહારની શાતા હશેજી...'

'દેવ-ગુરુ-પસાય' પરિમિત શબ્દો, અપાર પ્રેમ અને ગંભીરતા છલકાતી હતી.

'આપશ્રી કઈ તરફ પધારી રહ્યા છો ?'

'અમારું નિશ્ચિત નથી હોતું. હમણાં અહીંયા જ છીએ...'

'હું કપડવંજથી આવું છું. દોશી આણંદજી શેઠે વંદના જણાવી છે. હાલ આચાર્ય મહારાજ ક્યાં છે ?'

'અમે આ બાબતથી તદ્દન અજ્ઞાત છીએ. કપડવંજથી પૂજ્ય ગુરુદેવની આજ્ઞાથી અમે આ બાજુ આવ્યા છીએ. ત્યાર પછી ગુરુદેવનો કશો સંદેશો નથી' - વચનમાં દૃઢતા હતી.

'સાહેબજી ! મારે અંગત અને અગત્યનું કામ છે. આપ છૂપાવશો નહીં.'

'નહીં શ્રીમાન્ ! હાલ તેઓશ્રી ક્યાં બિરાજે છે તે અંગે અમે તદ્દન અજાણ છીએ.'

'કોઈકની પાસેથી જાણકારી મળશે ?'

'અમે જાણતા નથી. પણ, તેઓનો હમણાં સંપર્ક થઈ શકે તેમ જણાતું નથી.'

'કેમ ? કંઈ ખાસ કારણ છે ?'

'ના, એમાં ખાસ કારણ શું ? વિહારમાં હોવાથી સહજ છે ને

રોજેરોજની માહિતી કોઈની પાસે ન હોય. અને સાધુ મહાત્માઓના વિહારના કાર્યક્રમો - સ્થાનો નિશ્ચિત પણ નથી હોતા, તે-તે ક્ષેત્ર-કાળ વગેરેને આશ્રયીને પરાવર્ત્તનશીલ હોય છે.'

આદિત્ય સમજી ગયો કે અહીંથી કશી વિગત નહીં મળે. તે વંદન કરી નીકળી ગયો. કાળની કેવી ક્રૂર મજાક ! જે લોકો આચાર્ય મહારાજને બચાવવા મથી રહ્યા છે તે લોકો આચાર્ય મહારાજની વિગત મેળવી શકવા નાકામિયાબ નીવડે છે.

જે લોકો પકડવા માટે આચાર્ય મહારાજની પાછળ પડ્યા છે તે લોકો આચાર્ય મહારાજની રજેરજની વિગતો મેળવી રહ્યા છે. આચાર્ય મહારાજના પગલે પગલા તેમના ધ્યાનમાં છે. **જેમની આંખમાં ધૂળ નાંખવા મહેનત કરવામાં આવે છે તે સ્પષ્ટ જોઈ રહ્યા છે. ધૂળ, જેમનું જોવું જરૂરી છે તેમની આંખમાં પડી રહી છે.... આનું જ નામ નિયતિ !**

આદિત્ય નિરાશ થઈ વીણા પહોંચ્યો. પણ, આચાર્ય મહારાજના કોઈ સમાચાર મળતા નથી. વીણામાં પણ બીજા મહારાજ મળ્યા. પણ, તેમના તરફથી કોઈ માહિતી ન મળી.

આદિત્યે તે મહાત્માને કહ્યું - 'મહાત્મન્ ! આપનો જો કોઈ પણ રીતે આચાર્ય મહારાજનો સંપર્ક થાય તો તેમને જાણ કરવા વિનંતિ કે - મલિક આચાર્ય મહારાજની ધરપકડ કરવા નીકળી ચૂક્યો છે. સાવધ અને સાબદા રહે. એક વાર બાદશાહના હાથમાં આચાર્ય મહારાજ સપડાઈ જશે તો દોશી શેઠથી લઈ બધાંની હાલત કફોડી થઈ જશે... ખૂબ ગંભીરતાથી આ વાત ધ્યાનમાં લેવા વિનંતિ !' આટલું કહેવા છતાં એ મહાત્માએ નબળો પ્રતિસાદ આપ્યો.

હકીકતે એ મહાત્માએ આચાર્ય મહારાજને આ સંદેશો પહોંચાડવા તુરંત વ્યવસ્થા કરી હતી. ગમે તે સંજોગોમાં આચાર્ય મહારાજનું સ્થાન ઉઘાડું ન પાડવા સ્પષ્ટ તાકીદ કરવામાં આવી હતી. એટલે તે મૌન જ રહ્યા.

આચાર્ય મહારાજ ચોક્કસ કઈ જગ્યાએ છે ? તેની જાણકારી ન હતી. સંભવિત સ્થાનની ખબર હતી. તેમણે એક વિશ્વાસુ શ્રાવકને ગુપ્ત ભાષામાં

સંદેશો લખી આચાર્ય મહારાજને મોકલાવ્યો. આચાર્ય મહારાજને શોધતા-શોધતા દરેક ગામમાં તપાસ કરતા કરતા તે ચૂણેલ પહોંચ્યો.

આચાર્ય મહારાજ ચૂણેલ બિરાજતા હોવાની વકી હતી. તે સાધુ મહાત્માના સ્થાનમાં ગયો. આચાર્ય મહારાજ ન મળે તે સહજ છે. પણ, પોતે જે સંદેશો લઈ આવ્યો હતો તે, તે મહાત્માના નામથી બીજા મહાત્માને આપી દીધો. તેમણે કહ્યું કે - 'સંદેશો મળી જશે..' પેલો શ્રાવક રવાના થયો.

આચાર્ય મહારાજને ચૂણેલમાં સમાચાર મળતા જ બધાં સાધુઓ વધુ સાવધ થયા. તત્કાલ ખંભાત પહોંચી જવાનું નક્કી કરવામાં આવ્યું. વિહારનો સમય, ઉતરવાના સ્થાન વગેરેમાં એકાંત વધુ લેવામાં આવ્યુ. ગુમતા વધુ સજ્જડ કરવામાં આવી. બધાં સાથેનો સંપર્ક સદંતર તોડી નાંખવામાં આવ્યો.. આચાર્ય મહારાજની સોજિત્રા થઈ ખંભાત પહોંચવાની ગણતરી હતી.

આ બાજુ વીણા પહોંચેલો આદિત્ય મૂંઝવણમાં હતો. તેને એ જ ભય સતાવતો હતો કે મલિકે આચાર્ય મહારાજને પકડી કેદ તો નહીં કરી દીધા હોય ને ? વીણામાં આદિત્યે મુકામ કર્યો અને આજુબાજુમાં તપાસ આદરી. કારણ કે જ્યાં સુધી વચલા ગામોમાં કંઈ સમાચાર ન મળે ત્યાં સુધી આગળ વધી જવાનો ઝાઝો મતલબ ન હતો.

આ જ અરસામાં દોશી આણંદજી શેઠનો સંદેશો આદિત્યને મળ્યો. 'મલિક વનમાં જ રોકાઈ ગયો હતો. જંગલ રસ્તે રસાલા સાથે તે સીધો વીણા આવી રહ્યો હતો. વિનાયક અને શેરખાન મલિકની સાથે હતા...' ઈત્યાદિ સમાચાર તેમાં હતા.

આચાર્ય મહારાજની તપાસમાં મળતી નિષ્ફળતા અને વિનાયકે ખેડેલી જંગલયાત્રા... આ બન્ને પરિબળોએ આદિત્યને અલગ દિશામાં ખેંચી જવાનું કાર્ય કર્યું.

આદિત્યને થયું કે આ બધી આપત્તિનું મૂળ મલિક જ છે. મલિક હજુ જંગલમાં છે. જો જંગલમાં જ કોઈ તક મળી જાય તો મલિકને કાયમી ધોરણે જંગલમાં જ ગરક કરી દેવાય. વિનાયક એકલો કશું ન કરી શકે.

આદિત્ય આમ જંગલનો જીવ. ભીલો સાથે સંપર્ક જાળવવા તથા બીજા-

બીજા કારણસર આ વિસ્તારના જંગલો તેણે ઘણીવાર ખૂંદેલા. જંગલની ખાસિયતો અને ખોડ - બન્નેનો તે અચ્છો જાણકાર હતો. મલિકને જંગલમાં જ તળ રાખી દેવાની તેને અદમ્ય ઈચ્છા થઈ આવી.

તેણે શેઠને કાગળ લખ્યો. જેના દ્વારા શેઠનો સંદેશો આવ્યો હતો તેના દ્વારા જ વળતો સંદેશો મોકલાવ્યો - 'આચાર્ય મહારાજની મેં ઘણી તપાસ કરી. પણ, તેમનો વીણા સુધીમાં ક્યાંય પત્તો લાગતો નથી. કોઈ વાવડ પણ, ચિહ્નો પણ મળતા નથી. મલિક જંગલમાં જ અટવાઈ ગયો છે - તેથી લાગે છે કે આચાર્ય મહારાજ પોતે ગુમતા સાથે વિહાર કરી રહ્યા છે. તે લોકો જુદી-જુદી ટુકડી પાડી વિચરી રહ્યા છે. માટે, બધે ભ્રમ ફેલાય છે.

અસલમાં આચાર્ય મહારાજ ક્યાં છે ? તે કોઈ જાણી શકતું નથી. આ પરિસ્થિતિમાં મને લાગે છે કે હું વીણાથી જંગલ રસ્તે આગળ વધી વિનાયકને ભેગો થઈ જાઉં. જંગલની ભયાનક યાત્રામાં મારા અનુભવોના કારણે હું વિનાયકને ઉપયોગી નીવડીશ, સાવ ભેંકાર જંગલમાં વિનાયકની સાથે મારું હોવું લાભદાયી બની રહેશે. કદાચ મલિક જંગલની બહાર જ નહીં નીકળી શકે...' આવા મતલબનો સંદેશો તેણે શેઠને મોકલાવી દીધો.

કોઈને પણ જાનથી પતાવી દેવાનું શેઠને બિલકુલ પસંદ નહીં. એટલે આદિત્યે મોઘંમોઘં જ વાત લખી હતી. શેઠને આટલો સંદેશો મોકલાવી તે વીણાથી કુહાની દિશામાં જંગલ રસ્તે આગળ વધી ગયો.

જંગલમાં જો કે રસ્તો તો કશો હતો નહીં. વિનાયક અને આદિત્ય ભેગા થાય તેવા પણ સંજોગો બહુ ઓછા હતા. આવા વિરાટ જંગલમાં કોણ કેવી રીતે મળે ? સહેજ થોડું અંતર રહી જાય તો ય બન્ને એક બીજાને 'ક્રોસ' કરી લે. કોઈને ગંધ પણ ન આવે. છતાં આદિત્યે બીડું ઝડપ્યું હતું... કાળ બધાંને ભૂલાવામાં નાંખી રહ્યો હતો.

આચાર્ય મહારાજની તપાસ કરવા આગળ જવાના બદલે આદિત્યને જંગલમાં મલિકની પાછળ જવાનું સૂઝ્યું.. ભારે, મુસીબત ખડી થવાની હતી. હવે જોવાનું એ રહે છે કે મલિકને તળ રાખી દેવામાં આ લોકો સમર્થ થાય છે કે ખુદ આ બધાં જ તળ રહી જાય છે.

✺



જુવાળ

૫૭

ભયાવહ દૃશ્ય

આદિત્ય વીણાથી સીધો જંગલમાં જ પ્રવેશ્યો હતો. ખાધા-ખોરાકીની વિશેષ સામગ્રી લેવાના બદલે તેણે જંગલના ફળાદિ ઉપર જ મદાર રાખ્યો હતો. કારણ કે જંગલની આબોહવા-પર્યાવરણ-ફળાદિ સમૃદ્ધિથી તે પરિચિત હતો. વીણાથી કુહા જતા જંગલમાં જ એક પશુપાલકોનો કસબો હતો. બહારની દુનિયાથી અલિપ્તપ્રાયઃ, અડધા ભીલ જેવા એ લોકો ગાય-ભેંસના પાલન દ્વારા જીવન નિર્વાહ કરતા હતા. ગ્રામ્યજીવન અને વનજીવન - બન્નેનો સુભગ સમન્વય એ કસબાની જીવનશૈલી હતી. એ સમય હતો - જ્યારે જીવન આખું આ નાનકડા કસબામાં વીતવા છતાં બહારની બીજા ગામની એક ચીજવસ્તુની જરૂરિયાત ન પડતી. જીવનશૈલી જ એવી રીતે ઘડાયેલી રહેતી કે ખાધાખોરાકી દવા-દારુ વગેરે સઘળું'ય પોતાની આસપાસમાંથી મેળવી લેવાતું. આદિત્યે સીધું એ કસબા તરફ જવાનું જ નક્કી કર્યું હતું.

ત્યાં પહોંચી ગયા પછી ત્યાં જ રોકાઈ આજુબાજુ તપાસ કરવા દ્વારા વિનાયકની અને મલિક વગેરેની ભાળ કાઢવાનું તેણે નક્કી કર્યું હતું. ત્યાં પહોંચતા સહેજે એકાદ દિવસ તો નીકળી જાય તેવું હતું.

મલિકે પુનઃ જંગલયાત્રા શરૂ કરી તે દિવસ પછીના પાંચમા દિવસે આદિત્યે જંગલયાત્રા શરૂ કરી. વિનાયક-મલિક વગેરે જંગલ પૂરું કરી દે તે

પહેલાં જ આદિત્ય તે લોકોને ભેગો થવા માંગતો હતો. કારણ કે મલિકને જે બોધપાઠ ભણાવવો હતો તે જંગલમાં જ શક્ય હતો. બહાર તો તે રાજા હતો.

દોશી આણંદજી શેઠની દીર્ઘદૃષ્ટિ ભરેલી નીતિને કારણે આદિત્યે દુનિયાદારીથી અલિપ્ત રહેલા એ કસબામાં પણ આછા-પાતળા સંબંધો બનાવ્યા હતા. આદિત્યે વણથંભી મુસાફરી ચાલુ જ રાખી. આ વિકટ વનમાંથી માર્ગ કરી આગળ વધવું ઘણું કઠીન હતું. અણધારી રીતે આગળ જવાનો માર્ગ અટકી રહેતો. પરિણામે આખો ચકરાવો લગાવી આગળ વધવું પડતું.... રાની પશુઓ અને ઝેરી જીવજંતુઓથી ભરેલા તદ્દન ભેંકાર લાગતા આવા ભીષણ વનમાં એકલા સફર ખેડનારની સાહસિકતાને ખરેખર બિરદાવવી રહી. આ રીતે એકલા મુસાફરી કરવાનું આદિત્ય માટે'ય સહુ પ્રથમવાર હતું.

આદિત્ય નીડરપણે આગળ વધી રહ્યો હતો. ધીરે-ધીરે અંધારું ઘેરાવા લાગ્યું. જીવજંતુઓને દૂર કરતી એક ઔષધિ તેણે આખા શરીરે લગાવી દીધી. તે પછી કોઈ ઘટાદાર વૃક્ષ ઉપર તેણે રાત્રિમુકામ કર્યો.

બીજે દિવસે પુનઃ યાત્રા શરૂ ! રાની પશુઓની ત્રાડો અને ઘુરકાટોના પ્રતાપે રાત્રિના જોઈએ તેવી ઉંઘ થઈ ન હતી. આથી સવારે નિદ્રાદેવીથી છૂટવું અઘરું પડતું હતું... એ આખો દિવસ આદિત્યે મુસાફરી ચલાવી. સંધ્યા સમયે તે કસબા સુધી પહોંચી ગયો. હેમખેમ કસબા સુધી પહોંચી જવા બદલ આદિત્યે પરમાત્માનો આભાર માન્યો. કારણ કે શરૂઆતના અડાબીડ જંગલમાં ભૂલા પડી જવાની પૂરી સંભાવના હતી. પરિણામે કસબા સુધી હેમખેમ પહોંચવાની સંભાવના બહુ નજીવી હતી..

સંધ્યા સામે ગાય-ભેંસ વગેરે પશુઓને ચારો ચરાવી કસબામાં લઈ જવાતા હતા. તેની ઘંટડીઓના અને હલ્લારાના અવાજો સાંભળી આદિત્યનો બધો થાક ઊતરી ગયો. આદિત્યે કસબામાં પ્રવેશ કર્યો કે બે-ચાર જુવાનિયાએ તેણે રોક્યો. બહારની દુનિયા ઉપર વિશ્વાસ ન હોવાથી પોતની નાનકડા શાંતિભર્યા કસબામાં બહારનો કોઈ પણ માણસ આવી ચઢે તે તેમને ન ગમતું. આદિત્યે પોતાની વીતક કહી કે 'હું એક ભૂલો પડેલો મુસાફર છું. મારે એકાદ દિવસ અહીં આશરો લેવો છે. ત્યાર બાદ અહીંથી પસાર થતા કાફલામાં જોડાઈ

હું નીકળી જઈશ. મારે બસ એકાદ દિવસનો આશરો જ જોઈએ છે. આપ સહુ મને આપના મુખી પાસે લઈ જાઓ. હું તેમને સઘળી વાત કરીશ...'

આદિત્યે એ લોકોની તળપદી ભાષામાં કરેલી વાતચીતથી અને દૃઢતાથી જુવાનિયા ઢીલા પડ્યા. મુખી પાસે લઈ ગયા. મુખી પાસે જતાં જ આદિત્યે વાત જમાવી દીધી. અવસર જોઈને જૂની ઓળખાણ યાદ પણ કરાવી દીધી.

મુખી ખુશ થઈ ગયા. હવે આતિથ્યસત્કારમાં કશી મણા રહે તે વાતમાં કોઈ માલ નહીં. મુખીએ તરત જ કહ્યું. 'અરે, કોઈ સાંભળે છે, તાજું દોહેલું દૂધ મોકલો.' અંદરથી અવાજ આવ્યો. 'એ આવું છું.' અવાજમાં ય મીઠાશ અને આવકાર છલકાતો હતો.

ગાર-માટીના લીંપણ વાળું મુખીનું ઘર હતું. બહાર આંગણું હતું. વાળીને ચોખ્ખું-ચણક રાખવામાં આવતું ફળિયું, બહારના બે ઓરડા - અંદરના બે ઓરડા અને તેની પાછળ પશુઓનો વાડો... મોકળાશથી રહી શકાય તેવું એ ઘર હતું. **મહત્ત્વની વાત તો એ કે સાધનસામગ્રી - રાચરચીલું કશું ન હોવા છતાં અંદર પ્રવેશનાર સમજી જતો - અહીં ખરેખર ઘર વસે છે, સ્નેહની મીઠાશ વાતાવરણમાં મહોરતી.** સંધ્યાના સમયે દૂધ દોહવાનું જ ચાલતું હતું.

અલમસ્ત ગાયો અને ભેંસો હતી. 'મેબૂર' ધારાએ દૂધ દોહાતું હતું. દોહવાનો અવાજ છેક આદિત્ય સુધી પહોંચતો હતો. તાજા અને જાડા એ દૂધને વાપરી આદિત્યની આખી મુસાફરીનો થાક ઊતરી ગયો. સાથે મુખીના આતિથ્ય- સત્કારભર્યા સ્નેહે પણ દૂધને મીઠું મધ જેવું બનાવી દીધું હતું. મુખીના ઘરમાં જ આદિત્ય માટે એક ઓરડો ફાળવી દેવામાં આવ્યો. માયા-પ્રપંચ-દગા-ફટકા-૭૦ પેઢી'ય વાપરતા ન થાકે એટલું બધું ભેગું કરી દેવાની લાલસા. આવું કશું જ આ નાનકડા વાતાવરણને બગાડી શક્યું ન હતું.

આદિત્યે વાળુ - રોટલા ને દૂધનું શુદ્ધ સાત્ત્વિક સાયંભોજન પતાવી વાત પૂછી - 'શું હમણાં અહીંથી કોઈ કાફલો પસાર થયો હતો ?' મુખીએ કહ્યું - 'ના ભાઈ ! આ તે કોઈ ધોરીમાર્ગ નથી કે અહીં કાફલા પસાર થાય. ક્યારેક વર્ષે એકાદવાર કોઈ શિકાર માટે આવી ચડ્યા હોય તો ઠીક, બાકી બીજું કોઈ માણસે'ય અહીં નથી ફરકતું. તમે આવ્યા તે'ય મહા આશ્ચર્ય !

પણ, હમણાં જ સમાચાર આવ્યા, અમારો કોઈ આદમી ગાયો ચરાવતો-ચરાવતો ઘણો આગળ નીકળી ગયો હતો. અહીંથી ત્રણ ચાર દિ'ની મુસાફરી પછી એક ભીલોની પલ્લી આવે છે, તે પલ્લીમાંથી આવેલો ભીલ તેને મળ્યો.

એ ભીલે કહ્યું કે અંદાજે ચાલીસ જેટલા માણસોનો કાફલો તમારા કસબાની દિશામાં જ આગળ વધી રહ્યો છે. શસ્ત્રધારી છે. પણ લડવાના 'મૂડ'માં નથી. એ આદમી આજે જ આવ્યો, આ સમાચાર તેણે મને આપ્યા. મેં તમને આપ્યા. અમને એ કાફલાની કાંઈ 'ભો' નથી. લગભગ તો કોઈ શિકાર ખેલવા નીકળ્યો હશે. તમારે તેના ભેળા થઈ જવું હોય તો હું એકાદ માણસની વ્યવસ્થા કરી આપીશ. તે તમને ખોળવામાં મદદ કરશે..

બાકી એક-બે દિ' રોકાઈ જાઓ પછી અમારો માણસ તમને જંગલ બહાર મૂકી આવશે. હા ! જંગલની બહાર એ પગ નહીં મૂકે...' શુદ્ધ અને સાદી, મીઠી અને મસ્ત ભાષામાં મુખીએ આખું પુરાણ માંડી દીધું...

આદિત્યે કહ્યું - 'સારું થયું, આટલી માહિતી આપી. કાલે સવારે જ નક્કી કરીશ. મારી ભાવના તો એ કાફલાને શોધવાની છે.' ત્યાર પછી આદિત્યે વનૌષધિની વાત શરૂ કરી. કારણ કે વનઔષધિની વાતો આ લોકો પાસેથી ઢગલાબંધ મળી રહેતી.

તે ઔષધિઓનો પ્રભાવ પણ એટલો જ ચમત્કારિક રહેતો. આદિત્ય આવા અનુભવોથી આ બાબતમાં ઘણો ઊંડો ઊતર્યો હતો. કારણ કે તેને આવી ઔષધિઓ ઘણી કામમાં આવતી. રાત્રિના મોડા સુધી વાતો ચાલી.

આખરે બધાં ખાટલાભેગા થયા. ખાટલામાં પડ્યા પડ્યા આદિત્યની નજર ગગન તરફ મંડાઈ. બહાર ખુલ્લામાં નિરભ્ર આકાશને - તારે મઢ્યા ગગનને નીહાળતા આદિત્ય પળભર દુનિયા આખીને ભૂલી ગયો.

આકાશની વિશાળતા હૃદયની ક્ષુલ્લકતાને દૂર-દૂર હડસેલી વિશાળતાની કોઈ નવી જ સીમાનો સ્પર્શ કરાવતી હતી. એ વિશાળતામાં કોઈ દુશ્મન ન હતું - મલિક પણ નહીં, બધાં દોસ્ત જ હતા, વિનાયક જેવા જ !

જીવનની - હૃદયની ભીતરને સ્પર્શી જતી આવી પળો કમનસીબે લાંબી નથી હોતી. ફરીથી માનવ મારા-તારા, પ્યારા-પોતીકા, રાગ-દ્વેષ, ક્રોધ-અહં

જેવા દ્વંદ્વોમાં આવી પટકાય છે.. જીવનની આવી ધળોના પમરાટમાં સદા માટે ખોવાઈ જવાનું કો'ક યોગીના, નિરપેક્ષ અવધૂતના લલાટે લખાયેલ હોય છે.. સાધુની પંગતના'ય એ અલગારી જણ કહેવાય..

મધ્યાહ્નનો સૂર્ય ખુલ્લા, ઊંચા ઘાસના મેદાનમાં આકરો લાગી રહ્યો હતો. રસોઈની તૈયારી થઈ ગયા પછી મલિકને બોલાવવામાં આવ્યો ત્યારે તે વિચારનિદ્રામાંથી ઊઠ્યો. ભોજન પછી સહુ થોડી વાર આડા પડ્યા..

દિવસના છેલ્લા પ્રહરની શરૂઆતમાં જ મલિકે પ્રસ્થાન માટે આજ્ઞા કરી, તે ઉતાવળો હતો. તેને ઝડપથી વન પસાર કરવું હતું. કારણ કે વનને પેલે પાર જઈ મળનારા એક સમાચારની તેને અત્યંત ઉત્કંઠા હતી.

સાથે એક બીજી પણ વાત તેના મનમાં ઘૂમરાતી હતી, જેનો વનમાંથી બહાર નીકળતા પહેલાં જ નીવેડો લાવી દેવાનો હતો. થાક્યા-પાક્યા માણસોએ જોત-જોતામાં પડાવ ઊપાડી દીધો. ફરી મુસાફરી શરૂ થઈ. રાત્રિ પહેલા તે લોકોએ મેદાની પ્રદેશ પાર કરી દીધો હતો. હવે ફરીથી ગીચ જંગલનો પ્રદેશ શરૂ થયો હતો. તે ઘણે સુધી ફેલાયેલો હતો. ત્યાર પછી થોડી પથરાળ ભૂમિ આવવાની હતી. છેલ્લે ફરી ગીચ જંગલ ! ભોમિયાએ જણાવેલી અંદાજિત રૂપરેખા અનુસાર એ જંગલ પછી વીણા આવી જવાનું હતું.

બે-ત્રણ દિવસની જ મુસાફરી હતી. જો મલિકની આ ધારણા સફળ રહી હોત તો આદિત્ય જંગલમાં પ્રવેશ કરે તે પહેલાં જ મલિક વીણા પહોંચી ગયો હોત. પણ, જંગલ નામ કોનું ? બપોર પછી ગીચ જંગલની યાત્રા શરૂ થઈ. સંધ્યાના સમયે કમોસમી વરસાદનું એક ઝાપટું આવી ગયું... વરસાદ પડ્યો ત્યારે તો એટલી મુશ્કેલી ન પડી. બધાંએ સલામત આશરો લઈ લીધો. પણ તે પછી જે મુસીબતો સર્જાઈ તેણે મલિકને હેરાન-પરેશાન કરી દીધો.

વરસાદના કારણે બધી જમીન કાદવ-કીચડવાળી થઈ ગઈ. વરસાદે આખા વાતાવરણને ભેજયુક્ત બનાવી દીધું. સાથે દિવસ આખાનો બફારો.. આખું વાતાવરણ કોહવાવા લાગ્યું. સડાની એક દુર્ગંધ બધેથી આવવા લાગી. જંગલ વૃક્ષોથી ગીચ હતું. ચારે બાજુ વેલા-વનરાજી ફેલાયેલા હતા. એટલે અંદરને અંદર એ સડાની દુર્ગંધ વધુ સડો જન્માવી રહી હતી.

આવું વાતાવરણ એટલે જીવોનો જન્મકાળ. જાત-જાતના જીવજંતુઓ ફૂટી નીકળ્યા. મચ્છરોનો ત્રાસ અનહદ વધી ગયો. એ રાત્રિનો મુકામ અને ભોજન એવી પરિસ્થિતિમાં થયા કે બધાં ઉબગી ગયા. આવી વરસાદી પરિસ્થિતિ આ લોકો માટે નવી ન હતી. પણ, જંગલનું વાતાવરણ, બફારો, ભેજ, જીવજંતુઓ, કાદવ-કીચડ, સડાની દુર્ગંધ, વારે-તહેવારે શરીર ઉપર ચડી આવતા પાર વગરના જંતુઓ.. આ બધાંનો અનહદ ત્રાસ હતો. બફારાના કારણે અકળાઈને જંગલી પશુઓ પણ વહેલા બહાર આવી ગયા હતા. રાત્રિના પ્રથમ પ્રહરમાં જ તેમના અવાજો વાતાવરણને વધુ ભીષણ બનાવી રહ્યા હતા.

તાપણાં સળગાવવામાં આવ્યા.. જો વરસાદ વધુ પડ્યો હોત તો બધું ધોવાઈ જાત, કાદવ-કીચડ ન થાત, વરસાદ ઓછો પડ્યો. તેથી આ વિકટ પરિસ્થિતિ સર્જાઈ હતી. આ રાત્રિએ કોઈ વ્યવસ્થિત પડાવ જેવું નાંખવામાં જ ન હતું આવ્યું. કારણ કે સૂઈ શકાય તેવી કોરી જમીન જ નીચે ન હતી.

વૃક્ષના પાંદડાઓએ સંગ્રહીત કરેલું પાણી પવનની લહેરે પડતા મીની વરસાદને સર્જી દેતું હતું. તાપણાંની આસપાસ ઊભડકપણે ગોઠવાઈને જ રાત પસાર કરવાની હતી. શેરખાન અને મલિક - બન્નેય પરેશાન હતા. તો વિનાયક-શુભેચ્છકની'ય હાલત સારી ન હતી. બફારાના કારણે ઝેરી જીવજંતુઓ દરમાંથી બહાર નીકળી આવ્યા હતા. જાત-જાતના જીવજંતુઓ કરડી જવાથી દરેકના શરીરે બે-ત્રણ ચકામાં-ઢીમચાં ઊપસી આવ્યા હતા.

બધાંના મન ક્ષુબ્ધ હતા. મલિક-શેરખાન પણ અલગ-અલગ તાપણે તાપતા રાત્રિ વીતાવી રહ્યા હતા. આમને આમ રાત્રિ પસાર થઈ રહી હતી...

ઘણા બેઠે-બેઠે જ ઝોકે ચડ્યા હતા. ત્યાં રાત્રિના બીજા પ્રહરની શરૂઆતમાં જ એક ચીસ સંભળાણી.. બધાં જાગી ગયા. દહેશત હતી જ કે આજની રાતે કંઈક ન બનવાનું બનશે.. એ ચીસ માનવની હતી.

બધાં મશાલો સળગાવી ચીસની દિશામાં આગળ વધ્યા. જે દૃશ્ય જોવા મળ્યું તેણે બધાંને કંપારી છોડાવી દીધી. લઘુ શંકા કે વડી શંકા માટે ગયેલા એક માણસને એક વિશાળકાય અજગરે ભરડામાં લીધો હતો.

કમર અને કમરની નીચેનું આખું શરીર એવી રીતે ભરડામાં લેવાઈ ગયું

હતું કે તે સહેજ પણ હલનચલન કરી શકે તેમ ન હતો. એક હાથ પણ ભરડામાં સપડાઈ ગયો હતો. એક હાથથી તે અજગરના મોઢાને પકડી પોતાનાથી દૂર રાખવા મહેનત કરી રહ્યો હતો. ધીરે-ધીરે અજગરનો ભરડો વધુ ને વધુ ભીંસાતો હતો. હમણાં જ બધાં હાડકા તૂટી જશે તેમ લાગતું હતું.

તે તરફડીયા મારી રહ્યો હતો. મહામહેનતે અજગરના મોઢાને પકડી પોતાનાથી દૂર રાખી રહ્યો હતો. લીલોછમ અજગર અને તેના ભરડામાં તરફડતો માનવ, રાત્રિનું ઘોર અંધારું અને તેમાં લબક-ઝબક થતો મશાલોનો પ્રકાશ - આવા અણધાર્યા અને અણકલ્પ્યા દૃશ્યથી બધાં હબક ખાઈ ગયા..

સામાન્યથી માનવ અજગરનો ખોરાક નથી. આખે આખા માનવને ગળી જવાનું બધાં અજગરો માટે શક્ય પણ નથી. છતાં હરણ-ઝિબ્રા-મનુષ્યને ગળી જવાના દાખલા આજે પણ નોંધાય છે. જંગલી પ્રાણીઓનો ભરોસો ક્યારેય થતો નથી. અકળાયેલું પ્રાણી કોના ઉપર આક્રમક થઈ પડે તેની કોઈ આગાહી નથી થતી કે તેના કોઈ વર્તારા નથી નીકળતા. ક્યારેક ગજાબહારનું સાહસ પણ આ પશુઓ ખેડી દે છે. આ અજગરે પણ ગજાબહારનું જ સાહસ ખેડ્યું હતું. કારણ કે દરેક પ્રાણીઓ માનવ નામના પ્રાણીથી ડરતા હોય છે.

જ્યારે આ અજગર માણસને તાબે કરવામાં સફળ થઈ જશે ત્યારે તે સમજી જશે કે માણસ જેવો સહેલો શિકાર બીજો કોઈ નથી. કારણ કે જંગલના બીજા દરેક પશુઓ જીવન-મરણના સંઘર્ષમાં સતત રત હોય છે. કોઈ પણ આપત્તિનો તે જીવનના છેલ્લા શ્વાસ સુધી સામનો કરે છે. પછી આપત્તિ ભલેને ગમે તેવી મોટી કેમ ન હોય ? જ્યારે માનવ મરણને જલદી તાબે થઈ જાય છે. આપત્તિને જોઈને જ તે અડધો મરી જાય છે. ખેર, આ અજગર માણસ આખાને ગળી શકશે કે નહીં તે બીજા નંબરની વાત છે. પણ, જીવતે જીવતો તે પોતાના શિકારને છોડી દે તે વાતમાં માલ નહીં.

થોડી વારમાં મલિક-શેરખાન પણ આવી ગયા. પ્રત્યેક પળે એ માનવની ચેતના લુપ્ત થવાના રસ્તે આગળ વધી રહી હતી. શક્તિના છેલ્લામાં છેલ્લા ટીપા નીચોવી હજુ સુધી તો તે અજગરના મોઢાંને દૂર રાખવા સમર્થ બન્યો હતો. આ દૃશ્ય જોઈ મલિકના અંતરમાં'ય અરેરાટી થઈ આવી. મલિકમાં

નેતૃત્વનો ગુણ હતો. જ્યારે સહુ સ્તબ્ધ થઈ જાય, બધાંની નિર્ણયશક્તિ કુંઠિત થઈ જાય ત્યારે તે અસાધારણ સ્વસ્થતા દાખવી મુશ્કેલીનો તોડ કાઢી દેતો. આપત્તિના સમયમાં સમયસૂચકતા દાખવનારો સહજ જ લોકમાન્ય નેતા બની જતો હોય છે. આ દૃશ્ય જોતા જ મલિકે સૌપ્રથમ તલવારથી અજગરનું ડોકું ઉડાવી દીધું. લોહીનો ફુવારો છૂટ્યો. પેલા માણસના હાથને'ય સહેજ ઈજા પહોંચી. જોવાની વાત તો એ હતી કે ડોકું છુટું પડી ગયા છતાં નીચેનો ભરડો સહેજે ઢીલો ન પડ્યો. પેલો માણસ પણ બેહોશીમાં સરી ગયો..

આટલું થતામાં તો બધાંની સૂઝબૂઝ ઠેકાણે આવી ગઈ. બધાં કામધંધે લાગ્યા. અજગરના શરીરના વધુ ટુકડા કરી એ માણસને છોડાવવામાં આવ્યો. પણ તેનું આખું શરીર કાળું પડી ગયું હતું. રક્તપ્રવાહને અટકાવી દેનાર એ ભરડાએ નીચેના આખા શરીરને નકામું ઠેરવી દીધું હતું. કરોડરજ્જુના મણકાથી લઈ ઠેકઠેકાણે હાડકાઓ ભાંગી ગયા હતા, ભરડાની ભયંકર ભીંસને કારણે જ સ્તો. આ બધાંયને પ્રતાપે કાળી વેદના અને ભયાનક રીબામણ ભોગવતો-ભોગવતો, અંત સમયે સનેપાતમાં આવી એલ-ફેલ બબડતો એ માણસ કરુણ મૃત્યુને ભેટ્યો. જોનાર તમામ સાથીદારોને કમકમા આવી ગયા.

સહુ અંદરથી ધ્રૂજી ઉઠ્યા. વિનાયક પણ આવા ભયાનક મૃત્યુને દૂરથી જ નિહાળી છળી ગયો. જંગલ આવું ભયાનક પણ નીવડી શકે છે - તે કલ્પના'ય ન હતી. **આમ પણ કોઈ કલ્પના વાસ્તવિકતાને સ્પર્શે ત્યારે તે કલ્પનાને'ય આંટી જતી હોય છે. ખાસ કરીને દુઃખની - આપત્તિની કલ્પના !**

અણધારી ઘટનાઓ અને પછી તેની અસરો હેઠળ આખી રાત્રિ પસાર થઈ ગઈ. શ્રમ આંખના પોપચાંને ઢાળતો હતો. ભય આંખના પોપચાંને ઉઘાડતો હતો. આ યુદ્ધની અંદર મગજનો ખુડદો નીકળી ગયો.

બધાંની હાલત જોવા જેવી હતી. આમ તો બધાં ખડતલ હતા. એકાદ-બે ઉજાગરાને તો હસતાં-હસતાં વેઠી લે તેવા હતા. પણ, અહીં પરિસ્થિતિ જુદી હતી. ઉજાગરા ફરજિયાત નીરસ રીતે વેઠવા પડ્યા હતા.

જ્ઞાત ભયની સામે માનવ, જો સાહસિક હોય તો, સાહસ જગવી શકે. પણ, અજ્ઞાત ભય તો માનવીમાં અત્યંત માનસિક તાણ જન્માવે. દરેક માનવીઓ ત્યારે આવી જ અજ્ઞાત ભયની લાગણીથી પીડાઈ રહ્યા હતા.

આ જ તો છે માનવીના મનની કમાલ, સિંહ સામે લડવાનું આવી જ જાય તો ગમે તે રીતે માનવ - સાહસિક માણસ લડી લે, કદાચ જીતી પણ લે. પણ, જો સિંહ જેવો અજ્ઞાત ભય સાથે ઝળૂંબતો હોય તો અંતે માણસ થાકી જાય, કંટાળી જાય, હારી જાય. કોઈ પણ લાગણીનું તીવ્રતાથી સંવેદન માનવને થકાન મહેસૂસ કરાવે છે. ટી.વી. ઉપર કુણી લાગણીને ઉત્તેજિત કરતી સિરિયલો જોઈને, એટલે જ તો, મન થાકી જાય છે. મન માટે તે સ્થિતિ હિતાવહ નથી. પોતાના સાથીદારના મૃત શરીરનો સહુએ ભેગા મળી અગ્નિસંસ્કાર કરી નાંખ્યો હતો.

દરેકના મનમાં મલિક માટે અત્યારે અણગમાની લાગણી જન્મી હતી. મલિક આ વાત સમજતો હતો. તેને ખ્યાલમાં હતું કે કોઈ સબળ નેતૃત્વ મળી જાય તો આ બધાં મારી વિરુદ્ધ સંપી જાય. જો બીજા કોઈ ખાસ કામમાં આ લોકોને જોડવામાં નહીં આવે, આ લોકોને મજા આવે - તેવું કશું નહીં થાય તો આ લોકોનો મારા માટેનો અણગમો વધતો જશે. આવી નીરસ - ભયંકર જંગલયાત્રા કોને ગમે ?

બીજા દિવસનું પ્રભાત થાય તે પહેલાં જ પ્રયાણ થઈ ગયું. કારણ કે બધાં આ જગ્યાથી કંટાળી ગયા હતા. થાકી ગયા હતા, ભયભીત હતા... સવારોસવાર પ્રયાણ કરતા જંગલને ખૂંદતા તેઓ આગળ વધી રહ્યા હતા.

બધાનાં મગજ રાતની ઘટનાથી ક્ષુબ્ધ હતા. આ હાલતમાં તે જ થયું જે થવું જોઈતું હતું. અંધારું, જંગલની ગીચતા, કાદવકીચડ.. આ બધાંના પ્રતાપે દિશાભાન ન રહ્યું.. ઊંધી દિશામાં આખો કાફલો ચઢી ગયો. આખો દિવસ દડમજલ કરી, ગીચ જંગલથી કેડો છોડાવવા, પણ દિશા બદલાઈ ગઈ હતી. પરિણામે, જંગલનો અંત આવતો જ ન હતો.

હકીકતે જો દિશા સીધી હોય તો આ જંગલનો અંત ક્યારનો આવી જવો જોઈતો હતો. પરંતુ આ તો જંગલમાં વધુને વધુ ખૂંપવાનું થતું હતું. જંગલનો અંત દેખાતો જ ન હતો. મધ્યાહ્ન ભોજન એ જંગલમાં જ કરવાનું આવ્યું...

સંધ્યા આસપાસ આખી ભૂલ નજરમાં આવી... બધાં હેરાન થઈ ગયા. બીજી રાત આવી જંગલમાં વીતાવવાનો વિચાર જ બધાંને કંપાવી દેતો હતો.

પણ, બધાં નિરુપાય હતા. આખરે એ જ જંગલમાં બીજી રાત વીતાવવાની આવી. સવારે બરાબર દિશાનિર્ણય કરી આગળ વધવાનું નક્કી કરવામાં આવ્યું.

આખા દિવસના તડકાના પ્રતાપે જમીન સૂકી બની હતી. કાદવ-કીચડ ઓછો થયો હતો. પરિણામે પડાવ વ્યવસ્થિત નાંખી શકાયો.. આવી અનેકાનેક મુશ્કેલીઓ, આપત્તિઓ, આફતો... આવતી રહી, દરેકનું નિરાકરણ કરી એ લોકોની જંગલયાત્રા આગળ વધી રહી હતી. સમય ઘણો થઈ ગયો હતો.

ધીરે-ધીરે ગીચ જંગલ પતી ગયું. ખુલ્લો મેદાની પ્રદેશ હતો. તે પછી આગળ વધતાં-વધતાં બરાબર ત્યાં આ કાફલો આવી પહોંચ્યો જ્યાંથી વીણા એક જ દિવસની મુસાફરીના અંતરે હતું.

આ મુકામ આદિત્ય જે કસબામાં આવ્યો હતો તેની પાસેનું જ હતું. આદિત્ય જે સંધ્યાએ કસબામાં પ્રવેશ્યો તે જ સંધ્યાએ ત્યાં કાફલાએ પડાવ નાંખ્યો હતો. જંગલ મુસાફરીથી બધાં થાક્યા હતા. ઘણા બિમાર પડ્યા હતા.

ઝેરી જીવજંતુઓના પ્રતાપે ઘણાં સનેપાતયુક્ત તાવમાં પટકાયા હતા. બધાંની આગળ વધવાની હામ તૂટી ગઈ હતી.

એકાદ-બે દિવસ મલિકને રોકાઈ જવું જરૂરી લાગ્યું. કારણ કે તે જગ્યા ઘણી અનુકૂળ હતી. આજુબાજુનું વાતાવરણ એકંદરે ખુશનુમા હતું. પાણીનું ઝરણું પણ બાજુમાં હતું. ભોમિયાના કહેવા મુજબ એકાદ કસબો પણ આજુ-બાજુમાં હતો. જ્યાંથી દવાદારૂની વ્યવસ્થા થઈ શકે તેમ હતી. આમ, કસબાથી એકાદ માઈલ દૂર આ કાફલો પડાવ નાંખીને પડ્યો હતો.

વિનાયક-શુભેચ્છકની હાલત પણ ભયાનક હતી. તે બન્ને જણ આ કષ્ટદાયી મુસાફરીથી થાક્યા હતા. પકડાઈ જવાની બીકે તે લોકોએ ઘણી સુવિધાઓ છોડવી પડતી હતી. અર્થાત્ ઘણી બધી અગવડો વેઠવી પડતી હતી. આ તો વિનાયકની ઔષધિઓ કંઈક જોશ-જોમ આપી ટકાવી રાખતી હતી. આ નિરાશાપ્રેરક ચિત્રને બદલવા મલિકે વીણા પહોંચીને કરવાનું કાર્ય આ જંગલમાં જ કરી લેવાનું નક્કી કર્યું. એણે પોતાની જાળ બિછાવી દીધી, શેરખાન વગેરેને પકડવા. આમ તો એ બધાં ફસાયા જ હતા. એક નવી વ્યક્તિ સામે ચાલીને ફસાવા આવી રહી હતી, જેનું નામ આદિત્ય હતું.

✺



ભયાનક ષડયંત્ર

આમ તો મલિકના કાફલાનો પડાવ આદિત્યના કસબાની ઘણો નજીકમાં જ આવત. પણ, દિશાભાન ભૂલાઈ જવાને કારણે તેઓ મૂળ માર્ગથી થોડા ચલિત થઈ ગયા હતા. આથી એ કસબાથી એકાદ માઈલ દૂર તે લોકોનો પડાવ નંખાયો હતો. ત્યાં બે-ત્રણ દિવસ રોકાવાની તે લોકોની ગણતરી હતી.

એકાદ માઈલ આમ દૂર કહેવાય. પરંતુ ગાયો વગેરે ચરાવવા માટે આટલે દૂર જવું તે અહીંના લોકો માટે સામાન્ય વાત હતી. મુસીબતના સમય માટે નજીકની ગોચરભૂમિ બચાવી રાખવાની શિસ્ત દરેક જણ પાળતું.

જંગલી પશુઓનો ઉપદ્રવ આ બાજુ ઓછો હતો. છતાં તેનાથી સાવધ અને સલામત રહેવાની દરેક તરકીબો આ લોકો અજમાવતા. તરકીબો પણ અજબ-ગજબની રહેતી. અહીંની ભેંસો, ગાયો પણ જંગલી પશુને ભારી પડતા. એવા દાખલા પણ બનેલા. સૂર્યનું પ્રથમ કિરણ આવી પહોંચે તે પહેલા આદિત્ય જાગી ગયો હતો. છતાં વિલંબ ઘણો થયો હતો. આદિત્ય માટે વહેલું ઊઠી જવું સહજ હતું. પરંતુ **સૂતા સમયે આદિત્યના મનની બધી આકાંક્ષાઓ - ઈચ્છાઓ પળભર જાણે વિલીન થઈ ગયેલી. આ અવસ્થામાં નિશ્ચિંત થયેલો માનવી મીઠી ઊંઘને માણી લે તેમાં નવાઈ નહીં.**

સવારોસવાર ઉઠી આદિત્ય પ્રાતઃકર્મ આટોપવા લાગ્યો. બહાર ખુલ્લામાં

ઝરણામાં સ્નાન કરી કપડાં થપ-થપાવીને ચોક્ખા કરી ઝાડ ઉપર સૂકવવા નાંખી દીધાં તે પળભર ઝરણાની બેફિકરાઈ જોતો રહ્યો. બાજુમાં એક નાનકડી ટેકરી જેવો ચઢાણ-ઊંચાણવાળો ભાગ હતો. તે ત્યાં ચડી ગયો. આજુબાજુની જમીન નીચાણવાળી હતી. પરિણામે, આ ટેકરી ઉપરથી જંગલનું જે સુંદર દૃશ્ય નજરે ચડતું હતું તે વર્ષો સુધી યાદ રહી જાય તેવું હતું. સૂર્યના મૃદુ તડકામાં સ્નાન કરતું - લીલીછમ વનરાજીથી શોભતું વન આદિત્ય કેટલાય સમય સુધી નીરખી રહ્યો. તેની નજર ઝીણવટથી ફરી રહી હતી.

અચાનક દૂર-દૂર કોઈ પડાવ નંખાયો હોય તેવું તેની નજરમાં આવ્યું. તેણે ફરી-ફરીને ધ્યાનથી જોયું.. વાતાવરણમાં ધુમ્મસ હતું નહીં. મુકામ માટે મલિકના કાફલાએ ચારેબાજુના વૃક્ષો-વનરાજીને સાફ કરી નાંખી હતી. જમીન ચોક્ખી કરી હતી. પરિણામે, મલિકના તંબૂઓના કલર દૂરથી જ નજરે ચઢી જતા હતા. આદિત્ય પણ ઓળખી ગયો કે આ પડાવ મલિકનો જ હોવો જોઈએ. આવા જંગલમાં બીજું તો કોણ ભૂલું પડવાનું હતું ભલા ?

મલિકનો પડાવ દૃષ્ટિગોચર થતાં જ આદિત્યમાં ઉત્સાહ આવી ગયો. વિનાયક એ પડાવની આસપાસ જ ક્યાંક હોવાનો ને ! રોમાંચ થઈ આવ્યો તેને. હવે જે કરવાનું હતું તે જલદી કરવાનું હતું.

મલિકનો પડાવ ઉપડે તે પહેલાં વિનાયકને ખોળી એક એવી યોજના બનાવવાની હતી કે મલિક આ ભૂમિમાં જ તળ રહી જાય. કોઈ યોજના સ્પષ્ટ પણે વિચારી ન હોવા છતાં તે આત્મવિશ્વાસથી છલકાતો હતો.

આદિત્ય ટેકરી ઉપરથી ઊતર્યો. સૂકાઈ જવા આવેલા કપડા પહેર્યા અને કસબા તરફ આવવા નીકળ્યો. તે પડાવની દિશા બરાબર ધ્યાનમાં રાખીને આવ્યો હતો. અંતર પણ તેણે ધાર્યું હતું તે મુજબ - અડધા ગાઉથી વધુ ન હતું. કસબામાં આવ્યો ત્યારે તે એકદમ સ્ફૂર્તિમાં અને પ્રસન્ન હતો. સૂરજ થોડો-ઘણો ઉપર ચઢી ગયો હતો. શિરામણ તૈયાર હતું - તાજા દૂધનું.

આદિત્યે મુખીને વાત કરી કે પડાવ નજીકમાં જ નંખાયો છે. હું ત્યાં પહોંચી જઈશ. મુખીએ સાથે બે માણસ મોકલવાની વાત કરી. પણ, આદિત્યે એ વાતને સાદર ટાળી. તેણે તો ગુપ્ત રીતે જવાનું હતું. તેમાં બે માણસ

ક્યાંથી ભળે ? મુખીને કહ્યું કે - 'પડાવમાં કંઈ પણ મુશ્કેલી પડી તો આ કસબો ક્યાં દૂર છે ? અહીં પહોંચી આવીશ. પણ, અત્યારે તો હું એકલો જાઉં તે જ બરાબર છે.' મુખી માની ગયો. આદિત્ય પોતાની સાથે થોડા મીઠાઈના ટુકડા બાંધી લાવ્યો હતો તે તેણે ત્યાંના બાળકોમાં વહેંચી દીધાં.

બધાં ખુશ-ખુશ થઈ ગયા. એક રાત માટે આવેલા મુસાફરને જતો સહુ પ્રેમથી જોઈ રહ્યા. આદિત્ય પોતાના અશ્વ ઉપર સવાર થઈ ગયો, મુખી ભાથું બંધાવવાનું ભૂલ્યા ન હતા. અજાણ્યા માટે આટલી લાગણી બતાવવા બદલ આભાર માની આદિત્ય પડાવની નજીક આગળ વધવા લાગ્યો.

આ જોમભર્યા સ્ફૂર્તિલા યુવાનને ક્યાં ખબર હતી કે ત્યાં આપત્તિ તેનું સ્વાગત કરવા તૈયાર થઈ રહી છે. એક ભયાનક મુશ્કેલી તેના ઉપર ત્રાટકવાની હતી. **કાળની આ જ તો ખાસિયત છે. પળ પછીના દુઃખને તે સહેજે કળાવા દેતો નથી. અપેક્ષાએ સારી વાત છે. એટલે તો માણસ ક્યારેક આનંદિત થઈ શકે છે. બાકી આવનારી આપત્તિઓની આગોતરી જાણકારી તત્કાલીન આનંદથી પણ માણસને વંચિત રાખી દે !!! ખરેખર માનવ સ્વભાવનો તાગ મેળવવો બહુ મુશ્કેલ કાર્ય છે.**

કસબાની બાજુમાં મલિકે બે-ત્રણ દિવસનો પડાવ નક્કી કર્યો તેનો આગલો દિવસ. મલિકના માણસોની હામ તૂટી રહી હતી. તેઓ સાહસિક-વૃત્તિવાળા હતા. એકધારું કશા પણ કારણ વિના સહન કર્યે રાખવાનું મુશ્કેલ હતું તેમના માટે. કોઈકને પડકારવાના હોય, લડાઈ ખેલવાની હોય..

આ બધામાં તેઓ પાવરધા હતા. પણ કો'ક ઉદ્દેશ માટે એકધારી તપસ્યા કરવાનું તેઓના સ્વભાવમાં ન હતું. મૂળ સ્વભાવ જ તેઓનો અધીરાઈનો.

આક્રમક માણસો માટે કહેવાય છે કે જીતે ત્યારે તેમના જેવા પરાક્રમી કોઈ નહીં. ઝનૂને એવા ચઢે કે જીવ સટોસટના ખેલ પાડી દે. પણ, હારે ત્યારે તેમના જેવા કાયર પણ કોઈ નહીં. બધું જ છોડીને હાલી નીકળે. પરાક્રમી તો એ છે કે હારતા'ય જેમનું અપૂર્વ શૂરાતન પ્રગટે, જીતતા નમ્રતા આવતી જાય, દૃઢતા આવતી જાય, ઉદારતા આવતી જાય. ટૂંકમાં, મલિક સમજી ગયો હતો કે સાથેના માણસોની હાલત ભયાનક છે. માનસિક રીતે

મલિક ઉપર જે અપેક્ષિત ભાવ હોવો જોઈએ તે તૂટી રહ્યો છે. જ્યારે આ ભાવ તૂટી જાય છે ત્યારે કોઈ પણ મહાન નેતા ફૂટી કોડીનો મનુષ્ય બની રહે છે, જો લોકોથી તે નેતા બન્યો હોય, પોતાના આંતર વૈભવથી નહીં તો. એટલે જ મલિકે પોતાની રમત શરૂ કરવાનું નક્કી કરી દીધું. તેની સામાન્ય ગણતરી મુજબ વીણા પહોંચ્યા પછી, પોતે જે સમાચારની અત્યંત ઉત્કંઠાથી રાહ જોઈ રહ્યો છે તે મળી ગયા બાદ, આ આખી રમત રમવાની હતી.

દોશી આણંદજી શેઠના બધાં માણસોને એક ઝાટકે હાથ કરી શેઠને પાંગળા બનાવી દેવાના હતા. પોતે દસેક દિવસ મોડો હતો. એટલે તેને વિશ્વાસ હતો કે પોતે ચીંધેલું કાર્ય જરૂર થઈ જ ગયું હશે.

પરિણામે હવે પોતની રમત રમવામાં વાંધો ન હતો. જંગલમાં પોતાને બાદશાહના નામે કે બીજી કોઈ રીતે મદદ મળવાની ન હતી. છતાં તેણે નક્કી કર્યું કે - રમત રમી જ નાંખવી. તો જ પોતાના સૈનિકોનો ઉત્સાહ ટકશે. આવતીકાલે એવું સ્થાન મળવાની શક્યતા હતી કે જ્યાં બે-ચાર દિવસનો વિશ્રામ કરી શકાય - એવું ભોમિયા પાસે તેણે જાણ્યું હતું. માટે, રમત શરૂ કરવાનું શ્રેષ્ઠ મુહૂર્ત્ત આજે જ હતું.

મધ્યાહ્નનો સમય હતો. મલિક અને શેરખાન સાથે ભોજન કરી પોતાના તંબૂની બહાર આંટા મારી રહ્યા હતા. આ ક્રમ રોજીંદો હતો. થોડી જ વારમાં પડાવ ઉપાડી નવા મુકામે આગળ વધવાનું હતું.

શેરખાનને મલિકે કહ્યું - 'શેરખાન ! યાદ છે તને ? તેં જ્યારે મારો જાન બચાવ્યો ત્યારે મેં તને શું કહ્યું હતું ?'

'શું આપ એ કાળરાત્રિની વાત કરી રહ્યા છો કે જ્યારે આપણે જંગલી પશુની પાછળ પડ્યા હતા ?'

'બિલકુલ ! એ જ સમયની વાત કરી રહ્યો છું. રાની પશુથી બચી આપણે પાછા ફરી રહ્યા હતા. ત્યારની વાત કરું છું...' યાદ હોવા છતાં, એ વાત પૂરી ન થઈ તેનો વસવસો હાડોહાડ હોવા છતાં અને તે વિચારવા રાતોની રાત પસાર કરી હોવા છતાં તે બોલી ગયો - 'રાની પશુથી છૂટકારો મેળવ્યા પછી તરત જ સેનાપતિજી મળ્યા. તે પછી તો કાળી વેદના ! કંઈક વાત થઈ હોય તો'ય ભૂલાવી દે તેવી વેદના સહી હતી એ રાત્રિમાં...'

'વાત સાચી છે, મારી ઘણા વખતથી તને એ વાત કરવાની ઈચ્છા હતી. કદાચ એ વાત તને ત્યારે જ કરી દેત, પણ પછી તો ગુલામીની વ્યથા..

ત્યાર પછી કશી વાત ન થઈ. સાચું કહું તો હું હજું અવઢવમાં જ છું. બે વાતમાંથી કઈ વાત માનવી તે મને સમજાતું નથી ?'

'કેમ ? કંઈ વાત છે તે ?' - પૂછતા તો પૂછ્યું, પણ શેરખાનનું હૃદય ધડકી ઊઠ્યું.

'તારા માટેની જ વાત છે, તારી નિષ્ઠાની જ વાત છે ! તારા જ એક માણસ પાસેથી જાણેલી વાત ઉપરથી તારી નિષ્ઠા માટે પ્રશ્નાર્થ ખડો થાય છે.'

'આપને શંકા છે - તે યોગ્ય જ હશે. આપના સ્થાને રહેલી કોઈ પણ વ્યક્તિ માટે કોઈના પણ ઉપર સદંતર વિશ્વાસ મૂકી દેવો તે બરાબર નથી. પરંતુ આ સેવક માટે કયા બાબતે આપને સંદેહ જાગ્યો તે જણાવશો તો તેમાં રહેલી ખૂટતી વિગતો પૂરી આપના સંદેહને હું નિશ્ચયમાં ફેરવી આપીશ..'

પળભર શેરખાનને થઈ આવ્યું કે આ ઉંદર-બિલાડીની રમત તો નથી રમી રહ્યો ને ?

'તેં દોશી આણંદજી શેઠના ચરણે જીવન સર્વસ્વ આપી દીધું છે ? - તે વાત સાચી છે ?'

'અવશ્ય સાચી છે.''શું ?' 'હા સાહેબ ! હું આપને પહેલી મુલાકાતમાં જ કહી ચૂક્યો છું કે મેં શેઠને જીવન સર્વસ્વ આપી દીધું હતું.. પણ, તે ફક્ત મારી યોજનાને અંતિમ લક્ષ્ય સુધી પહોંચાડવા માટે જ.. બાકી મારું આપની સાથે આવવાનું પ્રયોજન શું હોય ?'

'તારી વાત સાચી છે. પણ, તારા પહેલા ત્યાંથી ભાગી છૂટેલા તારા જ માણસે મને જે વાત કરી તે મુજબ તારું સર્વસ્વસમર્પણ સાચું હતું...'

'સાચું જ હતું સાહેબ ! સાથે આ વાત પણ એટલી જ સાચી છે કે આદિત્યનું ખૂન કરી હું આપની સામે ઊભો છું.'

'આદિત્યનું ખૂન થયાની સાબિતી શું ?'

'સાહેબ ! આવી વાતની સાબિતી શું હોય ? વીણા પહોંચીને ખુદ-

બખુદ તપાસ કરી લેજો' - શેરખાનની વાતમાંથી રણકાર સંભળાતો હતો. આમે'ય હજુ સુધી તો ખોટું કહી શકાય તેવું તે બોલ્યો ન હતો...

'તેં મને આ વાત પહેલાં કરેલી જ હતી, તેથી જ અવઢવમાં મૂકાયો હતો. પણ, આજે મને નિશ્ચય થઈ ગયો.' 'શું ?' - શેરખાનનું હૈયું ધબકાર ચૂકી ગયું.. ત્યાં જ પ્રયાણઘોષ સંભળાયો. બધાં તૈયાર થઈ ગયા હતા.

મલિકે કહ્યું - 'ચાલ ! પહેલા તૈયાર થઈ જા. આગલા મુકામે અજવાળે-અજવાળે પહોંચી જવું છે. રસ્તામાં આગળની વાત કરીશું...'

દરેક વખતે એ વાતને દોરાવાર છેટું રહી જતું હતું, જેને જાણવાની અનહદ જિજ્ઞાસા હતી શેરખાનને ! શેરખાન પ્રવાસમાં તરત જ મલિકની સાથે જોડાયો - મલિકનો નિશ્ચય જાણવા તે આતુર હતો.

તેને લાગ્યું કે - તેની જીંદગી કાચા સૂતરના તાંતણે લટકી રહી છે.

પ્રવાસ આગળ વધતાં મલિકે જ વાત કરી - 'આજે મધ્યાહ્નના ખાણા વખતે મેં જોયું કે મેં જમવાનું શરૂ ન હતું કર્યું ત્યાં સુધી તે પણ ન હતું કર્યું. તારી પરીક્ષા કરવા મેં બધું જ પીરસાઈ ગયા પછી થોડો સમય એમ જ જવા દીધો. પણ, તે અન્નને હાથ સુદ્ધાં ન લગાડ્યો. મેં જમવાની શરૂઆત કરી તે પછી જ તેં શરૂઆત કરી. જેની મારા માટેની આવી નિષ્ઠા હોય તેના માટે મને શંકા કરવી વ્યાજબી ન લાગી.

એટલે મને નિશ્ચય થઈ ગયો કે તું મને વફાદાર જ છે. બાકી એ ઘોર અંધારી રાતે મારો પ્રાણ બચાવવા જંગલમાં આવવાની તારે શી જરૂરત ? પ્રાણ મુઠ્ઠીમાં લઈને તેં મને બચાવ્યો. શેરખાન હું તારો અહેસાનમંદ છું.'

શેરખાને છૂટકારાનો શ્વાસ લીધો, 'એટલે જ તને મારે આજે એક અંગત વાત કહેવી છે. આ વાત કહેવા પાછળનું મારું ખાસ પ્રયોજન પણ છે. તથા મારી યોજના અંગે મારે તારો અભિપ્રાય પણ લેવો છે' - મલિક એક શ્વાસે આટલું બોલી અટક્યો.

શેરખાને વિવેક કર્યો - 'આપની કૃપાદૃષ્ટિ મારા ઉપર રહે તે જ મારા માટે સર્વસ્વ છે. આપને કશાંક ઉપયોગમાં હું આવી શકું તો તે મારું સૌભાગ્ય !'

મલિકે વાત લંબાવી - ''શેરખાન ! અત્યારે હું એક જબ્બરજસ્ત રમત

ખેલી રહ્યો છું. આ રમતમાં મેં બુદ્ધિના બેતાજ બાદશાહ કહેવાતા મહાજનોને પરાસ્ત કર્યા છે. તું જાણે જ છે કે કપડવંજના દોશી આણંદજી શેઠે એક બાદશાહ કરતાં ય વિશેષ માન પોતાના ગુરુને આપ્યું.. આ બાદશાહનું સરાસર અપમાન હતું. અને સંપત્તિનો બેફામ દેખાડો હતો. મારું મન કડવાશથી ભરાઈ ગયું. મેં બાદશાહને સમાચાર આપ્યા. તે જ અરસામાં બાદશાહના મહેલમાં આવી નગરશેઠના - એ મહાજનોના જ માણસે આવી તબાહી મચાવી. બાદશાહનું મન આ ઘટનાથી અને મારી વાતથી વ્યથિત થઈ ઊઠ્યું....

તેમને પણ લાગ્યું કે આ વાણિયાઓ બહુ વંઠી ગયા છે. તેમને સબક શીખવવો પડશે. રાજ્યાસનનું અને બાદશાહનું સ્થાન શું છે ? - તે બતાવવું પડશે. પણ, મહાજનોનું પ્રજા ઉપરનું પ્રભુત્વ-વર્ચસ્વ જોતા તે થોડા મૂંઝવણમાં હતા, ત્યારે મેં તેમને કહ્યું - 'જે ગુરુને તેઓ બાદશાહથી પણ વધુ માન આપે છે તેમને કેદ કરી એક વાર તેમને તેમનું સ્થાન બતાવી આપવું જોઈએ. પછી તે લોકોની બધી સંપત્તિ જપ્ત કરી તે લોકોની શક્તિ તોડી નાંખવી !' આચાર્ય મહારાજને પકડવા બાદશાહ સંમત થયા.

પરંતુ, ગુપ્તતા છેક સુધી જળવાવી જરૂરી હતી. કપડવંજના શેઠ અને અમદાવાદના નગરશેઠ બન્નેની આંખો એટલી પાવરધી હતી કે રાજ્યભરમાં બનતી ઘટનાઓ તે ઘડીકમાં જાણી લેતા. પરિણામે, મેં એક યોજના ઘડી.

આચાર્ય મહારાજને પકડવા હું નીકળવાનો છું - તે વાત મહાજન ગમે તે રીતે જાણી લેશે - તે મને ખબર હતી. કારણ કે મહેલમાં ખુલ્લંખુલ્લા આ અંગે વાત થઈ હતી. આચાર્ય મહારાજને પકડવા જનાર હું જ હોઉં - તે વાતનો પણ એ લોકોને ગળા સુધી વિશ્વાસ હતો. અને હોવો જ જોઈએ, કારણ કે આ બધી ઘટનાઓ મારા લીધે જ તો બનતી હતી.

મારા જેવો આ કામ કરવા સક્ષમ બીજો હતો પણ કોણ ? બસ, એ લોકોની આ ધારણાના આધારે જ તેમને થાપ આપવાનું મેં નક્કી કરી દીધું'' - મલિક ઘડીભર થાક ખાવા થોભ્યો.

શેરખાનના મુખ ઉપરના ભાવોને મલિક બરાબર નીરખી રહ્યો હતો. શેરખાન પૂરેપૂરો તલ્લીન થઈ રહ્યો હતો. જેની તેને ભરપૂર ઈંતેજારી હતી

તે વાત ખુલ્લી પડી રહી હતી. એટલે તકલીનતા સહજ હતી.

પરિણામે પોતાના મોઢા ઉપર શું ફેરફાર થઈ રહ્યા છે ? તેની કશી જાણકારી તેને ન હતી. આમે'ય શેરખાન સૈનિકનો જીવ હતો. સાહસ તેનો પ્રાણ હતો. બુદ્ધિની લડાઈ તેનો વિષય ન હતી.

પ્રવાસ આગળ વધી રહ્યો હતો. બન્નેના અશ્વો કેળવાયેલા હતા. વગર દોરવણીએ તે નિયત ઝડપે કાફલાની વચ્ચોવચ્ચ ગતિ કરી રહ્યા હતા. મલિકે વાત આગળ ચલાવી - 'હું આચાર્ય મહારાજને પકડવા જઈ રહ્યો છું - એવો જ દેખાવ મેં ચાલુ રાખ્યો. ભરપૂર તૈયારીઓ કરી, ઝડપ પણ રાખી, જેથી મારી ઉપર નજર રાખનારાઓને ઝાઝો વિચાર કરવાનો સમય ન મળે. કુહાથી અચાનક જંગલ રસ્તો લેવા પાછળ મારો આ જ આશય હતો. જંગલના નુકસાનોથી હું વાકેફ હતો. ઝડપથી આચાર્ય મહારાજને પકડી લેવા જંગલ રસ્તો લેવાનો ફક્ત દેખાવ હતો. અસલમાં મારો આશય એ હતો કે મારી પાછળ જેને જેને પણ રવાના કરવામાં આવ્યા હોય તે બધાં કાં મારાથી વિખૂટા પડી જાય અથવા તો પોતાના માલિકથી વિખૂટા પડી જાય.

મારી ધારણા મુજબ તે લોકો મારો પીછો ન જ છોડે. કારણ કે આચાર્ય મહારાજને પકડવા હું નીકળ્યો છું. પરિણામે મને એક પળ પણ નજર બહાર કરવાનું તે લોકો પસંદ ન કરે. હું જંગલપ્રવેશ કરું એટલે એ લોકો મારી પાછળ-પાછળ જંગલપ્રવેશ કરે. પરિણામે દુનિયા આખીથી તે વિખૂટા પડી જાય. પોતાના માલિકને કશો સંદેશો ન પહોંચાડી શકે. બીજી બાજુ આચાર્ય મહારાજ સલામત દેખાય. પરિણામે બધાંનું ધ્યાન મારા ઉપર કેન્દ્રિત થાય.

મને શોધવા મથામણો થાય. પણ, જંગલમાં ઉતરી ગયેલા એવા મારી ભાળ શી રીતે મળે ? હું આચાર્ય મહારાજની નજીક સરકતો હોઉં તો તે લોકો આચાર્ય મહારાજની આજુબાજુની વ્યવસ્થા રક્ષણાત્મક ગોઠવી દે.

પરંતુ, હું આટલો દૂર હોઉં એટલે સહજ છે કે એવી જડબેસલાક રક્ષણવ્યવસ્થા ગોઠવવાની તેઓને જરૂરત ન લાગે. મારી આજુબાજુ જ તે લોકોના માણસોનો ભરાવો થતો રહે. મને પાકો વિશ્વાસ છે કે એમ જ થયું હશે. એમાં પણ અણધાર્યા ૧૦ દિવસનું રોકાણ થઈ જતા તો જરૂર મારી

આજુબાજુ મજબૂત જાળ બીછાવાઈ ગઈ હશે. પણ, આખરે તો બધાં હાથ ઘસતા જ રહી જવાના છે..'

શેરખાનના શ્વાસોશ્વાસ તેજ થઈ રહ્યા હતા. તેનો જીવ અધ્ધર થઈ ગયો હતો. અધ્ધર જીવે અને અધ્ધર શ્વાસે તેણે આગળની વાત સાંભળી.

'મારી મૂળભૂત યોજના મેં એવી બનાવી હતી કે જેનાથી કોઈને ગંધ સુદ્ધાં ન આવે અને આચાર્ય મહારાજ હાથમાં આવી જાય. મારી યોજના અનુસાર મેં આચાર્ય મહારાજને પકડવા ચાર જાંબાઝ સૈનિકો ચૂંટ્યા હતા.

તે લોકોએ આચાર્ય મહારાજને રસ્તામાં જ પકડી લેવાના હતા. મને મળેલા સમાચાર મુજબ આચાર્ય મહારાજ ખંભાત જવા નીકળ્યા હતા.

કોઈને ગંધ ન આવે તે માટે એ ચારે'ય કાબેલ સૈનિકોને મેં અમદાવાદથી ખંભાતના રસ્તે રવાના કર્યા. હું અમદાવાદથી કપડવંજના રસ્તે આવ્યો. કોઈને ખ્યાલ સુદ્ધાં પણ ન આવ્યો કે આચાર્ય મહારાજને પકડવા મલિક નહીં પણ કોઈ બીજું જ રવાના થઈ ગયું છે.

મેં તે લોકોને સ્પષ્ટ કહ્યું હતું કે મારી બીજી સૂચના ન મળે તો આચાર્ય મહારાજને પકડી લેજો. જો શક્ય હોય તો થોડી વાર રાહ જોવી, હું અંતિમ સંદેશો મોકલીશ. પણ જોગ-સંજોગે મારો સંદેશો ન મળે તો ગમે તેમ ખંભાતપ્રવેશ પહેલા આચાર્ય મહારાજને પકડી જેલમાં પૂરી જ દેવા..

મને વિશ્વાસ છે કે મારી યોજના સફળ થઈ જ ચૂકી હશે. એ ચારે'ય સૈનિકો પોતાનું કામ પૂરું કરવામાં એટલાં તો બાહોશ છે કે તે લોકો સફળ જ થાય. આજે એ વાતને ઘણાં દિવસો વીતી ગયા છે. માટે, સ્પષ્ટ છે કે આચાર્ય મહારાજ પકડાઈ જ ગયા હશે. બાદશાહી પરવાનો પણ તે લોકોને મેં આપી રાખ્યો છે. ખંભાતના સૂબા સાથે કઈ રીતે વાતચીત કરી આગળ શું કરવું ? - તે બધું'ય મેં તેમને સમજાવી દીધું છે...' મલિક વાત આગળ ચલાવત. પરંતુ, શેરખાનના મોઢાનો વર્ણ જોઈ તેણે વાત આટોપી લીધી.

આખા શરીરનું લોહી ચૂસાઈ ગયું હોય તેમ તેનો ચહેરો ધોળો પૂણી જેવો થઈ ગયો હતો. મગજ કામ કરતું બંધ થઈ ગયું હતું. પોતે જેના માટે આટ-આટલી મહેનત ખેડી તે બધી વ્યર્થપ્રાયઃ લાગી. આચાર્ય મહારાજ

પકડાઈ ગયાના સમાચારે જ તે હબક ખાઈ ગયો. આવી તો કોઈ ગંધસુદ્ધાં તેને ન આવેલી. મલિકે જબરી પછડાટ આપી હતી. યોજના 'ફૂલપ્રૂફ' હતી.

તેની સફળતા અંગે ખુદ શેરખાનને'ય શંકા ઉપજતી ન હતી. તે અકળાઈ ગયો. મૂંઝાઈ ગયો. રોમ-રોમમાં આગ લાગી ગઈ હોય તેવું તેને લાગતું હતું. આટ-આટલી મહેનત શું આવી જ રીતે રોળાઈ જવાની હશે ? મગજમાં કોઈ મણના ઘા મારતું હોય તેવી વેદના ઉઠતી હતી.

વિનાયક-શેઠ-આદિત્ય... કોઈને આ યોજનાની જાણ ન થઈ. બધાંએ મલિકને પછડાટ આપવાના, શિકસ્ત આપવાના વિચારો કર્યા. પણ મલિક પાછલા બારણેથી બધાં'યને શિકસ્ત આપી ગયો. નિષ્ફળતાના વિચારોએ તેની બુદ્ધિને બહેરી કરી નાંખી..

'કેમ ? શું થયું ? શા વિચારમાં ચડી ગયા જનાબ ?' મલિકના અવાજે તેની તંદ્રા ઊડી. તે ભોંઠપ અનુભવવા લાગ્યો. મલિકની વાતમાંથી પોતે ક્યાંય વિચારોમાં ચડી ગયો હતો. ભોંઠપ છૂપાવવાનો - પોતાની હતાશા છૂપાવવાનો વ્યર્થ પ્રયત્ન કરતા તે બોલ્યો - 'ના સાહેબ ! થયું તો કશું નથી. પણ, આપની બુદ્ધિ ઉપર ખરેખર માન ઉપજે છે. હું તો હજુ સુધી ખરાખરીનો જંગ ખેલવાના જ સ્વપ્ન જોઈ રહ્યો હતો. ઘણું'ય વિચાર્યું હતું. આપણે આચાર્ય મહારાજને પકડવા જઈશું. શેઠનો પ્રતીકાર થશે. સામા આપણે'ય રણમેદાને પડીશું.. પણ, આપે તો ગજબ કરી, બુદ્ધિના બાદશાહોને છક્કા છોડાવી દીધા. પાછલા બારણેથી મેદાન મારી દીધું.. કમાલ કરી આપે !'

પડાવ આવી ગયો. શેરખાનને ચેન નથી. ક્યાંય તેનું ચિત્ત ચોંટતું નથી. શું આચાર્ય મહારાજ અત્યારે જેલમાં હશે ? દોશી આણંદજી શેઠને આ સમાચાર મળશે ત્યારે શેઠની હાલત શું થશે ? અરેરે ! કેવી ભયાનક હાલત થઈ ગઈ છે ! આ યોજનાના સમાચાર શેઠને પહોંચાડવા પણ શી રીતે ? તેને વિનાયક યાદ આવી ગયો. વિનાયકને વાત કરવાનું તેણે નક્કી કર્યું.

✺



જુવાળ

૫૯

મલિકની સાજિશ

શેરખાનની હાલત ખરેખર ખરાબ થઈ ગઈ હતી. શેઠ સાથે વાત થઈ ત્યારે તે પોતાના પ્રથમ મિશન ઉપર જવા ખુશખુશાલ થઈને નીકળ્યો હતો. શેઠની યોજના તેને એકદમ બરાબર લાગી હતી. શેઠની યોજનાની મહત્ત્વની કડી મલિકનો વિશ્વાસ જીતવો - તે પણ પોતે (= શેરખાન) કરી શક્યો હતો. છતાં મલિકની યોજના સામે બધું જ ફોગટ ઠર્યું હતું.

યોજનાની સામે આવી પ્રતિયોજના પણ હોઈ શકે, આવી અણધારી પરિસ્થિતિ પણ સર્જાઈ શકે - તે કલ્પવાની - તેની સામે ટક્કર ઝીલવાની તેની કોઈ માનસિક તૈયારી હતી નહીં. મલિક આટલી સહેલાઈથી આચાર્ય મહારાજને પકડી પાડશે - તે તો કેમ કરીને વિચારી શકાય ? તેને સંભવિત જ ન હતું લાગતું કે આચાર્ય મહારાજ જેલમાં હોઈ શકે. પણ, આચાર્ય મહારાજ મલિકની યોજના મુજબ જેલમાં જ હોવા જોઈએ. મલિકની યોજના એટલી જબ્બરજસ્ત હતી કે શેરખાન અકળાઈ ગયો. કેમે કરીને તેને ચેન પડતું ન હતું.

પડાવે પહોંચ્યા પછી બધું અન્યમનસ્કપણે જ તે કરી રહ્યો હતો. શેઠને પહોંચનારા આઘાતની પણ તે કલ્પના કરી શકતો હતો. ક્યારેક ગુસ્સો ચડી આવતો હતો કે મલિકને હમણાં જ યુદ્ધ માટે લલકારું અને તેને પરાસ્ત કરી દઉં. પણ, તેમ કરવામાં સંભવી શકતા અનર્થોથી તે માહિતગાર હતો.

એક વાર વિનાયક સાથે વાત કરી લેવી હતી. જો ખરેખર મલિક પોતાની યોજનામાં સફળ થયો હોય તો મલિકને આ જંગલમાંથી બહાર જવા દેવાય જ નહીં. તેને જંગલમાં જ ગાયબ કરી દેવો રહ્યો ! આચાર્ય મહારાજ જો જેલમાં હોય તો જંગલ સિવાય મલિક માટે બીજું કોઈ સ્થાન હોઈ શકે નહીં. શેરખાને મનોમન ગાંઠ વાળી દીધી.

શેરખાનની ગણતરી તુરંત જ વિનાયકને મળવાની હતી. પણ, અત્યારે તો તે શક્ય ન હતું... 'કદાચ કોઈ કારણસંજોગે મલિકના માણસો આચાર્ય મહારાજને પકડવા સમર્થ ન થયા હોય તો શું પગલા લેવા ? કદાચ પકડાઈ ગયા હોય તો'ય ત્વરિત કયા પગલા લેવા ? - તે માટે આ યોજનાની જાણ શેઠને કરવી અત્યંત જરૂરી હતી. ગમે તેમ આ જંગલ ભેદીને'ય કપડવંજ પહોંચવું રહ્યું' - આ બધી વિચારણાથી'ય વિનાયકને મળવાની તેને તાલાવેલી લાગી હતી. પણ, આ રાત ગમે તેમ વીતાવ્યે જ છૂટકો. સવારે રોજના મુકરર સમયે વાયવ્ય દિશાના વૃક્ષ પાસે જ વિનાયકને મળવાનું મુનાસિબ માન્યું. જાત-જાતના દુઃસ્વપ્નોના ઓથાર હેઠળ આખી રાત પસાર થઈ.

કલ્પના અને સપના વચ્ચે બહુ નાજુક ભેદરેખા છે. અને બહુ ગાઢ સંબંધ છે. સવારના સમયે પ્રાતઃકર્મ આટોપવા માટે છાવણીના તમામ માણસો અલગ-અલગ દિશામાં જતા. સ્નાનાદિ બધું પતાવી જ પરત ફરતા. આખી રાત વિચારોના ઘમસાણમાં શેરખાનને ઠીકસરની ઊંઘ આવી જ ન હતી. પાછલી રાતે તે ઊંઘ્યો. પરિણામે સવારે ઊઠવામાં મોડું થયું. ઊઠ્યો ત્યારે સૂર્યોના કિરણો ધરતીને પ્રકાશિત કરી રહ્યા હતા. ઝટ-પટ ઊઠ્યો. જંગલ તરફ નીકળી પડ્યો.

આ એ જ પડાવ હતો જે આદિત્યના કસબાથી એક માઈલ દૂર હતો. આ એ જ સમય હતો જ્યારે આદિત્ય દૂરથી આ પડાવને નીરખી રહ્યો હતો. શેરખાન પોતાની ચિંતામાં હતો. વાયવ્ય દિશામાં ૧૦૦ ડગલાના અંતરે રહેલા સૌથી વિશાળ વૃક્ષને શોધી તે તેની આજુબાજુ ભટકવા લાગ્યો.

આમ તો વિનાયકનો આવવાનો સમય ક્યારનો થઈ ગયો હતો. પરંતુ વિનાયક ક્યાંય દેખાતો ન હતો. વિનાયકને તો ગંધ પણ ન હતી કે શેરખાનને

કંઈક તુરંતનું કામ આવી પડ્યું હશે. થોડો સમય આંટા માર્યા પછી શેરખાનને યાદ આવ્યું કે આજે પોતાને મોડું થઈ ગયું છે. શિરામણનો સમય થઈ ગયો છે. સમયસર નહીં પહોંચે તો મલિકને શંકા પડશે. એક એ વાતે પણ તેને ક્ષોભ થઈ આવ્યો કે મલિકે પોતાની યોજનાની વાત કરી પછી તેણે મલિક સાથે ઢંગસર વાતસુદ્ધાં પણ ન હતી કરી. મલિક શું વિચારતો હશે ?

જો મલિકને શંકા જાય તો આ ભરજંગલમાં તે ધારેલું કરી શકવા શક્તિમાન હતો. આથી તે ઝટપટ મુકામે પાછો આવ્યો. મુકામ વ્યવસ્થિત નાંખવામાં આવ્યો હતો. ચારેબાજુ કાંટાની વાડ બનાવી દેવામાં આવી હતી. બિમાર દર્દીઓ માટે અલગ રાવટી નાંખવામાં આવી હતી. વાતાવરણ બધી રીતે સુંદર, ખુંશનુમા અને મનોહર હતું. શેરખાન પાછો આવ્યો ત્યારે શિરામણની બધી તૈયારી થઈ ચૂકી હતી. શેરખાન પણ ગોઠવાઈ ગયો.

શિરામણ પછી શેરખાને વાત મૂકી - 'સાહેબ ! જંગલમાં અશ્વ ઉપર ફરવા નીકળવું છે ? મજા આવે તેવી જગ્યા છે. તાજગી આવી જશે.'

મલિકે સૂર પૂરાવ્યો. શિરામણ પછી બન્ને જણા જંગલની મોજ માણવા નીકળી પડ્યા.. વાતવાતમાં શેરખાને પૂછ્યું - 'સાહેબ ! આપે ગઈ કાલે જે યોજના બતાવી તે ખરેખર એકદમ વ્યવસ્થિત છે. મને લાગે છે કે અત્યાર સુધીમાં આચાર્ય મહારાજ પકડાઈ જ ગયા હશે. પણ, આ બાબતના કોઈ સમાચાર મળ્યા છે ?'

'આવા જંગલમાં સમાચાર ક્યાંથી મળે ? એ લોકોને સમાચાર મોકલવાનું મેં કહ્યું પણ નથી. હું સામેથી જ તેમનો સંપર્ક કરવાનો છું. વીણા પહોંચીએ એટલી વાર...'

'જો આચાર્ય મહારાજ પકડાઈ ગયા હોય તો મહાજનને સમાચાર મળતા બહુ વાર નહીં લાગે. પકડાયા પહેલા ગુમતા જાળવી શકાય. પણ, પકડાયા પછી લાંબો સમય ગુમતા ન જાળવી શકાય. પછી મહાજન કંઈ ધમાલ મચાવે તો બાહશાહની પડખે ઊભું રહેનાર કોણ ? બાદશાહ સૌ પહેલા આપની જ તપાસ કરાવશે. આપના કોઈ સગડ જ નહીં મળે તો તે ભયભીત થશે. કદાચ કંઈ આડું-અવળું પગલું ભરી લે તેના કરતા...'

'શેરખાન ! તે બધી જ વ્યવસ્થા હું કરી આવ્યો છું. બાદશાહ તથા લાગતા-વળગતા બધાંને મેં બધું જ જણાવી દીધું છે...'

'બધી વાત સાચી ! પણ, તે યોજનામાં આપ દસ દિવસ વિલંબમાં છો. પરિણામે, આપની આ ગેરહાજરી અનેક આશંકાઓ જન્માવી શકે છે. વળી, હજુ એક-બે દિવસનું આપણું રોકાણ અહીં છે. પરિણામે, હજુ વધુ વિલંબ થશે. આના કરતાં બાદશાહને આપના તરફથી એક નાનકડો સંદેશો મળી જાય તો ? આજે જ આપણે સંદેશો રવાના કરાવી દઈએ...'

'આપણે જંગલમાં બેઠા છીએ. જંગલમાં આપણને માંડ-માંડ રસ્તો મળે છે. ત્યારે કયો માણસ જંગલને હેમ-ખેમ પાર ઉતરી બાદશાહ સુધી પહોંચી શકે ? આવા ભયાનક જંગલમાં કોણ એકલો જવા તૈયાર થાય ? થાય તો પણ તેનો ભરોસો શું ? જીવતો બાદશાહ સુધી પહોંચે તે શક્યતા જ નહીંવત્ !'

'આપની વાત સાચી છે. પરંતુ આવું કરવું અત્યંત જરૂરી લાગે છે. આપ કહો તો હું જ જઈ આવું. એકાદ ભોમિયાને મારી સાથે લઈ જાઉં. હવે જંગલમાં બહુ આગળ વધવાનું નથી. વીણાથી અમે અમદાવાદના રાજમાર્ગે આગળ વધી અમદાવાદ પહોંચી જશું. આપ વીણા પહોંચશો ત્યાં સુધીમાં હું બાદશાહનો વળતો સંદેશો લઈને પાછો વીણા આવી ગયો હોઈશ...' શેરખાનના શબ્દોમાં સંદેશો લઈ જવાની આતુરતા નીતરતી હતી.

'તારી વાત વિચારણીય છે. પણ, તને મોકલવો તેના કરતા બીજા કોઈ માણસને જ મોકલવો વ્યાજબી કહેવાય. તારો પ્રાણ આવી રીતે જોખમમાં થોડો નંખાય ?'

સહસા કંઈક યાદ આવ્યું હોય તેમ મલિક બોલ્યો - 'અરે ! એક વાત તો ભૂલાઈ જ ગઈ... મારે તુરંત છાવણીએ પાછા ફરવું પડશે. શેરખાન ! તારે અહીં ચક્કર લગાવવું હોય તો લગાવીને આવ. મારે હમણાં જ મુકામે જવું પડશે.' આટલું કહી મલિક તરત પાછો વળી ગયો. શેરખાનની રાહ જોવા કે તેનો જવાબ સાંભળવા'ય ન થોભ્યો. શેરખાન અકળાયો.

તેને આ સંદેશાના બહાને જંગલની બહાર નીકળી શેઠને સંદેશો

પહોંચાડવો હતો. પણ, મલિકે તેના મનસૂબા ઉપર પાણી ફેરવી દીધું. પળભર તો શેરખાનને થયું કે કદાચ મલિક મારા સિવાય બીજાને મોકલી દેવા જ છાવણી ઉપર રવાના થઈ ગયો છે. તે જરૂર કો'કને રવાના કરી દેશે. શેરખાનની બાજુમાંથી જ ઝરણું કહો કે ઝરો કહો કે પાણીનું નાળું... વહી રહ્યું હતું... પાણી સ્વચ્છ હતું. સવારે આ ઝરણામાં જ નહાવા આવ્યો હતો. પણ તે જગ્યા અલગ હતી. આ જગ્યા અલગ હતી.

અશ્વસવારી કરતા-કરતા તે બન્ને છાવણીથી થોડા દૂર નીકળી આવ્યા હતા. મુકામથી નહાવા આવતા માણસોની નજર આ જગ્યા ઉપર પડે તેમ ન હતી. અંતર પણ હતું. વળાંક પણ હતો. ઝાડી પણ હતી. શેરખાનના વિચારો પણ પાણીના રેલાની જેમ વહી રહ્યા હતા અને સમય પણ, આગળ શું કરવું ? તે શેરખાનને સૂઝતું ન હતું. વિનાયક પણ મળ્યો ન હતો. અકળામણ વધી રહી હતી...

ત્યાં જ વિનાયકનો ચિરપરિચિત - પક્ષીના અવાજ જેવો લાગતો અવાજ સંભળાયો. તે સાવધ થયો. દિશા મનોમન નક્કી કરી. સહજ રીતે જ એ દિશામાં વળ્યો. તે દિશામાં રહેલી ઝાડીની અંદર ઘૂસી ગયો. વિનાયક દેખાતો ન હતો. વિનાયકનો અવાજ એક જ વાર સાંભળવામાં આવ્યો હતો.

પરંતુ, શેરખાન જાણતો હતો કે આટલી જ નિશાની ઉપરથી તેણે વિનાયકને ખોળી કાઢવાનો હતો. શેરખાન થોડોક ઝાડીમાં ઘૂસ્યો કે તરત જ વિનાયક તેના જોવામાં આવ્યો તે ખુશ થઈ ગયો.

અશ્વ ઉપરથી નીચે ઉતરી ગયો. વિનાયકની સાથે એક બીજો પણ સાથીદાર હતો. તેને જોઈ શેરખાન ખમચાયો. આ કોણ હશે ? એ વિચારે જસ્તો ! વિનાયકે સીધી જ વાત મૂકી -

'કેમ તું સંદેશો આપવા માટે બાદશાહ પાસે જવાની વાત કરતો હતો ?' શેરખાન સમજી ગયો કે વિનાયકે બધી વાત સાંભળી છે. એટલે જ મને બોલાવ્યો હશે. શેરખાને હૃદય ઠાલવવા માંડ્યું - 'મલિકે ગઈ કાલે મને જે વાત કરી તેનાથી મારી હાલત બગડી ગઈ છે. આજે સવારે પણ મેં તારી રાહ જોઈ, પણ તું ન દેખાયો તે ન જ દેખાયો..'

'હું આવ્યો હતો. પણ, તને ન જોતા પાછો વળી ગયો. તું આજે મોડો આવ્યો હશે.'

'હા ! ચિંતામાં ને ચિંતામાં છેક પાછલી રાતે ઊંઘ આવી. એમાં ઊઠવાનું મોડું થઈ ગયું...' બાજુવાળા સાથીદાર ઉપર નજર નાંખી શેરખાન પળ-બે પળ અટકી ગયો. તેનો ઈશારો પારખી વિનાયકે કહ્યું - 'આ તારો શુભેચ્છક છે. આમ, અમદાવાદમાં કાર્યરત હતો. પછી અચાનક જ તેનું અહીં આવવાનું થયું. તને તે ઓળખતો ન હતો. માટે તારાથી તે દૂર રહ્યો.

મને શીખવવામાં આવેલી વાત મુજબ જાસૂસોએ બીજા જાસૂસોનો વગર જોઈતો પરિચય ન કરવો. દરેકે પોતાની રીતે કામ કરવું. અજ્ઞાત રહીને કામ કરવું... માટે તને તેની જાણકારી મેં ન આપી. પરંતુ આ તો જંગલ હતું.. એટલે કેમે કરીને ભેગા થઈ જ જવાનું હતું. અમે ભેગા જ રહેવા લાગ્યા.

આ ઝરણા પાસે જ અમારો મુકામ છે. અમે સ્નાન કરતા હતા ત્યાં જ તમારો અવાજ આવવાથી અમે ઝાડીમાં લપાઈ ગયા. આનાથી છૂપાવવાની જરૂરત નથી. જે વાત હોય તે કહી દે. ઉતાવળ રાખજે. તારું છાવણીમાં જલદીથી પહોંચી જવું જરૂરી છે.

'આપણી બધી મહેનત વ્યર્થ પાણીમાં ગઈ.. આચાર્ય મહારાજ પકડાઈ ચૂક્યા છે.'

'શું ? ભઈલા ! તને આ વાતનો કઈ રીતે ખ્યાલ આવ્યો ? કેટલાંય દિવસોથી તો તું આ જંગલમાં જ પૂરાયેલો છે' - વિનાયકને શેરખાનની વાત માનવા જેવી ન લાગી. આમે'ય સીનીયરને જુનીયરની વાત ઉપર બહુ જલદીથી વિશ્વાસ બેસતો નથી.

'આપણે સહુ જે યોજના મુજબ કામ કરી રહ્યા હતા તેની સામે મલિકે જબ્બર યોજના બનાવી હતી.'

મૂળ વાતથી શરૂ કરી મલિકને કેમ પોતાની વાત ઉપર વિશ્વાસ બેઠો... મલિકની યોજના - જંગલમાં બધાંને અટવાવી દેવા જ જંગલપ્રવેશ...

આ બધી જ વાત શેરખાન સડસડાટ બોલી ગયો. અઢળક ચિંતા, વ્યથા, આક્રોશ બધું તેના શબ્દે શબ્દે છલકાતું હતું.

મલિક બધાંને 'બનાવી'ને જંગલમાં લઈ આવ્યો હતો - તે વિચારે વિનાયક ઘૂંઘવાયો. મલિકની યોજનામાં તેને 'દમ' લાગ્યો.

ખરેખર જો મલિકે આવી યોજના બનાવી હોય તો આચાર્ય મહારાજ અત્યારે જેલમાં હોવા જોઈએ. ધીરે-ધીરે વિચાર કરતા વિનાયકને લાગ્યું કે બરાબર છે, એમ જ હોવું જોઈએ. મલિકે ભારે ચાલાકી ખેલી છે.

વિનાયક પ્રગટમાં બોલ્યો - 'શેરખાન ! વાત તો તારી ગંભીર છે. મલિકે આપણને બધાંને ફસાવ્યા છે. સદ્‌ભાગ્યે તારી ઉપર એને અવિશ્વાસ નથી. એટલે જ પોતાની યોજના તને જણાવી..

છતાં એક વાત છે કે આદિત્યને આચાર્ય મહારાજની પાછળ શેઠે મોકલ્યો છે તે જરૂર આચાર્ય મહારાજને બચાવી લેશે.'

'શક્ય છે કે આદિત્ય આચાર્ય મહારાજ સુધી પહોંચે તે પહેલા તો આચાર્ય મહારાજ પકડાઈ ગયા હશે. એ લોકો ચાર જણા છે. ચાર જણા સામે એકલો આદિત્ય શું કરી શકવાનો ?'

'જાસૂસીમાં સંખ્યાનું મહત્ત્વ નથી, સૂઝનું મહત્ત્વ છે. જેની આદિત્ય પાસે કશી ખામી નથી. જરૂર આદિત્ય એ બધાંયને પહોંચી વળશે. સમયની બાબતે હજુ સંદેહ રહે છે. પણ, નિરાશાવાદી બનવા કરતા આદિત્યના નામે આશાવાદી બનવું વધું સારું છે. ઉત્સાહવર્ધક છે...'

'કોણ મારું નામ દઈ મને યાદ કરી રહ્યું છે ? વિનાયક સાહેબ ! આપ મને આટલા પ્રેમથી યાદ કરો ને હું ન આવું - તે કેમ બને ?' હસતા હસતા એ ત્રણેયની વચ્ચે આદિત્ય આવી બેઠો.

પાસેની ઝાડીમાંથી જ અશ્વ સાથે તે બહાર આવ્યો હતો. ત્રણેય'ને જોતા તે ઘોડા ઉપરથી ઉતરી વિનાયકની બાજુમાં બેસી ગયો... વિનાયક સ્તબ્ધ થઈ ગયો. શેરખાન અને શુભેચ્છક પણ હબક ખાઈ ગયા.

આદિત્યનું આ રીતે અચાનક અહીં આવી પડવું.. તે તદ્દન અનપેક્ષિત હતું. તે પણ એવા સમયે કે જ્યારે એ લોકોની કલ્પના મુજબ આચાર્યનું રક્ષણ કરવા આદિત્ય ચાર માણસો સામે ઝઝૂમતો હોવો જોઈએ. આદિત્યનું અહીંયા હોવું ત્રણેય'ને ધ્રાસકો પડાવી ગયું. વિનાયકે કહ્યું -

'ક્યાંથી આવ્યો ?'

'આ તે કંઈ પ્રશ્ન છે ? અહીં બાજુના કસબામાંથી' આદિત્યે કોડવર્ડ બોલવા પૂર્વક જવાબ આપ્યો.

'આદિત્ય ! અમે અત્યારે કોઈ ગંભીર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છીએ. તારું અહીં હોવું એ આપણી યોજના મુજબ ખતરનાક પુરવાર થઈ શકે છે.. તું આચાર્ય મહારાજની પાછળ ગયો હતો તો અહીં ક્યાંથી આવી ગયો ? મને માંડીને બધી વાત કહે. પણ, ઝડપથી.' વિનાયકના સ્વરની પાછળની ગંભીરતા તે ઓળખી ગયો.

આદિત્યે કહ્યું - 'શેઠની આજ્ઞા મુજબ હું આચાર્ય મહારાજની તપાસમાં પડ્યો હતો. પણ, આચાર્ય મહારાજના કોઈ સમાચાર મળતા ન હતા. આચાર્ય મહારાજ હતા સલામત. પણ, તેઓશ્રીએ જોખમને પારખી ગુપ્ત રીતે આગળ વધવાનું નક્કી કર્યું હતું - તેવું લાગ્યું. તેઓશ્રીના શિષ્યો મને મળ્યા. મેં તેમને વાત કહી કે આચાર્ય મહારાજના માથે જોખમ છે. આપ સમાચાર પહોંચાડી દેજો. તેઓએ સંમતિ આપી. તેઓના મુખ ઉપરની દૃઢતા જોઈ મને લાગ્યું કે આચાર્ય મહારાજને સમાચાર મળી જશે. અર્થાત્ આચાર્ય મહારાજ સલામત છે. પણ તેઓ ગુપ્ત રહેવા માંગે છે. હું છેક મહુધા સુધી ગયો, વીણા પણ આવ્યો... પરંતુ આચાર્ય મહારાજની ગુપ્તતા સજ્જડ હતી.

મને કશા જ સમાચાર ન હતા મળતા. એટલે પછી તેઓની ગુપ્તતા તોડવામાં મને લાભ ન દેખાયો. હું વીણા આવ્યો ત્યારે જ મને સમાચાર મળ્યા તમારા લોકોના. તમે જંગલ રસ્તે વીણા આવી રહ્યા છો તેવા, સમાચાર મળતા મારું મન લલચાયું. મને એક યોજના સૂઝી કે આ બધી આપત્તિનું મૂળ મલિક છે. મલિક અત્યારે જંગલમાં છે, વિકટ વનમાં છે. તમે પણ છો.

આપણે બધાએ ભેગા થઈ મલિકને આ જંગલમાં જ ગરક કરી દેવો. જંગલની બહાર જ ન નીકળે - તેવું કરવું. હું વીણામાં જ હતો. વીણામાં મારે બીજું કશું કામ હતું નહીં. આ યોજના મને આકર્ષક લાગી. મે કપડવંજ શેઠને સંદેશો મોકલી જંગલ રસ્તે આવવા પ્રયાણ કર્યું. ગઈ રાતે અહીંથી અડધો-એક ગાઉ દૂર રહેલા કસબામાં વીતાવી. સવારે ટેકરી ઉપરથી તમારો પડાવ દેખાયો. શિરામણ કરી પડાવની દિશામાં આગળ વધ્યો. ચૂપકીદીથી - સાવધાનીથી આગળ વધી રહ્યો હતો. પડાવ સુધી હેમખેમ પહોંચી ગયો.

મને હતું કે તું (= વિનાયક) પડાવની આજુબાજુમાં જ ક્યાંક છૂપાઈને રહેતો હોઈશ. એટલે આજુબાજુની ઝાડીમાં તારી તપાસ ચલાવતો હતો.

તપાસ કરતા-કરતા અહીં આવ્યો ત્યારે વિનાયકનો અવાજ કાને પડ્યો. મારું નામ સાંભળ્યું. અને હું હાજર થઈ ગયો. મારી વાત પતી ગઈ. પણ હવે તમે કહો - તમે શા માટે મુસીબતમાં મૂકાઈ ગયા છો...?'

શેરખાને તરત જ કહ્યું - 'અરે આદિત્ય ! તેં ભયાનક ભૂલ કરી દીધી. શા માટે આપણને બધાંને એક સરખી અવળી બુદ્ધિ સૂઝી.' આમ કહી શેરખાને આખી મલિકની યોજના સમજાવા માંડી... યોજના ધ્યાનમાં આવતા જ આદિત્યના ગાત્રો ઢીલા પડવા માંડ્યા.

યોજનાની વાત ધ્યાનમાં આવતા આદિત્ય ચિંતામાં આવી ગયો. કારણ કે આચાર્ય મહારાજની સલામતીની જવાબદારી પોતાની હતી. અત્યારે આચાર્ય મહારાજ સલામત જણાતા ન હતા. ન કરે નારાયણ, પણ મલિકની યોજના સફળ નીવડી તો અત્યારે આચાર્ય મહારાજ પકડાઈ ગયા હોવા જોઈએ. બાપ રે ! કેવી ભયંકર ભૂલ !

ત્યાં જ વિનાયક બોલ્યો - 'મિત્રો ! આપણે એક નવી ગંભીર ભૂલ કરી રહ્યા છીએ. આપણે ચારે જણ એક સાથે ભેગા થઈ ગયા છીએ. આ પરિસ્થિતિ બિલકુલ ઈચ્છનીય નથી. તેમાં પણ દુશ્મન આટલો નજીક હોય ત્યારે તો હરગિઝ નહીં. આપણે બધાં પહેલા વીખેરાઈ જઈએ.

દરેક જણ પોત-પોતાની રીતે સમસ્યાનો નીવેડો શોધે. પછી, પોત-પોતાની રીતે ગુપ્ત સંકેતો દ્વારા એકબીજાને જાણ કરી દે.. જરૂર પડશે તો રૂબરૂ ભેગા થઈ પછી ચર્ચા કરી લઈશું.. આ રીતે એક સાથે આપણા બધાંનું હોવું તે આપઘાતી નીવડે..' જોખમની આગોતરી ગંધ આવી જતા વિનાયક સહસા બોલી ઊઠ્યો.

પરંતુ ત્યાં જ અવાજ ગુંજી ઉઠ્યો -

'આપઘાત તો તમે ત્યારે જ કરી લીધો હતો જ્યારે તમે મારી સાથે જંગલમાં પગ મૂક્યો. હવે મૃત્યુ તમને બોલાવવા આવી રહ્યું છે..' - આ અવાજ મલિકનો છે તે જાણી બધાં જ દિગ્મૂઢ થઈ ગયા.



[વિનાયક સહિત ચાર જણાને પકડી પાડતો મલિક]

ચારે દિશાની ઝાડીમાંથી, વૃક્ષો ઉપરથી મલિકના માણસો ફૂટી નીકળ્યા. અને ચારેયને કેદ કરી દીધા. ચારેયના ઘોડા કબજામાં લઈ લીધા. શસ્ત્રો ઝૂંટવી લીધા. માણસોની સંખ્યા વિપુલ હતી. મુકાબલો કરવાનો મતલબ ન હતો. બધાં જ અરમાનોને ચૂર-ચૂર કરી દેતા મલિકે એક ઝાટકે બધાંને પકડી પાડ્યા હતા. મલિકના સદ્‌નસીબે એક જ જગ્યાએ ચારે માંધાતાઓ તેની જાળમાં ફસાઈ ગયા હતા. ચારેયને બાંધી મલિક પોતાના પડાવની પાસે લઈ ગયો.

ત્યાં એક ઝાડ ફરતે એક જણને - એમ ચાર ઝાડના થડ સાથે ચારે જણને કસોકસ બાંધી દેવામાં આવ્યા. ચારેયને સંભળાય તેમ મલિક બોલ્યો - 'બેવકૂફો ! તમે મને ઉલ્લુ બનાવવા માંગતા હતા. પણ, આ વખતે તમારી કોઈની યોજના સફળ થવાની ન હતી. આ ઉલ્લુનો પટ્ઠો શેરખાન ! મને મૂરખ સમજે છે. મેં એના ઉપર ખુશ થઈ મારી આખી યોજના એને સંભળાવી - એમ એ સમજે છે. મૂરખ છે મૂરખ એ ! એની નિષ્ઠા પ્રત્યે મને તો

પહેલેથી જ શંકા હતી. મારો બચાવ કર્યો ત્યારે મારી શંકા નિર્મૂળ થઈ. પણ, ગુલામો પાસેથી અમારો છૂટકારો કરનાર શેરખાનનો ઓળખીતો હોવો જોઈએ - આ કલ્પના આવતા જ તેના ઉપરનો મારો વિશ્વાસ ઊઠી ગયો. પછી તો તેના ઉપર નજર રાખતા ઘણી'ય શંકાસ્પદ હિલચાલો નજરમાં આવી. તેણે માંસાહાર બંધ કરી દીધો હતો. તેના સામાનમાંથી એકાદ ચિટ્ઠી પણ મળી. પરિણામે શેરખાનને પકડી મારે સજા કરવાની હતી.

પરંતુ, મારી ઈચ્છા હતી કે શેરખાનની સાથે સાથે અમારી પાછળ પડેલા જાસૂસો પણ મારે પકડી લેવા છે. પરિણામે, ગઈ કાલે મેં શેરખાનને ખુલ્લંખુલ્લા મારી વાત જણાવી દીધી.

મને વિશ્વાસ હતો કે આ યોજના સાંભળતા જ તે ચકરી ખાઈ જશે. અને પોતાના સાથીદારોનો સંપર્ક સાધશે. એના ઉપર મેં નજર ગોઠવી દીધી.

આજે સવારે અમે અહીં ફરવા આવ્યા ત્યારે અચાનક જ મને થયું કે આ દિશાની ઝાડીમાં કોઈ માણસ છે. શક્ય છે કે શેરખાન અને તે મારી ઉપર હુમલો કરવા માંગતા હોય. આથી, હું તુરંત પાછો વળ્યો.

પાછા આવતા જ મેં મારા સૈનિકોને આજ્ઞા કરી શેરખાનના બધાં માણસોને પકડી લેવડાવ્યા. તે બધાંને તંબૂમાં પૂરી અમે લોકો તમને પકડવા નીકળ્યા. એકદમ ધીમે-ધીમે આ દિશામાં આગળ વધ્યા. ચારે બાજુથી તમને ઘેરી લીધા. મને તો લગીરે ધારણા નહીં કે તમે ચાર-ચાર જણા મારી પાછળ લાગ્યા હશો.

વાહ રે વાહ ! આજે તો ખુદા ખુશ છે. ઓલા વાણિયાના બચ્ચાને આ સમાચાર મળશે કે તેના ચારે સાથીદારો ગયા, આચાર્ય મહારાજ પણ ગયા ત્યારે બરાબર ધોતિયાં ઢીલા થઈ જશે... હા..હા..હા..' અટ્ટહાસ્ય સરી ગયું મલિકના મોઢામાંથી..

'તમને ખબર જ હશે કે અમે લોકો દુશ્મનોને મોતથી ઓછી સજા કરવામાં માનતા નથી. સૌથી પહેલું મોત શેરખાનને આપીશ. કારણ કે તે દગાબાજ છે. ધોખેબાજ છે.' મલિક ચિલ્લાઈ ઉઠ્યો..

✺



અટપટા આટાપાટા

વિકાસ એકાંગી હોય છે, વિનિપાત સર્વતોમુખી હોય છે. ખરેખર આપત્તિ આવે ત્યારે બધી બાજુએથી આવે છે. એકસામટી આવે છે. તેઓ ચારેય અત્યાર સુધી મલિકને રમાડતા આવ્યા હતા. મલિક ખરેખર હેરાન-પરેશાન થઈ ગયો હતો. પણ, છેલ્લે-છેલ્લે મલિકે પોતાનું ધાર્યું કરવામાં સફળતા મેળવી લીધી. જે ચાર જણ દોશી આણંદજી શેઠના હાથ-પગ બની આચાર્ય મહારાજને બચાવવા કાર્યરત અને કૃતનિશ્ચયી હતા તે ચારે જણા પકડાઈ ગયા. પરિણામે આચાર્ય મહારાજને પકડવા માટે મલિકના માણસોને છૂટ્ટો દોર મળી ગયો હતો. તેમને અટકાવનાર કોઈ ન હતું.

આચાર્ય મહારાજે ખંભાત તરફ વિહાર કર્યો તે જ દિવસોમાં મલિકે અમદાવાદથી ખંભાતના રસ્તે પોતાના ચાર કાબેલ માણસોને રવાના કરી દીધા. અમદાવાદથી ખંભાત જવાના બે રસ્તા હતા. (૧) એક રસ્તો વાયા નડીયાદ ખંભાત પહોંચાડતો હતો. (૨) બીજો રસ્તો તારાપુર થઈ સીધો ખંભાત પહોંચાડતો હતો. આ ચારે જણા નડીયાદના રસ્તે આગળ વધ્યા. કારણ કે કપડવંજથી ખંભાત તરફ જતો રસ્તો નડીયાદ થઈને પસાર થતો હતો. ચારે જણા ઉત્તમ અશ્વો ઉપર સવાર થઈ મારતે ઘોડે નીકળ્યા હતા.

કસાયેલું - લશ્કરી તાલિમ પામેલું શરીર હતું. પરિણામે થાક-ભૂખ-તરસને ગણકાર્યા વિના તેઓ આગળ વધતા જ રહ્યા. આ ચારે જણે ભૂતકાળમાં આચાર્ય મહારાજને જોયા હતા. આચાર્ય મહારાજને તે ઓળખતા પણ હતા. નડીયાદથી તેઓ કપડવંજના રસ્તે આગળ વધ્યા. કારણ કે નડીયાદથી ખંભાતના રસ્તે આચાર્ય મહારાજના હોવાની શક્યતા ન હતી. હજુ તો આચાર્ય મહારાજ ચિખલોડ જ પહોંચ્યા હતા. આચાર્ય મહારાજને પગપાળા વિહાર કરવાનો હતો. આ લોકો તો ઘોડા ઉપર મુસાફરી કરી બે જ દિવસમાં નડીયાદ આવી પહોંચ્યા હતા..

વીણા જઈને આ લોકો અટકી ગયા. કારણ કે ખંભાત જવાના રસ્તે આવતા વીણા ગામમાં રહી આચાર્ય મહારાજની રાહ જોવાની હતી. આચાર્ય મહારાજ જો ઉમરેઠના રસ્તે આગળ વધ્યા હોત તો આ લોકો હાથ ઘસતા અને રાહ જોતા રહી જાત. પણ, તે રસ્તો લાંબો હોવાથી અને આચાર્ય મહારાજને ખંભાત પહોંચવાની ઉતાવળ હોવાથી લાડવેલથી મહુધા મૂળ રાજમાર્ગ ઉપર આચાર્ય મહારાજ આવી ગયા. બે આચાર્ય મહારાજ તથા ત્રણ અન્ય મહાત્મા - કુલ પાંચ જ મહાત્મા આચાર્ય મહારાજ સાથે હતા. બાકીના વિશાળ શ્રમણવૃંદને અલગ-અલગ દિશાઓમાં મોકલી દેવામાં આવ્યું હતું. આ ઉપાયને પરિણામે આ ચારેયને ઘણી તકલીફ પડી.

પહેલા જે શ્રમણવૃંદ આવ્યું તેની પાછળ આ લોકો પડ્યા. પરંતુ તેમાં કોઈ આચાર્ય મહારાજ જેવું ન લાગતા છેક તારાપુર સુધી તે શ્રમણોનો પીછો કરી તે લોકો પાછા વળ્યા. તેઓ તારાપુરથી નડીયાદ પહોંચ્યા ત્યારે આચાર્ય મહારાજ પણ નડીયાદ પહોંચ્યા હતા. નડીયાદથી તેઓએ આ શ્રમણવૃંદનો પીછો શરૂ કર્યો. આચાર્ય મહારાજને ગુપ્ત રીતે રાખવામાં આવેલ હતા. તેથી મલિકના માણસો આચાર્ય મહારાજને પારખી ન શક્યા.

તે લોકો દ્વિધામાં જ હતા કે આમાં આચાર્ય મહારાજ છે કે નહીં ? આચાર્ય મહારાજ અને શ્રમણવૃંદ વિહાર કરે ત્યારે જ આ લોકો ૧૦૦-૨૦૦ ડગલા દૂર રહી પાછળ-પાછળ આવતા. નડીયાદથી આ ક્રમ શરૂ થયો. આચાર્ય મહારાજના શિષ્યોને થોડી શંકા પડી કે આ લોકો કોણ હશે ?

ચૂણેલ પહોંચ્યાં ત્યારે સમાચાર મળ્યા કે આચાર્ય મહારાજને પકડનારા નીકળી ગયા છે. પરિણામે, શિષ્યોની શંકા મજબૂત થઈ. તેઓ વધુ સાવધ થયા. ચાર જણાં પણ નિર્ણય કરવા અધીરા થયા હતા. જો આ શ્રમણોને પકડી લે અને તેમાં સાથે આચાર્ય મહારાજ ન નીકળે તો ફોગટ નામોશી થાય. આચાર્ય મહારાજ ભૂગર્ભમાં ઉતરી જાય. માટે પાકી તપાસ જરૂરી હતી.

ચૂણેલની અંદર જ, દેખાવે સૌમ્ય લાગતો અને આચાર્ય મહારાજનો ભૂતકાળમાં પરિચય કરી ચૂકેલો એક સૈનિક ઉપાશ્રયની અંદર - જ્યાં સાધુ મહાત્માઓનો ઉતારો હતો ત્યાં પ્રવેશ્યો. પ્રવેશતા જ એક મહાત્માએ પૂછ્યું - 'કેમ ભાગ્યશાળી ! કોનું કામ છે ?' 'ના મહારાજ ! હું જૈન નથી. હું તો ફક્ત એમ જ દર્શન કરવા આવ્યો છું. આપના જેવા સાધુ મહારાજના દર્શન ક્યાં ?' એમ કહી દરેક સાધુ મહાત્માના ચરણ સ્પર્શ કરવા લાગ્યો. તેનામાં શ્રદ્ધા છલકાતી હતી. સાધુ મહાત્માઓ આમ તો અટકાવી દેત. પણ, શ્રદ્ધાળુ હતો, જૈન ન હતો. પરિણામે કડક થઈને ના પાડવા જતા અપમાન જેવું - શ્રદ્ધાભંગ જેવું થતું હતું. સાધુ મહારાજ મૌન રહ્યા... દરેક મહાત્માઓ ચરણસ્પર્શ કરવા ના પાડતા. પણ, તેનો આગ્રહ જોઈ અંતે ઝૂકી જતા.

ખૂણામાં બેઠેલા એક વૃદ્ધ મહાત્માનો પણ તેણે ચરણસ્પર્શ - સાષ્ટાંગ દંડવત્ થઈ કર્યો. બસ ! ચરણસ્પર્શ કરી જેવો આવ્યો તેવો જ તે નીકળી ગયો. બીજી કશી જ પૂછપરછ ન કરી. પરિણામે, સાધુ મહાત્માઓના જીવ હેઠા બેઠા. ખૂણામાં બેઠેલા એ વૃદ્ધ મહાત્મા એટલે જ જિનશાસનના જ્યોતિર્ધર આચાર્ય ભગવંત શ્રીહેમવિમલ સૂરીશ્વરજી મહારાજા અને તેમના મુખ્ય શિષ્ય એટલે આચાર્ય ભગવંત શ્રી આણંદવિમલસૂરીશ્વરજી મહારાજા.

તેમની નિકટ રહેનારો તેમની લાક્ષણિકતાથી છદ્મવેશે રહેલા આચાર્ય મહારાજને પળવારમાં ઓળખી જતો. આંગળીએ કદી મેરુપર્વત ઢંકાય છે ? છતાં સામાન્ય માનવી જલદીથી ઓળખી ન શકતો. એ માણસના ગયા પછી આચાર્ય ભગવંતે મુખ્ય શિષ્યને કહ્યું - 'આપણી ગુપ્તતા તૂટી ગઈ છે...'

'પણ, કેમ ?'

'મને લાગે છે કે આવનારો માણસ ચરણસ્પર્શ કરી અસલિયત જાણી

ગયો છે. મારા ચરણની વિશિષ્ટતા/વિલક્ષણતા તે જાણતો હશે.... નક્કી કશું ન કહેવાય. કદાચ એમને એમ સ્પર્શ કરવા પણ આવ્યો હોય.

જો મેં ના પાડી હોત તો તેને વધુ શંકા પડત. એટલે હું મૌન રહ્યો. શક્ય એટલો પગનો ભાગ ઢાંકી રાખ્યો. ફરીથી ધ્યાન રાખજો કે આવા સમયે આશીર્વાદ આપી દેવા, ચરણસ્પર્શ ટાળવો...'

શિષ્યના મનમાં ભય પેઠો... ચૂણેલની અંદર બે ઘટનાઓએ ખતરાની ઘંટડી વગાડી દીધી હતી. આચાર્ય મહારાજ આવી પડનારી કોઈ પણ આપત્તિને પહોંચી વળવા મનોમન તૈયાર હતા. તેમના મનથી તો બનવાકાળ બનવાનું જ હતું. ઘણી તડકી-છાંયડી આચાર્ય મહારાજે જોઈ હતી. કડવામતી (વિ.સં.૧૫૬૨) બીજામતી/નવામતી (વિ.સં.૧૫૬૮), તથા પાર્શ્વચંદ્રગચ્છ (વિ.સં.૧૫૭૨) - આ બધાં મતો આચાર્ય મહારાજના સમકાલે જ જન્મ્યા હતા. **વજસ્વામીના અવતાર કહેવાતા, સુધર્માસ્વામીની કાર્બનકોપી કહેવાતા આચાર્ય મહારાજે આ બધું કચવાતા-કોચવાતા હૈયે જોઈ લીધું હતું.**

જો આવનાર માણસ આચાર્ય મહારાજની ભાળ લેવા આવ્યો હોય તો તે વાત જોખમ ઊભું કરતી હતી. આખરે એક નિર્ણય લેવાયો. તત્કાલ બે ટુકડીમાં વિહાર નક્કી થયો. એક ટુકડી મુખ્ય દરવાજેથી બહાર નીકળે અને ગામમાં ફરે, જેથી ધ્યાન રાખનારનું ધ્યાન તેના તરફ ખેંચાય. તે જ સમયે પાછલા દરવાજેથી આચાર્ય મહારાજે નીકળી ગામની નાની-નાની શેરીમાંથી થઈ ખંભાતના રસ્તે આગળ વધવું. ખંભાતના રસ્તે પણ બાજુના જંગલમાંથી જ પસાર થવું એમ નક્કી કર્યું. બે મહાત્મા સાથે એક મહાત્મા પાછલા બારણેથી ચૂપકીદીથી રવાના થયા. બે મહાત્મા આગળથી રવાના થયા.

ચાર માણસોમાંથી એક માણસ ઉપાશ્રયના દરવાજા ઉપર નજર રાખીને જ બેઠો હતો. તેણે તરત જ સમાચાર આપ્યા કે મહાત્મા વિહાર કરીને નીકળી રહ્યા છે. એક માણસને તરત તે બે મહાત્માની પાછળ રવાના કરવામાં આવ્યો. જેથી તે શું પગલા લઈ રહ્યા છે ? તેની જાણકારી મળે. બાકીના સાધુમહાત્માઓની બીજા ત્રણ જણા રાહ જોઈ રહ્યા હતા.

આ લોકો આચાર્ય મહારાજને ઓળખી ગયા હતા. આવનાર માણસે

ભૂતકાળમાં એક વાર આચાર્ય મહારાજના ચરણોનો સ્પર્શ કરેલો હતો. તે વખતે લાખો ચરણોથી છૂટા પડી આવતા આચાર્ય મહારાજના ચરણોની વિશેષતા તે જાણતો હતો. અત્યંત મુલાયમ, લાલ ગુલાબી આચાર્ય મહારાજના ચરણકમલ વિશિષ્ટ નિશાનીઓથી-લક્ષણોથી અંકિત હતા. આચાર્ય ભગવંતના શરીરમાંથી વિશિષ્ટ પ્રકારની સુવાસ પણ ફેલાતી. આ બન્નેનો અનુભવ કરી લેનાર નિઃશંક રીતે કરોડો લોકોમાંથી આચાર્ય મહારાજને છૂટા પાડી દેતો. કોટિજન્મોના પુણ્યો અને વિશિષ્ટ બ્રહ્મચર્યાદિની શુદ્ધિ - આ બન્નેના પ્રતાપે આચાર્ય મહારાજનું શરીર પણ અત્યંત વિલક્ષણ હતું.

આચાર્ય મહારાજના ચરણસ્પર્શ કરીને આવેલા એ માણસે પોતાના સાથીદારોને કહ્યું - 'આચાર્ય મહારાજ આ શ્રમણવૃંદમાં જ છે. તેમના ચરણસ્પર્શે આ વાત હું નિઃશંક કહી શકું છું. પણ, દોસ્તો ! આ આચાર્ય મહારાજ આપણી સદીની વિરલ વિભૂતિ છે. આમને નુકસાન પહોંચાડવાનું કાર્ય આપણે ન કરી શકીએ. આ કોઈ અલગ જ મહાપુરુષ છે. આમને આંગળી પણ ન અડાડાય. હું આ કામ નહીં કરી શકું...'

આચાર્ય મહારાજના ચરણસ્પર્શે એ માણસની વિચારધારા બદલાઈ ગઈ. તેનું મન બદલાઈ ગયું. અંદરનો માંહ્યલો જાગી ગયો.

બધાં સાથીદારો બોલ્યા - 'તું શું બોલે છે તેનું તને ભાન છે ? આપણે સારું-નરસું જોનારા નથી. આપણા માલિકને વફાદાર રહેવું તે જ આપણો ધર્મ છે. ગમે તે ભોગે વફાદારી ન છોડાય. જે દગાબાજ છે તેના માટે નરક સિવાય બીજું કોઈ સ્થાન નથી.'

'મારે દગો નથી કરવો. હું મલિક સાહેબ પાસે જઈ મારી વાત કહી દઈશ. તે મને જે સજા આપશે તે મને મંજૂર છે. પણ, આ કાર્ય હું નહીં કરી શકું. ના, હરગીઝ નહીં. મરી જઈશ પણ આ નહીં કરી શકું... એ અલગ જ ઓલિયા પુરુષ છે. તેમને હું હાથ પણ નહીં અડાડી શકું..'

'જો દોસ્ત ! તારે જે કરવું હોય તે કરવા તું છૂટો છે. અમે ત્રણ જણા પણ કાફી છીએ. પરંતુ અમારા રસ્તામાં તું નહીં આવતો.

મલિક સાહેબ તને રજા આપે પછી તારે જે કરવું હોય તે તું જાણે. પણ અત્યારે અહીં કશી જ રમત તું ન કરતો. સીધે-સીધો નીકળી જજે.'

'દોસ્તો ! રમત કરવાનું મારા લોહીમાં નથી. હું ફક્ત વફાદારી જ શીખ્યો છું. રમત જ કરવી હોત તો હું આટલું બધું તમને કહેત પણ નહીં. છેલ્લે સુધી તમને ભ્રમમાં રાખત. હવે તો આ આચાર્ય મહારાજને બચાવવા હું જાન પણ કુરબાન કરી દઉં. એક વાર મલિક સાહેબને મારી વફાદારી પાછી આપી દીધા પછી હું સ્વતંત્ર છું... હું જાઉં છું. છેલ્લી વાત - આ માર્ગ આપઘાતનો છે. પાછા વળી જશો તો હું ખૂબ રાજી થઈશ.' 'એ શક્ય નથી. તું અહીંથી રવાના થઈ જા.' એ જાંબાઝ યુવાન ખુમારીભેર ત્યાંથી રવાના થઈ ગયો. તે મલિકની તપાસમાં છે. બાકીના ત્રણ જણામાંથી એક જણ બે મહાત્માની પાછળ છે. બાકીના બે જણ આચાર્ય મહારાજની રાહ જોતા ઉપાશ્રયના દરવાજે નજર નોંધીને બેઠા રહ્યા. બન્ને જણ બની ગયેલી ઘટનાથી, એક સાથીદારના આ રીતે ચાલ્યા જવાથી ઉદ્વિગ્ન હતા. સંધ્યા સમય સુધી કશી હિલચાલ ન દેખાતા ઉપાશ્રયની અંદર સાવચેતીથી ડોકું નાંખીને જોયું...

ખ્યાલ આવી ગયો કે પંખી ઊડી ગયા છે. બન્ને જણા તાબડતોબ ખંભાતના રસ્તે આગળ વધ્યા. જે એક વ્યક્તિ બે મહાત્માનો પીછો કરતો હતો તે ગામમાં જ અટવાઈ ગયો. મહાત્માઓએ તેને બરાબર રમાડ્યો. કારણ કે મહાત્માઓને ખ્યાલ આવી ગયો હતો કે કોઈ તેમનો પીછો કરી રહ્યું છે.

ગામની શેરીઓમાં જ તેને ભટકાવી-ભટકાવી પાછા ઉપાશ્રયે આવી ગયા. પેલો માણસ ધૂંધવાઈ ગયો. તથા બીજા બે સાથીદારોને ન જોતા તે મૂંઝાયો, અકળાયો, આજુબાજુમાં પૂછપરછ કરી, તપાસ કરી તો જાણવા મળ્યું કે બે ઘોડેસવાર એકાદ બે ઘટિકા પહેલા ખંભાત તરફ નીકળી ગયા છે.

આ સમાચાર મળતા તેણે પણ ખંભાતના રસ્તે ઘોડો દોડવી મૂક્યો. બે મહાત્મા પણ સોજિત્રા જવા મૂળ રાજમાર્ગે જ આગળ વધ્યા. આચાર્ય મહારાજની ઉંમર હતી. શરીર અત્યંત સુકોમળ હતું. પાછલા દિવસોમાં અત્યંત શ્રમ પડ્યો હતો. અત્યારે પણ તડકાનો વિહાર આવ્યો હતો.

મૂળ રાજમાર્ગને છોડી જંગલનો રસ્તો લેતા કાંટા-ઝાડી-ઝાંખરાથી ઠેરઠેર ઉઝરડા પડતા હતા. તેઓ અત્યંત શ્રમ અનુભવતા હતા. આચાર્ય મહારાજની હાલત ખરાબ હતી. આગળ ઝડપથી પહોંચવું જરૂરી હતું.

બે શિષ્યોએ પરસ્પર વાતચીત કરી અચાનક જ આચાર્ય મહારાજને ઊંચકી લીધા. આચાર્ય મહારાજે ના પાડી. તે સમજતા હતા કે શિષ્યોની હાલત પણ સારી ન હતી. એમાં એક (આણંદવિમલસૂરિ મહારાજ) તો આચાર્ય હતા. છતાં તેઓની ગુરુભક્તિ આગળ તે ઝૂકી ગયા. આચાર્ય આણંદવિમલસૂરિ મહારાજે અપૂર્વ ઉલ્લાસથી ગુરુભક્તિ કરી.. 'હું આચાર્ય સંઘ માટે છું. મારા ગુરુદેવ માટે તો હું અદનો સેવક છું' - આ ભક્તિભાવે વિશિષ્ટ કોટિનું પુણ્ય બંધાવી આપ્યું.... જેના કારણે જબ્બરજસ્ત શાસનરક્ષા -ભક્તિનું કાર્ય તેમના લલાટે લખાયું.... **હાજરાહજૂર તપાગચ્છ સંરક્ષક શ્રીમાણિભદ્રવીરની સ્થાપના કરવાનું સૌભાગ્ય તેમને સાંપડ્યું.**

બન્ને શિષ્યો ઝડપભેર આગળ વધી રહ્યા હતા, રાજમાર્ગે પસાર થનાર કોઈને ખબર પડી શકે તેમ ન હતી કે જંગલમાં કોઈ પ્રવાસ ખેડી રહ્યું છે... દિશા ભૂલાઈ ન જાય તે માટે રાજમાર્ગને સમાંતર જ તેઓ ચાલી રહ્યા હતા.

એક-બે દિવસની આવી રખડપટ્ટીના અંતે બધા સોજિત્રા પહોંચી આવ્યા. પેલા બન્ને સૈનિકોએ આચાર્ય મહારાજને શોધવા ઘણી મહેનત કરી. પણ, આચાર્ય મહારાજ ન પકડાયા. સોજિત્રા બે-ત્રણ દિવસ તેઓ રોકાયા. પણ, કશી ભાળ ન મળી. તેઓ મૂંઝાયા.

આચાર્ય મહારાજ સોજિત્રાની બહાર જંગલમાં જ વિસામો કરી આગળ નીકળી ગયા. સોજિત્રાથી રાજમાર્ગ તારાપુર થઈને ખંભાત જતો હતો. જ્યારે આચાર્ય મહારાજે સોજિત્રાથી જંગલરસ્તે ખંભાત પહોંચી જવાનું નક્કી કર્યું. સોજિત્રાથી આચાર્ય મહારાજ આગળ વધી રહ્યા હતા. ત્યાં જ રસ્તામાં એક ભીલ મળ્યો. જંગલમાં સાધુ મહારાજને જોઈ તેણે પૂછ્યું - 'કેમ આ તરફ ?' 'ખંભાત જવું છે, ઉતાવળ છે.'

'મહારાજ ! ખંભાત જવું હોય તો આ જંગલરસ્તે સીધું નીકળી જવાય. તારાપુર જવાની જરૂરત નહીં, જવું છે ? હું ભેળો આવીશ. છેક ખંભાત લગણ પુગાડી દઈશ..' આ પરિસ્થિતિમાં જંગલરસ્તે જવામાં વધુ સલામતી હતી. એટલે આચાર્ય મહારાજ તૈયાર થઈ ગયા.

જંગલ મુસાફરી શરૂ થઈ. ભીલે રસ્તામાં મળેલા બીજા ભીલને જણાવી

દીધું કે પોતે બે સાધુ મહારાજને ખંભાત મૂકવા જાય છે. જેથી બીજા ભીલો તેની ચિંતા ન કરે. જંગલ એટલું ભયાનક અને વિકટ ન હતું. ફક્ત વેરાન-વગડાઉ વિસ્તાર હતો. છતાં અનહદ મુશ્કેલીઓ પડી.

આચાર્ય મહારાજને શારીરિક પ્રતિકૂળતાઓ હતી. એમ પણ સાધુમહારાજ માટે જંગલની યાત્રા બેહદ મુસીબતદાયક નીવડે - તે સહજ છે. ન તો એ લીલોતરીને અડી શકે, ન તો એ આગને પેટાવી શકે.... આવી તો કેટલીય મર્યાદાઓ સાધુજીવન સાથે જોડાયેલી હોય છે. ચાર-પાંચ દિવસની મુસાફરીના અંતે ખંભાતની ઈમારતો દેખાવા લાગી ત્યારે આચાર્ય મહારાજે ભીલને રવાના કર્યો. ખંભાત આખરે આવી પહોંચ્યા હતા.

જંગલમાંથી તરત બહાર નીકળવાના બદલે ત્રણ મહાત્મા ઘડીક વિસામો ખાવા બેઠા. બહાર કોઈ તકલીફ-આપત્તિ નથી ને ? તે જોવા માટે એક મહાત્મા બહાર ગયા. બહારનું દૃશ્ય જોઈ તે અકળાઈ ગયા - મૂંઝાઈ ગયા.

બહાર ખંભાતનો કિલ્લો દેખાતો હતો. પણ, કિલ્લાની બહાર ઘણા બધાં સૈનિકો ફરી રહ્યા હતા. તે તરત જ પાછા વળ્યા. પરંતુ તે નજરે ચડી ગયા હતા. થોડી વારમાં એક સૈનિકોની ટુકડીએ આવી તેમને ઘેરી લીધા.

આચાર્ય મહારાજને પકડવા નીકળેલા ત્રણ સૈનિકોએ જ્યારે રાજમાર્ગ ઉપર કોઈ મહાત્માને ન દીઠા ત્યારે તે સમજી ગયા કે આચાર્ય મહારાજે જંગલનો રસ્તો લીધો છે. શક્યતા એ પણ હતી કે આચાર્ય મહારાજ અચાનક ખંભાતનો કાર્યક્રમ રદ કરી નાંખે. એટલે તે ત્રણે જણા ખંભાતના સૂબા પાસે પહોંચ્યા. બાદશાહની મુદ્રા અને કાગળ બતાવ્યા અને ખંભાતના સૈન્યનો કેટલોક ભાગ લઈ તે લોકો જંગલ ફેંદવા નીકળ્યા. સોજિત્રાથી ખંભાત રસ્તે કેટલાંક મહાત્માઓ ગયા છે - તેવા ઉડતા-ઉડતા સમાચાર પણ મળ્યા.

આચાર્ય મહારાજ ખંભાત પહોંચ્યા ત્યારે સૈનિક ટુકડીએ તેમને જોઈ અને ઘેરી લીધા. બન્ને મહાત્માઓ સ્તબ્ધ થઈ ગયા. સૈનિકની ટુકડીના મુખ્ય માણસે વાત કરી - 'આપ ત્રણે'ય અમારી જોડે ચાલો. અમારે તમારી સાથે બળજબરી ન કરવી પડે તે અમારા અને તમારા - બન્નેના હિતમાં છે....'

તરત જ આચાર્ય મહારાજ બોલ્યા - 'જુઓ ભાગ્યશાળી ! તમારે

આચાર્ય મહારાજનું કામ છે. આચાર્ય હું છું. આ બન્ને તો મારા શિષ્ય છે. તેમને જવા દો.. હું તમારી સાથે આવું છું. અમે તો નિઃશસ્ત્ર છીએ. અમને તમારી સાથે આવવામાં કોઈ વાંધો નથી.' એ સૈનિક માનવા તૈયાર ન હતો. ત્યારે જ એક સૈનિકે કહ્યું - 'સાહેબ ! આચાર્ય મહારાજ તો આ જ છે. હું એમને ઓળખું છું. કપડવંજમાં મેં તેમને જોયા હતા.. ત્યાં તો પેલા ત્રણ સૈનિકો પણ સમાચાર મળતા આવી પહોંચ્યા. આચાર્ય મહારાજને તે ઓળખી ગયા. તેમને ફક્ત આચાર્ય મહારાજને પકડવાની સૂચના અપાઈ હતી. આથી, બીજા બે મહાત્માને છોડી આચાર્ય મહારાજને લઈને તેઓ નીકળી ગયા.

આચાર્ય મહારાજ ખુમારીભેર ચાલતા હતા.. સૈનિકો પણ તેમનું સન્માન જાળવતા હતા. આચાર્ય મહારાજને પગપાળા જોઈ બધાં સૈનિકો પણ અશ્વ ઉપરથી નીચે ઊતરી ગયા. આચાર્ય મહારાજનું મુખ આ પરિસ્થિતિમાં પણ સત્ત્વથી ઝગારા મારતું હતું. આંખના ખૂણામાંથી એ જ તેજલિસોટો નીકળતો હતો. કોઈના પણ ઉપર તેમને દ્વેષ ન હતો પ્રગટ્યો. ક્ષમાની પરાકાષ્ઠા તેમના મુખ ઉપર ઝળકતી હતી. અત્યંત શાંત હતા એ. દુશ્મનને પણ વ્હાલા ગણતા.

અલગારી શક્તિ તેમની પાસે હતી. ક્ષમાપનાનું પર્વ એ મનાવી રહ્યા હતા. એ અલગારી યોગી હતા. આપણા જેવા તેમને શી રીતે માપી શકવાના ? કોઈ કશું બોલતું ન હતું.... જાહેરમાં આચાર્ય મહારાજને લઈ જતા હંગામો મચી જાય. આથી નગરીના ગુપ્ત રસ્તેથી સીધા રાજમહેલમાં લઈ જવામાં આવ્યા. બધાં સૈનિકોને વીખેરી દેવામાં આવ્યા હતા.

કશું પણ ન બોલવા સહુને તાકીદ કરવામાં આવી હતી. ફક્ત મલિકના ત્રણ સૈનિક અને ખંભાતનો એક સૈનિક અમલદાર - ચાર જ જણા આચાર્ય મહારાજને ગુપ્ત રસ્તેથી કારાગૃહમાં લઈ ગયા. ખંભાતના સૂબાને સમાચાર મળી ગયા. તે દોડતો કારાગૃહમાં આવ્યો. અમદાવાદના બાદશાહની સૂચના વિના આવું પગલું ભરવાનું તે સ્વપ્નમાં પણ ન વિચારત.

આચાર્ય મહારાજની પ્રતિભાને તે જાણતો હતો. સુલતાન અબુસૈયદને આ જ આચાર્ય મહારાજે પ્રતિબોધિત કર્યો હતો. આ વાતની તેને ખબર હતી.

ખંભાતમાં મહાજનના વર્ચસ્વને પણ તે પીછાણતો. સાતે સમંદરમાં વાણિયાઓના જહાજો ફરતા હતા. ખંભાત મુખ્ય બંદર હતું. બહુ મોટું

વાણિજ્યમથક હતું. આ બધી રોનક ઘણાં અંશે મહાજનને - વેપારીઓને આભારી હતી.

આ બાજુ સૈનિકોના ગયા પછી આણંદવિમલસૂરિ મહારાજ બેહોશ થઈ ઢળી પડ્યા. વિહારનો આટલો શ્રમ, ઉપરાંતમાં આ કારમો આઘાત તે સહન ન કરી શક્યા. બીજા મહાત્માની આંખમાંથી પણ શ્રાવણ-ભાદરવો વરસી રહ્યા હતા. જિનશાસનના મહાન આચાર્ય - છેલ્લા કેટલાંય વર્ષોના ઈતિહાસમાં ન થયેલા - જિનશાસનના મહાન્ સદ્‌ભાગ્યે વિશિષ્ટકોટિના પુણ્યવંત-ચારિત્રવંત આચાર્ય મહારાજની આ દુર્દશા !

જેઓ દુશ્મનને પણ વ્હાલા લાગતા. સેંકડો સ્થાનકવાસી સાધુ ભગવંતોએ એમના ચરણે શીશ નમાવ્યું હતું. કેટલા'ય શિથિલાચારી સાધુઓ ચુસ્ત સંયમી બન્યા હતા, ૫૦૦ સ્ત્રી-પુરુષોને દીક્ષા આપવાનું અલૌકિક-અકલ્પનીય પુણ્ય એમના લલાટે લખાયું હતું. ગૌતમસ્વામીની અને સુધર્માસ્વામીની જેને ઉપમાઓ અપાતી હતી. તેવા ઝળહળતા રત્ન સમ આચાર્ય મહારજાની આ અવહેલના ! ફૂટી કોડીની કિંમતનો બાદશાહ આ કામ કરી જાય ?

પરિસ્થિતિ જોગ-સંજોગે એવી સર્જાઈ હતી કે કશું કરવાનો મોકો જ ન મળ્યો. બાકી, આ આચાર્ય મહારાજને હાથ લગાડતા જ જુવાળ ફાટી નીકળે - તેવી તેમની લોકપ્રિયતા હતી. સહુ ધર્મપ્રેમી જનતાના તે માનીતા હતા. તેમની શુદ્ધિ પણ તેવી જ હતી. તેમના નામે રાજસિંહાસનો ડોલી ઉઠે, પ્રજામાં વિદ્રોહ ફાટી નીકળે.. ઈતિહાસમાં તેમનો જબ્બર પ્રભાવ નોંધાયેલો છે. **શબ્દોના કરકસરિયા ઈતિહાસે પણ તેમના માટે જે શબ્દો ફાળવ્યા છે તે અદ્‌ભુત છે, વિરલ છે, આવા ઘોર કલિયુગમાં આવા મહાપુરુષ બે-ત્રણ સદીમાં એકાદ થાય તો થાય !** બન્ને શિષ્યોના હૃદયમાં કારમો આઘાત લાગ્યો હતો. અત્યંત શ્રમથી શરીર તૂટું-તૂટું થતું હતું. તેમાં આ આઘાતે રહ્યો-સહ્યો પણ શક્તિનો અંશ હરી લીધો. બેહોશીમાં મન સરી ગયું.

આચાર્ય મહારાજને કારાગૃહમાં પૂરી ત્રણમાંથી એક જણ ત્યાં જ રોકાયો. બે જણ મલિકની તપાસમાં ગયા. મલિક સાહેબનો કોઈ સંદેશો મળ્યો ન હતો. તેથી તે બન્ને ચિંતામાં હતા. ઉત્તેજિત હતા. પછી વિચાર કરતા લાગ્યું

કે બાદશાહને સંદેશો આપવો પણ જરૂરી છે.

આથી, એક જણ વીણા જવા નીકળ્યો. બીજો જણ અમદાવાદ તરફ ગયો તેણે અત્યંત ઝડપથી મુસાફરી આરંભી. ખૂબ ઝડપથી ખંભાતના સૂબાને આગળની કાર્યવાહીના સમાચાર મોકલવાના હતા. મલિકની યોજના મુજબ દોશી આણંદજી શેઠ અને અમદાવાદના નગરશેઠને આચાર્ય મહારાજની ધરપકડના સમાચાર પહોંચાડી બોલાવવાના હતા. તેમને પણ કેદમાં નાંખવાના હતા. તેમની બધી જ સંપત્તિ જપ્ત કરી લેવાની હતી. પણ, આ બધું કામ મલિકે પોતે કરવાનું હતું. હજુ સુધી મલિકના કોઈ સમાચાર ન હતા. આટલી મહત્ત્વપૂર્ણ ઘટનાના સમાચાર બાદશાહને પણ આપવાના હતા.

આચાર્ય મહારાજને પકડ્યા ન હતા ત્યાં સુધી આ લોકોને કોઈ ભય ન હતો. પણ, પકડી દીધા પછી આ ત્રણેયના મન ઉપર ભય સવાર થઈ ગયો હતો. બહુ ભયાનક કામ કરી નાંખ્યાનો ભાવ મનને અત્યંત તાણ આપતો હતો. હમણાં ગામના લોકો અમારી ઉપર પથ્થરમારો કરશે, કોઈ દૈવી આફત આવશે, ભયાનક મુસીબત આવશે.. આવા સેંકડો ભયો મન ઉપર સવાર થઈ ગયા હતા. બધાં પોતાને વિચિત્ર નજરે જોઈ રહેલા લાગતા હતા.

મહામહેનતે તે લોકો મુસાફરી આગળ વધારી રહ્યા હતા. જલ્દીથી બાદશાહ તથા મલિકને મળી લેવાની ધૂન હતી.

આ બાજુ આચાર્ય મહારાજને જેલમાં જોઈ ખંભાતના સૂબાનો થોડો ભય ઓછો થઈ ગયો. કારણ કે બાજી પોતાના હાથમાં હતી. તેણે આચાર્ય મહારાજની સવલતો જાળવવાનો હુકમ કરી દીધો હતો. તે પોતાના સિંહાસન ઉપર આવીને બેસે ત્યાં તો ખંભાતનું મહાજન પહોંચી આવ્યું. ગુપ્ત રસ્તે આચાર્ય મહારાજને લાવવામાં આવેલા, છતાં જોત-જોતામાં મહાજન સુધી સમાચાર પહોંચી ગયા. ઘણી ઉગ્ર ચર્ચાઓ થઈ. લાગ જોઈને ખંભાતના સૂબાએ સોગઠી મારી અને માંગણી મૂકી - ૧૨,૦૦૦ ટકા લઈ આવો અને લઈ જાઓ આચાર્ય મહારાજને ! આવી મોટી માંગણી સાંભળી અને બાદશાહની નફ્ફટાઈ જોઈ બધાં હેબતાઈ ગયા. મહાજન ઊભું થઈ ગયું.





જુવાળ

૬૧

અશ્વનું રહસ્ય

આચાર્ય મહારાજ - જિનશાસનના મહારાજા અત્યારે કારાગૃહમાં હતા. આદિત્ય, વિનાયક, શુભેચ્છક અને શેરખાન - ચારે'ય જણા મલિકના બંદી હતા. કપડવંજમાં બેઠેલા શેઠને આ અંગેની કશી જ જાણકારી ન હતી. ન હતી અમદાવાદના નગરશેઠને પણ. સમાચારના ગતિશીલ માધ્યમો પહેલાના કાળમાં હતા નહીં. તેથી કપડવંજમાં શેઠને કશા સમાચાર મળ્યા ન હતા.

આદિત્ય તરફથી શેઠને જ્યારે સમાચાર મળ્યા કે આદિત્ય પણ જંગલમાં ઘૂસ્યો છે ત્યારે શેઠને ચિંતા પેઠી. શેઠનું મગજ તેજસ્વી અને અનુભવોથી ઘડાયેલું હતું. તે સમજતા હતા કે જ્યારે બધાંને એક દિશાના વિચાર સૂઝે ત્યારે આપત્તિ બીજી જ દિશામાંથી જ આવે.

શેઠને આભાસ થયો - લાગ્યું કે મલિકની પાછળ બધાં જંગલમાં દોડ્યા છે ત્યારે નક્કી મલિક બીજી જ કોઈ રીતે આચાર્ય મહારાજને ભીડાવી જશે. આચાર્ય મહારાજની અત્યારે પળેપળની ખબર રાખવી જ જોઈએ. તેમણે પોતાના બીજા જાસૂસ કૃપાણ અને કાર્તિકને બોલાવ્યા. (પહેલા આ બન્ને નામ આવી ચૂક્યા છે.) આ બન્ને પણ શેઠના જાસૂસ હતા. પરંતુ મુખ્ય ન હતા ગણાતા. શેઠે આ વખતે એ બન્નેને પણ કામે લગાડ્યા.

શેઠે તે બન્નેને કહ્યું - 'તમે અહીંથી સીધા ખંભાત જાઓ. ખંભાતના મહાજન ઉપર હું એક પત્ર લખી આપું છું. તમારે ખંભાતના મહાજનને તે પહોંચાડી કહેવાનું છે કે - આ પત્ર કપડવંજથી દોશી આણંદજી શેઠે મોકલ્યો છે. અને ગંભીરતાથી આ વાતની નોંધ લેવા જણાવ્યું છે. ત્યાર બાદ ત્યાંની પરિસ્થિતિ અને તે લોકોનો જવાબ જાણી આવજો. આવતી વખતે ખંભાતના આજુબાજુના ગામમાં પણ તપાસ કરતા આવજો.

જો આચાર્ય મહારાજના સમાચાર મળે તો લેતા આવજો. સઘન તપાસ કરજો. જો આચાર્ય મહારાજ ખંભાત પહોંચી ગયા હોય તો તમારામાંથી એક જણ ત્યાં જ રોકાઈ જજો. એક વ્યક્તિ મને સંદેશો આપવા પાછો આવે. આચાર્ય મહારાજ મળી જાય તો એક જણે તેમનો પડછાયો બનીને રહેવાનું છે. દરેક પ્રકારની આપત્તિથી તેમની રક્ષા કરવી. વખતે-વખતે મને સમાચાર મોકલતા રહેવા.'

ત્યાર પછી શેઠે ખંભાતના મહાજન ઉપર ટપાલ લખી. તેમાં મહત્ત્વની એ વાતનો ઉલ્લેખ કર્યો કે - 'આચાર્ય મહારાજ ઉપર રાજભય છે, મલિક નામની વ્યક્તિ તેમને પકડવા નીકળી છે. પૂજ્યપાદશ્રી આપને ત્યાં પધારી રહ્યા છે. આપશ્રીને સાવધ કરવા આ સંદેશો મોકલ્યો છે. ખંભાત પ્રવેશ થતાં જ તેઓશ્રીને ભૂગર્ભમાં ચાલ્યા જવા વિનંતિ કરજો. ભય ટળતા આપણે પૂરા ઠાઠથી પુનઃ આચાર્યશ્રીને પ્રગટ કરીશું, સમય સાચવશો. કંઈ પણ કામ હોય તો સેવકને યાદ કરજો....' શેઠની મહેનત બુદ્ધિપૂર્વકની હતી.

પરંતુ, શેઠ મોડા પડ્યા હતા. આ બધી કવાયત કરવાનો સમય વીતી ગયો હતો. મલિક કેન્દ્રિત વિચારધારાના પ્રતાપે આ બધાં કામોમાં વિલંબ થઈ ગયો હતો. જે હવે બગડી ગયેલી બાજીને સુધારી શકે તેમ ન હતો. શેઠની ટપાલ લઈ બન્ને જણ રવાના થઈ ગયા.

મલિક ખૂબ ખુશ હતો. અણધારી રીતે શેઠના ચાર-ચાર માણસો તેના હાથમાં આવી ગયા હતા. તે ચારેય'ને મોતને ઘાટ ઉતારી દેવા માંગતો હતો. દુશ્મન માટે સહેજ પણ દયા બતાવવી તેના લોહીમાં હતું જ નહીં. ચારે'ય જણને વૃક્ષ સાથે બાંધી દીધા પછી મલિક અને મલિકના બધાં માણસો તે

ચારેય વૃક્ષને વીંટળાઈને બેઠા હતા. મલિકની ધારણા પ્રમાણે બધાં સૈનિકોમાં ઉત્સાહ આવી ગયો હતો. કારણ કે મનગમતું કામ કરવા મળ્યું હતું. તેમાં અણધારી સફળતા પણ મળી હતી. મલિકે ખુલ્લી તલવાર સાથે શેરખાન તરફ ડગલા ભર્યા.

ત્યારે જ વિનાયકે ત્રાડ પાડી - મલિક ! આ રીતે બંધનમાં રાખીને મારવામાં શું તારું પરાક્રમ ! હિંમત હોય તો પહેલા બંધનમુક્ત કરી અમારી સાથે લડાઈ કર. વારાફરતી તું કહે તેની સાથે લડાઈ કરવાની તૈયારી છે.

ખરું પરાક્રમ આને કહેવાય. આ તો બાયલાપણું છે, કાયરતા છે, લોકો થૂંકશે તારા નામ ઉપર. તારા બધાં સૈનિકો પણ જાણશે કે અમારો મલિક કાયર છે, તે લડી શકતો નથી. એટલે ચૂપચાપ મારી દીધા. અમે તો હસતા હસતા મોતને ભેટીશું. લોકો વર્ષો સુધી અમારી યશોગાથા ગાશે.'

'ખામોશ ! ચૂપ મર, મોત સામે આવ્યું છતાં આટલી બધી ગુસ્તાખી, આટલું બધું ગુમાન ! પહેલા તો મારે તમારા લોકોનું ગુમાન ઉતારવું પડશે.'

તેણે પોતાના સૈનિકોને ઉદ્દેશીને કહ્યું - 'બહાદુરો ! આપણે આ લોકોનું બરાબર પાણી ઉતારી નાંખવું છે - આ લોકો દગાખોર છે. આપણે છૂટા કરીશું એટલે એ લડવા નથી રોકાવાના. પણ, ભાગી જ જવાના છે. તમે બધાં તમારા ધનુષ્ય-બાણ તૈયાર કરો. થોડી આ લોકો ઉપર નિશાનબાજીની પ્રેક્ટીસ કરી લઈએ. આપણે આ લોકોને ચારે દિશાએથી બાણોથી ઘેરી લેવાના છે. એક પણ બાણ એમને મારવાનું નથી. એ લોકોને બાણોની 'બોર્ડર'થી બાંધી દેવાના છે. સમજી ગયા ? છોડો બાણ !'

અત્યંત માનસિક ત્રાસ આપતી આ સજા છે. કોઈ પણ બાણ ગમે ત્યારે પોતાના શરીર ઉપર ગમે ત્યાં વાગી જવાનો ભય ઊભો જ હોય. મન સતત ભય અનુભવે. સૈનિકોએ બાણની બોછાર વરસાવી. પણ, ચારે જણ આંખો બંધ કરી નિર્ભય ઊભા રહ્યા. બાણથી બચવા માટે આમથી તેમ સહેજ પણ શરીર ન હલાવ્યું.

મલિકની ઈચ્છા હતી કે બાણના ભયથી તે આમથી તેમ હલશે, તરફડશે. અને તેમની કાયરતા જોઈ બધાં સૈનિકો તેમના ઉપર હસશે. પરંતુ

આ લોકો નિર્ભય નીકળ્યા. મક્કમ મનના નીકળ્યા. મોત આવવાનું હોય તો'ય કાયરતાભર્યું મોત તેઓને હરગીઝ ખપતું ન હતું. દરેકના મનમાં ઉથલપાથલ ચાલતી હતી.

બાણ નિશાનચૂક થઈ ક્યારેક હાથમાં - ક્યારેક પગમાં, ક્યારેક માથામાં લાગતા. લોહીની ધાર છૂટતી. છતાં મોઢામાંથી ઉંહકારો સુદ્ધાં ન નીકળ્યો. મલિક અકળાયો, ધૂંધવાયો. તેણે કહ્યું - 'ઊભા રહો ! આપણે હમણાં આ લોકોને સીધા કરી દઈશું. ફટાફટ સૂકા લાકડા-પાંદડા વગેરે ભેગું કરી આ લોકોના પગ પાસે તેના ઢગલા કરી દો.' મલિકની દાનત તે ચારે'યને જીવતે-જીવતા સળગાવી દેવાની હતી. તે પણ સીધા તેમને સળગાવવા ન હતા. તેમના પગ પાસે અગ્નિ પ્રગટાવવાનો હતો. તેની આગથી-ગરમીથી ધીરે-ધીરે રીબાતા-રીબાતા મરે, દયા માટે ટળવળે, બચાવોની બૂમ પાડે તે મલિકને જોઈતું હતું. તો જ બધાંના મનમાં તે લોકોની કાયરતાની છાપ ઉઠે.

મલિકને લડવું પણ ન હતું. એ ચારેય'ને પરાક્રમી તરીકે પ્રસિદ્ધ પણ થવા દેવા ન હતા. એટલે એ એમને તોડી પાડવાની, તેમની હિંમત તોડી પાડવાની મહેનત કરતો હતો. એને ખાતરી હતી તેનો આ ઉપાય જરૂર સફળ નીવડવાનો છે.

બધાં સૈનિકો સૂકા લાકડા-ડાળખાં-પાંદડાનો ઢગ ચારેય જણના પગ પાસે ખડકવા લાગ્યા. પગથી ઢગને પાડી દેવાનો, દૂર હટાવી દેવાનો પ્રયાસ સુદ્ધાં કોઈ કરતું ન હતું. કારણ કે તેનાથી કાયરતા જ - ભાગેડુ વૃત્તિ જ પ્રગટ થતી હતી. બધાંના મન મક્કમ હતા. છતાં ભડભડતી આગ સળગશે, શરીર આખું પીગળશે - ત્યારે મન મક્કમ રહી શકશે કે નહીં ? તે બાબતે સહુ સાશંક હતા. છતાં તે લોકોના મોઢા ઉપર દૃઢતા દેખાઈ આવતી હતી.

શુભેચ્છકને પોતાના વસ્ત્રની અંદર છૂપાયેલો શંખ યાદ આવી રહ્યો હતો. પણ, શંખ કાઢવા-વગાડવા માટે તેના હાથ ક્યાં મુક્ત હતા ? તેના મનમાં પોતાના શુભેચ્છકના વિચાર ચાલી રહ્યા હતા. કારણ કે તે એક જ અત્યારે

છૂટો હતો. જો કે તે એકલો શું કરી શકવા સમર્થ હતો ?

વિનાયકે તેને ન શોધવાની આપેલી સલાહ યાદ આવી. જો તેણે પરિચય કર્યો હોત તો કદાચ અત્યારે તે પણ પકડાઈ ગયો હોત. જો કે પકડાવા ન છતાં તે એકલો શું કરી શકશે ? તે પણ પ્રશ્ન છે...

ઢગ ખડકાઈ ગયા. આગ આજુબાજુ ન પ્રસરે તે માટે આજુબાજુની જગ્યા સાફસૂથરી કરી નાંખવામાં આવી. આગ પેટાવવા માટે મલિક પોતે બે લાકડા ઘસતો હતો ત્યાં જ પાંદડાઓના ખડખડાટનો અવાજ સંભળાયો.

ઘણાં બધાં પ્રાણીઓ/લોકો દોડતા આવી રહ્યા હોય તેવું લાગતું હતું. બધાં સૈનિકોના કાન પણ ચોકન્ના થઈ ગયા. હજુ તે લોકો વધુ કંઈ વિચાર કરે ત્યાં તો ઝાડીમાંથી ગાયો-ભેંસો નીકળવા લાગી. જંગલી ઓલાદની અલમસ્ત ગાયો હતી. ભારેખમ કાયા હતી. બધી વીફરેલી હતી. ભયાનક રીતે વીફરેલી હતી. રસ્તામાં જે પણ આવે તેને કચડી નાંખતી, શીંગડા ભેરવતી તે આવી રહી હતી. બધાં સૈનિકો અડફેટમાં આવી રહ્યા હતા.

બીજી દિશામાંથી બીજી ગાય-ભેંસો આવી. પછી તો ઔર તોફાન વધ્યું. સૈનિકો આના પ્રતીકાર માટે કરે પણ શું ? ભયાનક રીતે તોફાને ચઢેલી ગાયો-ભેંસોનો પ્રતીકાર શું કરવો ?

મલિકે તલવાર ચલાવવાનો પ્રયત્ન કર્યો. પણ, ઝાડ ઉપરથી કોઈએ પથ્થર ફેંક્યો. સનનન કરતો આવેલો પથ્થર તેના હાથમાંથી તલવાર પાડી ગયો. મલિક સમજી ગયો કે ભયંકર હુમલો થયો છે. તેણે પોતાના અશ્વ તરફ જોયું. અશ્વ પોતાની બાજુમાં આવીને ઊભો રહી ગયો હતો. આખરે જાત્ય અશ્વ હતો ! આ જ અરસામાં ચાર જણ ઝાડીમાંથી આવી ચારેય જણાના બંધનોને કટારીના ઘાથી તોડી રહ્યું હતું.

મલિકની નજરમાં આ દૃશ્ય આવતા જ ભાગવા સિવાય બીજો કોઈ વિકલ્પ તેને યોગ્ય ન લાગ્યો. તેને પોતાના અશ્વ ઉપર ભરોસો હતો. દુનિયાની કોઈ તાકાત પોતાને પકડી ન શકે જો પોતે આ દેવાંશી અશ્વ ઉપર બેસી ભાગતો હોય તો - એવો વિશ્વાસ હતો તેને. તે ચડી બેઠો અશ્વ ઉપર અને ભાગ્યો - જ્યાં મન પડ્યું ત્યાં !

શુભેચ્છકની નજરે આ દૃશ્ય પડ્યું. તેના હાથ હમણાં જ છૂટ્યા હતા. મલિક જીવતો છૂટી જાય - ભાગી જાય તે તેના માટે અસહ્ય હતું. તેણે તરત જ શંખ કાઢી વગાડ્યો. કદાચ એ વ્યક્તિ તરત જ મલિકનો પીછો કરે એ આશાએ. શંખનો અવાજ ચારે દિશામાં ફેલાઈ ગયો. ચારે જણાની નજર મલિક જે દિશામાં ભાગ્યો તે દિશા તરફ જ હતી, મલિકના અશ્વની ગતિ જોતા જ તેનો પીછો કરવાથી કશું નહીં વળે તેમ લાગ્યું...

તે જ વખતે ઝાડીમાંથી નીકળી દૂરથી જ બે જણાએ મલિકનો પીછો કર્યો હોય તેવું લાગ્યું, શુભેચ્છક તરત જ તેને ઓળખી ગયો. તે ગુલામો પકડનાર મુખી હતો. જો કે તે ભલે પાછળ પડ્યો. પણ મલિકનો અશ્વ કોઈને'ય દાદ આપે તેમ ન હતો. 'શું પોતાને છોડાવનાર ગુલામને પકડનારાઓ હતા ?' શુભેચ્છકને કમકમાટી છૂટી ગઈ. તેને અરેરાટી થઈ આવી.

તે જ વખતે તબલાંનો કંઈક અલગ જ અવાજ આવ્યો. ભારે ઘેરો-ગંભીર અવાજ. તે અવાજથી દિશાઓ ભરાઈ ગઈ ! કંઈક ગંભીર-ગૂઢ એ અવાજ હતો. ચારેબાજુ એ અવાજ છવાઈ રહ્યો હતો. ભારે કુશળતાથી કોઈ વાદક તે વગાડી રહ્યો હતો.

પ્રકૃતિતંત્ર ઉપર નાદથી એકચ્છત્રી સામ્રાજ્ય જમાવવા નીકળેલા સમ્રાટ્ સરખી અદા હતી એ વાદકની, નિર્જીવ તબલું જાણે સજીવ થઈ ઉદ્‌ઘોષણા કરી રહ્યું હતું, પોતાની આજ્ઞાના પાલન માટે... પગમાં થરકાટ પેદા કરતો એ નાદ સમ્રાટ્‌ની અનુલ્લંઘનીય આજ્ઞા સમો લાગતો હતો. શા માટે આ સમયે કોઈને આ વગાડવાનું સૂઝ્યું ? તે ખબર ન હતી પડતી.

બધાંની નજર મલિક અને મલિકની પાછળ પડેલા મુખી ઉપર હતી. સાચું પૂછો તો ચારેય'નું અંતઃકરણ એ જ પ્રાર્થી રહ્યું હતું કે મલિક પકડાઈ જાય. અચાનક બધાંયના આશ્ચર્ય વચ્ચે મલિકનો ઘોડો - હા ! એ જ દેવાંશી અશ્વ - મુફલિસ અશ્વની જેમ નાચવા લાગ્યો. આવી કટોકટીની પળે તે ભાગવાનું છોડી નાચવા લાગ્યો. બધાં આશ્ચર્યસ્તબ્ધ થઈ ગયા, આનંદિત પણ.

મલિક કંઈક વિચારે તે પહેલા જ પેલો મુખી મલિકને આંબી ગયો. પોતાના પ્રચંડ બાહુમાં મલિકનું ડોકું જકડ્યું અને ઘોડા ઉપરથી મલિકને ઊંચકી

લીધો. આખી મલિકની કાયાને એક હાથથી ઊંચકી ઘોડા ઉપર મૂકી દીધી અને ભાગી છૂટ્યો. કારણ કે તેને ડર હતો - પાછળથી કોઈ આવી મલિકને છોડાવી જાય તે સંભવિત હતું. તે મુખીને મલિક ઉપર ખાર રહી ગયો હતો. કારણ કે તે સમજી ગયો હતો કે મલિક જ બધાંમાં મુખ્ય છે.

મલિકના માણસોએ જ્યારે તેના બધાં ગુલામોને છોડાવી દીધા ત્યારે તે ભાગી છૂટ્યો હતો. તેને કાળઝાળ ગુસ્સો ચડ્યો હતો... તે મલિકને શોધી ગમે તેમ કરી તેનું કાસળ કાઢી નાંખવા કૃતનિશ્ચયી હતો.

જંગલમાં તપાસ કરતા કરતા હજુ ગઈ કાલે જ તેને મલિકનો કાફલો મળી ગયો હતો. તેની સાથે તેનો ફક્ત એક જ સાથીદાર હતો. માટે, તે સીધો હુમલો કરી શકે તેમ ન હતો. તે યોગ્ય લાગની શોધમાં ટાંપીને બેઠો હતો.

બીજે જ દિવસે તેને તક મળી ગઈ. મલિક ઉપર સતત તેની નજર હતી. મલિકે જેવો ભાગવાનો પ્રયત્ન કર્યો કે તેણે મલિકનો પીછો કર્યો.

હવે તો તે બીજે ક્યાંય રોકાયા વિના સીધો વહાણ ઉપર જ ચઢવાનો. વચ્ચે મલિકને માર-મારીને અધમૂઓ કરી નાંખવાનો તે પણ નક્કી. સાથે વહાણ ઉપર જે ભયાનક ત્રાસ ગુજારશે તે નફામાં. અંગત રસ લઈને તે મલિકની માવજત કરવાનો - તે પણ નક્કી. કારણ કે તેના કારણે જ તેના ૧૫-૨૦ ગુલામો છૂટી ગયા હતા. એ બધાંનો ગુસ્સો મલિક ઉપર જ ઉતારવાનો હતો..

ખેર ! મલિક તો પોતાનું કર્યું ભોગવવા પહોંચી ગયો ગુલામીની ગર્તામાં - ધરતી ઉપરની ભયંકર રૌરવ નરકમાં - પોતાના કરતૂતોએ આ જ ભવમાં તેને સજા ચખાડી દીધી. વિનાયક - શેઠ કે બીજું કોઈ એ સજા ન કરી શકત. કર્યું કશું નકામું જતું નથી... ભૂલી જાઓ એ મલિકને ! હવે તે રાંક-ગરીબ ગુલામ છે ! બીજું કશું નહીં... તેની અપાર સત્તા-ધન-દૌલત-પરિવાર બધું જ રહી ગયું એના ઠેકાણે.. રે કરુણતા ! રે નસીબ !

ચારે'યના અંતઃકરણ ખુશીથી છલકાતા હતા.. સાથે અફસોસ પણ હતો. કારણ કે તે લોકો બાજી હારી ચૂક્યા હતા, મલિકનો સર્વનાશ થયો તે છતાં.

તે સહુના મનમાં આશ્ચર્ય પણ છલકાતું હતું - કોણે બચાવ્યા પોતાને ? આવા પાલતુ પશુઓ આટલા બધાં વીફરે કઈ રીતે ? ઢોલ કોણ વગાડતું હતું ? શા માટે ? મલિકનો અશ્વ શા માટે નાચવા લાગ્યો ? આવો દેવદુર્લભ અશ્વ આવી રીતે દગો કેમ ખેલે ? અત્યારે તે અશ્વ શાંત ઊભો હતો. આવું કેવી રીતે થયું ? સેંકડો પ્રશ્ન મનમાં અથડાતા હતા.

શુભેચ્છકે આ અશ્વની કમાલ જોઈ હતી. શેરખાન પણ તેનો સાક્ષી હતો. પરિણામે કુતૂહલ અત્યંત હતું... ચારે'ય જણા અત્યંત થકાન અનુભવતા હતા. કશું સમજાતું ન હતું.

તે ચારેય જણા ત્યાં જ બેસી ગયા - જે ઢગ તેમને સળગાવવા સજાવવામાં આવ્યા હતા. તેના ઉપર જ તેઓ આરામથી બેસી ગયા. ગાયો ભાગી છૂટી હતી. તોફાન શમી ગયું હતું.

ગાયોની હડફેટે આવી ગયેલા સૈનિકોના શબો રઝળતા હતા. કેટલાંક ભાગી છૂટ્યા હતા. મોટા ભાગના મરાયા હતા. કેટલાંક ભીલો વિનાયકની પાસે આવ્યા. તે લોકોને જોતા જ વિનાયક પ્રસન્ન થઈ ઊઠ્યો. તે ઓળખી ગયો એ ભીલોને ! એક વાર તો પોતાને જીવતદાન તે લોકો આપી ચૂક્યા હતા. બીજી વાર પણ તે લોકોએ જ વિનાયકને બચાવ્યો.

વિનાયક આશ્ચર્યથી બોલી ઉઠ્યો - તમે અહીં ક્યાંથી ? તમને કેમ કરીને સમાચાર મળ્યા ? બધાંના મનમાં કુતૂહલ હતું. પણ, વિનાયક ભીલોની ભાષા બોલ્યો હતો. પરિણામે આદિત્ય સિવાય કોઈ સમજી ન શક્યું... ભીલોએ આંખી વાત કહી તેનો સાર આટલો... વિનાયકને બચાવીને ભીલો આવ્યા ત્યારે ભીલોના સરદારે કરેલી તાકીદ મુજબ તે લોકો શેઠના ઉપયોગમાં આવવા માટે ત્યાં કપડવંજ રોકાયા હતા. શેઠે પણ ઉપયોગમાં આવશે - તેમ માની રોકી રાખ્યા.

વિનાયક દસેક દિવસ પછી શેરખાન-મલિકનો પીછો કરવા નીકળ્યો. તેના એકાદ દિવસ પછી શેઠે ભીલોને કહ્યું - 'હાલ કામ કશું છે નહીં... તમારે જવું હોય તો પલ્લીએ પહોંચી જાઓ..' કારણ કે કામ વિના વધુ દિવસો સુધી ભીલોને રોકી રાખવાનો કોઈ મતલબ ન હતો. આ વાત ચાલતી હતી ત્યારે

જ વિનાયકનો સંદેશો મળ્યો. તેમાં તેણે જંગલમાં જવાની વાત જણાવી હતી.

શેઠે તરત જ ભીલોને કહ્યું - 'વિનાયક, મલિક અને એ બધાં તમારી બાજુના જંગલમાં જ પ્રવેશ્યા છે. કુહાથી એ લોકો સીધા જંગલરસ્તે વીણા જવા માંગે છે. તમારી બાજુનો જ એ પ્રદેશ છે. તમે લોકો ત્યાં જંગલમાં જ વિનાયકને મળજો. જંગલનો પ્રદેશ છે. જંગલ તો તમારી ભોમકા કહેવાય. આથી તમે વિનાયકને ઘણાં ઉપયોગી સાબિત થશો.' (શેઠનો બોલ અક્ષરશઃ સાચો સાબિત થવાનો હતો.)

ભીલ લોકો શેઠની આજ્ઞા મેળવી જંગલ તરફ આવવા રવાના થયા. દડમજલ કરતા-કરતા, મલિક વગેરેને શોધતા-શોધતા આજે સવારના સમયે જ તે લોકો અહીં પહોંચ્યા. મલિકે વિનાયકને ઘેરી લીધો છે - તે જોઈને તે લોકો મૂંઝાયા. સંખ્યાબળથી તેઓ પહોંચી શકે તેમ ન હતા.

ચારમાંથી એક ભીલ મારતી સાંઢણીએ બાજુના કસબામાં ગયો. ત્યાં સુધી બાકીના ત્રણ ભીલ ત્યાં જ નજર રાખતા બેઠા રહ્યા. જેથી મલિક કોઈને વધારે પડતું નુકસાન પહોંચાડતો લાગે તો કેસરિયા કરી શકાય. મલિકે જે સમય પસાર કર્યો તેટલી વારમાં તો ભીલ ગાય-ભેંસના આખા કાફલાને બાજુના કસબામાંથી લઈ આવ્યો. બે-ચાર ગોવાળિયાઓ પણ આવ્યા.

આખા કાફલાની ગાયો-ભેંસોના કાનમાં ભીલોએ 'ઈતરડી' નાંખી દીધી. ઈતરડી બગા જેવું નાનકડું જંતુ છે. એ કાનમાં જતા જ ગમે તેવી પાલતુ ગાય-ભેંસ પણ ભડકી ઉઠતી. ગાય-ભેંસ વીફરે પછી કોઈના નહીં. તે તમામ પશુને એ જ રીતે ગોઠવવામાં આવ્યા હતા કે જેથી સીધા મલિકના કાફલા ઉપર જઈ પડે. થયું પણ એવું જ. આ અંધાધૂંધીમાં ભીલોએ સૌ પહેલા ચારે ય જણાના બંધન ખોલી દીધા.

ભીલોએ કહેલી આખી વાત વિનાયકે બાકીના બધાંને કહી સંભળાવી. સાથે પોતાની આખી જૂની વાત પણ કહી સંભળાવી. ફરી-ફરીને શેઠની દૂરદર્શિતા ઉપર સહુને માન ઉપજી રહ્યું હતું. સાથે ભીલોની આ નિષ્ઠા ઉપર પણ ! અફસોસ પણ એટલો જ - આવા શેઠે જે કામ પોતાને સોંપ્યું તે કામમાં સરિયામ નિષ્ફળ નીવડ્યાનો !

આ વાત ચાલી રહી હતી ત્યારે જ સામેથી એક આધેડ વયનો આદમી મલિકના અશ્વને પકડીને આવી રહ્યો હતો. ઢોલક પણ તેના ખભે લટકતું હતું. તે નજીક આવતા જ બધાંની નજર તેના ઉપર પડી. તે આવીને ઊભો રહ્યો.

બધાંની પ્રશ્નાર્થ નજરનો મર્મ પારખી તેણે પોતાની વાત શરૂ કરી. કોઈ તે આદમીને ઓળખી શક્યું ન હતું. 'હું શુભેચ્છકનો'ય શુભેચ્છક ! મારું નામ માણેક (પૂર્વે જુવાળ-૪૨માં આ પાત્ર અંગેની વિગતો દર્શાવાઈ છે. એક વાર જોઈ લેવા ભલામણ !) સાચું કહું તો તમારા જેવો ન તો હું કોઈ જાસૂસ છું, ન તો સૈનિક છું. હું તો આ અશ્વની સાથે બંધાયેલો છું. કરોડના અશ્વને કોડીનો બનાવી દેનાર હું છું...'

વિનાયકે કહ્યું - 'બધી વાત સાચી ! પણ, આ રીતે ભૂમિકા અદા કરવા પાછળનો હેતુ શું ? કોઈની પ્રેરણાથી તમે જોડાયા છો ?'

પેલા માણસે સહેજ હસીને કહ્યું - 'આ અશ્વ મલિકને આપનાર કોણ ? તે જાણો છો ? આ અશ્વ મલિકને આપનાર છે - અમદાવાદના નગરશેઠ !'

'શું ?'

'જી હા ! અમદાવાદના નગરશેઠે વિશિષ્ટ હેતુસર આ અશ્વ ખરીદ કર્યો હતો. બાદશાહ સાથે બોલાચાલી થતા નગરશેઠ સમજી ગયા હતા કે મલિક આચાર્ય મહારાજને પકડવા ભાગશે. આથી, નગરશેઠે એક યોજના બનાવી. નગરશેઠે જે રીતે અશ્વ વેચ્યો વગેરે બધી વાતોને એ માણસે વિસ્તારથી કહી સંભળાવી...

પછી આગળ ચલાવ્યું - 'આમ, મલિક આચાર્ય મહારાજને પકડવા જશે ત્યારે આ જ અશ્વ લઈ જશે - તેવી નગરશેઠને ખાતરી હતી. કારણ કે અશ્વ જ એવો હતો. અશ્વ જેવો વેચાયો કે તે સાથે અશ્વ ઉપર સતત નજર રાખવાનું કામ મને સોંપાઈ ગયું.

આ અશ્વ ખરેખર અત્યંત ઉત્તમ ઓલાદનો છે. પરંતુ તેને એક તાલીમ આપવામાં આવી છે કે જેના કારણે વિશિષ્ટ પ્રકારનો તબલાંનો-ઢોલકનો અવાજ આવતા તે લાખ કામ છોડી - ગમે તેવી પરિસ્થિતિમાં નાચવા લાગતો. આવી ખાસિયતો તે કાળે અત્યંત ગુપ્ત રાખવામાં આવતી.

દુશ્મન રાજાને આવો અશ્વ પધરાવી યુદ્ધ વખતે તેની આ ખાસિયતથી દુશ્મન રાજાને મહાત કરી દેવામાં આવતો. કારણ કે આ અશ્વો એવા તો ઊંચી ઓલાદના રહેતા કે રાજા જ તેનો ઉપયોગ કરતો. અહીં પણ એવું જ થયું. મલિકે જ તેને લીધો.

તે આચાર્ય મહારાજને પકડવા જ્યારે જાય ત્યારે મોકાની પળે તબલાને વગાડી મારે તેની યોજના ચોપટ કરવાની હતી. તબલાંનો વિશિષ્ટ અવાજ વગાડવાનું ફક્ત હું જ જાણું છું. આવો અવાજ જન્માવવો જેવા તેવા તબલચીનું કામ પણ નથી... હું આ અશ્વ સાથે ત્યારથી જોડાયેલો છું. અશ્વની સાથે સાથે જ મારે રહેવાનું હતું. એટલે જ ગુલામ તરીકે મલિક પકડાયો ત્યારે પણ હું ત્યાં પહોંચી ગયો હતો. મારે ફક્ત અશ્વ સાથે જ લેવાદેવા હતા.

શેરખાન ઉપર શુભેચ્છકે લખેલી ચિટ્ઠી જોગ-સંજોગે મારા વાંચવામાં આવી ગઈ હતી. કારણ કે અમારા ઉતારા સાથે-સાથે જ હતા. ત્યારે આ શુભેચ્છકની મને જાણ થઈ. તેમને મેં શંખ આપ્યો તે તમે જાણો જ છો.

આજે પણ હું ક્યારનો આ ખેલ જોતો હતો. બીજા શસ્ત્રો વાપરવાનું મને બહુ ફાવતું નથી. અને હું એકલો હતો. માટે, યોગ્ય તકની રાહ જોતો બેઠો હતો. સદ્‌ભાગ્યે એ તક મળી ગઈ, આ અશ્વ પણ પાછો મળી ગયો. નગરશેઠની દૃષ્ટિને ખરેખર ધન્યવાદ આપવા ઘટે.

આમ તો આચાર્ય મહારાજ ઉપર તે હુમલો કરવા જાય ત્યારે મારે આ શસ્ત્રનો ઉપયોગ કરવાનો હતો. એ તક વહેલી જ આવી ગઈ. મને ખ્યાલ હતો કે મલિકની શું ગતિ થવાની છે. ઠીક છે.. જે થવાનું હતું તે થઈ ગયું. સહુ સારા વાના થઈ ગયા.'

કેટકેટલા તાણાવાણા ગૂંથાયેલા હતા ! આખી વાત સમજમાં આવતા બધાં સ્તબ્ધ થઈ ગયા. મહાજનના શેઠિયાઓ કેટલી હદે દીર્ઘદૃષ્ટિ અને પહોંચ ધરાવતા હતા તે જોઈ બધાં ઓવારી ગયા. પછીની ઘટનાઓ તો ઝડપથી ઘટી ગઈ. કાળઘડી વીતી ગઈ હતી. બધાં મલિકના મુકામે ગયા. શેરખાનના માણસોને છોડાવ્યા. બધું સમેટી વીણા તરફ મુસાફરી આગળ વધારી. કપડવંજ

શેઠને મોઢું કેમ બતાવવું ? તેની મૂંઝવણ ચારે જણ અનુભવી રહ્યા હતા.

બધાંના મન ઉચાટમાં હતા. શું થયું હશે ? શેઠે બીજી કોઈ વ્યવસ્થા વિચારી હશે ?

છેલ્લે વિનાયકે કહ્યું - 'આ રીતે શેઠને મોઢું બતાવતા મારો સહેજ પણ જીવ ચાલતો નથી. વીણાથી હું અને શેરખાન ખંભાત જઈશું. ત્યાં આચાર્ય મહારાજ કારાગૃહમાં હશે તો ત્યાંથી છોડાવી લાવવાનો પ્રયત્ન કરીશું. તમે બન્ને જણ કપડવંજ પહોંચો. શેઠને બધી માહિતીની જાણ કરો. પછી શેઠ જેમ કહે તેમ કરજો. શેઠને પણ ઘણી તૈયારીઓ કરવાની હશે. તમે સહાયરૂપ થશો. અમે ખંભાતથી બાદશાહ પાસે જઈશું. બાદશાહને કંઈક પરચો બતાવી પછી કપડવંજ પાછા ફરશું...'

આમ તો ચારે'ય જણની ખંભાત જવાની ઈચ્છા હતી. પણ, શેઠને સમાચાર આપવા જરૂરી હોવાથી આખરે વિનાયકની યોજના જ સહુએ માન્ય રાખી. વીણાથી બે ટુકડી પડી. એક કપડવંજ તરફની, બીજી ખંભાત તરફની.

આ બાજુ ખંભાતમાં વાતાવરણ ગરમી પકડી રહ્યું હતું. ૧૨૦૦૦ ટકા જેનું મૂલ્ય કરોડોમાં હતું, તેની માંગણી ખંભાતના સૂબાએ મૂકી હતી. મહાજને, જેવી સૂબાએ માંગણી મૂકી કે તરત જ રાજસભા છોડી જવાનું જ ઉચિત માન્યું. તરત જ શ્રીસંઘને ભેગા થવાનું એલાન કરવામાં આવ્યું.

તાકીદની બેઠક બોલાવેલ હોવાથી એકાદ ઘટિકામાં તો શ્રીસંઘ ભેગો થઈ ગયો. મહાજને વાત મૂકી - 'આચાર્ય ભગવંતશ્રી - આપણા ગચ્છનાયક શ્રીહેમવિમલસૂરિમહારાજ ખંભાત પધારી ચૂક્યા છે. પરંતુ અમદાવાદના બાદશાહના હુકમથી અહીંના સૂબાએ તેમને કારાગૃહમાં કેદ કર્યા છે..' સમયની તંગી જોતા કશી ભૂમિકા બાંધ્યા વિના મહાજનના મોભીએ સીધી જ વાત કરી દીધી.

'શું ? આચાર્ય મહારાજને કેદ પકડ્યા છે ? તો આ સભા શું બોલાવી છે ? હાલો, રાજદરબારે.... કયો માઈનો લાલ છે જે આચાર્ય મહારાજને હાથ પણ લગાડી શકે.. મહાજને આ અંગે કશું કર્યું નથી ?' - ગરમ લોહીનો જુવાન બોલી ઉઠ્યો.

'સમાચાર મળતાં જ મહાજન સૂબાને મળી આવ્યું. સૂબો એક જ વાત કહી રહ્યો હતો કે અમદાવાદના બાદશાહની આજ્ઞાથી આ કામ થયું છે. તમે તેને મળો. છેલ્લે તેણે વાત મૂકી કે ૧૨,૦૦૦ ટકા ભરી જાઓ તો છોડી મૂકું..'

'તો ભરી દેવા હતા ને ? ભગવાને ક્યાં ઓછા આપ્યા છે ? તેમાં આવડી સભા ભરવાની શી જરૂરત ?'...

આચાર્ય મહારાજની વાત સાંભળી બધાંના મગજ તપી ગયા હતા. પરિણામે, સભાની આમન્યા લોપાઈ રહી હતી. કદી ઊંચા અવાજે ન બોલનારા આજે મહાજનને સંભળાવી રહ્યા હતા.

જો કે, મહાજન સમજતું હતું કે શાસનનો અવિહડ રાગ આ લોકોને બોલાવી રહ્યો છે. મહાજન હાકલ કરે તો પોતાનો પ્રાણ કુરબાન કરતા પણ ન અચકાય તેવા આ કેસરિયા યુવાનો છે. આથી મહાજનને કશું પણ કહેવાના તે હકદાર છે.

મહાજન કંઈ જવાબ આપે તે પહેલા વચ્ચે બીજો નવલોહિયો યુવાન બોલી ઉઠ્યો - 'અલ્યા ! શેના ટકા ને શેની વાત ? એ બે કોડીના સૂબાની હિંમત જ કેમ ચાલી કે તેણે આચાર્ય મહારાજને કેદ કર્યા ? હાલો, હમણાં જ જઈએ આપણે બધાં કેદખાને.. એની સામે તાળું તોડી આચાર્ય મહારાજને છોડાવી લાવીએ.. કોની તાકાત છે કે આપણને અટકાવે ? બાકી ૧૨,૦૦૦ ટકા આપી દેવાની વાત તો કાયરતા છે. જમડો ઘર ભાળી જાય. વગર વાંકે પકડવાનો અધિકાર જ શું છે એનો ?' વાતાવરણે ગરમી પકડી લીધી હતી.



જુવાળ

૬૨

લોકજુવાળ

ખંભાતની સભાનું વાતાવરણ ઉગ્ર હતું. એ યુવાને કરેલી હાકલને બધાંએ ઝીલી લીધી. બધાંની વાત એ જ હતી કે - સૂબાએ વગર કારણે આચાર્ય મહારાજને પકડ્યા છે. આથી ધન આપવાનો પ્રશ્ન નથી. આપણે અત્યારે જ કેદખાને જઈએ. અને આચાર્ય મહારાજને છોડાવી લાવીએ.

સભામાં આ પ્રકારનો કોલાહલ ચાલતો હતો ત્યારે જ એક (આગંતુક) વ્યક્તિ સભામાં આવી અને મહાજનને કહી ગઈ - 'ઉત્તર દિશા તરફના કિલ્લાની બહારના જંગલમાં તમારા બે મહાત્મા બેહોશ થઈને પડેલા છે.' આટલું કહી તે રવાના થઈ ગયો. સભામાં કોલાહલ શાંત પડ્યો. મહાજને તરત જ ચાર-પાંચ યુવાનો બન્ને મહાત્માને સાચવીને - સંભાળીને - બહુ દેકારો ન મચે તે રીતે ઉપાશ્રયમાં બિરાજમાન કરવા કહ્યું.. વૈદ્ય વગેરેની બાકીની વ્યવસ્થા ગોઠવવા બીજાને વાત કરવામાં આવી. આમ, તો મહાજન પોતે જ લેવા જાત. પરંતુ અત્યારે જે પ્રશ્ન માટે સભા બોલાવવામાં આવી છે તેનો નીવેડો લાવવાનો હતો. આગળના પગલા માટે તૈયારીઓ કરવાની હતી.

મહાજને મૂળથી આખી વાત સમજાવતા સભાને કહ્યું - આચાર્ય મહારાજ કપડવંજથી ખંભાત આવવાના છે - તેવા આપણને સમાચાર હતા. પરંતુ કપડવંજ પછી આચાર્ય મહારાજના કોઈ સમાચાર આપણને નથી મળ્યા.

તેઓ આજે પધારવાના છે તે પણ સમાચાર આપણને ન હતા મળ્યા. તથા નવાઈની વાત તો એ છે કે આચાર્ય મહારાજ જંગલરસ્તે ખંભાત પધાર્યા. વળી, અહીંના સૂબાને આચાર્ય મહારાજના આવવાની જાણ હતી. તેણે આચાર્ય મહારાજને પકડવાની વ્યવસ્થા અગાઉથી જ કરી રાખી હતી. પરિણામે તેઓ જેવા જંગલની બહાર આવ્યા કે તરત જ પકડાઈ ગયા. સ્પષ્ટ છે કે આચાર્ય મહારાજ કપડવંજથી ગુપ્ત રીતે ખંભાત આવી રહ્યા હતા.. મતલબ કે આચાર્ય મહારાજને જાણ હતી કે કોઈ તેમને પકડવા માંગે છે. અને એટલે જ આચાર્ય મહારાજે પહેલેથી સાવધાની જાળવી હતી. પરંતુ દુર્ભાગ્યે આચાર્ય મહારાજની સાવધાની ફોગટ ઠરી. અને આચાર્ય મહારાજને કારાગૃહમાં જવું પડ્યું.'

'આના દ્વારા મહાજન શું કહેવા માંગે છે ? શું મહાજનને એમ કહેવું છે કે આચાર્ય મહારાજનો કોઈ વાંક હતો. માટે આચાર્ય મહારાજ ભાગતા ફરતા હતા. પરિણામે તેમનું પકડાઈ જવું એ વ્યાજબી છે ?' - મહાજનની આ પ્રકારની ભૂમિકાથી કંટાળી ગયેલા એક યુવાને સીધો જ પ્રશ્ન પૂછ્યો.

મહાજને ચોખવટ કરવી પડી - 'આવી કોઈ વાત મહાજનને નથી કહેવી. મહાજન પોતાની પાસે રહેલી બધી વિગતો ફક્ત બધાંને જણાવવા માંગે છે. એ શક્ય પણ નથી કે આચાર્ય મહારાજ ભાગતા ફરતા હોય.

હા ! કો'ક કારણસર બાદશાહ એમની ઉપર રોષે ભરાયો લાગે છે. માટે, આચાર્ય મહારાજે તકેદારી રાખી હોય તે શક્ય છે. એટલી હકીકત તો સ્પષ્ટ છે કે આપણી પાસે પૂરી માહિતી નથી...

આ જ સમયે કૃપાણ અને કાર્તિકે સભામાં પ્રવેશ કર્યો. સભાનું વાતાવરણ જોઈ તેઓને આછીપાતળી ગંધ આવી ગઈ. બન્ને જણાંએ અત્યંત ઝડપથી મુસાફરી ખેડી હતી. ત્રણેક દિવસની સતત અને સખત મુસાફરી પછી તેઓ ખંભાત આવી પહોંચ્યા હતા. બન્ને જણાના ચહેરા દીર્ઘ-કઠીન પ્રવાસની ચાડી ફૂંકી રહ્યા હતા. વીખરાઈ ગયેલા વાળ- વધી ગયેલી દાઢી-મૂછો, ધૂળથી ખરડાયેલું શરીર, અત્યંત થાકેલા અંગો... અસ્તવ્યસ્ત થઈ ગયેલા કપડા... આ બધું જોઈ બધાં આશ્ચર્યથી આ આગંતુકોને તાકી રહ્યા. બન્ને જણા ઝડપભેર મહાજનના મોભી પાસે આવ્યા. અભિવાદન કરી કહ્યું

કે - 'કપડવંજ દોશી શેઠનો સંદેશો લઈને અમે આવીએ છીએ, શેઠે સહુ મહાજનોને સાદર નમસ્કાર કરવાપૂર્વક આ સંદેશોને ગંભીરતાથી લેવા જણાવ્યું છે.' દોશી આણંદજી શેઠનું નામ સાંભળી બધાં ઉત્સુક થયા. મહાજને કહ્યું - 'તમે બન્ને અમારા અતિથિ છો. અત્યંત શ્રમિત છો. સૌ પ્રથમ અમારા નિવાસસ્થાને પધારો, અમને લાભાન્વિત કરો. પછી આપણે આ અંગે વાત કરશું.'

મહાજનની લાગણીથી અમે કૃતાર્થ થયા. પરંતુ સંદેશો તાકીદનો છે. તેથી ઢીલ ન થાય - તેવી વિનંતિ. સાથે એક પ્રશ્ન - અમે રસ્તામાં તપાસ કરતા આવ્યા છીએ. શું આચાર્ય મહારાજ ખંભાત પધારી ગયા છે ?'

'હા ભાગ્યશાળી ! આચાર્ય મહારાજ પધારી ગયા છે. તેમની વાત માટે જ અમે ભેગા થયા છીએ. તમે થોડો આરામ કરી લો. પછી તમને બધું જ જણાવું છું..' કાર્તિક અને કૃપાણ વિદાય થયા. બન્નેની સરભરા માટે કેટલાંક યુવાનો પણ તેમની પાછળ ગયા. મહાજને સંદેશો વાંચ્યો. ઉચિત લાગતા આખી સભાને વાંચી સંભળાવ્યો. આચાર્ય મહારાજની આપત્તિની વાત લખી હતી. પણ, આપત્તિ તો આવી ગઈ હતી.

શેઠે લખ્યું હતું કે બાદશાહ મુઝફ્ફર મલિકની ચડવણીથી અકારણ આચાર્ય મહારાજ ઉપર ગુસ્સે ભરાયો છે. બધી વાત સમજાતા સભામાં ઉશ્કેરાટ વધતો જતો હતો. મહાજન પણ વિચારમાં પડી ગયું.. બધાંની માંગણી ખુલ્લંખુલ્લા વિદ્રોહની હતી. પણ, મહાજનને તેમાં લોહી રેડાવાની શક્યતા લાગતી હતી. લોહી રેડ્યા પછી પણ સફળતા અંગે પ્રશ્નાર્થચિહ્ન જ હતો. સત્તા તેમના પક્ષે હતી. આચાર્ય મહારાજ પણ તે લોકોના કબજામાં હતા.

મહાજને ધીર-ગંભીર અવાજે સભાને શાંત કરતા કહ્યું - 'તમારા સહુની લાગણી અમે સમજીએ છીએ. ખંભાતના સૂબાએ અમદાવાદના બાદશાહના હુકમથી અત્યંત ગંભીર ભૂલ કરી છે. આપણે ન્યાય માંગવો જોઈએ. તમે કહો છો તે રીતે ન્યાય માંગવામાં લોહી રેડાશે..' 'લોહી રેડાય તેની અમને ચિંતા નથી.. અમે લોહી રેડવા તૈયાર છીએ. પણ, આવા સૂબા પાસે ભીખ માંગવા જવું અમને નહીં ફાવે..' ધગધગતો જવાબ મળ્યો...

મહાજને કહ્યું - 'તમારી કેસરિયાની ભાવના અમે સમજીએ છીએ. પણ, તેમ કરવા જતા સૂબો આચાર્ય મહારાજને નુકસાન પહોંચાડશે તો ? તેઓ તેમના કબજામાં છે તે ન ભૂલો. કદાચ નુકસાન ન પહોંચાડે તો પણ બારોબાર તેમને બીજે કશે મોકલાવી દે તો ? આપણો ખુલ્લો વિરોધ જોઈ સૂબો સૌથી પહેલા આચાર્ય મહારાજને ગાયબ કરવાનું જ કામ કરે. પછી આપણને કચડી નાંખવા લશ્કરને'ય મોકલી શકે. શસ્ત્ર સાથે ગયેલા આપણે શસ્ત્રથી જ જવાબ આપવો પડે. આ પરિસ્થિતિ બન્ને રીતે અત્યંત નુકસાનકારી સાબિત થઈ શકે તેમ છે.' મહાજને વાત કરી. સભામાં સન્નાટો છવાઈ ગયો.

ખંભાતનો શ્રીસંઘ આચાર્ય મહારાજનો અત્યંત ચાહક હતો. સં. ૧૫૪૯માં આચાર્ય મહારાજે ખંભાતમાં ચાતુર્માસ કરેલું. આખું ખંભાત ઘેલું થયું હતું... ખંભાતના શ્રાવકોની કેટલાંય વર્ષોથી શત્રુંજયનો સંઘ કાઢવાની ભાવના હતી. પરંતુ રાજકીય અને ભૌગોલિક અનેક આપત્તિઓની આશંકાથી વાત ખોરંભાતી હતી. આચાર્ય મહારાજને દૈવી સંકેત મળ્યો. ખંભાતના સંઘને તેમણે સંઘ માટે સંમતિ આપી. બધાંનો ઉત્સાહ આસમાને આંબ્યો. ૧૧ આચાર્ય ભગવંતોની નિશ્રામાં નીકળેલા આ સંઘે અદ્‌ભુત શાસનપ્રભાવના કરી.

ચાતુર્માસ અને છ'રીપાલક સંઘ - બન્નેના પ્રતાપે ખંભાતના સંઘની લાગણી, આસ્થા, શ્રદ્ધા ખૂબ ગાઢ રીતે આચાર્ય મહારાજ પરત્વે ગૂંથાયેલ હતી. આવા આચાર્ય મહારાજ ઉપરની આપત્તિથી સહુ ધૂંધવાઈ ગયા હતા. એકેક પળ તે લોકોને વસમી લાગી રહી હતી. આચાર્ય મહારાજ એક પળ પણ કારાગૃહમાં રહે તે સકલ શ્રીસંઘ માટે નામોશી હતી. આથી, સહુ ઉતાવળા હતા. મહાજને રજૂ કરેલી મુસીબતથી બધાં મૂંઝાઈ ગયા.

મહાજને જ પુનઃ વાત ઉપાડી- 'મહાજન એવી ધારણા રાખી રહ્યું છે કે આપણે સહુએ બાદશાહ પાસે જઈ આચાર્ય મહારાજને છોડી મૂકવા દબાણ કરવું. મહાજન આ બાબતે કૃતનિશ્ચયી છે કે આજની રાત પહેલા આચાર્ય મહારાજ કારાગૃહની બહાર આવી જવા જોઈએ.' મહાજન વાત કરી રહ્યું હતું ત્યા જ 'ગુરુજી અમારો અંતર્નાદ... અમને આપો આશીર્વાદ'ના નારા ગાજ્યા. આખી સભા હૂડૂડૂ.. કરતી ઉભી થઈ ગયી.

સભા બે ભાગમાં વહેંચાઈ ગઈ. વચ્ચેના ખાલી પટ્ટામાંથી આચાર્ય ભગવંત આણંદવિમલ સૂરિમહારાજ પધારી રહ્યા હતા. નૂતન આચાર્ય ભગવંત હતા તેઓ. તેમના પ્રત્યેક ડગલામાં વેદના નીતરી રહી હતી. આંખો લાલ હતી. મોઢું શ્રમ-વેદનાની મિશ્ર લાગણીથી લેવાઈ ગયું હતું. પ્રચંડતાનો તેજ સૂર્ય તેમના મુખકમલને વિકસિત કરી રહ્યો હતો. પ્રત્યેક ડગલે તેમના મોઢા ઉપર દૃઢતાની રેખા અંકાતી જતી હતી.

શ્રીસંઘના યુવાનો આચાર્ય મહારાજ તથા તેમના શિષ્યને કે જે જંગલમાં બેહોશ પડ્યા હતા તેમને લઈ આવ્યા હતા. ઔષધોપચાર કરતા તુરંત જ તે ભાનમાં આવી ગયા હતા. ખંભાતનું મહાજન ભેગું થયું છે.. ઈત્યાદિ તમામ વિગતો ઉપાશ્રયમાં આવતા જ આચાર્ય મહારાજને મળી ગઈ હતી.

શ્રીસંઘને નેતૃત્વ પૂરું પાડવા આચાર્ય મહારાજ તુરંત જ સભા સમક્ષ આવવા રવાના થયા. સાથેના મહાત્માએ થોડો આરામ કરવા જણાવ્યું. પણ, આરામ તેમને ખપતો ન હતો. પૂજ્યપાદ ભવોદધિતારક ગુરુદેવશ્રી અત્યારે કારાગૃહમાં છે, મુફલિસ માણસોની કેદમાં છે - આ હકીકતનું સ્મરણ પણ આચાર્ય મહારાજને સળગાવી નાંખતું.. જિનશાસનના મહાન જ્યોતિર્ધર કારાગૃહમાં હોવાની કલ્પનામાત્રથી તેમની આંખો ભરાઈ આવતી. સામૂહિક વંદન થતા જ આચાર્ય મહારાજ બોલ્યા - 'પૂજ્યપાદ ગુરુદેવશ્રી કારાગૃહમાં હોય અને હું અહીં એમને એમ બેઠો હોઉં તે મને કેમ શોભે ?' તેમના ગળે ડૂમો બાઝી ગયો. સભા આખીના પાંપણે અશ્રુના તોરણિયા બંધાયા.. કેટલાંય વખતથી ભરાઈ ગયેલી વેદના છૂટી પડી. સહેજ મન મોકળું થતા જ આચાર્ય મહારાજ બોલ્યા - 'અત્યારનો સમય અહીં બેઠા રહેવાનો નથી.'

ધીરે-ધીરે આચાર્ય મહારાજની વાણી વેધકતા ધારી રહી હતી. તેમનામાં દૃઢતા આવી રહી હતી. 'આપણે કરી છૂટવાનું છે. ખંભાતના મહાજનને - શ્રીસંઘને સજ્જ જોઈ મને આનંદ છે. મારી ઈચ્છા પૂજ્યપાદ ગુરુદેવશ્રીની મુક્તિ સુધી અન્નજળ ત્યાગ કરવાની છે.' 'ગુરુદેવ ! અમે આપની સાથે છીએ..' આખી સભા બોલી ઊઠી. મહાજને પણ ઘોષણા કરી દીધી.

મહાજને બીજી એ પણ વાત કરી - આજથી બધાં જ વેપાર-ધંધા

અમે બંધ કરીએ છીએ. કોડીનો વેપારે'ય કોઈ નહીં કરે. તથા મહાજન અન્ય સહુ લોકોને આ બાબતથી વાકેફ કરી આ બાબતે સહાય કરવા વિનંતિ કરશે. મહાજનને વિશ્વાસ છે કે અમારામાંના અમુક લોકો કદાચ બીજો ધર્મ પાળતા હશે. છતાં સહુ એકતાપ્રેમી છે. આપણી મુસીબતના સમયે તે ખભેખભા મીલાવશે... હકીકત પણ એ જ બની.

મહાજને સહુ સાથે જાળવેલા સંબંધો, ખભે-ખભા મીલાવીને કામ કરવાની ખેવના.. આ બધાંના પ્રતાપે મહાજનની વિનંતિ થતા જ ખંભાતની દુકાનો ચપો-ચપ બંધ થવા લાગી. સદા ધમ-ધમતા રહેતા બજારો સૂના બન્યા. બંદરની બધી જ કાર્યવાહી અટકી ગઈ. જકાત ભરવા-લેવાની, રાજ્યને કર ચૂકવવાની બધી જ પ્રક્રિયા થંભી ગઈ. ખંભાતનું એકેક ઘર, આચાર્ય મહારજાને થયેલા અન્યાયની વાત સાંભળી, સત્તા સામે બંડ પોકારવા તૈયાર થઈ ગયું... શ્રીસંઘના તો નાના-નાના બાળકોએ પણ અન્ન-જળ ત્યાગ કરી વાતાવરણમાં ઉત્તેજના ફેલાવી દીધી. આચાર્ય મહારાજના નેતૃત્વ હેઠળ બીજી ઘણી ચર્ચા-વિચારણાઓ થઈ..

કાર્તિક-કૃપાણ પણ આવી પહોંચ્યા હતા. તેમને બધાં સમાચાર મળી ગયા. તે લોકો હેબતાઈ ગયા હતા. કાર્તિક આ સમાચાર દોશી આણંદજી શેઠને આપવા નીકળી ગયો. સમાચાર અત્યંત ગંભીર હતા. એટલે આચાર્ય મહારાજના અનન્યભક્ત દોશી આણંદજી શેઠની હાલતની તો ખાલી કલ્પના જ કરવી રહી. ખંભાતના મહાજને લીધેલા પગલાઓની વાત પણ તેણે શેઠને કરવાની હતી.

સભાના અંતે સહુ સૂબા પાસે જવા તૈયાર થયા... આચાર્ય મહારાજને ન આવવા મહાજને વિનંતિ કરી. સૂબો કંઈક આચાર્ય મહારાજનું અપમાન કરી દે અથવા તો તેમને'ય કેદમાં પૂરી દે તો તરત જ હુલ્લડ મચી જાય. વાતચીતમાં ઉશ્કેરાટ ન આવી જાય તથા સૂબા માટે અહંનો પ્રશ્ન ન બની જાય તે માટે મહાજનને સંખ્યા બહુ વધારવી ન હતી. પરંતુ મહાજનના માણસો દુકાને જઈ-જઈને બંધ પાળવા વિનંતિ કરવા ગયા એટલે વાત બધે ફેલાઈ ગઈ હતી. એમ પણ આવી વાતો આગની જેમ ઝડપભેર ફેલાઈ જાય

છે. અત્યંત ઝડપથી આ બધી કાર્યવાહીઓ થઈ રહી હતી. ઉશ્કેરાટ અને ઉત્તેજનાના પ્રતાપે માણસો અત્યંત ઝડપથી કાર્ય કરી રહ્યા હતા. બધાં સ્વયંભૂ રીતે એક મંચ ઊપર ભેગા થઈ રહ્યા હતા. મહાજન સભાગારને છોડી જેવું રાજમાર્ગ ઉપર આવ્યું ત્યાં સુધીમાં તો માનવ મહેરામણ ઉમટી પડ્યો.

મહાજન આશ્ચર્યચકિત થઈ ગયું. આચાર્ય મહારાજ પ્રત્યેની લોકોની આટલી ભક્તિ જોઈ સહુના હૈયા હેલે ચઢ્યા. દરેકના મુખ ઉપર કંઈક કરી છૂટવાની ભાવના તરવરતી હતી. જોમ હતો, જુસ્સો હતો, સબળ નેતૃત્વ હતું. સહુ એકજૂટ હતા, કોઈ મતભેદ ન હતા. આચાર્ય મહારાજ પ્રત્યેની આસ્થા હતી. કર્તવ્યની બુદ્ધિથી સહુ જોડાયા હતા. પ્રસિદ્ધિની કે નામ કમાઈ લેવાની કોઈની ખેવના ન હતી. સૂબાને પણ દરેક હિલચાલના સમાચાર મળી રહ્યા હતા. તે ગભરાટમાં હતો. બંદરની કાર્યવાહી બંધ થઈ જતા પરદેશના વહાણો અટવાઈ ગયા હતા. પરદેશીઓ સૂબા પાસે પહોંચ્યા હતા.

પરદેશમાં પણ પોતાની આબરુ ચાલી જશે – તેવો ભય સૂબાને લાગ્યો. પરદેશની એ વ્યક્તિઓએ સૂબા ઉપર દબાણ કર્યું... બીજી પણ કેટલીક વ્યક્તિઓએ સૂબાને ભીંસમાં લીધો. લોકોના અભૂતપૂર્વ જુવાળની વાતો તેના કાને અથડાઈ. અમદાવાદના બાદશાહ તરફથી કોઈ સમાચાર આવ્યા ન હતા. આટલા સમયમાં તો કોઈ મદદ પણ ન મળે. લોકોનો જુવાળ થોડાક જ સમયમાં તીવ્ર પ્રતિક્રિયા આપી રહ્યો હતો. સૂબો મૂંઝાઈ રહ્યો હતો.

હકીકતે આચાર્ય મહારાજને પકડવાની તેની કોઈ તીવ્ર ઈચ્છા હતી નહીં. અમદાવાદના બાદશાહના કહેવાથી તેણે પકડ્યા હતા. આ સમયે તેના પક્ષે ઊભું રહેનાર કોઈ ન હતું. મલિક જેવી પણ કોઈ વ્યક્તિ અહીં મળતી ન હતી. અહીં તો તેના પડખે ઊભું રહેવા કોઈ તૈયાર ન હતું. લશ્કરનો કોઈ સૈનિક પણ એમ કહેવા ન હતો આવ્યો – હું તમારી સાથે છું. હા ! તે લોકો હતા તો સૂબાના તાબામાં જ. પણ, આ લોકજુવાળ સામે કશું ચાલે તેમ લાગતું ન હતું. સૂબો અકળાતો હતો.

બીજી તરફ મહાજન જેમ-જેમ આગળ વધતું હતું તેમ-તેમ સમાચાર ફેલાતા જતા હતા. ઘરના ઘર ખાલી થઈ રહ્યા હતા. હૈયે હૈયું દળાય તેવી

ગીરદી સર્જાઈ રહી હતી. શેરીઓ ટૂંકી પડી રહી હતી. ધીરે ધીરે નારાઓ શરૂ થયા. વાતાવરણમાં તંગદિલી સર્જાવા લાગી હતી. લોકો ઠલવાયે જતા હતા. સંખ્યા વધતી જ ચાલી. કશું ન જાણનારા લોકો'ય પછી તો જોડાવા લાગ્યા. એક ઉગ્ર વાતાવરણ બની ગયું હતું. સંવેદનશીલ માહોલ સર્જાઈ ગયો હતો.

સૂબો પોતાના ઓરડામાં આંટા મારી રહ્યો હતો. તે ચિંતામાં હતો. સેનાનો થોડો ભાગ તેણે રાજમહેલમાં બોલાવી રાખ્યો હતો. મૂળે મુખ્ય સૈન્ય તો અમદાવાદ હતું. અહીં તો થોડું જ સૈન્ય રહેતું. હા ! મુખ્ય બંદર હોવાથી એમ તો સૈન્ય સારું હતું. પરંતુ અત્યારે આખા શહેરમાં વ્યવસ્થા જાળવવા તેને તૈનાત કરવું પડ્યું હતું. પહેલાં તો સૂબાને થયું કે રાજમહેલના દરવાજા બંધ કરાવી દઉં. બાજુમાં તોપ તૈયાર કરાવી દઉં. રાજમહેલ ફરતે પણ કિલ્લા જેવું હતું. સાથે કિલ્લા ઉપર તોપ રાખવાની વ્યવસ્થા હતી. પરંતુ હવે તેને કોઈના પણ ઉપર વિશ્વાસ ન હતો બેસતો.

જો તોપ ગોઠવવાની ગુસ્તાખી સૂબો કરે તો પછી પ્રજા તેને કોઈ પણ ભોગે માફ ન કરે. પછી તો વીફરેલું ટોળું જો કોઈ પણ રીતે અંદર પ્રવેશ કરી લે તો સૂબાનો શિરચ્છેદ કરીને જ જંપે. કોઈ કોઈના તાબામાં ન રહે. સૈન્યનો કેટલો ભાગ ક્યાં સુધી પોતાનો સાથ નીભાવશે ? તે પણ પ્રશ્ન હતો. કારણ કે ટોળામાં એ સૈનિકોના સ્વજનો પણ હોવાના જ.

સૂબાની ચિંતા વધતી જ જતી હતી. ટોળું જો અંદર પ્રવેશી ગયું તો તો તે જાતે જ કારાગૃહમાં જઈ આચાર્ય મહારાજને છોડાવી લેશે. નાહક હંગામો મચી જશે.... સૂબાને લડવામાં મજા દેખાતી ન હતી. તેણે સમાધાનનો રસ્તો અપનાવવાનું નક્કી કર્યું. પણ, એમ સીધી રીતે નમી પડવામાં લોકોને ફરી-ફરીને આવું તાન ચઢે. લોકો ઉપર ધાક પણ ન જામે. બાદશાહ પણ ગુસ્સે ભરાય.

અંતે તેણે નક્કી કર્યું કે ગમે તે રીતે ૧૨,૦૦૦ ટકા તો ઉઘરાવવા જ. પછી જ આચાર્ય મહારાજને છોડવા. જો લોકો આવેશમાં હશે તો પોતાની કશી વાત નહીં સાંભળે. ૧૨,૦૦૦ ટકા આપવાની વાત તો નહીં જ સાંભળે.

પરિણામે લોકો આવતા જ તેઓ શાંત થાય તેવું પગલું ભરવું જોઈએ. સૂબાએ તરત જ બાદશાહના એ માણસને બોલાવ્યો જે આચાર્ય મહારાજને પકડનારા ત્રણ માંહેનો એક હતો. બાકીના બે બાદશાહની રજા લેવા, તેને સંદેશો આપવા, આગળ શું કરવું તે પૂછવા ગયા હતા.

એ માણસ પણ તાબડતોબ આવ્યો. સૂબાએ અહીંની બધી વાતોથી તેને વાકેફ કર્યો અને કહ્યું - 'ટોળું આવી રહ્યું છે તે કેમે કરીને કબજામાં નહીં રહે. મારે અત્યારે આચાર્ય મહારાજને છોડવા પડશે. બાદશાહનો કોઈ હુકમ મને મળ્યો નથી. માટે, અત્યારની પરિસ્થિતિ જોઈ-સમજી-વિચારી મારે જ નિર્ણય કરવાનો રહે છે. તમને પણ આ વાતથી માહિતગાર કરું છું. કારણ કે અહીં તમે જ એક માત્ર બાદશાહના પ્રતિનિધિ છો.

બાદશાહને જરૂરત હશે તો ફરીથી પણ એક વાર આચાર્ય મહારાજને પકડી લઈશું. પણ, અત્યારે તો કોઈ પણ રીતે છોડવા જ પડશે. હું મથામણ કરીશ લોકોને સમજાવવા. પણ આ લોકો નહીં માને - તેમ લાગે છે. બધી બાજુની વાતો વિચારતા એ માણસને'ય આ વાત ખરી લાગી.

સૂબાની ચિંતા હળવી થઈ. એક નિર્ણય થઈ જતા મન હળવું થઈ ગયું. લોકોના અવાજો દૂરથી આવી રહ્યા હતા. મહાજને થોડો લાંબો રસ્તો લીધો જેથી સૂબાને પણ વિચારવાનો સમય મળી રહે. લોકોના આવેશને તુરંત શાંત કરી દેવા સૂબાએ એક ચાલ ખેલી. મહાજને ૧૨,૦૦૦ ટકાની વ્યવસ્થા પણ અંદરખાને કરી રાખી હતી. ગમે તેમ કરી, અત્યારે આચાર્ય મહારાજને છોડાવીને જ પાછું વળવાનું હતું. તેમાં જ આચાર્ય મહારાજની અને મહાજનની શોભા હતી. ટોળું ધીરે ધીરે રાજમહેલ સુધી પહોંચી ગયું. રાજમહેલના પ્રાંગણમાં પણ ઘૂસી ગયું.

પ્રાંગણમાં ઘૂસતા જ મહાજનના મોભીઓએ બધાંને શાંત પાડીને કહ્યું - 'આપણા સૂબા પ્રજાવત્સલ છે. અમદાવાદના બાદશાહની આજ્ઞાથી તેમણે આચાર્ય મહારાજને પકડવાનું જઘન્ય કૃત્ય કરવું પડ્યું હશે... પરંતુ આપણા સહુનો એકમતીથી પ્રગટેલો આ અવાજ સાંભળી તે જરૂર આચાર્ય મહારાજને છોડી દેશે. તેથી આપણે સંયમથી કામ લેવાનું છે. ક્યાંય કશી તોડફોડ કરશો નહિ કે કોઈને કશું નુકસાન પહોંચાડશો નહીં.... આપણે આચાર્ય મહારાજને

લઈને જ પાછા ફરીશું.' બધાંએ આચાર્ય મહારાજનો જયકાર બોલાવી દીધો.

એ અવાજે કાનમાં પળવાર તો ધાક બેસાડી દીધી. તે વખતે કોઈ કાનમાં પાસે આવીને બોલે તો ય ન સંભળાય એટલો પ્રચંડ અવાજ હતો એ. સૂબાના કાન પણ આ અવાજ સાંભળી સરવા થઈ ગયા. તે સમજી શકતો હતો કે બહાર કેટલો માનવ મહેરામણ હશે ?

લોકો રાજદરબારમાં ઘૂસ્યા. બધાંને તો સમાવી શકાય તેટલી જગ્યા જ ન હતી. રાજમહેલનું પ્રાંગણ-અટારીઓ-બગીચો.. જ્યાં જુઓ ત્યાં બધે લોકો જ લોકો.. કોઈ વ્યવસ્થા હતી નહીં. પહેરગીરોનું કશું ચાલે તેમ ન હતું. અત્યારે તો લોકો જ રાજા હતા. લોકો પોતાના અસલ મિજાજમાં ઉતરી આવ્યા હતા. પ્રચંડ સત્તાથી તેનું દમન કરી શકાય તો કદાચ કરી શકાય.

તે સિવાયની નાના-મોટી સત્તાઓ તો ઉથલી જ પડે, નાના અમથા ચેનચાળા માત્રથી જ. વિરાટ જાગ્યો હતો. જનતાજનાર્દનની આ શક્તિ હતી. લોકસંઘની તાકાત હતી. **'संघे शक्तिः कलौ युगे'**. આ જ લોકો વિકેન્દ્રિત હોય તો તેઓની કશી તાકાત નહીં. પણ, આજે સહુ એકત્રિત હતા.

સૂબો રાજસભામાં જ બેઠો હતો. બાજુમાં મંત્રીઓ હતા. અંદરનું દૃશ્ય જોતા જ સહુ આનંદમાં આવી ગયા. ગેલમાં આવી ગયા. જયજયકાર બોલાવા લાગ્યા. આચાર્ય મહારાજને સિંહાસન ઉપર બિરાજમાન કરવામાં આવ્યા હતા. સૂબાએ લોકોના આવેગને શાંત કરવા આચાર્ય મહારાજને બોલાવી મંગાવ્યા હતા. બાજુમાં સૈનિકો ઊભા રાખ્યા હતા. લોકોના હર્ષોલ્લાસને ઝીલતા આચાર્ય મહારાજે હાથ ઊંચા કર્યા. લોકોનો કોલાહલ અત્યંત વધતો જતો હતો. જેમ-જેમ સમાચાર ફેલાતા ગયા તેમ-તેમ કોલાહલ વધતો ગયો.

મહાજનને સૂબાએ ઈશારાથી બોલાવ્યા અને કહ્યું - 'જુઓ તમે આ જે કર્યું છે તે સારું નથી કર્યું. તમારે જે કરવાનું હતું તે અમદાવાદ જઈને કરવાનું હતું. મને આ રીતે ભીંસમાં લઈને તમને શો ફાયદો ? ઠીક છે, સીધી વાત કરી લઈએ. ૧૨,૦૦૦ ટકા મૂકી દો. અંદરખાને પતાવટ કરી લઈએ. મારી વાત રહી જાય. તમારી પણ. મારે બાદશાહને પણ જવાબ દઈ શકાય.'

મહાજન સમજી ગયું કે આ વાત પડતી નહીં મૂકે. ફક્ત આટલી વાત માટે બાજી બગડવા ન દેવાય. મહાજને પોતાના માણસને ઈશારો કર્યો.

કોથળાના કોથળા આવવા લાગ્યા. બધી પતાવટ થઈ ગઈ. થોડા માણસોને ખબર પડી. બાકી બધાં તો આચાર્ય મહારાજને વધાવવા આતુર હતા.

સૂબાએ સૈનિકપહેરો ઉઠાવી લીધો. આચાર્ય મહારાજના પગે પડ્યો સૂબો. લોકોએ જયજયકાર મચાવી દીધો. આચાર્ય મહારાજ ઊભા થયા. લોકોએ આચાર્ય મહારાજને ઊંચકી લીધા. આનંદ-આનંદ છવાઈ ગયો.

આટલા લોકો કોઈ મહત્ત્વની વાત માટે ભેગા થયા હોય અને જો તેમાં તત્કાલ સફળતા મળે તો તેનો આનંદ આસમાને આંબે. કારણ કે આ લોકો તો સામાન્ય જનતા હતી. રોજ-બ-રોજ તેઓ આવા કામો કરતા ન હોય.

ક્યારેક આવી રીતે બધાં એકજૂટ થતા હોય. ત્યારે મળતી સફળતા બધાં માટે એક નશાનું કામ કરે.. **ધસમસતા વેગીલા પ્રવાહ જેવો આ લોકસમૂહ હતો. એ પ્રવાહને રુંધાય નહીં.. બાકી ઊભરાઈને તારાજી ફેલાવી દે. બે બાજુ કાંઠા કરી તેને યોગ્ય માર્ગે વાળી દેવાય. મહાજને બે કાંઠા તૈયાર કરી દીધા. પરિણામે સંજીવની સાબિત થયો એ પ્રવાહ..** બધા આનંદમગ્ન હતા.

આચાર્ય મહારાજના મોઢા ઉપર એ જ તેજ, એ જ સ્મિત. એ સ્મિત જોનારો જીવનભર તેને ન ભૂલતો. ગજબનું કામણ હતું તેમના મોઢા ઉપર.. અદકેરી છટા હતી એમની. અગ્નિમાં તપીને ઝળકાટ મારતા સોના જેવી તેજસ્વિતા હતી એમની.... લાગતું હતું કે કારાવાસે આચાર્ય મહારાજની આભા અને શોભામાં ઘટાડો નહીં પણ, વધારો કર્યો હતો. સહુ ઉપાશ્રય પહોંચ્યા.

આચાર્ય ભગવંત આણંદવિમલસૂરિ મહારાજ પણ હર્ષાશ્રુ સાથે પોતાના પરમોપકારી ગુરુદેવશ્રીને વધાવવા ઊભા હતા. આચાર્ય મહારાજના અન્ય શિષ્યો પણ વિહાર કરતા આવી રહ્યા હતા.. બધે જયજયકાર હતો, આનંદ હતો.

કોઈ એક ધર્મનું આ કામ ન હતું થયું. આ તો સહુનું પોતીકું કાર્ય થયું હતું. દરેકના મોઢા ઉપર વિજયનો ઉલ્લાસ હતો. આનંદ હતો. મહાજન તરફથી ઘરોઘર મીઠાઈની વહેંચણી થઈ. સહુના પારણા થયા. આચાર્ય મહારાજ બહુ થોડા શબ્દો બોલ્યા. પણ, તેમાં ઘણું વ્યક્ત થતું હતું. કૃતજ્ઞતા, એકતાની શક્તિ - વર્તમાનની અરાજકતા - મનમાની કરવાની વૃત્તિ - ધર્મ પ્રત્યેની નિષ્ઠાનો અભાવ - માત્ર મુનસૂફી ઈત્યાદિ ઘણી'ય વસ્તુઓ આચાર્ય

મહારાજે પોતાના ઉપદેશના શબ્દોમાં વણી લીધી. આ બધું શબ્દોથી નહીં, શબ્દો પાછળના ધ્વનિથી અભિવ્યક્ત થતું હતું.

મહાજને સહુનો આભાર માની સહુને વિદાય આપી. વેપાર-ધંધો તો બંધ જ રહ્યા. પણ, બંદરનું કામકાજ શરૂ કરાવી દીધું. જેથી કોઈ પરદેશીને મુસીબત ન પડે. જીવદયાના કાર્યની પણ ઘોષણા કરવામાં આવી. ધીરે-ધીરે લોકો વીખેરાવા લાગ્યા. સ્તંભન પાર્શ્વનાથની ભક્તિ કરવા આચાર્ય મહારાજ પહોંચ્યા. એક વિશિષ્ટ સંકલ્પ કર્યો.. સહુ ભાવવિભોર બની ગયા.


આપત્તિનો ઝંઝાવાત શમી ગયા પછીની શાંતિમાં જે ઊંડાણ હોય છે તે સતત ગતિવંત સુખી જીવનની અનુભવાતી શાંતિ સામે સાગર જેવું હોય છે. એકધારા જીવનની શાંતિ આછકલી છે. આ ઊંડી શાંતિ છે. એટલે જ આપત્તિઓને જીવનમાં જરૂરી બતાવી છે.

કોઈ પણ મહાપુરુષ એવા નહીં મળે જેણે જીવનમાં કોઈ આપત્તિ અનુભવી જ ન હોય, તેમાં કલિકાલમાં તો આ વાત વિશેષ રીતે લાગુ પડે છે. આચાર્ય મહારાજ વગેરેના પણ પારણા થયા. આજુબાજુના ગામમાંથી સાધુમહાત્મા ઉગ્ર વિહાર કરીને પધારી રહ્યા હતા. આજુબાજુના ગામના લોકો પણ વિરોધ કરવા આવી રહ્યા હતા. પરંતુ આચાર્ય મહારાજની મુક્તિના સમાચાર સાંભળી બધાં આનંદમાં સહભાગી થયા.

ચોરેને ચૌટે જાત-જાતની વાતો ચાલતી હતી. દરેક જણ પોતે આપેલા બલિદાનની વાત બઢ-ચઢકર કહી રહ્યો હતો. માનવસ્વભાવની આ જ તો ખાસિયત છે. મહાજન તરફથી મીઠાઈના અને સરબતના પાલ ખોલવામાં આવ્યા હતા. દરેક જણને ત્યાં તૃપ્તિ આપવામાં આવી.

એ રાતે આચાર્ય આણંદવિમલસૂરિ પોતાના ગુરુદેવ સાથે બેઠા. ગુરુદેવને પણ કંઈક કહેવું હતું. આણંદવિમલસૂરિ મહારાજને'ય ઘણું કહેવું હતું. આણંદવિમલસૂરિ મહારાજે બેઠા પછી તરત જ આક્રોશ ઠાલવ્યો - 'ગુરુદેવ ! આપણે આટલા સૂરિમંત્રના જાપ કર્યા તેનું શું આ જ ફળ ? શું કોઈ શાસનદેવને કશી પડી જ નથી ? બધાં'ય દેવલોકના ભોગસુખોમાં જ શું પડી ગયા છે ? આપને હાથ અડાડનારાના હાથ કેમ થંભી ન ગયા ?

✺



આનંદમંગલ

'આણંદ ! દેવાણું આસાયણાએ - ભૂલી ગયો ? આટલો અજંપો શીદને ?'

'ગુરુદેવ સમજું છું. પણ, મારા પ્રશ્નનું શું ?'

'દેવ પાસે તારી શી અપેક્ષા છે ? શું તે મને બચાવે - તેમ તારું કહેવું છે ? પરંતુ તે મને જ કેમ બચાવે ? જેમ બીજા માણસો પુણ્ય-પાપ ભોગવે છે તેમ મારે પણ શું ન ભોગવવા જોઈએ ?'

'ગુરુદેવ ! આપની વ્યક્તિગત રક્ષા માટે મારે નથી કહેવું. પરંતુ અત્યારે આપ જિનશાસનના સ્તંભ છો, મોભી છો, આપની હીલનામાં શાસનની હીલના છે. આપના ઉત્કર્ષમાં શાસનનો ઉત્કર્ષ છે. આપને પકડનારના હાથ જો થંભી ગયા હોત તો જૈન શાસનનો કેવો જય-જયકાર થાત, બધાં આપના ચરણે આવી જિનશાસનનો સ્વીકાર કરત..'

'આણંદ ! તું આટલો પ્રબુદ્ધ-આરાધક થઈ આવી વાત કરે છે ? મારા માટેની તારી લાગણી તને આ બોલાવી રહી છે. તારી વાત હોત તો તું આવું ન કહેત..'

'પરંતુ ગુરુદેવ ! મેં ખોટું શું કહ્યું ? ભલે મને આપના માટે લાગણી

હોય, માટે હું આમ કહેતો હોઉં.. પણ, શું આપની રક્ષા થાય તેવું હું વિચારી ન શકું ?'

'આણંદ ! તું બધું જ જાણે છે. પણ, મારી લાગણીએ અત્યારે તારી બુદ્ધિને કુંઠિત કરી દીધી છે. છતાં તારે ચર્ચા કરવી જ છે તો મને જવાબ આપ - શાસન શું છે ?'

'કેમ ગુરુદેવ ! જિનશાસન એ જિનશાસન છે. પરમાત્મા મહાવીરે વે.સુ. ૧૧ જે સ્થાપ્યું તે.. અલબત્ત તે અનાદિ છે. પરંતુ પરમાત્મા મહાવીરનું શાસન તે દિનથી આરંભાયું..'

'થોડું હૃદયને - અંતરને ઢંઢોળ... વિચાર, શાસન શું છે ?'

'શાસન એ જિનાજ્ઞા છે. પરમાત્માએ ભાખેલી આજ્ઞામાં રહેવું એટલે શાસનમાં રહેવું.'

'મતલબ કે શાસન = પરમાત્માની આજ્ઞામાં રહેલો ચતુર્વિધ સંઘ !'

'સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, તદુપરાંતમાં અપુનર્બંધક-માર્ગપતિત-સમ્યક્ત્વી આ બધાં પણ જિનશાસનના સદસ્ય બની શકે છે. આ બધાંમાં જિનશાસન પ્રતિષ્ઠિત થયેલું છે.'

'જિનશાસનની પ્રભાવના એટલે આવી પરિણતિને દૃઢ-દૃઢતર બનાવવી.. અર્થાત્ પરિણતિના સ્તરે જિનશાસન છે. પરિણતિની શુદ્ધિથી જિનશાસનની પ્રભાવના છે. અર્થાત્ સુવિશુદ્ધ સંયમજીવન પાળનારા શ્રમણવૃંદો જિનશાસનનું ગૌરવ છે. એવો જ શુદ્ધ ધર્મનો અનુરાગી શ્રાવકસંઘ જિનશાસનનું ગૌરવ છે. આ બધાંની વૃદ્ધિ એટલે જ જિનશાસનની વૃદ્ધિ..'

'ગુરુદેવ ! જે રીતે ગુણવત્તા વધે તે જિનશાસનની વૃદ્ધિ છે, તે રીતે તેની સંખ્યા વધે તે જિનશાસનની વૃદ્ધિ જ થઈ ને ! આપનો ચમત્કાર જોઈ કેટલાંય લોકોએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો હોત ! તો શું એ જિનશાસનની પ્રભાવના ન થઈ !'

'વત્સ ! ચોક્કસ એ જિનશાસનની જ પ્રભાવના થઈ. પણ કઈ રીતે એ પ્રભાવના થઈ તે વિચાર્યું છે ખરું ?'

'તેણે વીતરાગને ભગવાન માન્યા, નિર્ગ્રન્થને ગુરુ માન્યા - એ જ એનો જિનશાસનમાં પ્રવેશ સૂચવે છે. પરિણામે એક જીવ મોક્ષની સન્મુખ થયો. આ તો મહાન સત્કૃત્ય થયું.. ભગવાન મહાવીર સ્વામીને સૌધર્મેન્દ્રે શાસન-સેવાનું વચન આપ્યું છે.

બીજા હજારો દેવી-દેવતાઓ શાસનના અવિહડરાગી છે. શું એ બધાનું કશું કર્તવ્ય જ નથી ? શું બધાંએ મૂક પ્રેક્ષક જ રહેવાનું છે ? કાલે કોઈ આપની ઉપર તલવાર ચલાવશે ત્યારે પણ તે લોકો મૂંગા જ બેસશે ને ?..' આણંદવિમલસૂરિ મહારાજના વચનોમાંથી આક્રોશ નીતરી રહ્યો.

'શું તું દેવો પાસે એ અપેક્ષા રાખે છે કે દેવો બધાંને જૈનધર્મી બનાવી દે, જૈન શાસનના અનુરાગી બનાવી દે. અલ્યા ! તું દેવોની વાત છોડ, એ તો ભૌતિક સુખની આશંસામાં કદાચ લપેટાયેલા હોઈ શકે. પરંતુ તું એ ગણધર ભગવંતોને યાદ કર, શ્રમણ ભગવાન મહાવીર મહારાજા તો વીતરાગ હતા. તેમની નીચેના ગણધરો - ચૌદપૂર્વીઓ તો સરાગી હતા. તેઓની હાજરીમાં જ કરોડોનો ખાત્મો બોલાવી દેતું ભયાનક યુદ્ધ ચેટક-કોણિક વચ્ચે ખેલાયું હતું. શા માટે કોઈએ વચ્ચે પડવાનું મુનાસિબ ન માન્યું ?

૩૬૩ પાખંડીઓ, ગોશાળાના લાખ્ખો અનુયાયીઓ - આ બધાંને જો લોહીની ઉલટી કરી દેતા કરી દીધાં હોત તો બધાં જિનશાસનનો સ્વીકાર કરી જ લેત. શું એ લોકો પાસે શક્તિ ન હતી ? કરોડો દેવતાઓ હતા. પોતાની યોગશક્તિ-શ્રુતશક્તિ પણ તેવી હતી કે એક પણ દેવની સહાય વિના આ કાર્યો કરી શક્યા હોત. શા માટે ન કર્યું ? આટલા ગળાં ફાડી-ફાડીને ઉપદેશ આપવાની તેઓને જરૂરત જ શી હતી ? મૌન રહીને દિવ્ય ચમત્કારો - યોગ ચમત્કારો બતાવતા રહ્યા હોત તો લાઈનોની લાઈનો લાગત.

પછીનો કાળ પણ જુઓ - પૂ. ભદ્રબાહુસ્વામી સુધી ચૌદ પૂર્વધરોની પરંપરા ચાલી છે. દૈવીશક્તિ વિના ફક્ત યોગશક્તિથી અનેકાનેક ચમત્કારો કરી શકત. તે વખતે પણ અનેક રાજાઓ જૈન ન હતા, અનેક લોકો જૈન મતવિરોધી હતા. બધાંને ચમત્કારોથી આવર્જિત કરી શું જૈન બનાવી ન દેવાય ? તે વખતે'ય કેટલા દુષ્કાળો પડ્યા, શ્રમણો ભૂખથી આકુળ-વ્યાકુળ

થયા. શું વરસાદ વરસાવવાની તાકાત ન હતી તેઓની ? કોઈ દેવોને ઈશારો પણ ન હતા કરી શકતા ?

તારી દૃષ્ટિએ વિચારવામાં આવે તો આવા સેંકડો પ્રશ્નો ઉપસ્થિત થશે. ખરેખર તારી આ શંકાઓ હોય તો તારે પોતે આત્મખોજ કરવા પ્રેરાવું રહ્યું - આ બધાં મહાપુરુષો છે. તેઓએ શા માટે આવું ન કર્યું ?

એક વાત એ પણ વિચાર કે - ભગવાન કરતા ગોશાળાના અનુયાયીઓની સંખ્યા વધારે હતી. અર્થાત્ શ્રાવક કરતા ગોશાલકભક્ત વધારે હતા. સામાન્ય બુદ્ધિનો પ્રશ્ન છે કે ભગવાન જેવી ઋદ્ધિ-સમૃદ્ધિ વાળી એકાદ વ્યક્તિ પછી ભલે તે રાગી હોય તો પણ જો અત્યારે તે પ્રચાર કરે તો તેની અનુયાયી સંખ્યામાં વર્તમાન વિશ્વની મોટાભાગની જનતા ગણાઈ જાય.

તો પછી ભગવાનને માનનારા-પૂજનારા તે કાળમાં ફક્ત લાખમાં ગણાય ? તું સમજ કે તે સંખ્યા શ્રાવકની છે, ચાહકોની નહીં. અર્થાત્ ભગવાનને ચાહનારા તે વખતે કરોડો હોઈ શકે. ભગવાનના શ્રાવકો લાખમાં ગણાય છે. શ્રાવક એટલે કોણ ?

મૂળથી તને વાત કરું - પરમાત્મા વીતરાગ છે, માટે પરમાત્મા છે. સમીકરણ એમ છે કે વીતરાગ એ મારા ભગવાન. પરંતુ 'મારા ભગવાન એ વીતરાગ અને સર્વશ્રેષ્ઠ' - એ સંકુચિતતાદ્યોતક છે. ખેર, પરમાત્માનો માર્ગ વીતરાગતા ઉપર અવલંબિત છે. વીતરાગતાના પ્રકર્ષની સાથે, અર્થાત્ રાગાદિ ભાવમલનો ઘટાડો જેમ-જેમ થાય તેની સાથે સાથે જીવના ગુણસ્થાનકો ઊંચકાય છે. તેમાં પાંચમા ગુણસ્થાનકે જીવ પહોંચે ત્યારે શ્રાવક-શ્રાવિકા-સાધુ-સાધ્વી સ્વરૂપ ચતુર્વિધ સંઘમાં તેને પ્રવેશ મળે છે.

પરિણામે પરમાત્માના અનન્ય ભક્ત, ક્ષાયિક સમ્યક્ત્વના ધણી, ભાવી તીર્થંકર, તેના જ પ્રતાપે પૂર્વના તૃતીય ભવમાં = વર્તમાન ભવમાં સર્વજીવકલ્યાણની નિર્મળતમ અને શ્રેષ્ઠતમ ભાવનાથી ભાવિત શ્રેણિક મહારાજા પણ પરમાત્માના ચતુર્વિધ સંઘમાં ગણાયા નથી.

વિરતિપ્રધાન ચતુર્વિધ શ્રીસંઘને જો શાસન કહેવાતું હોય તો શાસનમાં પ્રવેશતા જીવોની આવી ગુણવત્તા પ્રભુને માન્ય છે. પરિણામે, શાસનપ્રભાવના

એ જ કહેવાશે કે જેના દ્વારા જીવના આંતર ગુણોનો વિકાસ-ઉઘાડ થાય, તેવા નિમિત્તો પ્રત્યે સદ્‌ભાવ જાગે.

પરમાત્માની ભક્તિ-વિશિષ્ટ પૂજા-વિશિષ્ટ દયા-દાન-તપ વગેરે દ્વારા અન્ય જીવોને જો એમ ભાવ જાગે - 'ઓહો ! આ લોકોનો ધર્મ કેવો વિશિષ્ટ પ્રકારનો છે. મોજ-શોખથી નહીં, ત્યાગથી આનંદ પામવાનો' તો આવી ભાવનાના પ્રતાપે તેમનામાં બોધિબીજની વાવણી થાય. તાત્ત્વિક શાસનની પ્રાપ્તિ થાય.

ચમત્કાર વગેરેથી અંજાઈને નામથી જૈન બનનારા તો શક્તિના ઉપાસક છે, શુદ્ધિના નહીં. તેવા કરોડો લોકોથી પણ શું ? શું વીતરાગને આવી શક્તિના ભંડાર તરીકે માનીને પૂજવામાં આવે તો કલ્યાણ થાય ? હરિભદ્રસૂરિમહારાજ તો જણાવે છે કે ન થાય.

ગુરુ ઉપર જે ભક્તિ ચમત્કારોથી જાગે તે એકાંતે કલ્યાણકારી થાય તેમ નથી. સમવસરણમાં જઈને પરમાત્માની ઋદ્ધિથી અંજાઈને જીવના અનંતા ભવો વેડફાયા છે. ઋદ્ધિથી આકર્ષાઈને છેવટે તે આકર્ષણ પરમાત્માની વીતરાગતા ઉપર કેન્દ્રિત થવું જ રહ્યું. નિર્ગ્રંથ ગુરુની નિર્ગ્રંથતા ઉપર - જગત આખાના ભૌતિક સુખો પ્રત્યેની તેમની નિરપેક્ષતા ઉપર - તેઓ પોતાને સાચા સુખનો રાહ બતાવનાર છે, તેમની તે ઉપદેશકતા ઉપર પ્રેમ પ્રગટવો જોઈએ. તો જ ગુરુ મળ્યાનો લાભ થાય.

ચમત્કારોથી તે કામ મહદંશે સિદ્ધ નથી થતું. પરિણામે, નિર્ગ્રંથ ગુરુઓ આવા ચમત્કારોથી દૂર જ રહે છે. ચમત્કારો ક્યારેક આવી પડતી આપત્તિઓના નિવારણ માટે હોય છે. લોકોને ધર્મ પમાડવા નહીં. આશયની આ ભેદરેખા સ્પષ્ટ સમજી લેજે.

આજે લોકોમાં જે જુવાળ પ્રગટ્યો હતો તેમાં પુણ્યની સાથે-સાથે મારી ભૂતકાળમાં તેઓએ જોયેલી ગુણસંપત્તિનો પણ ફાળો છે. અર્થાત્ ભૂતકાળમાં તે લોકોએ જોયેલી મારી નિર્મળતા, ઉપશાંતતા, સ્વસ્થતા, ભૌતિક સમૃદ્ધિની ભરમાર ન હોવા છતાં આનંદ... ઈત્યાદિથી તેઓ પ્રભાવિત હતા.

આજે ચમત્કારથી છૂટીને હું આવી ગયો હોત તો તેઓ મારી શક્તિને

નમત. આજે તેઓ મારી નિર્ગ્રંથતાને નમ્યા. મારા દોષવિજયને નમ્યા. બોધિબીજની વાવણી આનાથી થાય છે. જો હું પણ ચમત્કારનો આશ્રય લેત તો આ લોકો કાલે ઊઠીને જે ચમત્કાર નથી કરી શકતા, છતાં સાચા નિર્ગ્રંથ છે તેને ગુરુ તરીકે નહીં સ્વીકારે. આવી રીતે આકૃષ્ટ લોકો શું તાત્ત્વિક રીતે જિનશાસનમાં પ્રવેશી શકે ?

તને એ પણ પ્રશ્ન ઘણી વાર થતો હશે કે ભગવાનના દેરાસરમાં ક્યાંક કંકુવર્ણી જ્યોત થાય, ક્યાંક કેસર વરસે, ક્યાંક અમીઝરણાં થાય, ક્યાંક છત્ર હલે. આવા ચમત્કારો બતાવવા કરતા શાસનદેવતાઓ કેમ વિશિષ્ટ કોઈ ચમત્કાર નથી બતાવતા ? પણ ઉપરની મારી વાતથી એ સ્પષ્ટ છે કે એવા વિશિષ્ટ ચમત્કારો નિષ્ફળપ્રાયઃ છે.

ક્યારેક મલિન દેવો/અન્ય દેવો સ્વપૂજાર્થે પણ ઉપર કહ્યા તેવા ચમત્કારો દેખાડે છે. તો ક્યારેક શાસનદેવતાઓ પણ તે ચમત્કાર દેખાડે છે જેથી જે તે તારક સ્થાન કે ગુણીયલ વ્યક્તિ તરફ લોકો આકૃષ્ટ થાય. આકૃષ્ટ થયા પછી તે તત્ત્વ પ્રત્યે, વીતરાગતા પ્રત્યે રુચિ વળે તે જરૂરી છે. આથી જ ચમત્કારોને સીમિત રાખવામાં આવે છે. કો'ક અનુકંપાવાળા દેવો લોકોના દુઃખ-દર્દ દૂર કરવાના પ્રયત્નો પણ કરે. પરંતુ તેમાં સફળતા તે - તે વ્યક્તિના પુણ્યને આધીન જ મળે છે.

એક વાત એ પણ વિચાર કે - રાતોરાત દૈવી શક્તિથી ઊભું થઈ જતું જિનાલય લાભદાયી નીવડે કે વીતરાગ પ્રત્યેની ભક્તિથી તન-મન-ધનના ભોગથી શ્રદ્ધાળુઓએ બનાવેલું જિનાલય લાભદાયી નીવડે ? દેવે બનાવેલું જિનાલય કદાચ કરોડો લોકોનું આકર્ષણનું કારણ બને. પરંતુ તે લાભ કદાચ ન થાય જે એક શ્રદ્ધાળુના જિનાલયથી થઈ જાય.

તે જ રીતે જ્યારે એક જિનાલય તૂટી રહ્યું છે ત્યારે વીતરાગ પ્રત્યેની ભક્તિથી તે જિનાલય બચાવવા ફના થઈ જવાની તૈયારી રાખતા જવાંમર્દો મહાન કે દૈવી તત્ત્વની સહાયથી બચી ગયેલા જૈન દેરાસરને પ્રતાપે 'જોયો અમારો જૈન ધર્મનો પ્રભાવ ?' - આવું બોલનારા મહાન ? વિચાર કર, આત્માનો વિકાસ શેમાં છે ? વસ્તુસ્થિતિએ બહારનું ખોખું પુદ્ગલ છે. તે આજે દેવે ભલે બચાવ્યું પણ કો'કને કો'ક દિવસ તે ધ્વંસ પામવાનું છે.

મહત્ત્વ જે છે તે પુદ્‌ગલને પરમાત્મા બનાવતી લોકોની જીવંત શ્રદ્ધાનું છે. એ શ્રદ્ધા નિર્મળ રહે - વીતરાગ પ્રત્યે શુદ્ધ રહે તે અર્થે પણ ચમત્કારોએ દેરાસરથી દૂર રહેવા જેવું નથી લાગતું ?

જ્યાં શ્રાવકોની શક્તિની હદ આવી જાય, વધુ પડતી મુશ્કેલી હોય ત્યારે ક્યાંક ક્વચિત્ તેવા ચમત્કારો શ્રદ્ધા ટકાવવામાં મદદરૂપ પણ થાય. તેમાં ના નહીં. પરંતુ મુખ્યતા વીતરાગની છે. એ વાત પણ છે કે દેવો કંઈ ત્રણ કાળમાં ઘટતી ઘટનાઓમાં ઉથલ-પાથલ મચાવવા શક્તિમાન નથી.

તું વિચારે કે મને હેરાન કરનાર આ બાદશાહ મુજ્ઝફરને દેવતાઓ ઉથલાવી દે. તે જ રીતે સમગ્ર હિંદુસ્તાનના બાદશાહને ઉથલાવી દે. બધે જૈન રાજા ગોઠવી દે તો તે કેવું હાસ્યાસ્પદ ! તે કેમ કરીને શક્ય બને ? તો તો પછી દરેકને પોત-પોતાના પુણ્યાનુસાર ફળ મળવાની વાત જ ક્યાં રહી ? જ્યારે તેનું પુણ્ય પરવારશે ત્યારે જનતામાં વિદ્રોહ જાગશે કે બહારની સત્તા આવશે અને તેમને પદભ્રષ્ટ કરશે. પણ થશે દરેક કામ માનવથી, માનવીય બળથી, દૈવી તત્ત્વો આટલા બધાં બધાં હાવી ન થઈ શકે.

ભૂતકાળમાં સાચા મુનિઓથી આકૃષ્ટ થયેલા દેવતાઓ તેમની ઉપાસના કરતા તેમની આંતરપરિણતિથી, પોતે જે સુખ પાછળ પાગલ છે તેવા સુખ સામેથી તદ્દન મોં ફેરવી દેવાની મુનિઓની વૃત્તિથી, અત્યંત નિઃસ્પૃહતાથી તે દેવો આકર્ષાયેલા રહેતા. પરિણામે, નાના-મોટા ચમત્કારો તે કર્યા કરતા. મહાત્માને તેનું કોઈ આકર્ષણ ન રહેતું. ન તો તેવો કોઈ પ્રયત્ન !

ક્યારેક જે પ્રયત્નો થયા છે તેમાં અનુકંપા-કરુણાની બુદ્ધિ મુખ્ય છે. ટૂંકમાં શાસનપ્રભાવના એટલે દરેકે પોત-પોતાની તમામ શક્તિથી વીતરાગતા, નિર્ગ્રંથતા ઉપર લોકોને સદ્‌ભાવ જગાડવો. એટલે જ ઉપદેષ્ટા કરતા પણ વિશિષ્ટ ગોચરીચર્યા કરનારાને આઠ ગણો વધુ પ્રભાવક બતાવ્યો છે.

મૂળ વાત - કોઈ દેવે આવીને મારી રક્ષા કરી હોત અને તેં જે ગુરુભક્તિથી રક્ષા કરી - ફાયદો શેમાં ? તને નિષ્ફળતા મળી એટલે મારા તરફની તારી લાગણી ક્કળી ઊઠી અને તને આક્રોશ થઈ આવ્યો એ શક્તિધારી ઉપર - જે મને બચાવવા સમર્થ છે. પણ, વિચાર કર કે આમાં

ખોટું શું થયું ? અંતે બધું સારું જ થયું ને ! દૈવી શક્તિની વાત છોડ, યોગશક્તિની વાત કર. એવી યોગશક્તિઓ વિદ્યમાન છે, જે કોઈ પણ પ્રકારની દૈવી શક્તિની સહાય વિના અણકલ્પ્યા કાર્યો કરી શકે છે. એક ઘડામાંથી કરોડો ઘડા, એક સોનામહોરમાંથી અબજો સોનામહોર..

હું તને કહું - તું સંયમ અને બીજું બધું છોડી આ યોગશક્તિ મેળવવા લાગી જા. તું શું કહીશ ? મારી આત્મમસ્તીને ખોઈ આવી યોગશક્તિને શું કરવાની ? એ જ કહીશ ને ! બસ ! મારે તને આ જ કહેવું છે. માનવીયશક્તિથી થાય તેટલી રક્ષા કરવાની ભાવના કર. નિર્જરા વગેરે ફળ તને તેનાથી જ મળી જશે. વધુ ચિંતા નહીં કર..

એક એ વાત પણ કે - કાલથી જ હું સાધનામાં બેસું છું. શાસનદેવતા જરૂર પ્રત્યક્ષ થશે. પરંતુ હું તેમની ભૂમિકાને ઉચિત જ કાર્ય સોંપીશ. તે મને ભાવીના એંધાણ આપશે. અમુક સહાય પણ કરશે. પણ, આખરે જે કરવાનું છે તે મારે જ, આપણે જ કરવાનું છે.

આપણે આપણા સંયમને એટલું ઊંચકીએ કે તે તાત્ત્વિક - ૬ઠ્ઠા-૭મા ગુણસ્થાનકનું બને. પરિણામે આપણી આંતરિક નિર્મળતા-શુદ્ધિ-દોષહ્રાસ વગેરે જોઈ સેંકડો લોકોના અહોભાવનું આપણે સ્થાન બનીએ. આનાથી ઊભું થયેલું પુણ્ય વિશુદ્ધ હશે. કુશલાનુબંધી હશે. આમાં સ્વ-પરઉભયને એકાંત લાભ છે.

મેં તને પૂર્વે પણ કહ્યું છે, અત્યારે પણ કહું છું કે મારી 'ક્રિયોદ્ધાર' કરવાની ભાવના પ્રબળ છે. તો જ જિનશાસનનો ખરો ઉદ્યોત થશે. નિર્મળ ગુણસંભારથી શોભતો ચતુર્વિધ સંઘ જોઈ મારી છાતી ગજ-ગજ ફૂલશે. જો બાહ્ય આડંબરમાં વ્યસ્ત ચતુર્વિધ સંઘ હશે, પછી ભલે ને દેવતાઓ વારે-તહેવારે ચમત્કારો કરતા હશે - તો ય મને દુઃખ હશે' - એકધારું આટલું બોલી આચાર્ય મહારાજ હાંફી ગયા....

એકધારો પ્રવાહ હતો. સતત નવા-નવા તર્કોની કતાર ચાલી આવતી હતી. એ બધાં'યમાં પ્રાણ પૂરતું તત્ત્વ હતું અંદરની સાત્ત્વિક શુદ્ધિ - સમ્યક્ સમજણ..

આણંદવિમલસૂરિ મહારાજ કશું ન બોલી શક્યા. તેમની આંખો ભીની હતી. હૈયું રડી રહ્યું હતું. તે આ બધું જ સમજતા હતા. અત્યારે તેમની પાસે એ બધું જાણનાર જ્ઞાની હૃદય ન હતું. ભક્ત હૃદય હતું. પોતાને તાત્ત્વિક સંયમનો સ્વાદ ચખાડનાર અને અત્યંત નિર્મળતાને વરેલા એ મહાન ગુરુદેવ પ્રત્યેનો એક મમત્વભાવ હતો, લાગણી હતી, પોતાના પરની લાખ આપત્તિ તે સહી લેત.

કિંતુ પોતાના શ્રદ્ધેય ગુરુવર પ્રત્યેની ભક્તિ, તેમને પડતા સહેજ પણ દુઃખને જોઈ શકતી ન હતી. આટલી સમજાવટથી તેમનું હૈયું આશ્વસ્ત થયું હતું. તે પણ સમજતા હતા કે જે થયું તેનાથી અપરંપાર લાભ જ થયો છે.

આચાર્ય હેમવિમલ સૂરિ મહારાજને કંઈક યાદ આવતા પૂછ્યું - 'તું મને મહાજનની કંઈક વાત કહેતો હતો તે શું હતી ?'

'મારે તો એટલું જ કહેવું હતું કે ૧૨,૦૦૦ ટકા મહાજને આપ્યા છે - અહીંના સૂબાને. મહાજનના મોભી મને ખાનગીમાં કહી ગયા હતા. કોઈને તે વાતની ખબર નથી....'

'આ ૧૨,૦૦૦ ટકા જરૂર પાછા આવી જશે. એક વાત પૂછું - આ લાભ તમારે સહુએ લેવો છે ? કે દેવોને આપું ?'

'ગુરુદેવ !' રડી પડ્યા આણંદવિમલસૂરિ મહારાજ.

'અમે જ જઈશું, અમે જ લઈ આવીશું.'

હેમવિમલસૂરિ મહારાજ માતૃવત્ વાત્સલ્યથી હાથ ફેરવતા બોલ્યા - 'હવે સાચું બોલ્યો... તારી ભાવના બરાબર છે. છતાં કાલે હું સાધનામાં બેસું છું. શાસન દેવતાના સંકેતના આધારે આપણે આગળ વધીશું. એટલું તો નક્કી છે કે અબજોપતિ એકાદ લાખ ખર્ચે તેના કરતા પસીનો પાડી-પાડીને ભેગી કરેલી લાખ રૂપિયાની જીવનમૂડીને ખર્ચવામાં લાભ વધુ થાય છે. દેવો અબજોપતિ જેવા છે.

આપણે લાખ રૂપિયાની જીવનમૂડી ભેગી કરનારા જેવા છે - શક્તિના ક્ષેત્રે ! આપણે શાસન સેવા પાછળ બધી જીવનમૂડી લગાડી દઈએ, નિર્જરા આપણને વધારે થશે. પરિણામ કદાચ ન દેખાય તો'ય હતાશ ન થવું...

સાચા દિલના પુરુષાર્થનું પરિણામ મળે જ છે.. પૂછી લેવું અંતઃકરણને - સાચા દિલનો ચોકખો પુરુષાર્થ છે ખરો ?

રાત્રિ ઘણી વીતી ગઈ છે. કાલથી મારે સાધનામાં બેસવાનું છે. જા, વત્સ ! જા, તારી પાસે તો દૈવી શક્તિ પણ ભાવીમાં આવવાની છે. બધું જ આવવાનું છે. મારી દૈવી શક્તિ હું તને જ આપીને જવાનો છું.

આ પરંપરા ૧૦૦-૧૫૦ વર્ષ સુધી ચાલવાની છે. ઘણાં ઉજ્જવળ મહાત્માઓ હવેની પાટ પરંપરાએ પધારવાના છે. પણ, કોઈ દૈવી શક્તિ ઉપર મદાર નહીં બાંધે. કારણ કે મારો આ સંદેશ તારા દ્વારા સહુ સુધી પહોંચવાનો છે. ખરું ને ?' ગુરુદેવના ખોળામાં મસ્તક નાંખી એ આશિષ ઝીલી રહ્યાં... દેવો પણ આ દેવ દુર્લભ દૃશ્યને જોવા થંભી જાય !

અમદાવાદની વાતો સંક્ષેપમાં જોઈ લઈએ - મલિક આચાર્ય મહારાજને પકડવા ગયો તે સમાચાર અમદાવાદના નગરશેઠને મળી ગયા હતા. પરંતુ મલિકની યોજનાની ગંધ ન હતી આવી. મલિક જંગલમાં ગયો છે તે સમાચાર પણ મળ્યા... આગળ કશા સમાચાર ન મળ્યા.

નગરશેઠે બાદશાહ ઉપર અન્યોના માધ્યમે દબાણ લાવવાનું શરૂ કર્યું. નગરમાં પણ ધીરે-ધીરે સમાચાર ફેલાઈ રહ્યા હતા. આ પગલામાં બાદશાહની ઈર્ષ્યાવૃત્તિ જ છતી થતી હતી. પરિણામે લોકોમાં પણ નારાજગી ફેલાઈ રહી હતી. નગરશેઠે તો એવી જ વાત ફેલાવી કે આચાર્ય મહારાજને બાદશાહ કેદમાં પકડી પતાવી દેવા માંગે છે. પરિણામે નગરમાં શોર-બકોર વધવા લાગ્યો હતો. બાદશાહ અકળાઈ ઉઠ્યો એ વાતાવરણથી.

પરિણામે, મલિકની સલાહ મુજબ તે ચાંપાનેર જવા નીકળી ગયો. ચાંપાનેરનો કિલ્લો બધી રીતે અનુકૂળ હતો. ધીરે-ધીરે બાદશાહની ચિંતામાં વધારો થવા લાગ્યો. કારણ કે મલિક તરફથી કોઈ સમાચાર આવ્યા ન હતા. ચાંપાનેર જતા રસ્તામાં તપાસ કરી તો મલિકના જંગલના સમાચાર મળ્યા હતા. પણ પછી કોઈ જ સમાચાર ન મળ્યા. તે ચાંપાનેર પહોંચી ગયો.

થોડા દિવસો બાદ જે સમાચાર મળ્યા તે ચોંકાવનારા હતા. તે અરસામાં તો આચાર્ય મહારાજ પકડાઈને છૂટી પણ ગયા હતા. મલિકનો એક માણસ

જંગલમાંથી ભાગી છૂટી ચાંપાનેર પહોંચ્યો. તેણે જે વર્ણન કર્યું તેનાથી બાદશાહ ગભરાઈ ગયો. મલિકના માણસે આખી જંગલયાત્રાનુ વર્ણન કર્યું.

છેલ્લી ઘટનાનું વર્ણન તેના શબ્દોમાં – 'અમે બધાં અને મલિક સાહેબ ખૂબ ખુશ હતા. એક સાથે ચાર-ચાર જણા પકડાઈ ગયા હતા. અમે તે લોકોને જીવતા સળગાવી જ મૂકવાના હતા. ત્યારે તે લોકો આંખો બંધ કરી કંઈક જાપ કરી રહ્યા હતા. શું એ લોકોની શક્તિ ! થોડી જ વારમાં તો ઢગલાબંધ ગાય-ભેંસો વીફરીને અમારી ઉપર તૂટી પડી..'

'શું ? ગાય-ભેંસો ?'

'હા ! સાહેબ ! ગાય – ભેંસો જેવા પાલતુ પ્રાણીને મંત્રજાપથી એવા ખૂંખાર બનાવી દીધા હતા કે વાત ન પૂછો. અમે બધાં અકળાઈ ગયા. મોટા ભાગના માણસો છૂંદાઈ ગયા. મલિક સાહેબ ભાગી છૂટવા સમર્થ થયા.

તેમની પાસે અશ્વ પણ હતો. પરંતુ મંત્રજાપ કરી તે લોકોએ અશ્વને પણ નાચતો કરી દીધો. અને મલિક સાહેબને ગુલામોનો મુખી, જેની વાત મેં તમને પહેલા કરી હતી તે પકડીને લઈ ગયો. એટલે મલિક સાહેબ તો અત્યારે ચાબખાં ખાઈ-ખાઈને ચીસો પાડતા હશે... આ લોકોની મંત્રશક્તિની તાકાત ગજબની છે. આ લોકોની સાથે પંગો ન લેવાય.'

આ સાંભળી બાદશાહને પણ ફડકો પેઠો હતો. આચાર્ય મહારાજને છોડી મૂકાયાના સમાચાર પણ થોડા દિવસો બાદ મળ્યા. લોકજુવાળ અને એવી વાતો સાંભળી તેમાં પણ તેને ચમત્કાર જ દેખાયો..

આ બાજુ આચાર્ય મહારાજની સાધના પણ ચાલી, મંત્રજાપ તો ચાલતો જ સાથે-સાથે એકાંતપ્રિય આચાર્ય મહારાજ આત્માની અંદર ડૂબકી લગાવી લેતા. સતત બહારમાં રહીને કંટાળી ગયેલું ચિત્ત આત્માનું સામીપ્ય અનુભવતા જ પ્રસન્ન થઈ ઉઠતું. બહારમાં તેઓ શ્રીમદ્ બધું જ કરતા. પણ, રુચિ તો તેઓની એકાંતની – અંતર્મુખતાની – આત્માની જ રહેતી.

મંત્રજાપ કરતા શાસન દેવતા પ્રગટ થયા. શાસનદેવતા આચાર્ય મહારાજ પાસે આવી પ્રસન્ન થતા. હા ! મર્ત્યલોકનું વાતાવરણ તેઓને અત્યંત જુગુપ્સાપ્રેરક હતું. અત્યંત ગંધાતી, માત્રને માત્ર કોહવાયેલી વિષ્ઠાથી

ખીચોખીચ ભરેલી, ખદબદતી, ભીનીભચ ગટરમાં છેક ઊંડા-ઊંડા ઊતરી કોઈ સોનાની ઈંટ લાવવાનું કહે તો કયો પ્રાજ્ઞ સંતુષ્ટ સજ્જન તે કામ કરવા તૈયાર થાય ? ઉચ્ચ દેવતાઓની આ જ હાલત હોય છે. છતાં આત્મલીન પૂજ્યોના દર્શને પાવન થવા તેઓ ક્યારેક ઊતરી આવતા. તો ક્યારેક તેઓનું યોગ અને સંયમ બળ તેઓને નીચે ખેંચી લાવતું.

શાસનદેવતાના સંવાદ પછી આચાર્ય મહારાજની સાધના પૂર્ણ થઈ. આયંબિલનું તપ આરાધ્યું હતું આચાર્ય મહારાજે. પારણાં બાદ સંકેતઅનુસાર ચાર મહાત્મા - (૧) એકાદ પંક્તિના સો - સો અર્થ કરી શકવાની પ્રતિભા ધરાવનારા **પં. હર્ષકુલગણી**, (૨) **પં. સંઘહર્ષગણી**, (૩) **પં. સંયમકુશળ ગણી**, (૪) **શીઘ્રકવિ પં. શુભશીલ** ગણી - આ ચાર ગીતાર્થ મહાપુરુષો ચાંપાનેર ગયા.

બાદશાહ આકુળ-વ્યાકુળ હતો, ભયભીત હતો.. તેઓએ ખૂબ પ્રેમથી શાંતિથી આચાર્ય મહારાજનો સંદેશો આપ્યો. બાદશાહે લળી લળીને માફી માંગી.. ૧૨,૦૦૦ ટકા તો સપ્રેમ પાછા અપાવ્યા. શાસનનો જય-જયકાર થઈ ગયો.

ઘટના ઘટી ગઈ.. પણ, યાદ રહી ગઈ ઈતિહાસના પૃષ્ઠો ઉપર
એ આદિત્ય-વિનાયક-શેરખાન વગેરેની જવાંમર્દીની,
મહાજનની પાકટતા, પરિપક્વતા અને પહોંચની,
લોકોના એ જુવાળની..
આચાર્ય ભગવંતની એ સંનિષ્ઠતાની..
સલામ હો ! એ સંયમમૂર્તિને..
એ સાચા શાસનસુભટોના ચરણે વંદન..

કટોકટીના આવા પ્રસંગે જવાંમર્દીનો જુવાળ જાગે, સાત્ત્વિકતાનું તેજ ઝલકે.. એ જ ભાવના..


જિનશાસનનો જય-મંગલ હોજો !


(જિનાજ્ઞા વિરુદ્ધ આલેખાયું હોય તો ક્ષમાપ્રાર્થના.)


✺

બેસ્ટ સેલર


જીવનને નંદનવન બનાવતા મઘમઘતા પુસ्तક પુષ્પો









ટૂંકાગાળામાં ૨૫,૦૦૦ થી વધુ નકલોનું વેચાણ







શાંતિસૌરભના ઉદ્‌ગાર

જે વાર્તાએ વાચકોને પૂરી રીતે જકડી રાખ્યા છે, પકડી રાખ્યા છે...

નવા હપ્તાની ખૂબ આતુરતાથી રાહ જોઇ રહેતા હતા... ભારતની બહાર વિદેશ પ્રવાસે ગયેલ વ્યકિત પોતાના દીકરાને કહી રાખે કે બેટા ! 'શાંતિ સૌરભ' આવે એટલે 'જવાંમર્દી' વાળી વાર્તા તરત જ વોટ્‌સઅપ કરજે...

આવા તો અનેક વાચકો છે આ વાર્તાના..

પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજની વિદ્વદ્‌ભોગ્ય કલમ 'શાન્તિ સૌરભ' ના વાચકો માટે સાહિત્યભોગ્ય બની છે.. ખૂબ જ રસપ્રદ બાબત તો એ છે કે પૂજ્યશ્રીની કોઇ કલમ જ નથી. પૂજ્યશ્રીની કલમમાં બધું જ છે. સંસ્કૃત, પ્રાકૃત, ઇંગ્લિશ, હિન્દી, ગુજરાતી દરેક ભાષા તેઓશ્રીની કલમથી નાચી ઉઠી છે. ન્યાય શૈલી, કાવ્ય શૈલી, સાહિત્ય શૈલી, નિબંધ શૈલી, દરેક શૈલીમાં તેઓશ્રીએ લખ્યું છે.. ભકિત વિષયક, સંયમ વિષયક, અધ્યયન વિષયક કોઇ ક્ષેત્ર અણસ્પર્શ્યું નથી..

'જવાંમર્દી' નામે મહાકથા આજે ૬૪ માં હપ્તા સાથે પૂર્ણ થઇ રહી છે..

આમ મહાકથાનો વિષય પણ પૂજ્યશ્રીએ રંગીન બનાવી દીધો છે.

'જવાંમર્દી' થી શોભી ઉઠેલું 'શાન્તિ સૌરભ' પૂજ્યશ્રીની કલમે હજુ પણ હજુ પણ આગળ વધે, એવી 'શાં.સૌ.' ની શુભાતિશુભ હાર્દિક કામના... પૂજ્યશ્રીની કલમ પ્રસાદીનો વિરહ 'શાં.સૌ.' ને ન મળે, તેવી દરેક વાચકોની ઇચ્છાને ધ્યાનમાં લઇ, પૂજ્યશ્રી સતત કૃપાવર્ષી બને..

એ જ એકમાત્ર શુભાશા..
- શાંતિસૌરભ સંપાદક પરિવાર

ISBN 81-925531-0-8

: પ્રકાશક :
શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટ

M.R.P. ₹.: 100